|| ઉઠો, જાગો અને ધ્યેયપ્રાપ્તિ સુધી કાર્યરત રહો. ||

# વિવેકાનંદ એકેડમી

VIVEKANAND ACADEMY

**July-2021**

# કરન્ટ અફેર્સ










ALL INDIA INSTITUTE OF MEDICAL SCIENCES RAJKOT








# વિવેકાનંદ એકેડમી

VIVEKANAND ACADEMY

700, મુખ્ય શોપીંગ સેન્ટર, ઇન્કવાયરી ઓફિસ સામે, સેક્ટર-22, ગાંધીનગર.

**M:9925698721 | 8490927713**

ખાસ નોંધ : સંસ્થાની એપ્લિકેશન "Vivekanand Academy" પર રોજેરોજનું કરન્ટ મુકવામાં આવે છે.જેની વિઝીટ કરવા વિનંતી

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 01-07-2021

## સ્થાનિક બાબતો

### 1. નિધન : ગુજરાતી ફિલ્મોના પીઢ અભિનેતા અરવિંદ રાઠોડનું 80 વર્ષની વયે નિધન




**પરિચય તથા કારકિર્દી :**

- ✓ તેઓ અમદાવાદના પાલડી ખાતે રહેતા હતા.
- ✓ તેમણે ગુજરાતી ફિલ્મો જેવી કે ભાદર તારા વળતા પાણી, સોન કંસારી, ગંગા સતી, મા ખોડલ તારો ચમકારો જેવી ફિલ્મોમાં કામ કર્યું હતું.
- ✓ તેમના પિતા દરજીકામ કરતા હતા. પરંતુ અરવિંદને એ કામની બદલે અભિનયમાં રસ હતો.
- ✓ તેમણે અનેક નાટકોમાં પણ કામ કર્યું હતું.
- ✓ 1968માં નાટક પ્રીત પિયુને પાનેતર માટે મુંબઈ આવવાનું તેમને થયું હતું. તેઓ એક ફોટો જર્નાલિસ્ટ કરીકે મુંબઇમાં કામ કરતા હતા.
- ✓ રાજ કપૂરે તેમને જોયા પછી તેમને મેરા નામ જોકરમાં એક નાનકડી ભૂમિકા આપી હતી, ત્યારથી તેઓ ફિલ્મના પડદા સાથે જોડા હતા.
- ✓ અરવિંદ રાઠોડે જહોની ઉસકા નામ, બદનામ ફરિશ્તે, મહાસતી સાવિત્રી, કોરા કાગઝ, સલામ મેમસાબ, અગ્નિપથ, ખુદા ગવાહ, અબ તો આજા સાજન મેરે જેવી હિંદી ફિલ્મોમાં કામ કર્યું.

### 2. તા. 1 જુલાઈ 2021 : ભારતમાં બદલાયેલા અગત્યના નિયમો-જોગવાઈઓ

#### (1) કલમ-194 ક્યૂ : રૂપિયા 50 લાખથી ઉપરની ખરીદી પર ટીડીએસ કપાશે

- ✓ આવકવેરા અધિનિયમે હાલમાં કલમ-194 ક્યૂને સામેલ કરી છે. તે કલમની જોગવાઇ પ્રમાણે રૂપિયા 50 લાખથી ઉપરની બિઝનેસ ખરીદી પર 0.1 ટકા ટીડીએસની કપાત થશે.
- ✓ વીતેલા વર્ષમાં વેપારીનું ટર્નઓવર રૂપિયા 10 કરોડ કે તેથી વધુ રહ્યું હોય તો આ વર્ષે રૂપિયા 50 લાખ સુધીના માલની ખરીદી પછીની ખરીદી પર ટીડીએસ કપાશે. પહેલી જુલાઇથી આ સુધારો લાગુ કરવામાં આવ્યો છે.
- ✓ આ ઉપરાંત પહેલી જુલાઈથી કલમ 206 એબી પણ લાગુ કરવામાં આવશે જે હેઠળ વિક્રેતાએ સતત બે વર્ષ સુધી રિટર્ન ફાઇલ ન કર્યું હોય તો તેનો પાંચ ટકા ટીડીએસ કપાશે.
- ✓ સિન્ડિકેટ બેન્ક ગ્રાહકે નવો આઇએફએસઇ કોડનો ઉપયોગ કરવો પડશે સિન્ડિકેટ બેન્કનું કેનરા બેન્કમાં વિલીનીકરણ થયું છે. તે હેતુસર 1લી જુલાઇથી બેન્ક પાસેથી આઇએફએસઇ કોડ બદલવામાં આવશે. સિન્ડિકેટ બેન્કના ગ્રાહકોએ હવે પોતાની બેન્ક શાખા માટે નવો આઇએફએસઇ કોડ લેવો પડશે.

#### (2) આભૂષણના પ્રત્યેક નંગની યૂનિક ઓળખ ફરજિયાત

- ✓ આ નિયમ અમલી બનતાં ઘરેણા ગુમ થઇ જાય કે ચોરી થઇ જાય અને તેને ગાળવામાં ના આવ્યા હોય તો તેના વાસ્તવિક માલિકની ઓળખ કરવી સરળ બની જશે. 1લી જુલાઇથી પ્રત્યેક આભૂષણની વિશિષ્ઠ ઓળખ (યૂઆઇડી) ફરજિયાત બની જશે.

#### (3) લર્નિંગ લાઇસન્સ બનાવવા ઓનલાઇન અરજી

- ✓ લર્નિંગ લાઇસન્સ તૈયાર કરાવવા માટે હવે તમારે આરટીઓ જવાની જરૂર નથી. ઓનલાઇન અરજી કરીને ઘેરબેઠા જ ટેસ્ટ આપી શકાશે.
- ✓ ટેસ્ટમાં પાસ થયા પછી લર્નિંગ લાઇસન્સ તમારે ઘેર પહોંચી જશે. જોકે કાયમી લાઇસન્સ માટે ટ્રેક પર વાહન ચલાવીને બતાવવું પડશે.

### 3. GST : અમલના ચાર વર્ષ પૂર્ણ : તા. 1 જુલાઈ 2017




**GST અમલ બાદની સ્થિતિ :**

- ✓ GSTના ચાર વર્ષ પુરા થયા તે દરમિયાન દેશમાં ટેક્સ રેટ નીચો આવ્યો છે અને કરદાતા વધ્યા.
- ✓ ચાર વર્ષ દરમિયાન 66 કરોડથી વધારે જીએસટી રીટર્ન ફાઇલ થયા છે અને નીચા ટેક્સના કારણે અનુપાલનમાં વધારો થયો છે.
- ✓ જીએસટીમાં એક્સાઇઝ ડ્યૂટી, સર્વિસ ટેક્સ, વેટ અને 13 ઉપકર જેવા કુલ 17 સ્થાનિક કર સામેલ હતાં.
- ✓ જીએસટી હેઠળ લગભગ 1.3 કરોડ કરદાતાઓના રજિસ્ટ્રેશન સાથે અનુપાલનના મોરચે સતત સુધારો થઇ રહ્યો છે.

**જીએસટી હેઠળ મળતા વિવિધ લાભો :**

- ✓ જીએસટી હેઠળ 40 લાખ સુધીનો વાર્ષિક બિઝનેસ કરવાવાળા વ્યવસાયોને ટેક્સમાંથી છૂટ આપવામાં આવી છે. આ ઉપરાંત રૂ. 1.5 કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતાં લોકો કમ્પોઝિશન સ્કીમનો વિકલ્પ પસંદ કરી શકે છે અને ફક્ત એક ટકા ટેક્સ ભરી શકે છે.
- ✓ એ જ પ્રમાણે એક વર્ષમાં રૂ.20 લાખ સુધીનો વ્યાપાર કરતાં બિઝનેસીસને જીએસટીમાંથી મુક્તિ આપવામાં આવી છે. તે પછી

એક વર્ષમાં 50 લાખ સુધીનો બિઝનેસ કરનારા સર્વિસ પ્રોવાઇડર્સ કમ્પોઝિશન સ્કીમનો વિકલ્પ પસંદ કરી શકે છે અને તેમણે ફક્ત છ ટકા ટેક્સ ભરવો પડે છે.

## આંતરરાષ્ટ્રીય બાબતો

### 4.યુરોપિયન સંઘ : મંજૂરી (આરોગ્ય)

**EUના 9 દેશોએ સીરમની કોવિશિલ્ડ રસીને ગ્રીન પાસમાં સમાવી**




**ક્યા દેશોમાં પ્રવાસ માટે ભારતીયોને છૂટ અપાઈ**

- ✓ આયર્લેન્ડ, ઓસ્ટ્રિયા, જર્મની, સ્લોવેનિયા, ગ્રીસ, આઇસલેન્ડ, સ્પેન, સ્વિત્ઝર્લેન્ડ અને ઈસ્ટોનિયા

**શું છે યુરોપિયન સંઘનો ગ્રીન પાસ**

- ✓ યુરોપિયન સંઘના દેશોમાં વિદેશી નાગરિકોને પ્રવાસની છૂટછાટ આપવા માટે યુરોપિયન સંઘે ડિજિટલ કોવિડ સર્ટિફિકેટ તૈયાર કર્યું છે જેને ગ્રીન પાસ તરીકે ઓળખવામાં આવે છે.
- ✓ આ વ્યવસ્થા અંતર્ગત ઇએમએ દ્વારા મંજૂર કરાયેલી કોરોનાની રસી લેનારા વિદેશીઓને યુરોપિયન સંઘના દેશોમાં પ્રવાસના નિયંત્રણોમાંથી મુક્તિ અપાશે. આનો પ્રારંભ પહેલી જુલાઈથી શરૂ કરાયો છે.
- ✓ સંઘના સભ્ય દેશો કોવિશીલ્ડ જેવી વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા મંજૂર રસીઓને તેમના ગ્રીન પાસમાં સામેલ કરી શકશે.

### 5. ચીન : સામ્યવાદી પાર્ટીની સ્થાપનાના 100 વર્ષ (વૈશ્વિક રાજકારણ)

**સ્થાપના :** 23 જૂલાઈ 1921 **સ્થાપક :** માઓ ત્સે તુંગ

- ✓ ચીની રાષ્ટ્રપતિ શિ જિનપિંગે તાઇવાનને સંપૂર્ણપણે ચીનમાં સમાવી લેવાની પ્રતિજ્ઞા લીધી.
- ✓ તાઇવાનને સત્તાવાર રીતે સ્વતંત્ર દેશ જાહેર કરવાના કોઇ પણ પ્રયાસે આકરો ફટકો મરાશે.
- ✓ તાઇવાનની સમસ્યાનો ઉકેલ લાવવો અને તેને માતૃભૂમિમાં સામેલ કરવાનો ચીની સામ્યવાદી પાર્ટીનો ઐતિહાસિક લક્ષ્યાંક અને ચીની નાગરિકોની કોમન અપેક્ષા છે.
- ✓ **રાષ્ટ્રપતિ : શિ જિનપિંગ**
- ✓ **રાજધાની : બેઈજિંગ**

### 6. WHO : ચીન મેલરિયામુક્ત દેશ જાહેર (આરોગ્ય)

**ચીન વિશે :**

- ✓ મેલેરિયા નાબૂદી માટે ચીન દ્વારા 70 વર્ષથી થઈ રહેલા પ્રયાસો આખરે રંગ લાવ્યા. વિશ્વ આરોગ્ય સંગઠને ચીનને મેલેરિયા મુક્ત દેશ જાહેર કર્યો હતો.
- ✓ 1940ના દાયકામાં ચીનમાં વાર્ષિક 3 કરોડને દરે મેલેરિયાના કેસ નોંધાતા હતા પરંતુ વીતેલા ચાર વર્ષથી ચીનમાં એક પણ કેસ ના નોંધાતા વિશ્વ આરોગ્ય સંગઠને ચીનને મેલેરિયા મુક્ત દેશ જાહેર કર્યો.
- ✓ **મેલેરિયામુક્ત કુલ દેશો :** 40
- ✓ વર્ષ 2021માં સાલ્વાડોરને મેલેરિયા મુક્ત જાહેર કરવામાં આવ્યો હતો

### 7. ખેલકૂદ : 12 વર્ષીય ભારતીય મૂળના અમેરિકન અભિમન્યુ મિશ્રા વિશ્વનો સૌથી યુવા ગ્રાન્ડ માસ્ટર (ચેસ)

**પરિચય અને સિદ્ધિ :**

- ✓ ભારતીય મૂળના અમેરિકી ચેસ ખેલાડી અભિમન્યુ મિશ્રાએ ફક્ત 12 વર્ષની વયે ઈતિહાસ રચ્યો.
- ✓ ન્યૂજર્સીમાં રહેતો અભિમન્યુ એ 12 વર્ષ 4 મહિના અને 25 દિવસની વયે દુનિયાનો સૌથી નાની વયનો ગ્રાન્ડ માસ્ટર બની ગયો.
- ✓ તેણે બુડાપેસ્ટમાં આયોજિત ગ્રાન્ડમાસ્ટર ટુર્નામેન્ટમાં ભારતીય ગ્રાન્ડમાસ્ટર ગોવાના 14 વર્ષીય લિયોન મેનડોન્કાને હરાવી આ સિદ્ધિ મેળવી.
- ✓ અભિમન્યુએ 19 વર્ષ જૂનો યુક્રેનના સર્ગે કર્ઝાકિનનો રેકોર્ડ તોડી નાખ્યો હતો જેણે 12 વર્ષ 7 મહિનાની વયે આ સિદ્ધિ મેળવી હતી.

### 8. વિશ્વની પ્રથમ સોયમુક્ત વેક્સિન – ઝાયકોવ-ડી : કેડિલા-ગુજરાત (આરોગ્ય)

**કેવી રીતે ઉપયોગ કરાશે :**




### 9. દિન વિશેષ : 01 જૂલાઈ (1) નેશનલ ડૉક્ટર્સ ડે

**થીમ-2021 : "Save The Saviours."**




- ✓ કોની યાદમાં ઉજવણી : ડૉ. બિધાનચંદ્ર રોય
- ✓ પ્રારંભ : વર્ષ 1991

**(2) કોમી એકયના અડીખમ પ્રતીક એવા વસંત- રજબ બલિદાન દિવસ : અમદાવાદ 75મી પુણ્યતિથી**

**ઇતિહાસ :**

- ✓ નામ : વસંતરાવ હેગિષ્ટે અને રજબઅલી લાખાણી




- ✓ તા. 1 જુલાઈ, 1946ના રોજ અમદાવાદમાં રથયાત્રા પ્રસંગે કોમી રમખાણ ફાટી નીકળ્યું. બંને ભાઈબંધો સવારથી જ દોડાદોડી કરતા

હતા અને સાંજના જમાલપુરમાં ધમાલના સમાચાર સાંભળી કોઈની પણ રાહ જોયા વિના નીકળી પડ્યા.

- ✓ જમાલપુરમાં ઉશ્કેરાટથી ભાન ભૂલેલા હિંસક ટોળને શાંત કરવા માટે, વસંતરાવ હેગિષ્ટે અને રજબઅલી લાખાણીએ અનેક વિનવણીઓ અને સમજાવટના પ્રયાસો કર્યા પછી 'જાનથી મારવા જ હોય તો પહેલાં અમને મારી નાખો' એવો ખૂલ્લો પડકાર કર્યો. એ પછી હિંસક ટોળાંએ શાંત થવાને બદલે આવેશમાં આવીને સાથે જ એ બંનેને પથ્થર, ચાકુ અને ખંજરના ઘા ઝીંકીને જાનથી મારી નાખ્યા.
- ✓ વસંતરાવ અને રજબઅલીએ હિંસા અટકાવવા માટે પોતાની જાતને બચાવવાને બદલે લોકોને જીવ બચાવવા અડીખમ ઊભા રહી પોતાના પ્રાણ ન્યોછાવર કરી દીધા.

**સ્મારક :**

- ✓ 1 જુલાઇ 1946ના દિવસે અમદાવાદના વસંત અને રજબ કોમી હિંસામાં શહીદ થઇ ગયા હતા.
- ✓ ભાઈચારાની મિશાલ કાયમ કરતી તેમની મિત્રતા અને શહીદીની યાદ અપાવતી ખાંભી અમદાવાદના રાયખડ વિસ્તારમાં ઉભી છે.

**(3) SBIનો 66મો સ્થાપના દિવસ**




**(4) 73મો ચાર્ટડ એકાઉન્ટન્ટ ડે**




**10. જન્મ દિન વિશેષ : 01 જૂલાઇ**

**ભારતરત્ન ડો.બી.સી.રોય**




**જન્મ : તા.1-7-1882** **અવસાન : તા. 1-7-1962**

- ✓ ભારત રત્ન મેળવનાર એકમાત્ર ચિકિત્સક, સર્જરી અને મેડિસિનની ડિગ્રીઓ એકસાથે મેળવનાર, ગાંધીજીના અંગત ડોક્ટર અને પોતાના વાકચાતુર્યથી ગાંધીજીને વિદેશી દવાઓ લેવા માટે મનાવી લેનારા, જેમના જન્મદિને તબીબો માટે, તબીબી ક્ષેત્રે અપાતો સરટોચનો બી. સી. રોય એવોર્ડ આપવામાં આવે છે તે ડૉ. બિધાનચંદ્ર રોયનો જન્મ તા.1-7-1882ના રોજ થયો હતો.
- ✓ તેઓ 14 વર્ષ સુધી બંગાળના મુખ્યપ્રધાન રહ્યા.
- ✓ પ્રાથમિક શિક્ષણ પટણામાં અને દાક્તરી શિક્ષણ કલકત્તાની પ્રેસિડન્સી કોલેજમાંથી મેળવી ઇંગ્લેન્ડ દાક્તરી વિદ્યાના ઉચ્ચ અભ્યાસ અર્થે ગયેલા રોયનું એડમિશન તેઓ એશિયન હોવાના એકમાત્ર કારણે નકારી કઢાયું હતું, પણ 30મી અરજીએ એ સ્વીકારાયું અને માત્ર 2 વર્ષ અને 3 મહિનામાં MRCP (ફિઝિશિયન) અને FRCS (સર્જન) ડિગ્રીઓ એક સાથે મેળવી ભારત આવી તેમણે દાક્તરી વિજ્ઞાન ભણાવવા સાથે ખાનગી પ્રેક્ટિસ દરમિયાન નજીવી ફીથી દર્દીની સેવા કરવાનું શરૂ કર્યું.
- ✓ આ દરમિયાન રાજકારણમાં પ્રવેશ સાથે પશ્ચિમ બંગાળના મુખ્યપ્રધાનપદની શરૂઆતમાં શરણાર્થીઓના પ્રશ્નો, કોમવાદી દંગા, અનાજની અછત, બેકારી અને પક્ષીય વિખવાદોને તેમણે ધીરજ અને કુનેહથી થાળે પાડ્યા.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (01-07-2021)

1. ભારતમાં 01 જુલાઇથી આવકવેરાની કલમ 194 Q અંતર્ગત કેટલી રકમની ખરીદી ઉપર કેટલા ટકા TDS કપાશે – **રૂ. 50 લાખ અને 0.1 %**
2. ભારતમાં કઇ તારીખથી આભૂષણ-ઘરેણાના પ્રત્યેક નંગની વિશિષ્ટ ઓળખ-UID ફરજિયાત બની છે - **01 જુલાઈ 2021**
3. ભારતમાં સૌપ્રથમ જીએસટીનો અમલ ક્યારે થયો હતો - **01 જુલાઇ 2017**
4. GSTનું વિસ્તૃત નામ જણાવો - **ગુડ્સ એન્ડ સર્વિસસ ટેક્સ**
5. 01 જુલાઈ 2021ના રોજ યુરોપિયન સંઘ દ્વારા ભારતીય કોવિશિલ્ડ રસીને કેટલા દેશોએ ગ્રીન પાસમાં સમાવી - **09**
6. તાજેતરમાં 01જુલાઇ 2021ના રોજ કયા ગુજરાતી પીઢ કલાકારનું 80 વર્ષે નિધન થયું - **અરવિંદ રાઠોડ**
7. જલાઈ 2021માં કયા દેશના સામ્યવાદી પાર્ટીની સ્થાપનાના 100 વર્ષની ઉજવણી કરાઇ - **ચીન**
8. ચીનના સામ્યવાદી પાર્ટીની સ્થાપના ક્યારે તથા કોણે કરી હતી – **તા. 23 જૂલાઈ 1921 તથા માઓ ત્સે તુંગ**
9. જલાઇ 2021માં WHO દ્વારા કયા દેશને મેલરિયામુક્ત જાહેર કરાયો - **ચીન**
10. WHO દ્વારા કેટલાં દેશને મેલેરિયામુક્ત જાહેર કરાયા છે - **40**
11. WHO દ્વારા વર્ષ 2021ની શરૂઆતમાં કયા દેશને મેલેરિયા મુક્ત જાહેર કરવામાં આવ્યો હતો - **સાલ્વાડોર**
12. જૂલાઇ 2021માં કયા 12 વર્ષીય ભારતીય મૂળના અમેરિકન ચેસ ખેલાડી વિશ્વનો સૌથી યુવા ગ્રાન્ડ માસ્ટર બન્યો - **અભિમન્યુ મિશ્રા**
13. જૂલાઇ 2021માં 12 વર્ષીય ભારતીય મૂળના અમેરિકન ચેસ ખેલાડી અભિમન્યુ મિશ્રાએ કઇ જગ્યાએ આયોજીત ગ્રાન્ડમાસ્ટર ટુર્નામેન્ટમાં જીત મેળવી વિશ્વનો સૌથી યુવા ગ્રાન્ડ માસ્ટર બન્યો - **બુડાપેસ્ટ**
14. જૂલાઇ 2021માં કઇ કંપનીએ વિશ્વની પ્રથમ સોયમુક્ત વેક્સિન બનાવી – **ઝાયકોવ-ડી : કેડિલા-ગુજરાત**
15. નેશનલ ડૉક્ટર્સ ડે ક્યારે મનાવવામાં આવે છે - **01 જૂલાઈ**
16. નેશનલ ડૉક્ટર્સ ડે-2021ની થીમ જણાવો - **"Save The Saviours."**
17. નેશનલ ડૉક્ટર્સ ડે કોની યાદમાં તથા ક્યારથી ઉજવવામાં આવે છે - **ડૉ. બિધાનચંદ્ર રોય તથા વર્ષ 1991**

18. કોમી ઐક્યના અડીખમ પ્રતીક સમાન કયા શહિદોની યાદમાં તા. 1 જૂલાઈના રોજ બલિદાન દિવસ મનાવવામાં આવે છે - **<u>વસંતરાવ હેગિષ્ટે અને રજબઅલી લાખાણી</u>**

19. તા. 01 જૂલાઈ 2021ના રોજ SBIનો કેટલામો સ્થાપના દિવસ મનાવાયો - **<u>66</u>**

20. તા. 01 જૂલાઈ 2021ના રોજ કેટલામો ચાર્ટડ એકાઉન્ટન્ટ દિવસ મનાવાયો - **<u>73</u>**

21. ભારતરત્ન ડો.બી.સી.રોયનો જન્મ દિવસ જણાવો - **<u>તા.1-7-1882</u>**

**- DATE : 02-07-2021**

**<u>1.ખેલકૂદ : ટોક્યો ઓલમ્પિક 2021-જાપાન</u>**

**<u>પ્રથમવાર ગુજરાતની છ ખેલાડી ઓલિમ્પિક માટે ક્વોલિફાય</u>**

✓ ઓલિમ્પિકનો પ્રારંભ : 23 જુલાઈ 2021

✓ **<u>ખાસ :</u>** આ તમામ છ દિકરીઓએ ગુજરાતનું ગૌરવ વધાર્યું




**<u>ઓલિમ્પિક માટે ખેલાડીઓ અને રમત</u>**

**<u>(1) ઈલાવેનિલ વલારીવાન :</u>** શૂટિંગ

✓ <u>ઇવેન્ટ - 10 મીટર એર રાઈફલ અને મિક્સ ટીમ</u>

✓ શૂટરમાં ક્વોલિફાય થનાર પ્રથમ ગુજરાતી મહિલા ખેલાડી, વતન-અમદાવાદ

**<u>(2) માના પટેલ :</u>** સ્વિમર-અમદાવાદ

✓ **<u>ખાસ સિદ્ધિ :</u>** માના પટેલ (21) : 100 મીટર બેક સ્ટ્રોક માટે ક્વોલિફાય થનાર ગુજરાત-ભારતની પ્રથમ મહિલા સ્વિમર

**<u>વર્લ્ડ યુનિવર્સિટી ક્વોટા માટેનો નિયમ :</u>**

✓ દેશનો કોઇ અન્ય સ્વિમર (મેન્સ અથવા વિમેન્સ) તે ઇવેન્ટમાં (જેમાં માના ક્વોલિફાય થઇ છે) ક્વોલિફાય થયો ના હોવો જોઇએ અથવા ઓલિમ્પિક પસંદગી ટાઇમિંગ (બી)ના આધારે ઇન્ટરનેશનલ સ્વિમિંગ ફેડરેશન (ફિના) દ્વારા આમંત્રણ મળ્યું ના હોવું જોઇએ.

✓ વર્લ્ડ યુનિવર્સાલિટી ક્વોટાથી કોઇ એક દેશના એક મેન્સ તથા એક વિમેન્સ સ્પર્ધકને ઓલિમ્પિકમાં ભાગ લેવાની તક મળે છે.

**<u>(3) અંકિતા રૈના :</u>** ટેનિસ સિંગલ્સ જોડી સાનિયા મિર્ઝા

**<u>પેરાલિમ્પિક (દિવ્યાંગ) માટે ખેલાડી અને રમત</u>**

**<u>(4) અર્જુન એવોર્ડ વિજેતા પારુલ પરમાર</u>**- પેરા બેડમિન્ટન : ગાંધીનગર

**<u>(5) ભાવિના પટેલ :</u>** પેરા ટેબલ ટેનિસ-અમદાવાદ

**<u>(6) સોનલ પટેલ :</u>** પેરા ટેબલ ટેનિસ-અમદાવાદ

**<u>60 વર્ષ બાદ ગુજરાતના રમતવીર ઓલિમ્પિકમાં</u>**

✓ ઓલિમ્પિકમાં 60 વર્ષ બાદ ગુજરાતનો કોઇ ખેલાડી રમતોના મહાકુંભમાં ભાગ લેશે.

✓ છેલ્લે 1960ની રોમ ઓલિમ્પિકમાં ગોવિંદરાવ સાવંતે મેન્સ હોકી ટીમ તરફથી ભાગ લીધો હતો.

✓ આ પહેલાં 1936ની બર્લિન ઓલિમ્પિકમાં શંકરરાવ થોરાટે રેસલિંગ ઇવેન્ટમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**<u>2. અંતરિક્ષ યાત્રા : 11 જુલાઈએ યોજાનાર અંતરિક્ષ યાત્રામાં ભારતીય મૂળની શ્રીશા બાંદલા પણ જોડાશે</u>**

✓ બીજી મહિલા અવકાશયાત્રી બનશે : પ્રથમ મહિલા યાત્રી - કલ્પના ચાવલા





✓ વર્જિન ગેલેક્ટિક કંપનીના માલિક રિચર્ડ બ્રેનસન 11 જુલાઈએ અંતરિક્ષની યાત્રાએ જશે.

✓ આ દરમિયાન તેમની સાથે ભારતમાં જન્મેલ શ્રીશા બાંદલા પણ યાત્રા પર જશે.

✓ શ્રીશા કંપનીમાં સરકારી બાબતોના અધિકારી છે. રિચર્ડ સાથે અન્ય 5 યાત્રીઓ પણ જશે.

**<u>પરિચય :</u>**

✓ શ્રીશા યૂથ સ્ટાર એવોર્ડ જીતી ચૂકી છે.

✓ <u>શ્રીશા બાંદલાનો જન્મ આંધ્રપ્રદેશમાં થયો હતો.</u>

✓ શ્રીશાનો અભ્યાસ અમેરિકાના હ્યુસ્ટનમાં થયો છે. અંતરિક્ષ વિજ્ઞાનમાં ગાઢ રસ ધરાવતી હોવાને કારણે તેણે એરોનોટિકલ એસ્ટ્રોનોટિકલ એન્જિનિયરિંગમાં બેચલર ડિગ્રી લીધી પછી જ્યોર્જટાઉન યુનિવર્સિટીથી એમબીએ કર્યું હતું.

✓ તેના પછી તેણે સ્પેસફ્લાઈટ કંપનીઓના એક ઔદ્યોગિક સંઘ કોમર્શિયલ સ્પેસફ્લાઈટ ફેડરેશનના અંતરિક્ષ નીતિ વિભાગમાં કામ કર્યું હતું.

**<u>3. કેન્દ્ર સરકાર-નિર્ણય : રીટેલ અને હોલસેલ વેપારને MSMEનો દરજ્જો અપાયો (વ્યાપાર)</u>**

✓ સરકારે રિટેલ અને હોલસેલ વેપારીઓને MSME અર્થાત સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોની કક્ષામાં મૂકવાની જાહેરાત કરી.

**<u>ફાયદા-લાભ :</u>**

✓ 8-9 %ના સસ્તા દરે સરળ ધિરાણ, ધિરાણ પર પણ 6-7 % સબસિડી મળવા પાત્ર

✓ લિમિટેડ કંપનીઓ MSMEને 45-60 દિવસમાં પેમેન્ટ ચૂકવવું પડે, સિક્યોરિટીમાં રાહત

✓ મશીનરી, ટેક્નોલોજી ડેવલપમેન્ટ તથા વિસ્તરણ મુદ્દે પણ સબસિડી અને રાહતો

✓ 10 % પાવરમાં ડ્યૂટીમાં રાહત મળવા પાત્ર

- ✓ કોમર્શિયલના બદલે MSMEને સ્પેશિયલ વેરામાં 50 ટકા સુધી રાહત.
- ✓ સરકારના ટેન્ડર પર્ચેસિંગમાં અમુક હિસ્સો MSME માટે રિઝર્વ હોવાથી લાભ.
- ✓ **કેન્દ્રીય MSME મંત્રી : શ્રી નીતિન ગડકરી**

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (02-07-2021)

1. ટોક્યો ઓલમ્પિક 2021માં પ્રથમવાર ગુજરાતની કેટલી ખેલાડી ઓલિમ્પિક માટે ક્વોલિફાય થઇ - **6**
2. ટોક્યો ઓલમ્પિક 2021 સામાન્ય અને પેરાલિમ્પિકમાં પ્રથમવાર ક્વોલિફાય થનારી ગુજરાતની છ ખેલાડીના નામ અને રમત જણાવો – **સામાન્ય- (1) ઈલાવેનિલ વલારીવાન : ઇવેન્ટ 10 મીટર એર રાઇફલ + મિક્સ ટીમ શૂટર (2) માના પટેલ : સ્વિમર (3) અંકિતા રૈના : ટેનિસ સિંગલ્સ જોડી, પેરાલિમ્પિક- (1) પારુલ પરમાર : પેરા બેડમિન્ટન (2) ભાવિના પટેલ : પેરા ટેબલ ટેનિસ-તથા (3) સોનલ પટેલ : પેરા ટેબલ ટેનિસ**
3. 100 મીટર બેક સ્ટ્રોક માટે ક્વોલિફાય થનાર ગુજરાત-ભારતની પ્રથમ મહિલા સ્વિમરનું નામ જણાવો - **માના પટેલ**
4. 10 મીટર એરરાઇફલ શૂટિંગમાં ક્વોલિફાય થનાર પ્રથમ ગુજરાતી મહિલા ખેલાડીનું નામ જણાવો - **ઈલાવેનિલ વલારીવાન**
5. 1960ની રોમ ઓલિમ્પિકમાં ક્યા ગુજરાતી ખેલાડીએ મેન્સ હોકી ટીમ તરફથી ભાગ લીધો હતો - **ગોવિંદરાવ સાવંત**
6. 1936ની બર્લિન ઓલિમ્પિકમાં ક્યા ગુજરાતી ખેલાડીએ રેસલિંગ ઇવેન્ટમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું - **શંકરરાવ થોરાટ**
7. તા. 11 જુલાઈ-2021ના રોજ વર્જિન ગેલેક્ટિક કંપનીના માલિક રિચર્ડ બ્રેનસનની અંતરિક્ષ યાત્રા દરમિયાન ભારતીય મૂળની કઇ અંતરીક્ષ યાત્રી તેની સાથે જોડાશે જે ભારતની બીજી મહિલા અવકાશયાત્રી બનશે - **શ્રીશા બાંદલા**
8. ભારતની પ્રથમ મહિલા અવકાશ યાત્રીનું નામ જણાવો - **કલ્પના ચાવલા**
9. જૂલાઈ-2021માં અંતરિક્ષ યાત્રા કરનારી ભારતીય મૂળની મહિલા અંતરીક્ષ યાત્રી શ્રીશા બાંદલાનું જન્મ સ્થળ જણાવો - **આંધ્રપ્રદેશ**
10. જૂલાઈ-2021માં કેન્દ્ર સરકાર દ્વારા ક્યા વેપારને MSMEનો દરજ્જો અપાયો - **રીટેલ અને હોલસેલ**
11. MSMEનું વિસ્તૃત નામ જણાવો – **માઇક્રો, સ્મોલ એન્ડ મીડિયમ એન્ટપ્રાઇઝ**
12. વર્તમાન કેન્દ્રીય MSME મંત્રીનું નામ જણાવો - **શ્રી નીતિન ગડકરી**

DATE : 03-07-2021

**1. 'મિશન મિલિયન ટ્રી' : AMC- અમદાવાદ**

**અમદાવાદ શહેરને હરિયાળું બનાવવા વૃક્ષારોપણ માટે 3.50 લાખ ચો.મી. જમીન ફાળવાઇ (પર્યાવરણ)**




**'મિશન મિલિયન ટ્રી' વિશે :**

- ✓ **લક્ષ્યાંક :** કુલ રોપા 4.73 લાખ
- ✓ અમદાવાદને હરિયાળું અને પ્રદૂષણ મુક્ત બનાવવાની નેમ સાથે મ્યુનિ.ને 3.50 લાખ ચો.મી. જમીન ફાળવવામાં આવી.
- ✓ જેના પરિણામે AMCનું 'મિશન મિલિયન ટ્રી' હેઠળ શહેરમાં 15 લાખ વૃક્ષારોપણ કરવાના આયોજન અને અમલ વધુ સરળ બનશે. અને તેને લીધે શહેરના પ્રદૂષણમાં નોંધપાત્ર ઘટાડો થશે. અમદાવાદ જિલ્લા કલેક્ટર દ્વારા શહેરમાં આવેલી સરકારી માલિકીની પડતર/ખરાબાની અને ગૌચરની જમીનમાં વૃક્ષારોપણ કરવા માટે AMCને 3.50 લાખ ચો.મી. વિશાળ જમીન ફાળવાઇ છે.
- ✓ જિલ્લા કલેક્ટર દ્વારા શહેરમાં વૃક્ષારોપણ માટે 3.50 લાખ ચો. મી. જમીન ફાળવવામાં આવી હોય તે એક ઐતિહાસિક ઘટના ગણાય છે. આ જગ્યામાં સાફસફાઇ કરવાની ફેન્સિંગ કરવાની વૃક્ષારોપણ માટે ખર્ચ કરવાની, માવજત કરવાની AMCની જવાબદારી રહેશે.

**2. ઉત્તરાખંડ : નવા 11માં મુખ્યમંત્રી તરીકે પુષ્કરસિંહ ધામીની પસંદગી**

**47 વર્ષીય પુષ્કરસિંહ ધામી ઉત્તરાખંડના સૌથી યુવાન મુખ્યમંત્રી**

- ✓ **બેઠક :** ખટીમા વિધાનસભા
- ✓ **જન્મ :** પિથોરાગઢ **રાજધાની :** દહેરાદૂન




**3. ખેલકૂદ - BCCI : વર્ષ 2021-22 માટે સ્થાનિક ક્રિકેટ સિઝનનો કાર્યક્રમ જાહેર**




ભારતની એલિટ ફર્સ્ટ ક્લાસ ક્રિકેટ ટુર્નામેન્ટ **રણજી ટ્રોફીનો પ્રારંભ** તા. 16 નવેમ્બર, જ્યારે ફાઇનલ 19મી ફેબ્રુઆરી, 2022.

- ✓ **સૈયદ મુસ્તાક અલી ટી-20 ટુર્નામેન્ટનો** પ્રારંભ તા.20મી નવેમ્બર, ફાઇનલ તા.12મી નવેમ્બર.
- ✓ **વિજય હઝારે વન ડે ટ્રોફી**નો પ્રારંભ તા.23મી ફેબ્રુઆરી, ફાઇનલ 26મી માર્ચ, 2022.
- ✓ **સિનિયર મહિલા ક્રિકેટરોની વન ડે લીગથી** સિઝનનો તા. 21મી સપ્ટેમ્બરથી પ્રારંભ, જે પછી મહિલા ક્રિકેટરોની વન ડે ચેલેન્જર તા. 27મી ઓક્ટોબરે શરૂ થશે.
- ✓ આવતા વર્ષના અંડર-19 વર્લ્ડ કપ માટેના સંભવિત ખેલાડીઓની પસંદગી માટે બોર્ડ **વિનુ માંકડ અંડર-19 વન ડે ટ્રોફી અને અંડર-**

**19 ચેલેન્જર ટ્રોફીનું** આયોજન સપ્ટેમ્બરથી નવેમ્બર દરમિયાન કરશે.

- ✓ **BCCI :** મુંબઈ
- ✓ **BCCI અધ્યક્ષ :** સૌરવ ગાંગુલી

### 4. એરિયા-51 : લેહથી 1300 કિ.મી. દૂર રહસ્યમય એરિયા 51 (વૈશ્વિક વિવાદ)

- ✓ લદ્દાખમાં ભારત સાથે સંઘર્ષ વચ્ચે ચીન શિનજિંયાંગના લોપ નૂરમાં ઝડપથી એક સીક્રેટ એરબેઝ વિકસાવી રહ્યું છે. આ એરબેઝ સંબંધિત માહિતી એટલી ગુપ્ત છે કે તેને ચીનનું 'એરિયા-51' નામ અપાયું છે.
- ✓ આ રહસ્યમય એરબેઝ ભારતના લેહ એરબેઝથી માત્ર 1300 કિ.મી. દૂર છે.
- ✓ તાજેતરમાં જ કોમર્શિયલ સેટેલાઈટ તસવીરોએ ચીન અત્યંત ઝડપથી આ એરબેઝનું વિસ્તરણ કરી રહ્યું હોવાનો ઘટસ્ફોટ કર્યો છે.
- ✓ ચીન 2016થી આ એરબેઝ વિકસાવી રહ્યું છે. ચીને 2020માં તેનું ટોપ સીક્રેટ સ્પેસ પ્લેન અહીં ઉતાર્યું હતું.

### શું છે એરિયા-51 ?

- ✓ અમેરિકાનો એક ગુપ્ત વિસ્તાર એરિયા-51 હકીકતમાં કહેવામાં આવે છે.
- ✓ એક માન્યતા મુજબ અમેરિકન સરકારે આ વિસ્તારમાં એલિયન્સ છુપાવી રાખ્યા છે.
- ✓ તેની હકીકત કોઈ જાણતું નથી. પરંતુ શરૂઆતમાં તો અમેરિકન સરકારે એરિયા-51 જેવો કોઈ વિસ્તાર હોવાનો જ ઈનકાર કરી દીધો હતો, પરંતુ પાછળથી તેનો સ્વીકાર કર્યો હતો.
- ✓ અન્ય એક માન્યતા મુજબ અહીં ઉડતી રકાબીનું પરીક્ષણ કરાયું હતું.
- ✓ અમેરિકાની સરકારે એરિયા-51 વિસ્તારમાં સામાન્ય માણસના જવા પર પ્રતિબંધ મૂકેલો છે.

### 5. જન્મ દિન વિશેષ : 03 જૂલાઈ

**પ્રથમ મહિલા કુલપતિ : હંસા મહેતા**

**જન્મ : 3 જુલાઈ – 1897    અવસાન : 4 એપ્રિલ 1995**




- ✓ આજના દિવસે પોર્ટુગલના રાજાએ પોતાની રાજકુમારીના લગ્ન કરી ઇંગ્લેન્ડને મુંબઈ બેટ દહેજમાં આપી દીધો હતો. અને આજે ભારતના પહેલા મહિલા કુલપતિ હંસાબેન મહેતા, દૂધસાગર ડેરી (મહેસાણા)ના પિતા મોતીભાઈ ચૌધરીનો જન્મદિવસ.
- ✓ હંસા મહેતાના પિતા એટલે મનુભાઈ મહેતા વડોદરા રાજ્યના દીવાન અને પતિ ડોક્ટર જીવરાજ મહેતા ગુજરાતના પહેલા મુખ્યમંત્રી હતા.
- ✓ હંસા મહેતા તત્વજ્ઞાન સાથે સ્નાતક થયાં પછી પત્રકારત્વનો અભ્યાસ કરવા ઇંગ્લેન્ડ ગયાં. ત્યાં ચાલતા નારી આંદોલન અને ફેબિયન સમાજવાદથી ઘણા પ્રભાવિત થયાં હતાં.
- ✓ અમેરિકા નિવાસ દરમિયાન તેમણે સ્ત્રી મતાધિકાર માટેની ઝુંબેશમાં ભાગ લીધો હતો. તેઓ સ્ત્રી શિક્ષણ અને સ્ત્રી અધિકારોના પ્રખર હિમાયતી હતાં.
- ✓ હંસા મહેતા ભારત આવી રાષ્ટ્રની સ્વતંત્રતા માટે ચાલતા આંદોલનમાં જોડાયાં હતાં. પિકેટિંગ અને રચનાત્મક પ્રવૃત્તિઓમાં ભાગ લઈ જેલવાસ પણ ભોગવ્યો હતો. તેઓ મુંબઈ મ્યુ. કોર્પોરેશન, મુંબઈ લેજિસ્લેટિવ એસેમ્બલી અને બંધારણ સભાના સભ્ય પણ બન્યાં હતાં.
- ✓ હંસા મહેતા વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિ.ના પહેલાં કુલપતિ બન્યાં.
- ✓ તેઓનું 4 એપ્રિલ 1995માં અવસાન થયું.

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (03-07-2021)

1. જૂલાઈ 2021માં અમદાવાદ જિલ્લા કલેક્ટર દ્વારા શહેરને હરિયાળું બનાવવા વૃક્ષારોપણ માટે કેટલા લાખ ચો.મી. જમીન ફાળવાઈ હતી - **3.50**
2. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કયા મિશન અંતર્ગત શહેરમાં વૃક્ષારોપણ કરવાનું આયોજન છે - **'મિશન મિલિયન ટ્રી'**
3. અમદાવાદ શહેરને હરિયાળુ બનાવવા 3.50 લાખ ચો.મી. જમીનમાં અંદાજે કેટલા વૃક્ષ રોપવાનો લક્ષ્યાંક નક્કી કરાયો છે – **4. 73 લાખ**
4. જૂલાઈ 2021માં ઉત્તરાખંડના નવા મુખ્યમંત્રી તરીકે કોની પસંદગી કરાઈ - **પુષ્કરસિંહ ધામી**
5. જૂલાઈ 2021માં પુષ્કરસિંહ ધામીએ ઉત્તરાખંડના કેટલામાં મુખ્યમંત્રી તરીકે શપથ લીધા - **11**
6. ઉત્તરાખંડના સૌથી યુવાન મુખ્યમંત્રીનું નામ જણાવો - **પુષ્કરસિંહ ધામી**
7. ઉત્તરાખંડની રાજધાનીનું નામ જણાવો - **દહેરાદૂન**
8. જૂલાઈ 2021માં કોના દ્વારા વર્ષ 2021-22 માટે સ્થાનિક ક્રિકેટ સિઝનનો કાર્યક્રમ જાહેર કરાયો - **BCCI**
9. BCCIનુ વડુમથક ક્યાં આવેલું છે - **મુંબઈ**
10. ભારતના લેહ એરબેઝથી કેટલા કિ.મી. દૂર ચીનમાં રહસ્યમય એરિયા 51 આવેલો છે - **1300**
11. અમેરિકન સરકારે જે વિસ્તારમાં એલિયન્સ છૂપાવ્યા છે તેને ક્યા નામે ઓળખવામાં આવે છે - **એરિયા 51**
12. ભારત સરકારે હંસાબહેન મહેતાને કયા વર્ષે પદ્મભૂષણથી સન્માનિત કર્યાં હતા – **વર્ષ 1959**
13. હંસાબહેન મહેતાના પિતા મનુભાઈ મહેતા કયા રાજ્યના દીવાન હતા – **વડોદરા**
14. ગુજરાતના પહેલા મુખ્યમંત્રી ડૉ. જીવરાજ મહેતાના પત્નીનું નામ જણાવો – **હંસાબહેન મહેતા**
15. વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિ.ના પહેલાં કુલપતિનું નામ જણાવો - **હંસા મહેતા**

## 1. ગુજરાત પોલીસ - નિર્ણય

**અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટના દરેક ઝોનમાં અલગ લોકલ ક્રાઈમ બ્રાંચ સ્કવૉર્ડ રચાશે**

**વિગત :**

- ✓ ગુજરાતના પોલીસતંત્રમાં ક્રાઇમ બ્રાન્ચનું અસ્તિત્વ તો છે જ પણ હવે નાસતા ફરતા ગુનેગારોને પકડવા માટે રાજ્યના બધા શહેરોમાં ઝોન વાઈઝ લોકલ ક્રાઈમ બ્રાન્ચ સ્થાપવા માટે ગૃહ વિભાગે આદેશ કર્યો.
- ✓ જેના ભાગરૂપે અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરાના દરેક ઝોનમાં અલાયદી સ્કવૉર્ડ રચાશે.

**પાઇલોટ પ્રોજેક્ટ તરીકે અમદાવાદ ઝોન-7માં સ્કવોર્ડની રચના :**

- ✓ શહેરના ઝોન-7 દ્વારા લોકલ ક્રાઈમ બ્રાન્ચની જેમ એક સ્કવૉર્ડની રચના કરવામાં આવી.
- ✓ જેમાં એક PSI સહિત નવ જણાનો સ્ટાફ ફાળવવામાં આવ્યો. આ સ્કવૉર્ડ દ્વારા ક્રાઈમની ઘટના અટકાવવા, નાસતા-ફરતા ગુનેગારોને પકડાવા સહિતની કામગીરી કરવાની રહેશે.
- ✓ અત્યારે શહેરના સેક્ટર-1 અને સેક્ટર-2માં સ્કવૉર્ડ બનાવવામાં આવ્યો. ચાર શહેરોમાં DCPની દેખરેખ હેઠળ સ્કવૉર્ડની રચના થશે.
- ✓ DCPના સ્કવૉર્ડને બેસવા સહિતની કામગીરી ક્યાંથી કરવાની તે બાબતે હજી અસમંજસતા પ્રવર્તે છે.
- ✓ અતિસંવેદનશીલ વિસ્તાર જુહાપુરા વેજલપુર પોલીસ મથકની હદમાં આવ્યું છે.

## 2. પુસ્તક વિમોચન : "સિલ્વર ટ્રી : લાઇફ"

**ગુજરાતના સિનિયર સનદી અધિકારી ડૉ. જયંતિ રવિ લિખિત પુસ્તક "સિલ્વર ટ્રી : લાઇફ"નું વિમોચન કરતા રાજ્યપાલશ્રી**

- ✓ **પ્રકાશન :** અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન



## 3. ખેલકૂદ : ભારતીય મિતાલી રાજ વિશ્વ મહિલા ક્રિકેટમાં સૌથી વધુ રન કરનાર ખેલાડી : ભારતીય મહિલા ટીમના કેપ્ટન




**રેકોર્ડ વિશે :**

- ✓ મહિલા અને પુરુષ બંને ફોર્મેટમાં હવે સૌથી વધુ રન નોંધાવવાનો રેકોર્ડ ભારતના નામે.
- ✓ **પુરુષ ક્રિકેટમાં સચિન તેંડુલકર અને મહિલા ક્રિકેટમાં મિતાલી રાજે આ સિદ્ધિ મેળવી.**
- ✓ શાર્લોટે અત્યાર સુધીમાં 10273 રન નોંધાવ્યા હતા. જ્યારે મિતાલીએ 10337 રન નોંધાવીને તમામ રેકોર્ડ તોડયા.
- ✓ સચિન તેંડુલકરે ઇન્ટરનેશનલ ક્રિકેટમાં સૌથી વધુ 35357 રન નોંધાવ્યા છે. સચિન તેંડુલકરની જેમ જ મિતાલી રાજે પણ 16 વર્ષ 215 દિવસની ઉંમરે ક્રિકેટમાં ડેબ્યુ કર્યું હતું અને હવે વિશ્વ સ્તરે સૌથી વધુ રન નોંધાવવાનો રેકોર્ડ પણ તેમના બંનેના નામે જ છે. આ એક ગજબનો સંયોગ છે.

**સુકાની તરીકે પણ અનોખો રેકોર્ડ નોંધાવ્યો**

- ✓ મિતાલીએ કેપ્ટન ઇનિંગ રમીને ઇંગ્લેન્ડ સામે ત્રીજી વનડે જીતાડીને ભારત માટે અનોખો રેકોર્ડ બનાવ્યો છે. મિતાલી હવે દુનિયામાં સૌથી વધુ વનડે મેચ જીતનારી મહિલા સુકાની બની ગઇ છે.
- ✓ તેણે ઓસ્ટ્રેલિયાની સુકાની બેલિંડા ક્લાર્કનો રેકોર્ડ તોડયો. ક્લાર્કે વનડેમાં 83 વિજય નોંધાવ્યા.
- ✓ તાજેતરના વિજય સાથે મિતાલી રાજે 84મી મેચમાં ભારતને વિજય અપાવ્યો. હવે મહિલા ક્રિકેટમાં સૌથી વધુ વનડે મેચ જીતવા મામલે પણ તે મોખરે છે.
- ✓ આ ઉપરાંત તે 87 વખત મહિલા ક્રિકેટમાં 50 રનથી વધુનો અંગત સ્કોર નોંધાવ્યો. મહિલા ઇન્ટરનેશનલ ક્રિકેટમાં પણ આવો રેકોર્ડ નોંધાવનાર તે એકમાત્ર ખેલાડી છે.
- ✓ તેમણે 8 સદી અને 58 અડધી સદી નોંધાવી.

## 4. વિશ્વની સૌથી મોટી ઇ-કોમર્સ કંપની એમેઝોન : નવા CEO તરીકે એન્ડી જેસી તા.05/07/2021થી

અગાઉ CEO તરીકે એમેઝોનના સ્થાપક જેફ બેજોસ




**એમેઝોન વિશે :**

- ✓ એમેઝોનનું CEO પદ છોડયા પછી બેજોસ 27 વર્ષ પહેલાં સ્થાપેલી આ કંપનીનાં કાર્યકારી અધ્યક્ષ તરીકે ફરજ બજાવતા રહેશે.
- ✓ બેજોસે એક ગેરેજમાંથી પોતાનાં નાના કારોબારની શરૂઆત કરી હતી અને એમેઝોન જેવી કરોડોનું ટર્નઓવર ધરાવતી વિશ્વની સૌથી મોટી ઈ-કોમર્સ કંપની એમેઝોનની સ્થાપના કરી હતી.
- ✓ હાલ કંપનીનું માર્કેટ કેપ 1.7 ટ્રિલિયન ડોલર છે. બેજોસ જાતે ઓર્ડર લેતા, ચીજવસ્તુઓને બોક્સમાં પેક કરીને પોસ્ટઓફિસે જાતે પહોંચાડતા અને ગ્રાહકને હોમ ડિલિવરીની સુવિધા આપતા હતા.

**જેફ બેજોસ અવકાશ સંસ્થામાં ધ્યાન આપશે : આ મહિને તેઓ અવકાશ સફર કરવાના છે**

- ✓ જેફ બેજોસ હવે એમેઝોનને બદલે તેમનાં અન્ય સાહસોમાં વધુ ધ્યાન આપવા માગે છે. જેમાં ખાસ કરીને તેમની અવકાશ સંશોધન સંસ્થા બ્લૂ ઓરિજિનનો સમાવેશ થાય છે.
- ✓ તેઓ સમાજસેવા તેમજ અન્ય પ્રવૃત્તિઓ પર પણ ફોકસ કરશે.

**5. એલ્સા વાવાઝોડુ : કેરેબિયન દેશો હૈતી, જમૈકા, ડોમેનિકન રિપબ્લિક**




✓ **ઝડપ :** 280 કિલોમીટર પ્રતિ કલાક

**6. જન્મ દિન વિશેષ : 04 જૂલાઇ**

**(1) સ્વામી વિવેકાનંદની પુણ્યતિથિ**




✓ નામ : નરેન્દ્રનાથ દત્ત
✓ ગુરુ : રામકૃષ્ણ પરમહંસ
✓ જન્મ : 12, જાન્યુઆરી-1863 કોલકાતા
✓ અવસાન : 4, જુલાઇ-1902
✓ બેલુર મઠ, હાવરા (કોલકત્તા)

**(2) USAનો સ્વાતંત્ર્ય દિવસ:4 જૂલાઇ-1776**




અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (04-07-2021)

1. જૂલાઇ 2021માં ગુજરાતના ગૃહ વિભાગ દ્વારા અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટના દરેક ઝોનમાં અલગ કઇ સ્કવૉર્ડ રચવા આદેશ જાહેર કર્યો હતો - **લોકલ ક્રાઇમ બ્રાન્ચ**
2. જૂલાઇ 2021માં ગુજરાત પોલીસે પાઇલોટ પ્રોજેક્ટ તરીકે અમદાવાદના કયા ઝોનમાં સ્કવોર્ડની રચના કરી હતી - **7**
3. જૂન 2021માં ગુજરાતના રાજ્યપાલશ્રીના હસ્તે વિમોચન કરાયેલા "સિલ્વર ટ્રી: લાઇફ" પુસ્તક કોના જીવન ઉપર લખાયેલું છે - **સિનિયર સનદી અધિકારી ડૉ. જયંતિ રવિ**
4. જૂલાઇ 2021ની સ્થિતિએ વિશ્વ મહિલા ક્રિકેટમાં સૌથી વધુ 10337 રન કરનાર ખેલાડીનું નામ જણાવો – **ભારતીય મહિલા ટીમના કેપ્ટન મિતાલી રાજ**
5. જૂલાઇ 2021ની સ્થિતિએ ક્રિકેટમાં મહિલા અને પુરુષ બંને ફોર્મેટમાં સૌથી વધુ રન નોંધાવવાનો રેકોર્ડ કયા દેશના નામે છે – **ભારત**
6. ઇન્ટરનેશનલ ક્રિકેટમાં સૌથી વધુ 35357 રન ક્યા ખેલાડીએ નોંધાવ્યા છે - **સચિન તેંડુલકર**
7. જૂલાઇ 2021ની સ્થિતિએ મહિલા ક્રિકેટમાં દુનિયામાં સૌથી વધુ 84 વનડે મેચ જીતનારી મહિલા સુકાનીનું નામ જણાવો – **મિતાલી રાજ**
8. મહિલા ઇન્ટરનેશનલ ક્રિકેટમાં 87 વખત 50 રનથી વધુનો અંગત સ્કોર નોંધાવનાર એકમાત્ર ખેલાડીનું નામ જણાવો – **મિતાલી રાજ**
9. જૂલાઇ 2021માં વિશ્વની સૌથી મોટી ઇ-કોમર્સ કંપની એમેઝોનના નવા CEO તરીકે કોની નિમણૂક કરાઇ - **એન્ડી જેસી**
10. વિશ્વની સૌથી મોટી ઇ-કોમર્સ કંપની એમેઝોનના સ્થાપકનું નામ જણાવો - **જેફ બેજોસ**
11. યુવાનોના આદર્શ સમાન સ્વામી વિવેકાનંદની પુણ્યતિથિ જણાવો – **4, જુલાઇ-1902**
12. સ્વામી વિવેકાનંદનું બાળપણનું નામ શું હતુ - **નરેન્દ્રનાથ દત્ત**
13. સ્વામી વિવેકાનંદનું અવસાન ક્યા સ્થળે થયું હતુ - **બેલુર મઠ, હાવરા (કોલકત્તા)**
14. USAનો સ્વાતંત્ર્ય દિવસ જણાવો – **4 જૂલાઇ-1776**
15. જૂલાઇ 2021માં કેરેબિયન દેશો હૈતી, જમૈકા, ડોમેનિકન રિપબ્લિક ઉપર 280 કિલોમીટર પ્રતિ કલાક તબાહી મચાવનારા વાવાઝોડાનું નામ જણાવો - **એલ્સા**

## DATE : 05-07-2021

**1. ડિજિટલ ગુજરાત : ગુજરાત સરકાર**

**ગુજરાત સરકારના તમામ સાધારણ અને અસાધારણ ગેજેટ હવે ઓનલાઇન વેબસાઇટ ઉપર ઉપલબ્ધ**

✓ **મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના હસ્તે નવી વેબસાઇટ egazette.gujarat.gov.inનું ગાંધીનગરથી લોન્ચિંગ.**

**ઇ-ગેઝેટના ફાયદા :**

✓ વર્ષોથી ચાલી આવેલી ગેઝેટના મુદ્રણ-પ્રિન્ટીંગની પરંપરાગત પ્રક્રિયાનો હવે આ ડિજિટલ – ઓનલાઇન ગેઝેટ વેબસાઇટ પર ઉપલબ્ધ થવાથી અંત આવશે. આના પરિણામે વાર્ષિક સરેરાશ અંદાજે 35 મેટ્રિક ટન પેપરની પણ બચત થશે.
✓ કોઇપણ વ્યક્તિ, સંસ્થા વેબસાઇટના માધ્યમથી ગેઝેટને વિનામૂલ્યે ડાઉનલોડ કરી શકશે.
✓ ઇ-ગેઝેટની આવી ડાઉન લોડેડ કોપીની અધિકૃતતા માટે QR કોડની પ્રથા અમલી.




✓ હાલ વિભાગ પાસે 30 વર્ષ જૂના જે ગેઝેટ ઉપલબ્ધ છે તે પણ એક મહિનામાં આ વેબસાઇટ ઉપર અપલોડ કરી દેવાની સૂચના આ વેળાએ આપી હતી.

✓ ઇ ગેઝેટ પદ્ધતિને કારણે મેન્યુઅલ રેકર્ડ નિભાવવામાંથી હવે મુક્તિ મળશે. તમામ વિભાગોના ગેઝેટ એક જ સેન્ટ્રલાઇઝડ વેબસાઇટ ઉપરથી મળી રહેશે

**નામ બદલવાની પ્રસિદ્ધિનો દર રૂ. 200 :**

✓ નામ, અટક કે જન્મ તારીખ બદલવાના કિસ્સામાં અરજદારે નવું નામ, અટક કે જન્મ તારીખ ગેઝેટમાં પ્રસિદ્ધ કરાવવાં જરૂરી છે.

✓ આ માટે ગેઝેટના અડધા પેજની પ્રસિદ્ધિ માટે રૂ. 1 હજાર અને આખા પેજની પ્રસિદ્ધિ માટે રૂ. 2 હજાર લેવામાં આવતા હતા, જેના બદલે હવે તમામ અરજદાર માટે એકસરખી રૂ. 200 રજિસ્ટ્રેશન ફી તરીકે લેવામાં આવશે.

✓ ઇ-ગેઝેટની કામગીરી માટેનો સ્ટાફ NIC કે GIL મારફતે આઉટસોર્સિંગથી લેવામાં આવશે.

## 2. ગુજરાત સરકાર : કચ્છના 6 તાલુકાના 38 જળાશયો ભરવા માટે રૂ. 3475 કરોડની નવી કચ્છ શાખા કેનાલ આધારિત યોજનાને સૈદ્ધાંતિક મંજૂરી




**કચ્છ શાખા કેનાલ યોજના :**

✓ નર્મદાનાં પૂરના દરિયામાંથી વહી જતા પાણીમાંથી 10 લાખ એકર ફૂટ પાણી કચ્છને આપવાની જૂની યોજના હેઠળ કચ્છ શાખા કેનાલ આધારિત રૂ. 3475 કરોડના પ્રથમ તબક્કાના કામો હાથ ધરવા માટે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સૈદ્ધાતિક મંજૂરી આપી.

**કેટલાને લાભ :**

✓ કુલ 32 ગામોને પાણી અપાશે.

✓ કચ્છ જિલ્લાના 6 તાલુકા - રાપર, અંજાર, મુન્દ્રા, માંડવી, ભૂજ અને નખત્રાણાના 96 ગામોના 2.35 લાખ એકર વિસ્તારને પાણી અપાશે.

✓ આ કામોમાં સરન જળાશય સહિત 38 જળાશયોમાં પાણી ભરાશે.

## 3. CBSE બોર્ડ : નિર્ણય

**કોરોનાને ધ્યાને રાખી શૈક્ષણિક વર્ષ 2021-22માં CBSE ધો.10-12માં હવે વર્ષમાં બે વખત પરીક્ષા લેવાશે**

**પ્રથમ પરીક્ષા નવેમ્બર-ડિસેમ્બર અને બીજી પરીક્ષા માર્ચ-એપ્રિલમાં લેવાશે.**




**એટ એ ગ્લાન્સ :**

✓ એક વર્ષને બે એકેડેમિક સેશનમાં વિભાજિત કરીને અભ્યાસક્રમને પણ તે રીતે વહેંચવામાં આવશે.

✓ મોટાભાગે 50-50 ટકા અભ્યાસક્રમ રહે તેવી યોજના ગોઠવવામાં આવશે.

✓ વિષયના જાણકારો અને શિક્ષકો સાથે સંયોજન સાધીને બંને સેશનના અંતે બોર્ડ દ્વારા પરીક્ષા લેવામાં આવશે.

✓ શિક્ષકો દ્વારા સૂચવવામાં આવેલા અભ્યાસક્રમ હેઠળ જ પરીક્ષા લેવામાં આવશે.

✓ શાળાઓ દ્વારા જુલાઈમાં બહાર પાડવામાં આવનારા નોટિફિકેશન હેઠળ નવો રેશનલ અભ્યાસક્રમ કે પછી માર્ચ 2021માં જારી કરવામાં આવેલા સ્કૂલ કેલેન્ડરને અનુસરવા માટે વિકલ્પ આપવામાં આવશે.

✓ આંતરિક મૂલ્યાંકન, પ્રેક્ટિકલ વર્ક અન પ્રોજેક્ટ વર્કનું યોગ્ય મૂલ્યાંકન થાય અને તેને વધારે વ્યાપક અને પ્રભાવી બને તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવશે.

**અભ્યાસની કામગીરી અંગે :**

✓ જ્યાં સુધી ફિઝિકલ હાજરી માટે મંજૂરી આપવામાં ન આવે ત્યાં સુધી ઓનલાઇન ક્લાસ જ ચાલુ રાખવામાં આવશે.

✓ ધો. 9 અને 10ના વર્ગો માટે બે ટર્મ ઉપરાંત સમગ્ર વર્ષમાં ત્રણ પિરિયોડિક ટેસ્ટ લેવાશે. પ્રેક્ટિકલ વર્ક અને પ્રોજેક્ટ વર્ક ચાલુ રખાશે.

✓ ધો. 11 અને 12 માટે દરેક યુનિટના અંતે યુનિટ ટેસ્ટ લેવાશે. પ્રેક્ટિકલ વર્ક, પ્રોજેક્ટ વર્ક અને એક્સપ્લેનેટરી એક્ટિવિટી ચાલુ રખાશે.

✓ સ્કૂલ દ્વારા દરેક વિદ્યાર્થીની ડિજિટલ પ્રોફાઇલ તૈયાર કરાશે અને સમગ્ર વર્ષની દરેક એક્ટિવિટીના ડિજિટલ પુરાવા સાચવવા પડશે.

✓ CBSE પ્લેટફોર્મ ઉપર દરેક સ્કૂલને દરેક વિદ્યાર્થીના ઇન્ટર્નલ માર્ક મુકવાની વ્યવસ્થા ગોઠવવામાં આવશે.

✓ બોર્ડ દ્વારા શાળાઓને સેમ્પલ એસેસમેન્ટ, ક્વેશ્ચન બેન્ક અને ટીચર્સ એસેસમેન્ટ જેવી સુવિધા પણ પૂરી પાડવામાં આવશે.

## 4. નવો નિયમ : ટેલિકોમ મંત્રાલય-ભારત સરકાર

**બોગસ અને છેતરપિંડીવાળા SMS મોકલનારને રૂ. 10,000નો દંડ સહિત નંબર બંધ કરાશે**



✓ હવે અનિચ્છનીય SMS મોકલનાર અને ટેલિમાર્કેટિંગ કંપનીઓની મનમાની ચાલશે નહીં, વારંવાર નિયમ તોડયો તો હંમેશા માટે નંબર બંધ થઇ જશે

**નિયમ :**

✓ ટેલિકોમ વિભાગ હવે નકલી હેડિંગ સાથે બોગસ SMS મોકલીને ગ્રાહકોને છેતરતા કોમર્શિયલ SMS મોકલનાર તમામ ટેલિકોમ રિસોર્સ કાયમી ડિશકનેક્ટ એટલે ટેલિકોમ નંબરને હંમેશા માટે બંધ કરશે અને નિયમ ભંગ બદલ રૂ. 10,000 સુધીનો દંડ ફટકારશે.

**દંડની જોગવાઇ :**

✓ ટેલિકોમ વિભાગના આ નિર્ણયથી ટેલિમાર્કેટિંગ કંપનીઓ સૌથી વધારે પ્રભાવિત થશે. હવે 10 અનિચ્છનીય SMS પર રૂ. 1000નો

દંડ અને 10થી વધારે અનિચ્છનીય SMS પર રૂ. 5,000 અને 50થી વધારે SMS મોકલવા પર રૂ. 10,000નો દંડ કરવામાં આવશે.

- ✓ જો આ જ ભૂલ વારંવાર થઇ તો ટેલિમાર્કેટિંગ કંપનીને જંગી નાણાંકીય દંડ ઉપરાંત તેમનું મોબાઇલ કનેક્શન હંમેશા માટે ડિશકનેક્ટ એટલે કે બંધ કરવામાં આવશે.
- ✓ કોઇ પણ સેન્ડર (SMS મોકલનાર) અમાન્ય હેડરનો ઉપયોગ કરીને SMS મોકલતા પકડાશે તો તેને પ્રત્યેક નિયમ ભંગ બદલ રૂ. 1000થી 10,000 સુધીનો દંડ કરાશે સાથે સાથે નિયમ ઉલ્લંઘનની સંખ્યાના આધારે SMS મોકલનારનું આઇડી કે મોબાઇલ નંબર હંમેશા માટે બંધ કરી દેવામાં આવશે.
- ✓ ટેલિકોમ વિભાગે જણાવ્યુ કે, કેન્દ્રીય સ્તરે એક ડેટા ઇન્ટેલિજન્સ યુનિટ (ડીઆઇયુ) અને વિભાગના સર્વિસ એરિયા ફિલ્ડ યુનિટ ખાતે ટેલિકોમ એનાલિટિક્સ ફોર ફ્રોડ મેનેજમેન્ટ એન્ડ કન્ઝ્યુમર પ્રોટેક્શન (ટીએએફસીઓપી) માટે ટેલિકોમ એનાલિટિક્સ બનાવશે.
- ✓ યુઝરોને બિનસત્તાવાર કનેક્શન અંગે પોતાની ફરિયાદ નોંધવા માટે એક પ્લેટફોર્મ પુરૂ પાડવા માટે એક વેબ-બેઝ્ડ સિસ્ટમ અને મોબાઇલ એપ જેને સેફ એક્સેસ ઓફ ટેલિકોમ રિસોર્સ વિધાઉટ હેરેસમેન્ટ એન્ડ ઇનફ્રિંગરમેન્ટ (સાથી) પણ બનાવવામાં આવશે.

**5. મણિપુર : મણિપુરને ભારતીય રેલવેના નકશા પર સ્થાન**

**દેશની સ્વતંત્રતાના 74 વર્ષે પહેલી પેસેન્જર ટ્રેનનું મણીપુર રાજ્યમાં આગમન**




- ✓ ટ્રેન : રાજધાની એક્સપ્રેસ
- ✓ સ્ટેશન : સિલ્ચર (આસામ) થી વૈગાઇચુનપાઓ (મણિપુર)
- ✓ લંબાઇ : 11 કિલોમીટર બ્રોડગેજ લાઇન
- ✓ મુખ્યમંત્રી શ્રી : એન. બીરેન સિંહ - રાજધાની : દિસપુર

**6. ખેલકૂદ : ટોક્યો ઓલિમ્પિક-2021**

**ઓપનિંગ સેરેમનીમાં ભારતીય ટૂકડીના ધ્વજવાહક તરીકે પ્રથમ મહિલા બોક્સર એમસી મેરિકોમ અને મેન્સ હોકી કેપ્ટન-મનપ્રિતસિંહ**




- ✓ **સમાપન સમારંભ :** ધ્વજવાહક રેસલર બજરંગ પૂનિયા

**7. ચીન : સમુદ્રનું તાપમાન માપવા FY-3E નામનો સેટેલાઇટ લોન્ચ**



**હેતુ : સમુદ્રનું તાપમાન અને વાવાઝોડાના ઉદભવની માહિતી આપશે**

- ✓ કાર્યકાળ : 8 વર્ષ રાજધાની : બેઇજિંગ

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (05-07-2021)**

1. ગુજરાત સરકારના તમામ સાધારણ-અસાધારણ ગેઝેટ વિનામૂલ્યે ઓનલાઇન ઉપલબ્ધ કરાવવા માટે જુલાઇ 2021માં કઇ વેબસાઇટ લોન્ચ કરાઇ - **egazette.gujarat.gov.in**
2. ગેઝેટમાં નામ, અટક કે જન્મ તારીખ પ્રસિદ્ધ કરવા માટે અગાઉ રૂ. 1,000ના હવે ઓનલાઇનના કિસ્સામાં કેટલી ફી લેવામાં આવશે - **રૂ. 200/-**
3. જુલાઇ 2021માં કચ્છના કેટલા તાલુકામાં કેટલા જળાશય ભરવા ગુજરાત સરકાર દ્વારા રૂ. 3,475 યોજના મંજૂર કરાઇ - **06 અને 38 જળાશય**
4. જુલાઇ 2021માં કચ્છને કઇ જૂની યોજના આધારિત કેટલા એકર ફૂટ પાણી આપવાની જાહેરાત કરવામાં આવી છે - **કચ્છ શાખા કેનાલ અને 10 લાખ એકર ફૂટ**
5. ગુજરાતમાં સરન જળાશય ક્યાં જિલ્લામાં આવેલું છે - **કચ્છ**
6. કોરોનાને ધ્યાને રાખી શૈક્ષણિક વર્ષ 2021-22માં CBSE બોર્ડ દ્વારા ધો. 10-12માં હવે વર્ષમાં કેટલી વખત પરીક્ષા લેવાશે – **2**
7. કોરોનાને ધ્યાને રાખી શૈક્ષણિક વર્ષ 2021-22માં CBSE બોર્ડ દ્વારા ધો. 10-12માં હવે વર્ષમાં બે વખત ક્યારે પરીક્ષા લેવાશે – **પ્રથમ પરીક્ષા નવેમ્બર-ડિસેમ્બર અને બીજી પરીક્ષા માર્ચ-એપ્રિલમાં**
8. જૂલાઇ 2021માં ભારત સરકારના ટેલિકોમ મંત્રાલયના નવા આદેશ પ્રમાણે બોગસ અને છેતરપિંડીવાળા SMS મોકલનારને કેટલો દંડ થશે - **રૂ. 10,000 સુધી**
9. ભારત સરકારના ટેલિકોમ મંત્રાલયના નવા આદેશ પ્રમાણે અનિચ્છનીય SMS મોકલનાર ટેલિમાર્કેટિંગ કંપનીઓ વારંવાર નિયમ તોડશે તો શું કાર્યવાહી કરાશે - **નંબર કાયમી બંધ કરાશે**
10. દેશની સ્વતંત્રતાના 74 વર્ષે જૂલાઇ 2021માં કયા રાજ્યમાં પહેલી પેસેન્જર ટ્રેનનું આગમન થયું હતું - **મણિપુર**
11. જૂલાઇ 2021માં મણિપુરમાં ક્યા બે સ્ટેશન વચ્ચે પ્રથમવાર પેસેન્જર ટ્રેન દોડી – **સિલ્ચર (આસામ) થી વૈગાઇચુનપાઓ (મણિપુર)**
12. મણિપુરના વર્તમાન મુખ્યમંત્રીનું નામ જણાવો - **શ્રી એન. બીરેન સિંહ**
13. મણિપુરની રાજધાનીનું નામ જણાવો - **દિસપુર**
14. જૂલાઇ 2021માં ક્યા દેશે સમુદ્રનું તાપમાન માપવા FY-3E નામનો સેટેલાઇટ લોન્ચ કર્યો - **ચીન**
15. ચીન દ્વારા સમુદ્રનું તાપમાન અને વાવાઝોડાના ઉદભવની માહિતી માટે લોન્ચ કરેલા FY-3E સેટેલાઇટનો કાર્યકાળ કેટલો હશે - **8 વર્ષ**
16. ટોક્યો ઓલિમ્પિક-2021ની ઓપનિંગ સેરેમનીમાં ભારતીય ટૂકડીના ધ્વજવાહક કોણ હતુ - **પ્રથમ મહિલા બોક્સર એમસી મેરિકોમ અને મેન્સ હોકી કેપ્ટન-મનપ્રિતસિંહ**
17. ટોક્યો ઓલિમ્પિક-2021ના સમાપન સમારંભમાં ભારતીય ટૂકડીના ધ્વજવાહકનું નામ જણાવો - **રેસલર બજરંગ પૂનિયા**

DATE : 06-07-2021

**1. ગુજરાતી રાજ્યપાલ : શ્રી મંગુભાઇ પટેલ દેશમાં 13માં ગુજરાતી રાજ્યપાલ**



**ગુજરાતી રાજ્યપાલ અને નિમણૂકનું રાજ્ય :**

1. કનૈયાલાલ મુનશી : ઉત્તરપ્રદેશ
2. જયસુખલાલ હાથી : પંજાબ
3. સર ચંદુલાલ ત્રિવેદી : આંધ્રપ્રદેશ
4. ખંડુભાઇ દેસાઇ : આંધ્રપ્રદેશ
5. કુમુદબહેન જોષી : આંધ્રપ્રદેશ
6. કૃષ્ણકુમારસિંહજી : તામિલનાડુ
7. કે.કે. શાહ : તામિલનાડુ
8. પ્રભુદાસ પટવારી : તામિલનાડુ
9. વજુભાઇ વાળા : કર્ણાટક
10. આનંદીબહેન પટેલ : મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ
11. વિરેન શાહ : પશ્ચિમ બંગાળ
12. ગોપાલકૃષ્ણ ગાંધી : પશ્ચિમ બંગાળ
13. મંગુભાઇ પટેલ : મધ્યપ્રદેશ

**શ્રી મંગુભાઇ પટેલ પ્રથમ ગુજરાતી આદિવાસી રાજ્યપાલ**




**ધોરણ 8 પાસ મંગુભાઇ 6 ટર્મ MLA રહ્યા**

- ✓ કેશુભાઇ પટેલની સરકાર દરમિયાન મંગુભાઇ પટેલ 1998થી 2002 દરમિયાન રાજ્યકક્ષાના મંત્રી હતા.
- ✓ નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી બન્યા ત્યારે 2002થી 2012 સુધી વન અને પર્યાવરણ મંત્રીનો કાર્યભાર સંભાળ્યો.
- ✓ તેઓ સતત 10 વર્ષ સુધી વન અને પર્યાવરણ મંત્રી પદે રહ્યા પછી 2013માં વિધાનસભાના ઉપાધ્યક્ષ બન્યા હતા.

**નવસારી પાલિકાથી શરૂઆત કરી :**

- ✓ 1 જૂન 1944ના રોજ જન્મેલા મંગુભાઈ 8 ધોરણ પાસ છે.
- ✓ નવસારી પાલિકાના સભ્યપદેથી રાજકીય સફળ શરૂ કરનારા મંગુભાઇ 1990થી 2017 સુધી સતત 6 ટર્મ ધારાસભ્ય રહ્યાં હતા.

**નવસારીથી 36 વર્ષે બીજા ગવર્નર :**

- ✓ મંગુભાઇ નવસારી જિલ્લામાંથી બીજા રાજ્યપાલ બન્યા છે.
- ✓ આ પહેલા 1985માં કોંગ્રેસની સરકાર સમયે **નવસારી જિલ્લાના કુમુદબેન જોષીને આંધ્રપ્રદેશના રાજ્યપાલ બનાવાયા હતા.**

**2. કેન્દ્ર સરકાર : રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા 4 નવા રાજ્યપાલની નિમણૂક અને 4 રાજ્યપાલની બદલી કરાઇ (બંધારણ)**




**નવનિયુક્ત રાજ્યપાલો અને રાજ્ય :**

1. **મંગુભાઇ છગનભાઇ પટેલ :** મધ્યપ્રદેશ
2. **થાવરચંદ ગેહલોત :** કર્ણાટક
3. **રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકર:** હિમાચલ પ્રદેશ
4. **હરિબાબુ કંભામપતિ :** મિઝોરમ

**બદલી કરાયેલા રાજ્યપાલો અને રાજ્ય :**

1. **રમેશ બૈસ:** ત્રિપુરાથી ઝારખંડ
2. **બંડારૂ દત્તાત્રેય:** હિમાચલથી હરિયાણા
3. **સત્યદેવ નારાયણ આર્ય:** હરિયાણાથી ત્રિપુરા
4. **શ્રીધરન પિલ્લઇ:** મિઝોરમથી ગોવા

**3. કેન્દ્ર સરકાર : નવા સહકાર મંત્રાલયની રચના (વહીવટ)**

**કૃષિ મંત્રાલયમાંથી સહકાર અલગ કરાયું**




- ✓ મંત્ર : સહકાર સે સમૃદ્ધિ

**મૂળ હેતુ :**

- ✓ આ પગલું દેશમાં સહકારી ચળવળને મજબૂત બનાવવામાં મદદ કરશે અને સહકારી મંડળીઓને સાચી લોકઆધારિત ચળવળ બનાવશે.

**કામગીરી અને લક્ષ્યાંક :**

- ✓ આ મંત્રાલયના નેજા હેઠળ સહકારી ચળવળને મજબૂત બનાવવા માટે અલગ વહીવટી, કાયદાકીય અને નીતિવિષયક માળખું પૂરું પાડશે.
- ✓ સહકાર આધારિત આર્થિક વિકાસનું મોડેલ આપણા દેશ માટે ઘણું ઉપયોગી છે જેમાં દરેક સભ્ય જવાબદારી સાથે કામ કરે છે.
- ✓ આ મંત્રાલય સહકારી મંડળીઓ માટે ઇઝ ઓફ બિઝનેસની પ્રક્રિયાઓ સરળ કરશે અને મલ્ટિ સ્ટેટ સહકારી મંડળીઓના વિકાસને દિશા આપશે.

✓ આ માટેની જાહેરાત કેન્દ્રીય બજેટમાં કરાઇ હતી.

**4. ભારતીય સૈન્ય : અભિનેત્રી વિદ્યા બાલન પરથી કાશ્મીર સૈન્યની એક ફાયરિંગ રેન્જને નામ અપાયું**

✓ ગુલમર્ગ, કાશ્મીરની એક સૈન્ય ફાયરિંગ રેન્જનું નામ વિદ્યા બાલનના નામ પરથી રાખવામાં આવ્યું છે.

✓ હવેથી આ ફાયરિંગ રેન્જ આ નામથી ઓળખાશે. ઉલ્લેખનીય છે કે, આ પહેલા આ રેન્જને કોઇ નામ આપવામાં આવ્યું નહોતું.

**પ્રદાન :**

✓ વિદ્યા બાલને આ વરસની શરૂઆતમાં પતિ સિદ્ધાર્થ રોય સાથે **કાશ્મીરમાં ભારતીય સેના દ્વારા આયોજિત ગુલમર્ગ વિન્ટર ફેસ્ટિવલમાં ભાગ લીધો હતો.**

✓ વિદ્યા બાલનની ભારતીય સિનેમાની વિભિન્ન ઉપલબ્ધિઓનું સમ્માન કરતા, ભારતીય સેનાએ આ સૈન્ય ફાયરિંગ રેન્જને વિદ્યા બાલન ફાયરિંગ રેન્જ નામ આપ્યું હતું.

**5. ITU: વૈશ્વિક સાયબર સુરક્ષા સૂચકાંક-2020**




✓ પ્રથમ દેશ : USA

**6. દિન વિશેષ : 1 જુલાઇ રાષ્ટ્રીય ડાક કર્મચારી દિવસ**




**7. જન્મ દિન વિશેષ : 06 જૂલાઇ**

**(1) બૌદ્ધ ધર્મ ગુરુ અને તિબેટના શાસક તેમજ આધુનિક શાંતિદૂત - શ્રી દલાઇ લામાનો 86મો જન્મદિવસ**




✓ જન્મ : 6 જુલાઇ-1935 - 14માં દલાઇ લામા

**(2) ભારતની એકતા અને અખંડિતતા માટે પોતાનાં પ્રાણોનું બલિદાન આપનાર - જનસંઘનાં સ્થાપક - ડો.શ્યામા પ્રસાદ મુખર્જીની 120મી જન્મ જયંતિ**




**(3) નારી જાગરણનાં અગ્રણી-રાષ્ટ્રીય સ્વયંસેવિકા સમિતીનાં સંસ્થાપક - લક્ષ્મીબાઇ કેલકર (મૌસીજી)નો જન્મદિવસ**




## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (06-07-2021)

1. પ્રથમ ગુજરાતી આદિવાસી રાજ્યપાલનું નામ જણાવો – **શ્રી મંગુભાઇ પટેલ**
2. જૂલાઇ 2021ની સ્થિતિએ દેશમાં ગુજરાતી રાજ્યપાલની સંખ્યા જણાવો – **13**
3. રાજ્યપાલોની નિમણૂક કોના દ્વારા કરવામાં આવે છે – **રાષ્ટ્રપતિ**
4. જૂલાઇ 2021ની સ્થિતિએ દેશમાં કયા 13 ગુજરાતી રાજ્યપાલ બન્યા તેના નામ-રાજ્ય જણાવો - **1. કનૈયાલાલ મુનશી : ઉત્તરપ્રદેશ, 2. જયસુખલાલ હાથી : પંજાબ, 3. સર ચંદુલાલ ત્રિવેદી : આંધ્રપ્રદેશ, 4. ખંડુભાઇ દેસાઇ : આંધ્રપ્રદેશ, 5. કુમુદબહેન જોષી : આંધ્રપ્રદેશ, 6. કૃષ્ણકુમારસિંહજી : તામિલનાડુ, 7. કે.કે. શાહ : તામિલનાડુ, 8. પ્રભુદાસ પટવારી : તામિલનાડુ, 9. વજુભાઇ વાળા : કર્ણાટક, 10. આનંદીબહેન પટેલ : મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, 11.વિરેન શાહ : પશ્ચિમ બંગાળ, 12. ગોપાલકૃષ્ણ ગાંધી : પશ્ચિમ બંગાળ તથા 13. મંગુભાઇ પટેલ : મધ્યપ્રદેશ**
5. જૂલાઇ 2021માં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા કયા 4 નવા રાજ્યપાલની કયા રાજ્યમાં નિમણૂક કરાઇ – **(1) મંગુભાઇ છગનભાઇ પટેલ : મધ્યપ્રદેશ, (2) થાવરચંદ ગેહલોત : કર્ણાટક, (3) રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકર: હિમાચલ પ્રદેશ તથા (4) હરિબાબુ કંભામપતિ : મિઝોરમ**
6. જૂલાઇ 2021માં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા કયા 4 રાજ્યપાલની ક્યાં બદલી કરાઇ – **(1) રમેશ બૈસ: ત્રિપુરાથી ઝારખંડ, (2) બંડારૂ દત્તાત્રેય: હિમાચલથી હરિયાણા, (3) સત્યદેવ નારાયણ આર્ય : હરિયાણાથી ત્રિપુરા તથા (4) શ્રીધરન પિલ્લઇ: મિઝોરમથી ગોવા**
7. જૂલાઇ 2021માં કેન્દ્ર સરકાર દ્વારા કૃષિ મંત્રાલયમાંથી કયા અલગ મંત્રાલયની રચના કરાઇ – **સહકાર મંત્રાલય**
8. જૂલાઇ 2021માં ભારતીય સૈન્ય દ્વારા ગુલમર્ગ, કાશ્મીરની એક સૈન્ય ફાયરિંગ રેન્જનું નામ કઇ અભિનેત્રીના નામ પરથી રખાયું - **વિદ્યા બાલન**
9. ITUના વૈશ્વિક સાયબર સુરક્ષા સૂચકાંક-2020માં પ્રથમ ક્રમે રહેલા દેશનું નામ જણાવો - **USA**
10. રાષ્ટ્રીય ડાક કર્મચારી દિવસ ક્યારે મનાવવામાં આવે છે - **1 જુલાઇ**
11. તાજેતરમાં 6 જુલાઇના રોજ તિબેટના કયા આધ્યાત્મિક ધર્મ ગુરુનો 86મો જન્મદિવસ ઉજવવામાં આવ્યો હતો – **ધર્મ ગુરુ દલાઇ લામા**
12. દલાઇ લામા તીબેટના કેટલામા ધર્મગુરૂ છે – **14માં**
13. ભારતની એકતા અને અખંડિતતા માટે પોતાના પ્રાણોનું બલિદાન આપનાર જનસંઘના સ્થાપકનું નામ જણાવો - **ડૉ.શ્યામા પ્રસાદ મુખરજી**

14. જનસંઘ એટલે હાલના BJPના સ્થાપક ડૉ.શ્યામા પ્રસાદ મુખરજીનો જન્મદિવસ જણાવો - **06 જુલાઈ**

15. નારી જાગરણનાં અગ્રણી-રાષ્ટ્રીય સ્વયંસેવિકા સમિતીનાં સંસ્થાપકનું નામ જણાવો - **લક્ષ્મીબાઈ કેલકર**

**DATE : 07-07-2021**

## 1. ગુજરાત સરકાર : 'મુખ્યમંત્રી બાળ સેવા' યોજના

### મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે 'મુખ્યમંત્રી બાળ સેવા' યોજનાનો ગાંધીનગરથી પ્રારંભ




**પ્રથમ તબક્કામાં સહાય :**

- ✓ ગુજરાતના 33 જિલ્લાના 776 બાળકોને માસિક રૂ. 4000 લેખે સહાય અપાશે.
- ✓ હવે દર માસે કુલ રૂ. 31.04 લાખ DBT દ્વારા ચુકવાશે

**યોજના વિશે :**

- ✓ કોરોનામાં અનાથ નિરાધાર બનેલા પ્રત્યેક બાળકને આવકની મર્યાદા ધ્યાને લીધા વગર 18 વર્ષ સુધી મહિને રૂ. 4 હજાર અને 18 વર્ષથી 21 વર્ષ સુધી આફ્ટર કેર યોજનામાં મહિને રૂ. 4 હજાર અપાશે.
- ✓ જો આ બાળકો ઉચ્ચ અભ્યાસ કરતાં હશે તો 24 વર્ષ સુધી પણ માસિક રૂ. 6 હજારની સહાય તેમને અપાશે.




- ✓ કેન્દ્ર સરકારે પીએમ કેર ફંડમાંથી રાજ્યને આને માટે રાહત સહાય ફાળવી હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

## 2. આરોગ્ય વિભાગ : ગુજરાત સરકાર

### ગુજરાતના પ્રથમ ડે કેર પંચકર્મ સેન્ટરનો વ્યારાથી પ્રારંભ

- ✓ રાજ્યમાં આયુષ સારવારનો વ્યાપ વધે અને લોકો વધુને વધુ આયુષની સારવાર લેતા થાય એવા ઉદ્દેશ્યથી સરકારે બજેટમાં જાહેરાત કરી હતી કે રાજ્યના 11 જિલ્લામાં 11 ડે કર પંચકર્મ સેન્ટર શરૂ કરાશે.
- ✓ જેના ભાગરૂપે તા 7 જુલાઈના રોજ ગુજરાતના પ્રથમ ડે કેર પંચકર્મ સેન્ટરનો તાપી જિલ્લાના વ્યારામાં પ્રારંભ થયો હતો.




**પંચકર્મ સેન્ટર વિશે :**

- ✓ જૂની શરદીથી લઈને સાંધાના દુઃખાવા, પેરાલિસિસ, લકવાની બીમારી, ચામડીના રોગ સહિતની સારવાર માટે દર્દીઓએ પંચકર્મ સેન્ટરમા દાખલ થવાની જરૂર પડતી નથી.

## 3. કેન્દ્રીય મંત્રીમંડળમાં ફેરફાર : ભારત સરકાર

### 15 કેબિનેટ અને 28 રાજ્યકક્ષાના મંત્રીના શપથ



**મંત્રી મંડળનું વર્તમાન કદ- વડાપ્રધાન સહિત**

| | |
|---|---|
| ✓ વડાપ્રધાન | : 01 |
| ✓ કેબિનેટ | : 30 |
| ✓ સ્વતંત્ર હવાલો | : 02 |
| ✓ રાજ્યકક્ષાના | : 45 |
| **કુલ** | **: 78** |

- ✓ કેબિનેટમાં 36 નવા ચહેરાઓ

**વિસ્તરણ બાદ મોદી કેબિનેટના મંત્રીઓ અને ખાતું :**

1. **વડા પ્રધાન નરેન્દ્ર મોદી : પર્સોનલ, પબ્લિક ગ્રીવન્સ અને પેન્શન, ડિપાર્ટમેન્ટ ઓફ એટમિક એનર્જી, ડિપાર્ટમેન્ટ ઓફ સ્પેસ, ન ફાળવાયેલા મંત્રાલયનો હવાલો**
2. **અમિત શાહ : ગૃહ મંત્રાલય, નવા સહકારી મંત્રાલયનો હવાલો**
3. **નીતિન ગડકરી : માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલય**
4. **નિર્મલા સીતારામન : નાણા મંત્રાલય અને કંપની બાબતોના મંત્રાલય**
5. **નરેન્દ્રસિંહ તોમર : કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય**
6. **ડો. એસ જયશંકર : વિદેશ મંત્રાલય**
7. **અર્જુન મુંડા : આદિવાસી બાબતોનું મંત્રાલય**
8. **સ્મૃતિ ઇરાની : મહિલા અને બાળ વિકાસ મંત્રાલય**
9. **પીયૂષ ગોયલ : વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય, ગ્રાહક બાબતો, અન્ન અને જાહેર વિતરણ, કાપડ મંત્રાલય**
10. **ધર્મેન્દ્ર પ્રધાન : શિક્ષણ મંત્રાલય અને સ્કીલ ડેવલપમેન્ટ મંત્રાલય**
11. **પ્રહલાદ જોશી : સંસદિય બાબતો, કોલસા અને ખાણ મંત્રાલયો**
12. **નારાયણ રાણે : MSME મંત્રાલય**
13. **સર્બાનંદ સોનોવાલ : બંદર-શિપિંગ-જળમાર્ગ મંત્રાલય, આયુષ મંત્રાલય**
14. **મુખ્તાર અબ્બાસ નકવી : લઘુમતી બાબતોનું મંત્રાલય**

15. ડો. વિરેન્દ્ર કુમાર : સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય

16. ગિરિરાજ સિંહ : ગ્રામીણ વિકાસ મંત્રાલય, પંચાયતી રાજ મંત્રાલય

17. જ્યોતિરાદિત્ય સિંધિયા : નાગરિક ઉડ્ડયન મંત્રાલય

18. આર પી સિંહ : સ્ટીલ મંત્રાલય

19. અશ્વિની વૈષ્ણવ : રેલવે, કોમ્યુનિકેશન અને ઇન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય

20. પશુપતિ કુમાર પારસ : ફૂડ પ્રોસેસિંગ ઇન્ડસ્ટ્રી મંત્રાલય

21. ગજેન્દ્ર સિંહ શેખાવત : જળશક્તિ મંત્રાલય

22. કિરેન રિજિજુ : કાયદા અને ન્યાય મંત્રાલય

23. આર કે સિંહ : ઉર્જા, ન્યુ એન્ડ રિન્યુએબલ એનર્જી મંત્રાલય

24. હરદીપસિંહ પુરી : પેટ્રોલિયમ અને હાઉસિંગ-શહેરી મંત્રાલય

25. મનસુખ માંડવિયા : આરોગ્ય અને રસાયણ-ખાતર મંત્રાલય

26. ભૂપેન્દ્ર યાદવ : પર્યાવરણ અને વન તથા શ્રમ અને રોજગાર મંત્રાલય

27. મહેન્દ્રનાથ પાંડે : ભારે ઉદ્યોગ મંત્રાલય

28. પરષોત્તમ રૂપાલા : પશુપાલન, મત્સ્ય અને ડેરી મંત્રાલય

29. જી કિશન રેડ્ડી : સંસ્કૃતિ મંત્રાલય, પ્રવાસન, ઉત્તરપૂર્વ ભારત વિકાસ મંત્રાલય

30. અનુરાગ ઠાકુર : માહિતી અને પ્રસારણ, યુવા બાબતો અને રમત મંત્રાલય

31. રાજનાથ સિંહ : સંરક્ષણ મંત્રાલય

**સ્વતંત્ર હવાલો - રાજ્ય કક્ષાના મંત્રી :**

1. રાવ ઇન્દ્રજિતસિંહ : સ્ટેટિસ્ટિક્સ એન્ડ પ્રોગ્રામ ઇમ્પ્લિમેન્ટેશન, પ્લાનિંગ અને કોર્પોરેટ મંત્રાલયોનો સ્વતંત્ર હવાલો

2. ડો. જિતેન્દ્ર સિંહ : સાયન્સ એન્ડ ટેકનોલોજી, અર્થ સાયન્સિઝ, પર્સોનલ, એટમિક એનર્જી અને સ્પેસ મંત્રાલયો

**રાજ્ય કક્ષાના મંત્રીઓ :**

1. શ્રીપદ યેસ્સો નાઇક : બંદર, શિપિંગ અને જળમાર્ગ, પ્રવાસન મંત્રાલય

2. ફગ્ગનસિંહ કુલસ્તે : પોલાદ મંત્રાલ, ગ્રામીણ વિકાસ મંત્રાલય

3. પ્રહલાદસિંહ પટેલ : જળશક્તિ મંત્રાલય, ફૂડ પ્રોસેસિંગ ઇન્ડ. મંત્રાલય

4. અશ્વિની કુમાર ચૌબે : ગ્રાહક બાબતો, અન્ન અને જાહેર વિતરણ મંત્રાલય, પર્યાવરણ અને વન મંત્રાલય

5. અર્જુન મેઘવાલ : સંસદિય બાબતોનું મંત્રાલય, સાંસ્કૃતિક મંત્રાલય

6. જનરલ વી કે સિંહ : માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ, નાગરિક ઉડ્ડયન મંત્રાલય

7. ક્રિશન પાલ : ઉર્જા અને ભારે ઉદ્યોગોનુ મંત્રાલય

8. દાનવે રાવસાહેબ દાદારાવ : રેલવે મંત્રાલય, કોલસા અને ખાણ મંત્રાલયો

9. રામદાસ આઠવલે : સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય

10. સાધ્વી નિરંજન જ્યોતિ : ગ્રાહક બાબતો, અન્ન અને જાહેર વિતરણ મંત્રાલય, ગ્રામીણ વિકાસ મંત્રાલય

11. સંજીવ કુમાર બાલિયાન : પશુપાલન, મત્સ્ય પાલન અને ડેરી મંત્રાલય

12. નિત્યાનંદ રાય : ગૃહ મંત્રાલય

13. પંકજ ચૌધરી : નાણા મંત્રાલય

14. અનુપ્રિયા સિંહ પટેલ : વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય

15. એસ પી સિંહ બધેલ : કાયદા અને ન્યાય મંત્રાલય

16. રાજીવ ચંદ્રશેખર : સ્કીલ ડેવલપમેન્ટ મંત્રાલય, ઇન્ફર્મેશન ટેકનોલોજી મંત્રાલય

17. શોભા કરાન્જલજે : કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય

18. ભાનુપ્રતાપસિંહ વર્મા : MSME મંત્રાલય

19. દર્શના વિક્રમ જરદોસ : કાપડ મંત્રાલય અને રેલવે મંત્રાલય

20. વી મુરલીધરન : વિદેશ બાબતો અને સંસદિય બાબતોના મંત્રાલયો

21. મીનાક્ષી લેખી : વિદેશ બાબતોનું મંત્રાલય, સાંસ્કૃતિક મંત્રાલય

22. સોમ પ્રકાશ : વાણિજ્ય- ઉદ્યોગ

23. રેણુકા સિંહ સરુતા : આદિવાસી બાબતોનું મંત્રાલય

24. રામેશ્વર તેલી : પેટ્રોલિયમ તથા શ્રમ મંત્રાલય

25. કૈલાશ ચૌધરી : કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય

26. અન્નપૂર્ણા દેવી : શિક્ષણ મંત્રાલય

27. એ નારાયણ સ્વામી : સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય

28. કૌશલ કિશોર : હાઉસિંગ અને શહેરી બાબતોનું મંત્રાલય

29. અજય ભટ્ટ : સંરક્ષણ અને પ્રવાસન

30. બી એલ વર્મા : સહકાર અને ઉત્તરપૂર્વ ભારત વિકાસ મંત્રાલયો

31. અજય કુમાર : ગૃહ મંત્રાલય

32. દેવુસિંહ ચૌહાણ : કોમ્યુનિકેશન

33. ભગવન્થ ખુબા : નવી અને પુનઃપ્રાપ્ય ઊર્જા તથા કેમિકલ્સ અને ફિટલાઈઝર મંત્રાલય

34. કપિલ મોરેશ્વર પાટિલ : પંચાયતી રાજ મંત્રાલય

35. પ્રતિમા ભૌમિક : સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય

36. ડો. સુભાષ સરકાર : શિક્ષણ

37. ડો.ભગવત કિશનરાઓ કરાડ: નાણા મંત્રાલય

38. ડો. રાજકુમાર રંજનસિંહ : વિદેશ તથા શિક્ષણ મંત્રાલય

39. ડો. ભારતી પ્રવીણ પવાર : હેલ્થ એન્ડ ફેમિલિ વેલ્ફેર મંત્રાલય

40. બિશ્વેશ્વર તાડુ : ટ્રાઈબલ તથા જલ શક્તિ મંત્રાલય

**41. શાંતનુ ઠાકુર :** પોર્ટ, શિપિંગ અને વોટર વે મંત્રાલય

**42. ડો. મુંજપરા મહેન્દ્રભાઇ :** મહિલા અને બાળ કલ્યાણ તથા આયુષ મંત્રાલય

**43. જ્હોન બાર્લા :** લઘુમતી બાબતો

**44. એલ. મુરુગન :** ફિશરિશ, પશુપાલન, ડેરી તથા માહિતી અને પ્રસારણ મંત્રાલય

**45. નિશીથ પ્રમાણિક :** ગૃહ તથા યુવા અને રમતગમત મંત્રાલય

**કેન્દ્રમાં ગુજરાતી મંત્રી અને ખાતુ (ત્રણ નવા ચહેરા)**



1. **અમિત શાહ - ગાંધીનગર સાંસદ :** ગુહમંત્રી, મિનિસ્ટ્રી ઑફ કૉ-ઓપરેશનનો વધારાનો પ્રભાર
2. **એસ.જયશંકર–રાજ્યસભા સાંસદ:** વિદેશ મંત્રી
3. **મનસુખ માંડવિયા – રાજ્યસભા સાંસદ :** આરોગ્ય અને રસાયણ-ખાતર મંત્રાલય
4. **પરસોત્તમ રૂપાલા રાજ્યસભા સાંસદ :** પશુપાલન, મત્સ્ય અને ડેરી મંત્રાલય
5. **મહેન્દ્રભાઇ મુંજપરા - સુરેન્દ્રનગર સાંસદ :** મહિલા અને બાળ વિકાસના રાજ્યમંત્રી
6. **દેવુસિંહ ચૌહાણ – ખેડા સાંસદ :** સૂચના મંત્રાલયમાં રાજ્યકક્ષાના મંત્રી
7. **દર્શના જરદોશ – સુરત સાંસદ :** ટેક્સટાઇલ અને રેલવે મંત્રાલયના રાજ્યકક્ષાના મંત્રી

**કયા રાજ્યને કેટલું પ્રતિનિધિત્વ**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ✓ ઉત્તર પ્રદેશ | : | 7 | ગુજરાત | : | 5 |
| ✓ મહારાષ્ટ્ર | : | 4 | પ. બંગાળ | : | 4 |
| ✓ કર્ણાટક | : | 4 | બિહાર | : | 3 |
| ✓ મધ્ય પ્રદેશ | : | 2 | ઓડિશા | : | 2 |
| ✓ દિલ્હી | : | 1 | આસામ | : | 1 |
| ✓ અરુણાચલ | : | 1 | મણિપુર | : | 1 |
| ✓ રાજસ્થાન | : | 1 | પંજાબ | : | 1 |
| ✓ તેલંગણા | : | 1 | હિમાચલ | : | 1 |
| ✓ ઝારખંડ | : | 1 | ઉત્તરાખંડ | : | 1 |
| ✓ ત્રિપુરા | : | 1 | તામિલનાડુ | : | 1 |

**મંત્રીમંડળના કદની વિધાનસભા કે લોકસભાની કુલ બેઠકના 15 ટકા મહત્તમ મર્યાદા**

**4. નિર્ણય : કેન્દ્ર સરકાર**

**જાહેર સાહસ વિભાગ હવે નાણા મંત્રાલય હસ્તક રહેશે**

✓ **નવું નામ : ભારે ઉદ્યોગ મંત્રાલય**

✓ સરકારે વિનિવેશ પ્રક્રિયામાં સંકલનને વેગ આપવાના ઇરાદે જાહેર સાહસ વિભાગ (ડીપીઇ)ને નાણામંત્રાલય હસ્તક મૂકવા મહત્વનો નિર્ણય લીધો.

✓ આ પહેલાં ડીપીઇ ભારે ઉદ્યોગ અને જાહેર સાહસ મંત્રાલયનો ભાગ હતો.

✓ આ મંત્રાલય હવે ભારે ઉદ્યોગ મંત્રાલય તરીકે ઓળખાશે.

**5. ભારતીય હોકીના દિગ્ગજ ખેલાડી કેશવ દત્તનું 95 વર્ષની વયે નિધન**

✓ અવસાન : કોલકાતા - જન્મ : 29/12/1925, સ્થળ : લાહોર



**પ્રદાન :**

✓ ઓલિમ્પિક્સમાં 1948 અને 1952માં ગોલ્ડ મેડલ જીતનાર હોકીના દિગ્ગજ ખેલાડી કેશવ દત્તનું 95 વર્ષની વયે નિધન.

✓ કોલકાતાના સંતોષપુરમાં આવેલા તેમના નિવાસસ્થાને કેશવ દત્તે અંતિમ શ્વાસ લીધા

✓ ભારતીય ટીમનો મહત્વપૂર્ણ ભાગ રહેલા કેશવ દત્તે 1951 1953 અને પછી 1957-1958માં મોહન બાગાનની હોકી ટીમનું નેતૃત્વ કર્યું.

✓ તેમની આગેવાનીમાં મોહન બાગાનની ટીમે 10 વર્ષમાં હોકી લીગનો ખિતાબ 6 વખત અને બેટન કપ ત્રણ વખત જીત્યા હતા.

✓ તેમને વર્ષ 2019માં મોહન બાગાન રત્નથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

**6. નિધન : બોલીવૂડના ટ્રેજેડી કિંગ દિલીપકુમારનું 98 વર્ષે નિધન**

✓ અવસાન : મુંબઇ

**પરિચય :**

✓ જન્મ : 11 ડિસેમ્બર 1922 - નિધન : 7 જુલાઈ 2021

✓ મૂળ નામ : મોહમ્મદ યુસુફ ખાન - જન્મ સ્થળ : પેશાવર

✓ એવોર્ડ : પદ્મ ભૂષણ અને પદ્મ વિભૂષણ




**બેસ્ટ એક્ટર તરીકે 8 ફિલ્મફેર એવોર્ડ્સ :**

| | |
|---|---|
| ✓ દાગ 1952 | આઝાદ 1955 |
| ✓ દેવદાસ 1956 | નયા દૌર 1957 |
| ✓ કોહીનૂર 1960 | લીડર 1964 |
| ✓ રામ ઔર શ્યામ 1967 | શક્તિ 1982 |
| ✓ ફાળકે એવોર્ડ 1994 | |

**ફક્ત 1 ફિલ્મમાં મુસ્લિમ પાત્ર ભજવ્યું :**

✓ દિલીપકુમારે જીવનમાં 63 ફિલ્મોમાં કામ કર્યું છે. રસપ્રદ વાત એ છે કે સંપૂર્ણ કારકિર્દીમાં ફક્ત એકવાર મુસ્લિમ પાત્ર ભજવ્યું હતું અને તે ફિલ્મ હતી મુઘલ-એ આઝમ.

**ફિલ્મોમાં મૌનનું મહત્વ વિકસાવ્યું :**

✓ દિલીપકુમારે 1944માં કારકિર્દીની શરૂઆત કરી. ત્યારે પારસી થિયેટરના પ્રભાવને કારણે ફિલ્મોમાં લાઉડ એક્ટિંગ થતી હતી. એવામાં દિલીપકુમારે પોઝ કે જાણી જોઇ મૌન રહેવાનો સફળ પ્રયોગ કર્યો.

**7. હેનલે પાસપોર્ટ ઈન્ડેક્સ-2021 : વિશ્વના 193 દેશને 'વિઝા ઓન અરાઇવલ' (સૌથી પ્રવાસ અનુકૂળ પાસપોર્ટ) આપવા મામલે જાપાન પ્રથમ**

**58 દેશ સાથે ભારતનો 90મો રેન્ક**

✓ કુલ દેશ : 193




**ટોચના 10 દેશ :**

| ક્રમ | દેશ-વિઝા | સુવિધા |
|---|---|---|
| 1. | જાપાન | 193 |
| 2. | સિંગાપોર | 192 |
| 3. | જર્મની, દ. કોરિયા | 191 |
| 4. | ફિનલેન્ડ, ઇટાલી, લક્ઝમબર્ગ, સ્પેન | 190 |
| 5. | ઓસ્ટ્રિયા, ડેનમાર્ક | 189 |
| 6. | ફ્રાંસ, આયર્લેન્ડ, નેધરલેન્ડ, પોર્ટુગલ, સ્વીડન | 188 |
| 7. | બેલ્જિયમ, ન્યૂઝીલેન્ડ, સ્વિટ્ઝર્લેન્ડ, યુકે, યુએસ | 187 |
| 8. | ચેક રિપબ્લિક, ગ્રીસ, નોર્વે, માલ્ટા | 186 |
| 9. | ઓસ્ટ્રેલિયા, કેનેડા | 185 |
| 10. | હંગેરી | 184 |

**'વિઝા ઓન અરાઇવલ' રેન્કિંગ :**

✓ હેનલે પાસપોર્ટ ઈન્ડેક્સમાં સમાવિષ્ટ દેશોના પાસપોર્ટ દુનિયાના 193 દેશને વિઝામુક્ત કે વિઝા ઓન અરાઈવલની સુવિધા આપે છે. આ પહેલાં એપ્રિલમાં પણ આ ઈન્ડેક્સ જાહેર થયો હતો.

✓ શક્તિશાળી પાસપોર્ટનો અર્થ એ છે કે તે દેશમાં કેટલા વધુ દેશના નાગરિક વિઝા વિના પ્રવેશ કરી શકે છે. આ સુવિધાને વિઝા ઓન અરાઈવલ કહે છે. એ અંતર્ગત દેશમાં પ્રવેશ કરતી વખતે અલગથી વિઝા લેવાની જરૂર નથી પડતી, પરંતુ ત્યાં પહોંચવા સંબંધિત દેશ વિઝા ઉપલબ્ધ કરાવે છે.

**ભારતના અન્ય પાડોશી દેશોની સ્થિતિ :**

✓ નેપાળ-પાકિસ્તાનનું રેન્કિંગ બાંગ્લાદેશથી પણ ઓછું.

✓ બાંગ્લાદેશનું રેન્કિંગ છ ક્રમ ઘટી 106મા ક્રમે.

✓ શ્રીલંકા 105મા અને નેપાળ 109મા ક્રમે.

✓ પાકિસ્તાન 113મા ક્રમે.

✓ અફઘાનિસ્તાન યાદીમાં સૌથી છેલ્લે.

**8. જન્મ દિન વિશેષ : 07 જૂલાઇ સવાઈ ગુજરાતી : એ.કે.ફોર્બ્સ**

**જન્મ : 7 જુલાઈ-1821 અવસાન : 31 ઓગસ્ટ-1865**

✓ 'કુથ્યા પુસ્તક કાપિને એનો ન કરીશ તું અસ્ત, ફરતો ફરતો ફાર્બસ ગ્રાહક મળ્યો ગૃહસ્થ' આ પંક્તિ આપણા કવિ દલપતરામે વિધાપ્રીતિને વરેલા અંગ્રેજ અધિકારી એલેક્ઝાન્ડર કિન્લોક ફોર્બ્સ માટે લખી હતી. આજે તેમનો જન્મદિવસ.

✓ સ્કોટલેન્ડમાં જન્મેલા ફોર્બ્સને વારસામાં પિતાનું ઉમરાવ હૃદય અને માતાની વિધાપ્રીતિ મળી હતી.



✓ 15 નવે. 1843માં સનદી અધિકારી તરીકે ભારત આવ્યા.

✓ 1846માં અમદાવાદમાં સહાયક ન્યાયાધીશના હોદ્દે બિરાજમાન થયા પણ મુખ્ય કામ તો કર્યું સાહિત્ય અને ઇતિહાસના અધ્યયન અને સંશોધનને પ્રોત્સાહન આપવાનું.

✓ ફોર્બ્સ પ્રવાસમાં લાકડી, પિસ્તોલ, નકશો અને નાણાની કોથળી સાથે રાખતા. વટેમાર્ગુઓના ખબર અંતર પણ પૂછતા.

✓ ભાટચારણો પાસેથી કથા વાર્તાઓ સાંભળી ગુજરાતના ઇતિહાસનું પહેલું કહી શકાય તેવું 'રાસમાળા' નામનું પુસ્તક 1856માં પ્રસિદ્ધ કર્યું.

✓ કવિઓ અને લેખકો તથા જરૂરિયાતમંદોને મદદ કરવામાં જ તેમનો પૂરો પગાર પૂરો થઇ જતો હતો અને ફોર્બ્સે પૈસા વિલાયતથી મંગાવવા પડતા.

✓ દલપતરામ પાસેથી માત્ર છ મહિનામાં ગુજરાતી શીખ્યા હતા.

✓ ગુજરાતી ભાષાના સાચા હિતૈષી અને શેક્સપિયરના પ્રશંસક એવા એ.કે.ફોર્બ્સનું 31 ઓગસ્ટ 1865ના રોજ અવસાન થયું હતું.

## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (07-07-2021)

1. કોરોના મહામારીમાં અનાથ થયેલા બાળકોને માસિક સહાય આપતી 'મુખ્યમંત્રી બાલ સેવા' યોજનાનો રાજ્યવ્યાપી પ્રારંભ ક્યારે અને ક્યાંથી કરાયો - **07 જુલાઈ 2021 અને ગાંધીનગર**
2. 'મુખ્યમંત્રી બાલ સેવા' યોજના અંતર્ગત નિરાધાર બાળકોને માસિક કેટલા રૂપિયાની સહાય આપવામાં આવે છે - **રૂ. 4,000/-**
3. ગુજરાતના પ્રથમ 'ડે કેર પંચકર્મ' સેન્ટરનો તાજેતરમાં રાજ્ય સરકાર દ્વારા ક્યાંથી પ્રારંભ કરાયો - **વ્યારા**
4. ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં કુલ કેટલા ડે કેર પંચકર્મ સેન્ટર શરૂ કરવામાં આવશે - **11**
5. તાજેતરમાં કેન્દ્ર સરકારના મંત્રીમંડળ વિસ્તરણમાં કેટલા મંત્રીઓએ શપથ ગ્રહણ કર્યા - **15 કેબિનેટ અને 28 રાજ્યકક્ષા**
6. તા. 7 જૂલાઈ-2021ની સ્થિતિએ કેન્દ્ર સરકારના મંત્રીમંડળનું કદ જણાવો - **કેબિનેટ 31 (PM સહિત), સ્વતંત્ર હવાલો-02 અને રાજ્યકક્ષા- 45**
7. વર્તમાન કેન્દ્રીય મંત્રીમંડળમાં ગુજરાતમાંથી નિયુક્ત થયેલા મંત્રી અને તેમના ખાતા જણાવો - **અમિત શાહ : ગૃહમંત્રી, મિનિસ્ટ્રી ઑફ કૉ-ઓપરેશનનો વધારાનો પ્રભાર, એસ.જયશંકર : વિદેશ મંત્રી, મનસુખ માંડવિયા : આરોગ્ય અને રસાયણ-ખાતર મંત્રાલય, પરસોત્તમ રૂપાલા : પશુપાલન, મત્સ્ય અને ડેરી મંત્રાલય, મહેન્દ્રભાઈ મુંજપરા: મહિલા અને બાળ વિકાસના રાજ્યમંત્રી, દેવુસિંહ ચૌહાણ : સૂચના મંત્રાલયમાં રાજ્યકક્ષાના મંત્રી, દર્શના જરદોશ: ટેક્સટાઇલ અને રેલવે મંત્રાલયના રાજ્યકક્ષાના મંત્રી**
8. વર્તમાન કેન્દ્રીય મંત્રીમંડળમાં સૌથી વધુ પ્રતિનિધિત્વ કયુ રાજ્ય ધરાવે છે અને કેટલું - **ઉત્તર પ્રદેશ અને 7 મંત્રી**

9. મંત્રીમંડળના કદની વિધાનસભા કે લોકસભાની કુલ બેઠકના મહત્તમ કેટલા ટકા મર્યાદા હોય છે - **15**
10. ભારત સરકારના નવા સહકાર મંત્રીનું નામ જણાવો - **શ્રી અમિત શાહ**
11. જૂલાઈ-2021માં કેન્દ્ર સરકારે વિનિવેશ પ્રક્રિયામાં સંકલનને વેગ આપવાના ઇરાદે કયા વિભાગને નાણાંમંત્રાલય હસ્તક મૂકવાનો નિર્ણય લીધો - **જાહેર સાહસ વિભાગ (ડીપીઇ)**
12. જૂલાઈ-2021માં જાહેર સાહસ વિભાગને નાણાંમંત્રાલય હસ્તક મૂકાતા કયા નવા નામે ઓળખાશે - **ભારે ઉદ્યોગ મંત્રાલય**
13. જૂલાઈ-2021 ભારતીય હોકીના કયા દિગ્ગજ ખેલાડીનું 95 વર્ષની વયે નિધન થયુ - **કેશવ દત્ત**
14. જૂલાઈ-2021માં અવસાન પામેલા ભારતીય હોકીના દિગ્ગજ ખેલાડી કેશવ દત્તે ક્યા વર્ષના ઓલિમ્પિક્સમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો – **વર્ષ 1948 અને 1952**
15. ભારતીય હોકીના દિગ્ગજ ખેલાડી કેશવ દત્તે વર્ષ 1951, 1953 અને પછી 1957-1958માં કઈ હોકી ટીમનું નેતૃત્વ કર્યું હતુ - **મોહન બાગાન**
16. ભારતીય હોકી ખેલાડી કેશવ દત્તને ક્યા વર્ષે મોહન બાગાન રત્નથી સન્માનિત કરાયા હતા - **વર્ષ 2019**
17. જૂલાઈ-2021માં બોલીવૂડના ક્યા ટ્રેજેડી કિંગ અભિનેતાનું 98 વર્ષે નિધન થયુ હતુ - **દિલીપકુમાર**
18. બોલીવૂડના ટ્રેજેડી કિંગ અભિનેતા દિલીપકુમારનો જન્મ ક્યારે-ક્યાં થયો હતો – **તા. 11 ડિસેમ્બર 1922 તથા પેશાવર**
19. બોલીવૂડના ટ્રેજેડી કિંગ અભિનેતા દિલીપકુમારનું મૂળ નામ જણાવો - **મોહમ્મદ યુસુફ ખાન**
20. બોલીવૂડના ટ્રેજેડી કિંગ અભિનેતા દિલીપકુમારને બેસ્ટ એક્ટર તરીકે કેટલા ફિલ્મફેર એવોર્ડ્સ મળ્યા હતા - **8**
21. બોલીવૂડ અભિનેતા દિલીપકુમારને બેસ્ટ એક્ટર તરીકે કઈ ફિલ્મો માટે ક્યારે ફિલ્મફેર એવોર્ડ્સ મળ્યા હતા – **દાગ-1952, આઝાદ-1955, દેવદાસ-1956, નયા દૌર-1957, કોહીનૂર-1960, લીડર-1964, રામ ઔર શ્યામ-1967 તથા શક્તિ-1982**
22. બોલીવૂડ અભિનેતા દિલીપકુમારને કયા વર્ષે દાદાસાહેબ ફાળકે એવોર્ડ મળ્યો હતો – **વર્ષ 1994**
23. જૂલાઈ-2021ના હેનલે પાસપોર્ટ ઈન્ડેક્સ-2021 મુજબ વિશ્વના 193 દેશને 'વિઝા ઓન અરાઇવલ' (સૌથી પ્રવાસ અનુકૂળ પાસપોર્ટ) આપવા મામલે પ્રથમ ક્રમનો દેશ જણાવો – **જાપાન**
24. જૂલાઈ-2021ના હેનલે પાસપોર્ટ ઈન્ડેક્સ-2021 મુજબ 58 દેશ સાથે ભારતનો ક્રમ જણાવો - **90**
25. એ.કે. ફોર્બ્સનું પુરૂ નામ જણાવો - **એલેક્ઝાન્ડર કિન્લોક ફોર્બ્સ**
26. એલેક્ઝાન્ડર કિન્લોક ફોર્બ્સનો જન્મ દિન જણાવો - **7 જુલાઈ-1821**
27. એલેક્ઝાન્ડર કિન્લોક ફોર્બ્સ કયાંના વતની હતા – **સ્કોટલેન્ડ**
28. એલેક્ઝાન્ડર કિન્લોક ફોર્બ્સ સનદી અધિકારી તરીકે ભારત કયારે આવ્યા હતા - **15 નવેમ્બર 1843**
29. એલેક્ઝાન્ડર કિન્લોક ફોર્બ્સએ 'રાસમાળા' નામનું પુસ્તક કયા વર્ષે પ્રસિદ્ધ કર્યું – **વર્ષ 1856**
30. ગુજરાતના ઇતિહાસનું પહેલું પુસ્તક કહી શકાય એવું 'રાસમાળા' પુસ્તક શાના પરથી તૈયાર કરાયું હતુ - **ભાટચારણો પાસેથી કથા વાર્તાઓ સાંભળી**
31. એલેક્ઝાન્ડર કિન્લોક ફોર્બ્સ કોની પાસેથી માત્ર છ મહિનામાં ગુજરાતી શીખ્યા હતા – **કવિશ્વર દલપતરામ**

**DATE : 08-07-2021**

## 1. ગુજરાત સરકાર ઇલેક્ટ્રિકલ વ્હીકલની સબસીડી માટે વેબસાઈટ જાહેર

**નામ : ગુજરાત વ્હીકલ**




**અન્ય બાબતો :**

- ✓ રાજ્ય સરકારે ઇલેક્ટ્રિક વ્હીકલ માટે સબસિડી જાહેર કરે છે. વાહન ખરીદનારે સબસિડી માટે 'ગુજરાત વ્હીકલ' નામની વેબસાઇટ પરથી અરજી કરવાની રહેશે.
- ✓ ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રિકલ વ્હીકલ પોલિસી-2021 હેઠળ 1 જુલાઇ 2021થી રાજ્યમાં નોંધાયેલા ઇલેક્ટ્રિક વાહનો ખરીદનારને સબસિડી ચૂકવાશે.
- ✓ વાહન ખરીદનારે 'digitalgujarat.gov.in' પ્લેટફોર્મ પર રજિસ્ટ્રેશન કરી ઓનલાઇન અરજી કરવાની રહેશે.
- ✓ અરજીની સાથે વાહનનો નોંધણી નંબર, વાહન માલિકનો મોબાઇલ નંબર તથા તેમના નામના બેન્ક એકાઉન્ટનો નંબર અને IFSC કોડની વિગતો આપવાની રહેશે.
- ✓ તે ઉપરાંત કેન્સલ કરેલ ચેક/પાસબૂકનું પ્રથમ પાનુ અપલોડ કરવાનું રહેશે.

## 2. સુરત : રાજ્યના પ્રથમ ડિજિટલ એમેઝોન સેન્ટરનું સુરત ખાતે પ્રારંભ

**મુખ્યમંત્રી દ્વારા ગાંધીનગરથી પ્રારંભ**




**ફાયદા :**

- ✓ રાજ્યભરના MSME એકમોને ચીજવસ્તુઓના વેચાણ માટે ગ્લોબલ પ્લેટફોર્મ પ્રાપ્ત થશે.

- ✓ ગુજરાત ઓટોમોબાઇલ, કેમિકલ્સ, ફાર્મા, ટેક્સટાઇલ્સ, સિરામીક, રીન્યુએબલ એનર્જી, મેરીટાઇમાં અગ્રેસર છે ત્યારે એમેઝોનના ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને રોબસ્ટ સપ્લાય ચેઇન નેટવર્કનો લાભ મળશે.

**3. કેન્દ્ર સરકાર : નવીન કેબિનેટના મહત્વના નિર્ણય (વહીવટ)**

**પીએમ મોદીની નવી કેબિનેટના પહેલા દિવસે જ મહત્ત્વના નિર્ણય**

- ✓ **રૂ. 1 લાખ કરોડનું એગ્રિકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ હવે એપીએમસી માટે ઉપલબ્ધ**
- ✓ સહકારી સંઘો, સ્વસહાયતા જૂથો અને એપીએમસી રૂ. 1 લાખ કરોડનું એગ્રિકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડમાંથી સહાય મેળવી શકશે
- ✓ એગ્રી સ્ટાર્ટઅપ અને ખેત જૂથોને રૂ. બે કરોડ સુધીની લોન પરનાં વ્યાજમાં 3 ટકાની છૂટ
- ✓ એક વ્યક્તિ અલગ અલગ વિસ્તારમાં મહત્તમ 25 પ્રોજેક્ટ પર લોન મેળવી શકશે
- ✓ આ દરેક પ્રોજેક્ટ માટે રૂ. બે કરોડ સુધીની લોન પર વ્યાજમાં 3 ટક સુધીની છૂટ
- ✓ એપીએમસીને ખેડૂતો માટે એકથી વધુ યોજના માટે આ પ્રકારની લોન અપાશે.
- ✓ **નારિયેળ પકવતા ખેડૂતો માટે નારિયેળ બોર્ડની રચના કરાશે**

**કોરોના મહામારી સામે કેન્દ્ર સરકારનો નવો મોરચો**

- ✓ કોરોના મહામારી સામે લડવા રૂ. 23,123 કરોડના પેકેજને મંજૂરી.
- ✓ જેમાં કેન્દ્ર સરકાર રૂ. 15,000 અને રૂપિયા 8,000 કરોડ રાજ્યો આપશે
- ✓ 736 જિલ્લામાં પિડિયાટ્રિક કેર સેન્ટર તૈયાર કરાશે
- ✓ 20,000 આઇસીયુ બેડ તૈયાર કરાશે
- ✓ 4389 કોવિડ હોસ્પિટલ હાલ ઉપલબ્ધ
- ✓ 8338 કોવિડ હેલ્થ સેન્ટર હાલ ઉપલબ્ધ
- ✓ 10,000 કોવિડ કેર સેન્ટર ઉપલબ્ધ
- ✓ 4,00,000થી વધુ ઓક્સિજન બેડ ઉપલબ્ધ

**4. નિધન : હિમાચલ પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના નેતા વીરભદ્રસિંહ 87 વર્ષે નિધન**

- ✓ અવસાન : સીમલા




**રાજકીય કારકિર્દી :**

- ✓ 6 વખત હિમાચલપ્રદેશના મુખ્યમંત્રી.
- ✓ 1983માં પહેલી વખત મુખ્યમંત્રી બન્યા હતા.
- ✓ 9 વખત ધારાસભ્યપદે અને પાંચ વખત સાંસદ તરીકે ચૂંટાયા હતા.
- ✓ હાલમાં તેઓ સોલન જિલ્લાના અરકીમાંથી ધારાસભ્યપદે ચૂંટાયા હતા.
- ✓ મનમોહનસિંહના નેતૃત્વવાળી સરકારમાં તેઓને 28મે 2009થી સ્ટીલ મંત્રી બનાવવામાં આવ્યા હતા.

**5. જન્મ દિન વિશેષ : 08 જૂલાઇ**

**આદિવાસીઓના જંગલ હક્ક માટે લડનાર : જોરિયા પરમેશ્વર**

**જન્મ : 8 જુલાઇ-1838 અવસાન : 1868**



- ✓ જેની પ્રવૃતિઓ અખિલ ભારત સ્તરના ઇતિહાસમાં બિરાજમાન થઇ શકે તેવી છે છતાં ગુજરાતના ઇતિહાસમાં જ અવગણાયેલા એક બાહુબલી આદિવાસી નેતા જોરિયા પરમેશ્વરનો આજે જન્મદિવસ.
- ✓ પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા તાલુકાના વડેક ગામે જન્મેલા જોરિયાનું આખું નામ જોરિયા કાલિયા નાયક હતું.
- ✓ ગાંધીજીના જન્મ (1869) પહેલા એક વર્ષે જોરિયાએ આદિવાસીઓના જંગલના હક્કો, બળજબરીથી કરાવાતી વેઠ અને ખાસ તો આદિવાસીઓના સામાજિક અને ધાર્મિક ઉત્થાન માટે અંગ્રેજ સરકાર અને સ્થાનિક રજવાડાંઓ સામે જોરદાર આંદોલન શરૂ કર્યું હતું.
- ✓ માત્ર બે જ મહિના ચાલેલા તેના ભગત આંદોલને હજારોની સંખ્યામાં અનુયાયીઓને પ્રભાવિત કર્યા હતા.
- ✓ પ્રસ્તુત સ્થિતિ બ્રિટિશરો અને સ્થાનિક દેશી રજવાડાંઓ સહી શકયા નહીં અને 16 ફેબ્રુઆરી 1868ના રોજ 1100 સૈનિકોનાં ધાડાએ જોરિયા અને નાયક આદિવાસીઓ પર હલ્લો બોલાવ્યો, જોરીયો અને તેના અનેક સાથીદારો બહાદૂરીપૂર્વક ઝઝૂમ્યા. પણ આખરે તેઓ પકડાઇ ગયા, 16 એપ્રિલ 1868ના રોજ તેમના પર રાજદ્રોહનો કેસ ચાલ્યો ચલાવી પાંચ ક્રાંતિકારી આદિવાસીઓને ફાંસીના માંચડે લટકાવી દેવામાં આવ્યા.
- ✓ સ્થાનિક સત્ર પર તો તેના નામ અને કામને લગતા અનેક ગીતો અને દંતકથાઓ પ્રચલિત થયા છે.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (08-07-2021)**

1. જૂલાઇ 2021માં ગુજરાત સરકાર દ્વારા ઇલેક્ટ્રિકલ વ્હિકલની સબસીડી માટે જાહેર કરેલ વેબસાઇટનું નામ જણાવો - **ગુજરાત વ્હીકલ**
2. ગુજરાત સરકાર દ્વારા કઇ પોલિસી અંતર્ગત રાજ્યમાં નોંધાયેલા ઈલેક્ટ્રિક વાહનો ખરીદનારને સબસિડી ચૂકવવામાં આવે છે - **ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિકલ વ્હીકલ પોલિસી-2021**
3. જૂલાઇ 2021માં મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા કયા સ્થળે રાજ્યના પ્રથમ ડિજિટલ એમેઝોન સેન્ટરનો પ્રારંભ કરાવ્યો હતો - **સુરત**
4. જૂલાઇ 2021માં સુરતમાં ડિજિટલ એમેઝોન સેન્ટર શરૂ થવાના કારણે રાજ્યભરના કયા એકમોને ચીજવસ્તુઓના વેચાણ માટે ગ્લોબલ પ્લેટફોર્મ પ્રાપ્ત થશે - **MSME**
5. જૂલાઇ 2021માં કેન્દ્ર સરકારે કોરોના મહામારી સામે લડવા કેટલા કરોડના પેકેજને મંજૂરી આપી હતી - **રૂ. 23,123 કરોડ**
6. જૂલાઇ 2021માં કેન્દ્ર સરકારે કોરોના મહામારી સામે લડવા રૂ. 23,123 કરોડના પેકેજને મંજૂરી આપી તે પૈકી કેટલા કરોડ કેન્દ્ર તથા કેટલા કરોડ રાજ્ય સરકાર આપશે - **રૂ. 15,000 કરોડ તથા રૂ. 8,000 કરોડ**

7. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં કેટલા કરોડનું એગ્રિકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ એપીએમસી માટે ઉપલબ્ધ કરાવવાની જાહેરાત કરી છે - **રૂ. 1 લાખ કરોડ**
8. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં એગ્રી સ્ટાર્ટઅપ અને ખેત જૂથોને રૂ. બે કરોડ સુધીની લોન પરનાં વ્યાજ દરમાં કેટલા ટકાની છૂટ આપવાની જાહેરાત કરાઇ - **3**
9. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા નારિયેળ પકવતા ખેડૂતો કયા બોર્ડની રચના કરવાની જાહેરાત કરાઇ - **નારિયેળ બોર્ડ**
10. જૂલાઇ 2021માં હિમાચલ પ્રદેશના કયા પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના નેતાનું 87 વર્ષે સીમલામાં નિધન થયુ - **વીરભદ્રસિંહ**
11. કોંગ્રેસી નેતા વીરભદ્રસિંહ કેટલી વખત હિમાચલપ્રદેશના મુખ્યમંત્રી બન્યા હતા - **6**
12. વીરભદ્રસિંહ મનમોહનસિંહના નેતૃત્વવાળી UPA સરકારમાં કયા મંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યો હતો - **સ્ટીલ મંત્રી**
13. બાહુબલી આદિવાસી નેતા જોરિયા પરમેશ્વરનો જન્મ દિવસ જણાવો – **8 જુલાઈ, 1838**
14. આદિવાસી નેતા જોરિયા પરમેશ્વરનું પુરુ નામ જણાવો - **જોરિયા કાલિયા નાયક**
15. આદિવાસી નેતા જોરિયા પરમેશ્વરનો જન્મ ક્યા થયો હતો - **વડેક ગામ, તા. જાંબુઘોડા, જિ. પંચમહાલ**

**DATE : 09-07-2021**

## 1. 'મોકળા મને' કાર્યક્રમની 10મી શ્રૃંખલા યોજાઇ

**સ્થાન : મુખ્યમંત્રીશ્રી નિવાસ-ગાંધીનગર**




**મહત્વની જાહેરાત :**

- ✓ **'મુખ્યમંત્રી બાળ સેવા યોજના' : હવે કોરોનાકાળમાં અનાથ થયેલાં બાળકોને 18ને બદલે 21 વર્ષની વય સુધી દર મહિને રૂ. 4 હજારની સહાય અપાશે**




- ✓ મુખ્યમંત્રીએ ગાંધીનગરમાં તેમનો રાબેતા મુજબનો 'મોકળા મને' કાર્યક્રમ યોજ્યો હતો, જેમાં આ વખતે કોરોનામાં મા-બાપ ગુમાવનારાં બાળકો સાથે સંવાદ યોજાયો હતો, એમાં આ નિર્ણય જાહેર કરાયો હતો.
- ✓ અગાઉ મુખ્યમંત્રીએ 18 વર્ષ બાદ 24 વર્ષ સુધી ઉચ્ચ અભ્યાસ સહિત સ્વરોજગાર માટે દર મહિને રૂ. 6 હજારની સહાય આપવાનું કહ્યું હતું, એટલે નવા નિર્ણયમાં 18થી 21 વર્ષમાં રૂ. 6 હજારની સહાય ઘટાડીને રૂ. 4 હજારની કરાઇ છે.
- ✓ રાજ્યમાં કોરોનાકાળમાં 30મી જૂન સુધી સરકારે 776 અનાથ બાળકોને સહાય આપવાનું જાહેર કર્યું છે.

## 2. દિલ્હી હાઈકોર્ટે : સમાન નાગરિક કાયદાના અમલ માટે યોગ્ય સમય (કાયદો-બંધારણ)

- ✓ **ફાયદા :** સમાન નાગરિક કાયદા (યુનિફોર્મ સિવિલ કોડ)થી લગ્ન, છૂટાછેડા, વારસા ઉત્તરાધિકાર જેવી બાબતો પર પર્સનલ લોના કારણે ઉભી થતી સમસ્યાઓ દૂર થશે.

**સમાન નાગરિક કાયદો (યુનિફોર્મ સિવિલ કોડ) શું છે ? :**

- ✓ બંધારણના ભાગ-4માં રાજ્યના નીતિ નિર્દેશક સિદ્ધાંતોમાં ઉલ્લેખ.
- ✓ **બંધારણની કલમ 36થી 51 મારફત રાજ્યોને અનેક મુદ્દાઓ પર સૂચનો અપાયા છે. તેમાં આશા વ્યક્ત કરાઇ છે કે કલમ 44 રાજ્યને યોગ્ય સમયે બધા ધર્મો માટે સમાન નાગરિક સંહિતા બનાવવાનો નિર્દેશ આપે છે.**
- ✓ દેશમાં સમાન નાગરિક કાયદા હેઠળ લગ્ન, છૂટાછેડા, દત્તક લેવા, ઉત્તરાધિકાર, વારસા જેવી બાબતોમાં દેશમાં કોઇપણ ધર્મ કે જાતિને ધ્યાનમાં રાખ્યા વિના બધા જ નાગરિકો માટે એક સમાન કાયદો લાગુ કરવાની વાત છે.

**હાલની સ્થિતિ :**

- ✓ હાલ દેશમાં અલગ અલગ ધર્મો અને જાતિઓ માટે અલગ કાયદા છે, જેમાં હિન્દુ મેરેજ એક્ટ, હિન્દુ ઉત્તરાધિકાર કાયદો, ઈન્ડિયન ક્રિશ્ચિયન મેરેજ એક્ટ, ઈન્ડિયન ડિવોર્સ એક્ટ, પારસી મેરેજ એક્ટ અને ડિવોર્સ એક્ટ તેમજ મુસ્લિમ પર્સનલ લૉ મહત્વના છે. જોકે, મુસ્લિમ પર્સનલ લૉને સંહિતાબદ્ધ કરાયો નથી, તે તેમના ધાર્મિક ગ્રંથો પર આધારિત છે.

**છૂટાછેડાનો કેસ શું છે? :**

- ✓ દિલ્હી હાઇકોર્ટે મીણાજાતિની મહિલા અને તેના હિન્દુ પતિના છૂટાછેડાના કેસની સુનાવણીમાં સમાન નાગરિક સંહિતા લાગુ કરવા ભલામણ કરી છે.
- ✓ આ કેસમાં પતિ હિન્દુ મેરેજ એક્ટ હેઠળ છૂટાછેડા ઇચ્છે છે જ્યારે પત્નીનું કહેવું હતું કે, તે મીણા જનજાતિની છે. તેથી તેના પર હિન્દુ મેરેજ એક્ટ લાગુ પડતો નથી.
- ✓ પત્નીએ માગ કરી હતી કે, તેના પતિએ ફેમિલી કોર્ટમાં દાખલ કરેલી છૂટાછેડાની અરજી ફગાવવામાં આવે.
- ✓ તેના પતિએ હાઇકોર્ટમાં પત્નીની આ દલીલના વિરોધમાં અરજી કરી હતી. હાઇકોર્ટે પતિની અરજી સ્વિકારી લીધી હતી.
- ✓ હાઇકોર્ટે પોતાના ચુકાદામાં એમ પણ જણાવ્યું કે આ ચુકાદાને કાયદા મંત્રાલયની પાસે મોકલવો જોઇએ, જેથી કાયદા મંત્રાલય પણ તેના પર વિચાર કરી શકે.

## 3. સંરક્ષણ કરાર - ભારત સરકાર :

**"આકાશ મિસાઇલ" માટે BDL અને IAF વચ્ચે રૂ.499 કરોડના સમજૂતી કરાર - નવી દીલ્હી**



- ✓ ભારત ડાયનેમિક્સ લિમિટેડ (બીડીએલ)એ ઇન્ડિયન એરફોર્સ (આઇએએફ) માટે આકાશ મિસાઇલનું નિર્માણ અને પુરવઠા માટે સંરક્ષણ મંત્રાલય સાથે મળીને 499 કરોડ રૂપિયાની સમજૂતી પર હસ્તાક્ષર કર્યા હતાં.
- ✓ ભારતીય સેના અને ભારતીય વાયુ સેના બંને માટે આકાશ આઇજીએમડીપી હેઠળ બીડીએલ દ્વારા નિર્મિત મિસાઇલોમાંથી એક છે.
- ✓ આ મિસાઇલનું અનેક વખત સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે. તેને પોતાની કેટેગરીમાં સર્વશ્રેષ્ઠ મિસાઇલ માનવામાં આવે છે.

**BDL વિશે :**

- ✓ બીડીએલ ભારતની એકીકૃત નિર્દેશિત મિસાઇલ વિકાસ કાર્યક્રમ (IGMDP) હેઠળ યોજનાઓ માટે મુખ્ય ઉત્પાદન એજન્સી છે.
- ✓ કંપની ટેન્ક વિરોધી નિર્દેશિત મિસાઇલ, હવાથી હવામાં ત્રાટકવાની મિસાઇલ, હવાથી જમીન પર ત્રાટકવાના શસ્ત્રો, લોન્ચર,પરીક્ષણ ઉપકરણ, અંડર વોટર વેપન અને કાઉન્ટર મેજર સિસ્ટમ પણ સામેલ છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 4. પુસ્તક વિમોચન - નવી દિલ્હી : 'ધ રામાયણ ઓફ ગુરુ ગોવિંદસિંહ'



- ✓ લેખક : સ્વ. બલજીત કૌર તુલસી
- ✓ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે વિમોચન

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (09-07-2021)

1. જુલાઇ 2021માં મુખ્યમંત્રી નિવાસસ્થાને 'મોકળા મને' કાર્યક્રમની કેટલામી શ્રુંખલા યોજાઇ - **10મી**
2. જુલાઇ 2021માં મુખ્યમંત્રી દ્વારા યોજાયેલા 'મોકળા મને' કાર્યક્રમની થીમ જણાવો - **કોરોના મહામારીમાં નિરાધાર થયેલા બાળકો અને તેમના પાલક માતા-પિતા સાથે સંવાદ**
3. જુલાઇ 2021માં મુખ્યમંત્રી દ્વારા યોજાયેલા 'મોકળા મને' કાર્યક્રમ વેળાએ મુખ્યમંત્રીશ્રી દ્વારા કોરોના મહામારીમાં નિરાધાર થયેલા બાળકોને 'મુખ્યમંત્રી બાળ સેવા યોજના'માં 18 વર્ષના બદલે કેટલા વર્ષ સુધી માસિક રૂપિયા 4,000ની સહાય આપવાની જાહેરાત કરી છે – **21 વર્ષ**
4. ભારતમાં સમાન નાગરિક કાયદા-યુનિફોર્મ સિવિલ કોડના અમલ માટે આ યોગ્ય સમય છે તેવું સૂચન કેન્દ્ર સરકારને જુલાઇ 2021માં કઇ કોર્ટ દ્વારા કરવામાં આવ્યું છે - **દિલ્હી હાઇકોર્ટ**
5. યુનિફોર્મ સિવિલ કોડનો ભારતીય બંધારણના કયા ભાગમાં રાજ્યના નીતિ નિર્દેશક સિદ્ધાંતોમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે - **ભાગ 4**
6. ભારતીય બંધારણની કઇ કલમ રાજ્યને યોગ્ય સમયે બધા ધર્મો માટે સમાન નાગરિક સંહિતા બનાવવાનો નિર્દેશ આપે છે - **44**
7. જૂલાઇ-2021માં નવી દીલ્હી ખાતે "આકાશ મિસાઇલ" માટે BDL અને IAF વચ્ચે કેટલા કરોડ રૂપિયાના સમજૂતી કરાર થયા - **રૂ.499**
8. BDLનું વિસ્તૃત નામ જણાવો - **ભારત ડાયનેમિક્સ લિમિટેડ**
9. કઇ કંપની ભારતની એકીકૃત નિર્દેશિત મિસાઇલ વિકાસ કાર્યક્રમ (IGMDP) હેઠળ યોજનાઓ માટેની મુખ્ય ઉત્પાદન એજન્સી છે - **BDL**
10. તા. 9 જૂલાઇ 2021ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હી ખાતે કયા પુસ્તકનું વિમોચન કર્યું હતુ - **'ધ રામાયણ ઓફ ગુરુ ગોવિંદસિંહ'**
11. તાજેતરમાં PM મોદી દ્વારા વિમોચન કરાયેલા પુસ્તક 'ધ રામાયણ ઓફ ગુરુ ગોવિંદસિંહ'ના લેખકનું નામ જણાવો – **સ્વ.બલજીત કૌર તુલસી**

**DATE : 10-07-2021**

## 1. NFSU-ગાંધીનગર : નવીન રિસર્ચ સેન્ટર નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક ભવનનું નિર્માણ

**ડિઝાઇનર ડ્રગ્સનું રિસર્ચ કરી ડ્રગ્સની માત્રા નક્કી કરવા NFSU ખાતે નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક ભવન તૈયાર કરાયું**

National Forensic Sciences University
Knowledge | Wisdom | Fulfilment
An Institution of National Importance
(Ministry of Home Affairs, Government of India)

**ભૂમિકા :**

- ✓ આ ભવનમાં સમગ્ર દેશમાંથી પકડવામાં આવેલા ડ્રગ્સનું ટેસ્ટિંગ કરી તેના ઉદભવ સ્થાનની અને ડ્રગ્સના પ્રકારની માહિતી મળશે.
- ✓ NFSUમાં 50 કરોડના ખર્ચે તૈયાર થયેલા નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક ભવનમાં ટેકનોલોજીની મદદથી ડ્રગ્સનો પ્રકાર, ડ્રગ્સનું ઉદભવન સ્થાન તેમજ ડ્રગ્સના જથ્થામાં અન્ય વસ્તુઓની માત્રા કેટલી તે તમામ મુદ્દાનું ટેસ્ટિંગ અને રિસર્ચ કરી રિપોર્ટ તૈયાર કરવામાં આવશે.
- ✓ આ રિસર્ચ પરથી એ બાબત સ્પષ્ટ થશે કે ડ્રગ્સનો જથ્થો કયા દેશ કે પ્રદેશમાંથી મોટા પ્રમાણમાં આવે છે.

**NDPS એક્ટની વર્તમાન સ્થિતિ**

- ✓ NDPS એક્ટમાં ડિઝાઇનર ડ્રગ્સનો સમાવેશ ના હોઇ ડ્રગ્સ માફીયાઓ તેનો લાભ લઇ કાયદાની પકડમાંથી છુટી જતા હતા.
- ✓ આ ડિઝાઇનર ડ્રગ્સ પર રિસર્ચ કરી તેમાં ડ્રગ્સની માત્રા કેટલી છે તે શોધી કાઢવામાં આવશે.
- ✓ આ ડિઝાઇનર ડ્રગ્સનો એનડીપીએસ એક્ટમાં સમાવેશ કરવા પ્રક્રીયા કરી ડ્રગ્સ માફીયા વિરૂદ્ધ મજબૂત સંકજો કસવાની તૈયારીઓ થઇ રહી છે.
- ✓ ડ્રગ્સ માફીયાઓ એનડીપીએસ એક્ટમાં સામેલ કોકેઇન, બ્રાઉન સુગર, ગાંજો, અફીણ જેવા ડ્રગ્સમાં કેમિકલ કે અન્ય પદાર્થો મિલાવીને ડિઝાઇનર ડ્રગ્સ તૈયાર કરતા હોય છે.
- ✓ આ ડિઝાઇનર ડ્રગ્સ એનડીપીએસ એક્ટમાં સામેલ ન હોવાથી આરોપીઓ સામે કેસ થાય પણ કોર્ટમાં તેઓ સામેનો કેસ ટકી

શકતો ન હતો. જેના કારણે ડ્રગ્સના વેપલા સાથે સંકળાયેલા તત્વો આસાનીથી છુટી જતા હતા.

- ✓ કાયદાની છટકબારી જાણી ગયેલા ડ્રગ્સ માફીયા ડિઝાઈનર ડ્રગ્સનો માર્કેટમાં ફેલાવો કરી કરોડો રૂપીયાનો વેપાર કરવા લાગ્યા છે.

**2. ઉત્તર પ્રદેશ સરકાર : વસતી નિયંત્રણ ખરડાનો મુસદ્દો જારી કરાયો**




**સૂચિત જોગવાઈઓ :**

**(1) બે બાળકથી વધુ ધરાવનાર :**

- ✓ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણી લડી શકશે નહીં
- ✓ સરકારી નોકરી મેળવવા માટે અરજી કરી શકશે નહીં
- ✓ સરકારી કર્મચારીને નોકરીમાં પ્રમોશન અપાશે નહીં
- ✓ સરકારી યોજનાઓ અને કોઈપણ સબસિડી મળવાપાત્ર રહેશે નહીં.

**(2) મહત્તમ બે બાળકની નીતિ અપનાવનાર :**

- ✓ સરકારી કર્મચારીને તેની નોકરીના સમયગાળામાં બે વધારાના ઇન્ક્રિમેન્ટ મળશે
- ✓ 12 મહિનાની મેટરનિટી અથવા પેટરનિટી લીવનો સંપૂર્ણ પગાર ભથ્થા સાથે ચૂકવાશે
- ✓ નેશનલ પેન્શન સ્કીમ અંતર્ગત ઇસીએફમાં 3 ટકાનો વધારો અપાશે
- ✓ પાણી,વીજળી, હાઉસ ટેક્સમાં રાહત, હોમ સહિતની લોનમાં છૂટ અપાશે

**(3) એક બાળકની નીતિ અપનાવનાર :**

- ✓ એક સંતાન બાદ નસબંધી કરાવનારને 20 વર્ષ સુધી મફ્ત સારવાર, વીમો અને સરકારી નોકરીમાં પ્રાથમિકતા
- ✓ બાળક પુખ્ત થતાં યુવાન માટે રૂ. 77,000 અને યુવતી માટે રૂ. 1 લાખની રકમ અપાશે
- ✓ દીકરીને ઉચ્ચ શિક્ષણ સુધી મફ્ત શિક્ષણ, દીકરા માટે 20 વર્ષ સુધી શિક્ષણ વિનામૂલ્યે

**અન્ય જોગવાઈઓ :**

- ✓ ઉત્તરપ્રદેશમાં પ્રસ્તાવિત કાયદાના અમલ માટે પોપ્યુલેશન ફંડની રચના કરાશે.
- ✓ તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મેટરનિટી સેન્ટર શરૂ કરાશે જ્યાંથી ગર્ભનિરોધક દવાઓ, કોન્ડોમ વગેરેનું વિતરણ કરાશે.
- ✓ આરોગ્ય કર્મચારીઓ દ્વારા કુટુંબ નિયોજન માટેની પદ્ધતિઓ અંગે જાગૃતિ ફેલાવવાનું કામ કરાશે.
- ✓ રાજ્યમાં થતી ડિલિવરી, જન્મ, મરણ અને ગર્ભાવસ્થાની ફરજિયાત નોંધણી કરાવવાની રહેશે.
- ✓ રાજ્યની તમામ શાળાઓમાં વસતી નિયંત્રણ અંગેનો એક વિષય ફરજિયાત ભણાવવામાં આવશે.

**ભારતના કયા રાજ્યમાં શું સ્થિતિ :**

1. **રાજસ્થાન :** બેથી વધુ બાળક ધરાવનાર સ્થાનિક પંચાયતની ચૂંટણી લડી શક્તો નથી, વિકલાંગ બાળકના કિસ્સામાં છૂટછાટ
2. **મધ્યપ્રદેશ :** 26 જાન્યુઆરી 2001 પછી ત્રીજું બાળક જનમ્યું હોય તેવા વાલી સરકારી નોકરી માટે અયોગ્ય, ન્યાયતંત્રમાં પણ આ નિયમ અમલી
3. **તેલંગણા :** 30 મે 1994 પછી બેથી વધુ સંતાન ધરાવતી વ્યક્તિ ચૂંટણી લડી શક્તો નથી
4. **આંધ્રપ્રદેશ :** બેથી વધુ બાળકો ધરાવનારના સ્થાનિક સ્વરાજની ચૂંટણી લડવા પર પ્રતિબંધ
5. **ગુજરાત :** વર્ષ 2005થી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીમાં બેથી વધુ સંતાન ધરાવનાર ઉમેદવારી કરી શક્તો નથી
6. **મહારાષ્ટ્ર :** વર્ષ 2005થી બેથી વધુ સંતાન ધરાવનારને રાજ્ય સરકારમાં કોઇ હોદ્દો નહીં, બેથી વધુ સંતાન ધરાવનાર મહિલાને જાહેર વિતરણ વ્યવસ્થાના લાભ નહીં, સ્થાનિક સ્વરાજની ચૂંટણી લડવા પર પ્રતિબંધ
7. **ઉત્તરાખંડ :** બેથી વધુ સંતાન ધરાવનાર તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણી લડી શક્તા નથી
8. **કર્ણાટક :** બેથી વધુ સંતાનો ધરાવતા સ્થાનિક ચૂંટણીઓ લડી શકે છે. ઘરમાં લેટરિન ન ધરાવતી વ્યક્તિ સ્થાનિક સ્વરાજની ચૂંટણી લડી શક્તી નથી

**3. નિધન : ભારતના ટોચના કેરળના આયુર્વેદાચાર્ય ડૉ. પી.કે. વોરિયરનું 100 વર્ષે નિધન**




**વિશેષતા :**

- ✓ કેરળની સારવાર પદ્ધતિને પરંપરાગત રીતે લોકપ્રિય બનાવનાર આયુર્વેદાચાર્યા.
- ✓ કોટ્ટક્કલ આર્ય વૈધ શાળાના મુખ્ય ચિકિત્સક અને સંચાલક હતા.
- ✓ **રાજધાની : તિરુવનંતપુરમ્**
- ✓ **રાજ્ય : કેરળ**

**4. કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલય : ભારતીય સંશોધકોએ દુર્લભ સુપરનોવા શોધ્યા (ખગોળ વિજ્ઞાન)**

- ✓ ભારતીય સંશોધકોએ ખાસ પ્રકારના ચમકતા તારાને શોધી કાઢવામાં સફળતા મેળવી.
- ✓ આ સુપરનોવા સ્ટાર કોઇ બીજા સ્ત્રોતની ઊર્જાથી પ્રકાશિત થાય છે. તેની સાથે તેનું મેગ્નેટિક ફિલ્ડ જબરજસ્ત શક્તિશાળી છે.

सत्यमेव जयते
Department of Science & Technology
Government of India

**સુપર નોવા વિશે :**

- ✓ આ પ્રકારના સુપરનોવાને સુપરલ્યુમિનસ સુપરનોવા કહેવામાં આવે છે અને તે અત્યંત દુર્લભ હોય છે.
- ✓ આ પ્રકારના સુપરનોવાનો તલસ્પર્શી અભ્યાસ કરીને બ્રહ્માંડના રહસ્યોને ઉકેલવામાં મદદ મળી શકે છે.
- ✓ સુપરલ્યુમિનસ સુપરનોવા એટલા માટે દુર્લભ હોય છે કેમકે તેનું સર્જન અત્યંત વિશાળ કદના તારામાંથી થયું હોય છે.
- ✓ આ તારા સૂર્યથી પણ 25 ગણા મોટા હોય છે અને બ્રહ્માંડમાં આવા તારાઓની સંખ્યા ઘણી ઓછી છે.
- ✓ ટીમને આ તારાની ખબર તાજેતરમાં જ સ્થાપિત દેવસ્થળ ઓપ્ટિકલ ટેલિસ્કોપની સાથે બે અન્ય ભારતીય ટેલિસ્કોપ, સંપૂર્ણાનંદ અને હિમાલયન ચંદ્રાની મદદથી મળી.
- ✓ ડુંગળીના આકારના આ સુપરનોવાની બહારની સપાટી ખુલેલી છે. તેની વચ્ચેનો કોઇ હિસ્સો ઊર્જાના કોઇ અન્ય સ્ત્રોત વડે પ્રકાશમાન થઇ રહ્યો છે.

## 5.ખેલ કૂદ : વિમ્બલડન ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ 2021 (મહિલા સિંગલસ)





- ✓ **યજમાન : લંડન (UK)**
- ✓ **ટાઇટલ વિજેતા અને દેશ : એશ્લે બાર્ટી-ઓસ્ટ્રેલિયા**
- ✓ **ઉપવિજેતા: કેરોલિના પ્લિસ કોવા - ચેક રિપબ્લિક**

## 6. વેટ બલ્બ ટેમ્પરેચર : ભેજ અને ગરમીની સંયુક્ત સ્થિતિ એટલે વેટ બલ્બ ટેમ્પરેચર (વાતાવરણ)

- ✓ વરસાદ ખેંચાઇ રહ્યો છે અને તાપમાન પ્રમાણમાં ઓછું હોવા છતાં સખત ગરમી અનુભવાઇ રહી છે. તેનું મુખ્ય કારણ 'વેટ બલ્બ ટેમ્પરેચર' નામે ઓળખાતી સ્થિતિ છે.




- ✓ આવી સ્થિતિ સામાન્ય રીતે સર્જાતી નથી, પરંતુ આ વખતે તેના કારણે જ લોકો બફારો-ભેજ- ગરમીનો સંયુક્તરીતે સામનો કરી રહ્યા છે.
- ✓ આ સ્થિતિમાં તાપમાનનો પારો 32થી 35 ડીગ્રી સુધી જ હોય તો પણ ગરમી સહન થઇ શકતી નથી.
- ✓ કેટલાક કિસ્સામાં તો 6 કલાકના ટૂંકા ગાળામાં જ મોત થઇ શકે છે.
- ✓ દુનિયાભરના સંશોધકોએ વેટ બલ્બ ટેમ્પરેચરની સ્થિતિ સામે ચેતવણી આપી છે.
- ✓ અત્યાર સુધી આવી સ્થિતિ બહુ સર્જાતી ન હતી, પરંતુ હવે ગ્લોબલ વોર્મિંગને કારણે આ નવી મુશ્કેલીનો સામનો કરવાની તૈયારી રાખવી પડશે.

### કઇ રીતે સર્જાય છે વેટ બલ્બ ટેમ્પરેચર

- ✓ સરળ શબ્દોમાં કહીએ તો ભેજ અને ગરમીની સંયુક્ત સ્થિતિ એટલે વેટ બલ્બ ટેમ્પરેચર.
- ✓ વધારે ગરમી હોય ત્યારે પ્રસ્વેદ ગ્રંથી પરસેવો વહાવીને શરીરનું તાપમાન કાબુમાં કરે છે. આ પરસેવો સારી રીતે તો જ બહાર નીકળી શકે જો હવામાં ભેજ ઓછો હોય. હવામાં ભેજ વધે એટલે શરીરની પરસેવો કાઢવાની ક્ષમતા ઘટી જાય.
- ✓ એ પછી શરીરની ગરમી અને હવાના ભેજનું મિશ્રણ થાય. આ મિશ્રણ વેટ બલ્બ ટેમ્પરેચર તરીકે ઓળખાય છે.

### ઉપાય શું :

- ✓ ગરમીથી બચવાનો સૌથી મહત્વનો ઉપાય ધરતી પર વૃક્ષોની સંખ્યા વધારવાનો છે. એ ઉપાય તુરંત પરિણામ આપે એવો નથી, પરંતુ વૃક્ષો ઉગાડવા એ અંતિમ ઉપાય છે.
- ✓ બાકી તો સ્થિતિ એટલી ગંભીર છે કે આપણે ખરાબ અને અતિ ખરાબ વચ્ચે પસંદગી કરવાની છે.
- ✓ જો પર્યાવરણ-પ્રકૃતિનું જતન કરવામાં આવે તો અતિ ખરાબ સ્થિતિમાંથી બચી શકાશે.

## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (10-07-2021)

1. તાજેતરમાં નવીન રિસર્ચ સેન્ટર-નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક ભવનનું નિર્માણ ક્યાં કરવામાં આવ્યું છે - **NFSU-ગાંધીનગર**
2. NFSU ખાતે સ્થપાયેલ નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક ભવનની મુખ્ય કામગીરી જણાવો - **સમગ્ર દેશમાંથી પકડવામાં આવેલા ડ્રગ્સનું ટેસ્ટિંગ કરી તેના ઉદભવ સ્થાનની અને ડ્રગ્સના પ્રકારની માહિતી મેળવવા**
3. NFSUનું વિસ્તૃત નામ જણાવો – **નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી**
4. જૂલાઇ 2021માં વસતી નિયંત્રણ ખરડાનો મુસદ્દો-2021 પ્રસિદ્ધ કરાયો - **ઉત્તર પ્રદેશ**
5. ગુજરાતમાં કયા વર્ષથી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીમાં બેથી વધુ સંતાન ધરાવનાર ઉમેદવારી કરી શક્તો નથી - **વર્ષ 2005**
6. જૂલાઇ 2021માં ભારતના ટોચના કયા રાજ્યના આયુર્વેદાચાર્ય ડૉ. પી.કે. વોરિયરનું 100 વર્ષે નિધન થયુ - **કેરળ**
7. જૂલાઇ 2021માં કયા દેશના સંશોધકો દ્વારા દુર્લભ સુપરનોવા-ખાસ પ્રકારના ચમકતા તારા શોધાયા – **ભારત**
8. સુપરનોવા-ખાસ પ્રકારના ચમકતા તારા કયા નામે ઓળખાય છે – **સુપરલ્યુમિનસ**
9. સુપરનોવા-ખાસ પ્રકારના ચમકતા તારા સૂર્યથી પણ કેટલા ગણા મોટા હોય છે – **25**
10. તાજેતરમાં ભારતીય સંશોધકો દ્વારા કયા ભારતીય ટેલિસ્કોપની મદદથી અત્યંત દુર્લભ એવા સુપરનોવા શોધાયા - **દેવસ્થળ ઓપ્ટિકલ, સંપૂર્ણાનંદ અને હિમાલયન ચંદ્રા ટેલિસ્કોપ**
11. વિમ્બલડન ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ 2021 મહિલા સિંગલસ વિજેતા અને દેશ - **એશ્લે બાર્ટી અને ઓસ્ટ્રેલિયા**
12. વિમ્બલડન ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ 2021 કયા શહેર-દેશમાં યોજાઇ – **લંડન-UK**
13. જૂલાઇ 2021માં અનુભવાયેલ વેટ બલ્બ ટેમ્પરેચર એટલે શું - **ભેજ અને ગરમીની સંયુક્ત સ્થિતિ**

14. વેટ બલ્બ ટેમ્પરેચરમાં તાપમાનનો પારો કેટલા ડીગ્રી સુધી હોય તો પણ ગરમી સહન થઇ શકતી નથી – **32 થી 35**

**DATE : 11-07-2021**

## 1. ખેલકૂદ : વિમ્બલડન મેન સિંગલસ ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ 2021



- ✓ **યજમાન :** લંડન (UK)
- ✓ **વિજેતા અને દેશ :** નોવાક જોકોવિચ-સર્બિયા
- ✓ **ઉપ વિજેતા :** માટેઓ બેરેટિની-ઇટાલી
- ✓ **નોવાક :** છઠ્ઠીવાર વિમ્બલડન ટાઇટલ વિજેતા અને કુલ-20 ગ્રાન્ડસ્લેમ વિજેતા
- ✓ વર્ષ 2021ના ત્રણેય ગ્રાન્ડસ્લેમ ઓસ્ટ્રેલિયન, ફ્રેન્ચ અને વિમ્બલ્ડન વિજેતા

## 2. ખેલકૂદ : કોપા અમેરિકા-2021




આર્જેન્ટિના 28 વર્ષ બાદ વિજેતા

- ✓ હરિફ : બ્રાઝિલ
- ✓ આર્જેન્ટિનાએ 15મુ કોપા અમેરિકા ટાઇટલ જીત્યું
- ✓ યજમાન : રિયોડીજાનેરા

## 3. વિશ્વમાં ખાનગી અવકાશયાત્રાનો પ્રારંભ : 71 વર્ષના બ્રિટિશ અબજપતિ રિચાર્ડ બ્રેન્સન પોતાની કંપની વર્જિન ગેલેક્ટિક દ્વારા સફળતાપૂર્વક પ્રથમ ખાનગી સ્પેસ ટૂર પૂર્ણ કરી

**પૃથ્વીથી અંદાજે 83 કિ.મી.ની આકાશમાં સફર**



**ખાનગી સ્પેસ ટૂર વિશે :**

- ✓ વર્જિન ગેલેક્ટિકના VSS યુનિટીમાં 60 મિનિટમાં 6 લોકોએ અવકાશ સફર પૂર્ણ કરી ધરતી પર પરત આવ્યા
- ✓ **સ્થળ :** સ્પેસ પોર્ટ, ન્યૂ મેક્સિકો.

**"રિચાર્ડ બ્રેન્સનની અવકાશયાત્રા એટ એ ગ્લાન્સ**

- ✓ ભારતીય સમય પ્રમાણે રવિવારે રાતના 8:10 કલાકે ન્યુ મેક્સિકોના બેઝ પરથી મહાકાય સ્પેસશિપ રવાના થયું હતું.
- ✓ પૃથ્વીની સપાટીથી 50,000 ફૂટ ઉપર ગયા બાદ વીએસએસ યુનિટીને પ્લેન દ્વારા ડ્રોપ કરવામાં આવ્યું હતું.
- ✓ ત્યાંથી વીએસએસ તેના પોતાના એન્જિનની મદદથી પૃથ્વીના ગુરુત્વાકર્ષણની સીમાની બહાર જતું રહ્યું હતું
- ✓ પ્રવાસીઓને સ્પેસની અનુભૂતિ કરાવી હતી.
- ✓ અવકાશયાત્રીઓએ પૃથ્વીને નિહાળી. ગણતરીની મિનિટમાં આ પ્લેન ધરતી પર પરત ફર્યું. આ રોકેટ પ્લેન 9:10 કલાકે ધરતી ઉપર પરત આવી ગયું.

**સિરિશા અવકાશમાં જનારી ચોથી ભારતીય**

- ✓ સિરિશા બાંદલ વર્જિન ગેલેક્ટિકના અભિયાન થકી અવકાશમાં જનારી ચોથી ભારતીય બની.
- ✓ આ પહેલાં ત્રણ મૂળ ભારતીયો અવકાશની યાત્રા કરી આવ્યા છે.
- ✓ સ્ક્વોડ્રન લીડર રાકેશ શર્મા, કલ્પના ચાવલા અને સુનિતા વિલિયમ્સ અવકાશી સફર ખેડી છે.
- ✓ તેમાંથી કલ્પના ચાવલાનું અવકાશ યાત્રા કરીને પરત ફરવા દરમિયાન દુ:ખદ અવસાન થયું હતું.
- ✓ સિરિશા ભારતમાં જન્મીને અમેરિકામાંથી અવકાશમાં જનારી કલ્પના ચાવલા પછીની બીજી ભારતીય બની છે."

## 4. ટોક્યો ઓલમ્પિક 2021




ભાગ લેનાર ભારતના કુલ ખેલાડીઓ અને રમત :

- ✓ પુરુષ : 67 મહિલા : 53

**કુલ : 120**

- ✓ કુલ 33 માંથી 18 રમતોમાં ભારતના ખેલાડી ભાગ લેશે
- ✓ ભારતની સૌથી મોટી એથ્લેટિક્સ ટીમ : 26 ખેલાડી
- ✓ શૂટર : 15 ખેલાડી
- ✓ ઓલમ્પિકનો પ્રારંભ : 23 જુલાઈ 2021

## 5. દિન વિશેષ : 3 જુલાઈ આંતરરાષ્ટ્રીય સહકારિતા દિવસ




## ✓ 6. દિન વિશેષ : અષાઢ સુદ એકમ

**અષાઢસ્ય પ્રથમ દિવસ - કવિ કાલીદાસ જયંતિ**

- ✓ તિથિ : અષાઢ સુદ એકમ



## 7. દિન વિશેષ : 11 જૂલાઈ વિશ્વ વસ્તી દિવસ

- ✓ **થીમ-2021 :** "the impact of the COVID-19 pandemic on fertility'."




**અંદાજે વસ્તી :**

- ✓ **વિશ્વ :** 787 કરોડ 74 લાખ **ભારત :** 139 કરોડ 39 લાખ
- ✓ **ગુજરાત :** 6 કરોડ 89 લાખ

(અનુમાનિત)

**ભારત : વસતી અનુમાન**

- ✓ વર્ષ 2048 : 160 કરોડ વર્ષ 2017 : 138 કરોડ
- ✓ વર્ષ 2100 : 109 કરોડ
- ✓ યુએનનું અનુમાન હતું કે 21મી સદીના અંત સુધીમાં વિશ્વની વસતી 1,100 કરોડના પિક પર આવી જશે પણ વોશિંગ્ટન યુનિ. નો સ્ટડી કહે છે કે આ પિક થોડો વહેલો 2064માં જ આવી જશે અને વસતીની ટોચ હશે 970 કરોડ. તે પછી વિશ્વની વસતી ઘટવાનું શરૂ થઇ જશે.
- ✓ દુનિયાભરમાં મહિલાઓમાં શિક્ષણનું સ્તર સુધર્યું છે. સાથે જ મહિલાઓ હવે રોજગારી અંગે જાગૃત થઇ છે. તેની અસર એ છે કે મહિલાઓમાં ફર્ટિલિટી રેટ ઘટ્યો છે (ફર્ટિલિટી રેટ એટલે મહિલાઓ સરેરાશ કેટલા સંતાનને જન્મ આપે છે)
- ✓ જ્યારે કોઇ પણ ક્ષેત્રની હાલની વસતીનું સ્તર જાળવી રાખવા ફર્ટિલિટી રેટ 2.1 હોવો જોઇએ.
- ✓ નેશનલ ફેમિલી હેલ્થ સરવે મુજબ ભારતમાં 2016થી 2020 દરમિયાન ફર્ટિલિટી રેટ 2.13 રહ્યો, જે 2030થી 2035 દરમિયાન ઘટીને 1.72% થઇ જશે.
- ✓ હાલ દેશના 9 રાજ્યમાં ફર્ટિલિટી રેટ 2થી વધુ છે પરંતુ ત્યાં પણ ઝડપી ઘટાડાના સંકેત છે.
- ✓ અંદાજ છે કે 2011થી 2036 દરમિયાન દેશમાં જેટલી વસતી વધશે તેનો અંદાજે 35% હિસ્સો માત્ર યુપી બિહારનો હશે. આ બંને રાજ્યોની વસતી અંદાજે 11 કરોડ જેટલી વધી જશે.
- ✓ દક્ષિણ ભારતના રાજ્યો કેરળ, કર્ણાટક, આંધ્ર, તેલંગાણા અને તમિલનાડુમાં આ ગાળામાં વસતીમાં માત્ર 2.9 કરોડનો વધારો થશે.
- ✓ ધ લેન્સેટના ફર્ટિલિટી, મોર્ટાલિટી, માઇગ્રેશન એન્ડ પોપ્યુલેશન સિનારિયો રિપોર્ટ મુજબ 2017માં ભારતની વસતી 138 કરોડ હતી, જે 2048 સુધીમાં વધીને 160 કરોડના પિકને સ્પર્શી જશે. તે પછી વસતી ઘટવા માંડશે.
- ✓ રિપોર્ટમાં વર્ષ 2100માં ભારતની વસતી 109 કરોડ રહેવાનું અનુમાન કરાયું છે.




**દરેક જન્મથી ધરતી પર કેટલી અસર?**

- ✓ દરેક અમેરિકન બાળક પોતાના સમગ્ર જીવનમાં વાતાવરણમાં 10 હજાર મેટ્રિક ટન $CO_2$ વધારે.
- ✓ કોઇ ચાઈનીઝ બાળકની સરખામણીમાં આ 5 ગણું વધુ.
- ✓ ભારતમાં માથાદીઠ કાર્બન ઉત્સર્જન 1.73 મેટ્રિક ટન છે.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (11-07-2021)

1. વિમ્બલડન મેન સિંગલ્સ ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ 2021 વિજેતા ખેલાડી અને દેશ - **નોવાક જોકોવિચ-સર્બિયા**
2. વર્ષ 2021ના ત્રણેય ગ્રાન્ડસ્લેમ ઓસ્ટ્રેલિયન, ફ્રેન્ચ અને વિમ્બલ્ડન વિજેતા ખેલાડીનું નામ જણાવો - **નોવાક જોકોવિચ**
3. કોપા અમેરિકા-2021 ફૂટબોલ કપ વિજેતા અને હરિફ ટીમનું નામ જણાવો - **આર્જેન્ટિના તથા બ્રાઝિલ**
4. કોપા અમેરિકા-2021 ફૂટબોલ કપ ક્યાં યોજાયો – **રિયોડીજાનેરા**
5. વિશ્વમાં ખાનગી અવકાશયાત્રાનો પ્રારંભ કરનાર બિઝનેસમેન અને તેની કંપનીનું નામ જણાવો - **બ્રિટિશ રિચાર્ડ બ્રેન્સન તથા વર્જિન ગેલેક્ટિક**
6. વિશ્વમાં ખાનગી અવકાશયાત્રાનો પ્રારંભ ક્યારે અને કેટલી મિનિટ સુધી અવકાશમાં ભ્રમણ કર્યું હતુ – **તા. 11 જૂલાઈ 2021 તથા 60 મિનિટ**
7. વિશ્વની પ્રથમ ખાનગી અવકાશયાત્રામાં કેટલા લોકો જોડાયા હતા – **06**
8. વિશ્વની પ્રથમ ખાનગી અવકાશયાત્રાનો પ્રારંભ ક્યા વિમાન દ્વારા કયા બેઝ ઉપરથી કરાયો હતો - **VSS યુનિટી તથા સ્પેસ પોર્ટ, ન્યૂ મેક્સિકો**
9. વિશ્વની પ્રથમ ખાનગી અવકાશયાત્રામાં સહભાગી થનાર ભારતમાં જન્મેલી બીજી અવકાશયાત્રીનું નામ જણાવો – **સિરિશા બાંદલા**
10. ટોક્યો ઓલમ્પિક 2021માં તા. 11 જૂલાઈ 2021ની સ્થિતિએ કેટલા પુરષ-મહિલા ખેલાડી કેટલી રમતોમાં ભાગ લેશે – **67, 53 તથા 18**
11. ટોક્યો ઓલમ્પિક 2021ની કુલ રમતો જણાવો – **33**
12. આંતરરાષ્ટ્રીય સહકારિતા દિવસ ક્યારે ઉજવાય છે – **3 જૂલાઈ**
13. અષાઢસ્ય પ્રથમ દિવસ સંસ્કૃતના ક્યા મહાકવિનો જન્મ દિવસ છે - **કાલીદાસ**
14. વિશ્વ વસ્તી દિવસ કયારે મનાવવામાં આવે છે – **11 જૂલાઈ**
15. વિશ્વ વસ્તી દિવસ-2021ની થીમ જણાવો - **the impact of the COVID-19 pandemic on fertility**
16. ભારતમાં એક વસ્તી ગણતરીથી બીજી વસ્તી ગણતરી દરમિયાન થયેલા પરિવર્તન પર નજર રાખવા માટે ક્યો સરવે કરવામાં આવે છે - **સેમ્પલ રજિસ્ટ્રેશન સરવે**
17. 2011ની વસતી ગણતરી પ્રમાણે ગુજરાતમાં પુરુષ-મહિલાની સંખ્યા કેટલી હતી - **3.14 કરોડ પુરુષ અને 2.890 કરોડ મહિલાઓ**

**DATE : 12-07-2021**

**1. અષાઢી બીજ : અમદાવાદમાં શ્રી ભગવાન જગન્નાથજીની 144મી રથયાત્રા યોજાઇ**



- ✓ કોવિડના કારણે માત્ર 5 કલાકમાં જ નિજ મંદિરે પરત
- ✓ **મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણી દ્વારા સતત પાંચમીવાર પહિંદવિધિ કરાવીને રથયાત્રાને પ્રસ્થાન કરાવ્યું**
- ✓ પ્રારંભમાં વિધિ માટે સોનાની સાવરણીથી ભગવાન જગન્નાથજીના માર્ગને મુખ્યમંત્રી દ્વારા સાફ કરવામાં આવે છે.

**2. નર્મદા મૈયા બ્રિજ-ભરૂચ : નર્મદા નદી ઉપર ગોલ્ડન બ્રિજની બાજુમાં નવી નર્મદા મૈયા બ્રિજનું લોકાર્પણ**




**3. NFSU - ગાંધીનગર**

**કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહના હસ્તે અને મુખ્યમંત્રી વિજય રૂપાણીની ઉપસ્થિતિમાં**




**(1) સેન્ટર ઓફ એક્સેલેન્સ ફોર રિસર્ચ એન્ડ એનાલીસિસ ઓફ નાર્કોટિક્સ ડ્રગ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટેન્સિસ તેમજ (2) "ઈન્વેસ્ટિગેશન ઓફ ક્રાઈમ અગેઈન્સ્ટ વુમન" ફોર ઈન્ડિયન પોલીસના વર્ચ્યૂઅલ ટ્રેનિંગ મોડ્યૂલનું લોન્ચિંગ**

**4. ખેલકૂદ : UEFA EURO કપ-2020 વિજેતા : ઈટાલી**




- ✓ રમત : ફૂટબોલ યુરોકપમાં ઈટાલી બીજીવાર વર્લ્ડ ચેમ્પિયન
- ✓ હરિફ : ઈંગ્લેન્ડ યજમાન : લંડન-UK
- ✓ ઈટાલીએ ફાઈનલમાં પેનલ્ટી શૂટઆઉટમાં UKને 3-2થી હાર આપી
- ✓ મેચનો સમય : 90 મિનિટ
- ✓ એક્સ્ટ્રા ટાઈમ : 30 મિનિટ
- ✓ વિજેતા ઈટલીની ટીમને અંદાજે રૂ. 88 કરોડ અને UKને 62 કરોડનું ઈનામ

**એવોર્ડની યાદી :**

- ✓ **ગોલ્ડન શૂઝ :** ક્રિસ્ટયાનો રોનાલ્ડો (પોર્ટુગલ)
- ✓ **સિલ્વર શૂઝ :** પેટ્રિક શીક (ચેક રિપબ્લિક)
- ✓ **બ્રોન્ઝ શૂઝ :** કરીમ બેન્ઝેમા (ફ્રાન્સ)
- ✓ **પ્લેયર ઓફ ધ ફાઈનલ :** લિયોનાર્ડો બોનુચી (ઈટાલી)
- ✓ **પ્લેયર ઓફ ધ ટૂર્નામેન્ટ :** જિયાનલુઈગી (ગોલકીપર, ઈટાલી)
- ✓ **યંગેસ્ટ પ્લેયર ઓફ યુરો કપ :** પેડ્રી લોપેઝ (સ્પેન)
- ✓ **ટીમના હાઈએસ્ટ ગોલ :** ઈટાલી, સ્પેન (13-13 ગોલ)
- ✓ **બેસ્ટ ડિફેન્સ :** ઈંગ્લેન્ડ (હરીફ ટીમોએ માત્ર બે ગોલ કર્યા)
- ✓ **વર્સ્ટ ડિફેન્સ :** યુક્રેન (હરીફ ટીમોએ 10 ગોલ કર્યા)

**5. સોલાર સ્ટોર્મ (ખગોળ વિજ્ઞાન)**

**તા. 12 જૂલાઈ 2021ના રોજ શક્તિશાળી સોલાર સ્ટોર્મ ધરતી સાથે ટકરાવાનો પ્રારંભ**



- ✓ મુખ્ય અસર : તા. 12, 13 અને 14 જૂલાઈ

**સોલાર સ્ટોર્મ વિશે :**

- ✓ નાસાના મતે આની ઝડપ 16 લાખ ક્લોમીટર છે જે હજુ વધી શકે છે.
- ✓ સૂર્ય તરફથી આવતા આ વાવાઝોડાથી ધરતીના મેગ્નેટિક ફિલ્ડ પર અસર પડી શકે છે.
- ✓ જે લોકો ઉત્તર કે દક્ષિણ ધ્રુવ આસપાસ રહે છે તેઓને રાત્રે આકાશમાં સુંદર નજારો જોવા મળી શકે છે.
- ✓ સૂર્યની સપાટી પરથી પેદા થયેલું એક શક્તિશાળી વાવાઝોડું ધરતી તરફ આગળ વધી રહ્યું હતું જેની અસર સોમવાર સાંજથી પૃથ્વી ઉપર જોવા મળી હતી.
- ✓ જાણકારોના મતે આ વાવાઝોડું મંગળવારે અને બુધવારે ટકરાય તેવી શક્યતા છે.
- ✓ સોમવારે કેટલાક સમય માટે માત્ર પ્રિસાઈક્લોનિક વેવ્ઝની અસર જોવા મળી હતી.

**સોલાર સ્ટોર્મથી પેદા થતું જિયોમેગ્નેટિક સ્ટોર્મ એટલે શું ?**

- ✓ સોલાર સ્ટોર્મના કારણે ધરતી ઉપર એક નવું વાવાઝોડું પેદા થશે જેને જિયોમેગ્નેટિક સ્ટોર્મ કહેવાય છે. જ્યારે સુરજથી આવતા ચાર્જ્ડ પાર્ટિકલ્સ ધરતીના ચુંબકીયક્ષેત્ર સાથે ટકરાય ત્યારે જિયોમેગ્નેટિક સ્ટોર્મ આવે છે.
- ✓ આના કારણે ધરતીના ચુંબકીય ક્ષેત્રમાં થોડીવાર માટે વિધ્ન ઊભું થાય છે જેનાથી લેટિટ્યૂડ અને જિટ્યુડ સમજવામાં મુશ્કેલી ઊભી થાય છે અને જીપીએસ કામ કરવાનું બંધ કરી દે છે.
- ✓ 3 જુલાઇ એ જ્યારે સોલાર સ્ટોર્મ શરૂ થયું ત્યારે પણ અમેરિકાના કેટલાક ભાગોમાં હાઇ ફ્રીક્વન્સી રેડિયો કોમ્યુનિકેશનમાં કેટલીક સેકન્ડ માટે વિધ્ન સર્જાયું હતું

✓ અગાઉ વર્ષ 1989માં આ સોલાર વાવાઝોડાના કારણે કેનેડાના ક્યૂબેક શહેરમાં 12 કલાક સુધી વીજળી જતી રહી હતી.

**6. ડીપ ડાઇવ : વિશ્વના સૌથી ઊંડા સ્વિમિંગ પુલનો દુબઈમાં પ્રારંભ**

✓ ઉંડાઉ-60 મીટર (197 ફૂટ) એરિયા : છ ઓલિમ્પિક પુલ

✓ થીમ : સેકન સિટી (ડૂબતુ શહેર) સુવિધા : સ્કબા અને ફ્રી ડ્રાઈવિંગ



**સિદ્ધી :**

✓ છ ઓલિમ્પિક પૂલ જેટલું કદ ધરાવતા છીપલાં આકારના આ સ્વિમિંગ પૂલનું નામ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સમાં પણ નોંધાયું છે.

**7. આકાશી વીજળીના પ્રકાર અને અસરો (કુદરતી આપત્તિ)**



**એક સરખી લાગતી વીજળીના મુખ્ય ચાર પ્રકાર**

**(1) ગ્રાઉન્ડ કરન્ટ :**

✓ વીજળી સીધી વ્યક્તિ પર ન પડે, કોઇ ઓથ દ્વારા પણ વ્યક્તિ પર ન પડે, પરંતુ જમીન માર્ગે પ્રવાસ કરી ઉપર ચડે એટલે ગ્રાઉન્ડ શરીરમાં કરન્ટ.

✓ વીજળી વૃક્ષ કે કોઇ ઊંચા સ્થળ પર પડી જમીનમાં ઉતરી, જમીનમાં જ આડો પ્રવાસ કરે અને એ દરમિયાન સંપર્કમાં આવેલા સજીવને વીજળીની અસર થાય છે.

✓ ઘણી વખત કોઇ ચણિયારમાં રહેલા સંખ્યાબંધ પશુ એક સાથે વીજળીથી મૃત્યુ પામવાનો કિસ્સો નોંધાય તો એમાં ગ્રાઉન્ડ કરન્ટ કારણભૂત હોવાનો વીજળીથી થતા કુલ મોત પૈકી 50-55 ટકા મોત આ પ્રકારથી થાય છે.

✓ ગ્રાઉન્ડ કન્ટ એ સૌથી ઘાતક છે. એટલે જ વીજળી સાથે કામ લેતાં કર્મચારીઓ પગમાં પણ વીજ-અવાહક જુત્તાં પહેરી રાખતા હોય છે.

✓ ખુલ્લાં પગે ખેતરમાં કામ કરતી વખતે ગ્રાઉન્ડ કરન્ટ ત્રાટકે તો બચવું મુશ્કેલ છે.

**(2) સાઈડ ફ્લેશ :**

✓ સાઇડ ફ્લેશ કે ફ્લેશ એટલે કોઇ મોટી ચીજ પર ત્રાટકીને બાજુમાંથી પસાર થતા વ્યક્તિ ત્રાટકે.

✓ કોઇ વ્યક્તિ વરસાદ કે વાવાઝોડાથી બચવા માટે કોઇ વ્યક્તિ આશ્રય નીચે ઉભી રહે ત્યારે આ પ્રકારની વીજળીનો ભોગ બનતી હોય છે.

✓ ગ્રાઉન્ડ સ્ટ્રાઇક પછીનો આ બીજો ઘાતક પ્રકાર છે. વીજળીથી થતા કુલ મોતમાં સાઇડ ફ્લેશનો કાળો 30-35 ટકા હોય છે.

**(3) ડાઇરેક્ટ સ્ટ્રાઈક :**

✓ ખુલ્લા મેદાનમાં કોઇ વ્યક્તિ પર વીજળીનો શેરડો ખાબકે અને મૃત્યુ થાય એ ડાઈરેક્ટ સ્ટ્રાઈક.

✓ એવી વ્યાપક માન્યતા છે કે ડાઈરેક્ટ સ્ટ્રાઇકથી વધુ મોત થતા હોય છે. પરંતુ સૌથી ઓછા મોત આ પ્રકારની વીજળી પડવાથી થાય છે.

✓ એ વખતે વીજળી કોઇ અવરોધ વગર સીધી શરીર પર પડી સમગ્ર ચામડી પર ફરી વળે છે.

✓ આ દુર્લભ પ્રકાર છે, તેનાથી મોત પણ મેં ટકાથી વધારે થતા નથી.

**(4) કન્ડક્શન :**

✓ આકાશમાંથી પડતી વીજળીને ધાતુ સીધી આકર્ષતી નથી. પરંતુ કયાંક વીજળી પડે ત્યાંથી ધાતુનો તાર, ફેન્સિંગ વગેરે પસાર થતું હોય તો એ આકાશી વીજળી માટે હાઈવે બને છે. કોઇ વ્યક્તિ દૂર એ તારને અડકીને ઉભી હોય તો એ કન્ડક્શનનો ભોગ બને.

✓ કોઇ વ્યક્તિ ઘરની અંદર હોય છતાં વીજળીનો ભોગ બને તો તેની પાછળ કન્ડક્શન સ્ટ્રાઇક જવાબદાર હોઇ શકે છે.

✓ ઘણી વખત ટેલિફોન લાઇન, પાણીની પાઇપ દ્વારા કે ઘરના વાયર દ્વારા છેક અંદર સુધી વીજળી પહોંચ્યાના કિસ્સા નોંધાતા રહે છે.

**અન્ય વિગત :**

✓ ભારતમાં દર વર્ષે ચોમાસામાં આકાશી વીજળી જીવલેણ બને છે. ઉત્તર પ્રદેશ અને રાજસ્થાન બે રાજ્યોમાં એક જ દિવસમાં 10થી વધારે મોત થયા.

✓ ગયા વર્ષે પણ જૂનની 24-25 તારીખ દરમિયાન ઉત્તર પ્રદેશ અને બિહારના કેટલાક જિલ્લાઓમાં વીજળી પડી તેનાથી 113 મૃત્યુ નોંધાયા હતા.

✓ ભારતમાં વધુ મોત થવાનું મુખ્ય કારણ આગોતરી ચેતવણીનો અભાવ છે.

✓ લોકો ગર્જનાભર્યા વાતાવરણ વચ્ચે પણ ખેતરમાં કે ખુલ્લામાં કામ કરતા હોય છે, માટે તેમના પર વીજળીની વિશેષ અસર થવાની સંભાવના રહે

**8. દિન વિશેષ : અષાઢ સુદ બીજ**

**(1) અષાઢી બીજ (2) કચ્છી હાલારી સવંત 2078નો પ્રારંભ**

✓ કચ્છીઓનું નવું વર્ષ




અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (12-07-2021)

1. વર્ષ 2021માં અષાઢી બીજના રોજ અમદાવાદમાં ભગવાન શ્રી જગન્નાથજીની કેટલામી રથયાત્રા યોજાઇ - **144**
2. અમદાવાદમાં વર્ષ 2021માં યોજાયેલી ભગવાન શ્રી જગન્નાથજીની રથયાત્રામાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ સતત કેટલામી વખત પહિંદ વિધિ કરાવીને રથને પ્રસ્થાન કરાવ્યું હતું - **પાંચમી વખત**
3. અષાઢી બીજના રોજ "નર્મદામૈયા બ્રીજ"નું કયા શહેરમાં લોકાર્પણ કરવામાં આવ્યું - **ભરૂચ**
4. 12 જુલાઇના રોજ કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઇ શાહના હસ્તે NFSU ગાંધીનગરમાં કયા સેન્ટરનો પ્રારંભ કરવામાં આવ્યો –

**સેન્ટર ઓફ એક્સેલેન્સ ફોર રિસર્ચ એન્ડ એનાલીસિસ ઓફ નાર્કોટિક્સ ડ્રગ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટેન્સિસ**

5. 'ઇન્વેસ્ટિગેશન ઑફ ક્રાઇમ અગેઇન્સ્ટ વુમન' ફોર ઇન્ડિયન પોલીસ વર્ચ્યુઅલ ટ્રેનિંગ મોડલનું NFSU ગાંધીનગર ખાતે કોના હસ્તે લોન્ચિંગ કરવામાં આવ્યું - **કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહ**
6. જુલાઇ 2021માં રમાયેલ UEFA EURO 2020 વિજેતા અને હરીફ દેશનું નામ જણાવો - **ઇટાલી અને UK**
7. UEFA EURO 2020 કયા દેશમાં યોજાયો - **ઇંગ્લેન્ડ**
8. UEFA EURO કપમાં ઇટાલી કુલ કેટલી વખત ચેમ્પિયન બન્યું છે - **બે વાર**
9. UEFA EURO 2020માં ગોલ્ડન શૂઝ વિજેતા અને દેશ- **ક્રિસ્ટિયાનો રોનાલ્ડો અને પોર્ટુગલ**
10. UEFA EURO 2020માં 'પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ' અને દેશ જણાવો - **જિયાનલુઇગ્ઝી( ગોલકીપર) અને ઇટાલી**
11. UEFA EURO ફૂટબોલ કપ 2020નો એક મેચનો સમયગાળો જણાવો - **90 મિનિટ**
12. જૂલાઇ-2021માં સૂર્ય તરફથી આવતુ વાવાઝોડુ-સોલાર સ્ટોર્મ ક્યારે ધરતી સાથે ટકરાયું અને ક્યાં સુધી તેની અસર વર્તાય – **તા. 11 જૂલાઇ તથા તા. 12, 13 અને 14 જૂલાઇ**
13. સૂર્ય તરફથી આવતુ વાવાઝોડુ-સોલાર સ્ટોર્મના કારણે ધરતી ઉપર જે નવું વાવાઝોડું પેદા થાય તેને ક્યા નામે ઓળખવામાં આવે છે - **જિયોમેગ્નેટિક સ્ટોર્મ**
14. ક્યા વર્ષે સોલાર વાવાઝોડાના કારણે કેનેડાના ક્યૂબેક શહેરમાં 12 કલાક સુધી વીજળી જતી રહી હતી - **વર્ષ 1989**
15. જૂલાઇ-2021માં વિશ્વના સૌથી ઊંડા સ્વિમિંગ પુલનો ક્યાં પ્રારંભ થયો - **દુબઇ**
16. છ ઓલિમ્પિક પૂલ જેટલું કદ ધરાવતા છીપલાં આકારના વિશ્વના સૌથી ઊંડા સ્વિમિંગ પૂલનું નામ કયા વર્લ્ડ રેકોર્ડ્સમાં પણ નોંધાયું છે - **ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સ**
17. આકાશી વીજળીના કેટલા પ્રકાર છે – 4
18. આકાશી વીજળીના કયા ચાર પ્રકાર છે – **ગ્રાઉન્ડ કરન્ટ, સાઇડ ફ્લેશ, ડાઇરેક્ટ સ્ટ્રાઇક તથા કન્ડક્શન**
19. કચ્છીઓના નવા વર્ષનો પ્રારંભ ક્યારે થાય છે - **અષાઢ સુદ બીજ**
20. અષાઢ સુદ બીજના દિને કચ્છીઓના નવા વર્ષના કયા સવંતનો પ્રારંભ થયો - **2078**

**DATE : 13-07-2021**

## 1. સોલર પાર્ક : કચ્છમાં 4,750 મેગાવોટના સોલર પાર્કના NTPCના પ્રોજેક્ટને કેન્દ્ર દ્વારા મંજૂરી




**પ્રોજેક્ટ વિશે :**

- ✓ કચ્છમાં ખાવડા ખાતે 4,750 મેગાવોટનો સોલર પાર્ક સ્થાપવા માટે કેન્દ્રના નવા અને રિન્યુએબલ ઊર્જા મંત્રાલયે એનટીપીસીની પેટા કંપની એનટીપીસી રિન્યૂએબલ ઊર્જા લિમિટેડને મંજૂરી.
- ✓ એનટીપીસી દ્વારા આ રિન્યુએબલ ઊર્જા પાર્કમાંથી કર્મિશયલ ધોરણે ગ્રીન હાઇડ્રોજનનું પણ ઉત્પાદન કરાશે.
- ✓ કચ્છના રણમાં કુલ 30 હજાર મેગાવોટનો સોલર પાર્ક સ્થાપવાની યોજના છે, જે પૈકીનો આ એનટીપીસીનો અલાયદો પ્રોજેક્ટ છે.

**સોલાર લક્ષ્યાંક :**

- ✓ એનટીપીસી 2032 સુધીમાં 60 ગીગાવોટ રિન્યુએબલ એનર્જી ઉત્પાદનની ક્ષમતા ઊભી કરવાનું લક્ષ્ય ધરાવે છે.
- ✓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ડિસેમ્બર-2020માં કચ્છ ખાતે 30 હજાર મેગાવોટ એટલે 30 ગીગાવોટ ક્ષમતાનો હાઇબ્રિડ એટલે કે સોલર તથા પવન ઊર્જાનો વિરાટ પ્રોજેક્ટ સ્થાપવા માટે ખાતમુહૂર્ત કર્યું હતું, જે પૈકીનો NTPCનો આ પ્રોજેક્ટ છે.

## 2.વન વિભાગ: ગુજરાત સરકાર (પર્યાવરણ)

## ગુજરાતની ઈકો સિસ્ટમના પુન: સ્થાપન માટે જાપાનની 'જાયકા' રૂ.770 કરોડની લોન આપશે




**વિગત :**

- ✓ જાપાન સરકારની નાણાકીય સંસ્થા-જાપાન ઇન્ટરનેશનલ કો-ઓપરેશન એજન્સી-'જાયકા' એ ગુજરાત સરકારના વનવિભાગના રૂ. 906 કરોડના ખર્ચવાળા ઇકો સિસ્ટમ રિસ્ટોરેશન પ્રોજેક્ટ માટે 85 ટકા એટલે રૂ. 769.25 કરોડની સોફ્ટ લોન મંજૂર કરી.

**પ્રોજેક્ટ વિશે :**

- ✓ વન વિભાગનો ઇકો સિસ્ટમ રિસ્ટોરેશન એટલે પર્યાવરણ પુન:સ્થાપન પ્રોજેક્ટ 9 વર્ષના સમયગાળાનો છે, જેમાં રાજ્યના દરિયાકાંઠાના 12,200 હેક્ટરમાં દરિયો જમીન તરફ આગળ વધતો અટકાવવા પ્લાન્ટેશન થશે.
- ✓ દરિયાકાંઠે 8 હજાર હેક્ટરમાં મેન્ગ્રૂવ્ઝ-ચેરનું અને દરિયાકાંઠે 500 હેક્ટરમાં ચેર સિવાયના વૃક્ષોનું પ્લાન્ટેશન થશે.
- ✓ 3,700 હેક્ટરમાં શેલ્ટર બેલ્ટ ડેવલપ થશે, જ્યારે 8,500 હેક્ટરમાં કચ્છના બન્ની સહિત વિસ્તારોમાં ઘાસિયો પ્રદેશ તરીકે વિકસાવાશે.
- ✓ કેટલાક પ્રાણીઓના નવા બ્રીડિંગ સેન્ટર્સ શરૂ થશે. તદુપરાંત જંગલો તથા વેટલેન્ડ પુનર્સ્થાપન માટે પણ કામગીરી થશે.
- ✓ સમગ્ર રાજ્યની ઇકો સિસ્ટમનું મોટાપાયે પુનઃસ્થાપન થશે. આ પ્રોજેક્ટમાં 15 ટકા ખર્ચ રાજ્ય સરકાર ભોગવશે.
- ✓ 'જાયકા'એ માત્ર 0.4 ટકા વ્યાજે આ સોફ્ટ લોન આપી છે, જેમાં ચુકવણું પાંચ વર્ષ બાદ શરૂ થશે.

✓ 'જાયકા' એ આ જ પ્રકારની લોન ઓડિશા તથા ત્રિપુરાને પણ આપેલી છે.

**3. ભારત સરકાર : કેબિનેટ સમિતિમાં નવી નિયુક્તિઓ કરાઈ (વહીવટ)**



**પીએમ મોદીના નેતૃત્વ હેઠળની મહત્વની સમિતિ**

✓ **રાજકીય મામલાની કેબિનેટ સમિતિ :** કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઇરાની, ગિરિરાજ સિંહ, મનસુખ માંડવિયા, ભૂપેન્દ્ર યાદવ અને સર્વાનંદ સોનોવાલ

✓ **ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ગ્રોથ સમિતિ :** કેન્દ્રીયમંત્રી નારાયણ રાણે, જ્યોતિરાદિત્ય સિંધિયા, અશ્વિની વૈષ્ણવ.

✓ **સંસદીય મામલાની કેબિનેટ સમિતિ :** વિરેન્દ્રકુમાર, કિરન રિજિજુ, અનુરાગ ઠાકુર.

✓ **રોજગાર અને સ્કિલ ડેવલપમેન્ટ મામલાની સમિતિ :** અશ્વિની વૈષ્ણવ, ભૂપેન્દ્ર યાદવ, આરપીસી સિંહ અને જી કિશન રેડ્ડી.

**કેબિનેટ સમિતિઓ અને સભ્યો :**

**(1) એપોઇન્ટમેન્ટ કમિટી :**

✓ વડા પ્રધાન નરેન્દ્ર મોદી    કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ

**(2) એકોમોડેશન કમિટી :**

✓ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ
✓ કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરી
✓ કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામન
✓ કેન્દ્રીય વાણિજ્ય અને ઉધોગમંત્રી પીયૂષ ગોયલ
✓ કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી હરદીપસિંહ પુરી

**(3) આર્થિક મામલાઓની સમિતિ :**

✓ વડા પ્રધાન નરેન્દ્ર મોદી (અધ્યક્ષ)
✓ કેન્દ્રીય સંરક્ષણમંત્રી રાજનાથસિંહ
✓ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ
✓ કેન્દ્રીય માર્ગ પરિવહનમંત્રી નીતિન ગડકરી
✓ કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામન
✓ કેન્દ્રીય કૃષિમંત્રી નરેન્દ્રસિંહ તોમર
✓ કેન્દ્રીય વિદેશમંત્રી એસ જયશંકર
✓ કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાન
✓ કેન્દ્રીય વાણિજ્ય અને ઉધોગમંત્રી પીયૂષ ગોયલ

**(4) સંસદીય મામલાની સમિતિ :**

✓ કેન્દ્રીય સંરક્ષણમંત્રી રાજનાથસિંહ
✓ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ
✓ કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામન
✓ કેન્દ્રીય કૃષિમંત્રી નરેન્દ્રસિંહ તોમર
✓ કેન્દ્રીય આદિવાસી મામલાના મંત્રી અર્જુન મુંડા
✓ કેન્દ્રીય સંસદીય મામલાના મંત્રી પ્રહલાદ જોશી
✓ કેન્દ્રીય સામાજિક ન્યાયમંત્રી ડો. વિરેન્દ્રકુમાર
✓ કેન્દ્રીય કાયદામંત્રી કિરન રિજિજુ
✓ કેન્દ્રીય માહિતી પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુર

**વિશેષ આમંત્રિતો**

✓ કેન્દ્રીય સંસદીય મામલાના રાજ્યમંત્રી અર્જુનરામ મેઘવાલ
✓ કેન્દ્રીય વિદેશ રાજ્યમંત્રી વી મુરલીધરન

**(5) રાજકીય મામલાની સમિતિ :**

✓ વડા પ્રધાન નરેન્દ્ર મોદી
✓ કેન્દ્રીય સંરક્ષણમંત્રી રાજનાથસિંહ
✓ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ
✓ કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરી
✓ કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામન
✓ કેન્દ્રીય કૃષિમંત્રી નરેન્દ્રસિંહ તોમર
✓ કેન્દ્રીય મહિલા અને બાળવિકાસ મંત્રી સ્મૃતિ ઇરાની
✓ કેન્દ્રીય વાણિજ્ય અને ઉધોગમંત્રી પીયૂષ ગોયલ
✓ કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી પ્રહલાદ જોશી
✓ કેન્દ્રીય બંદરમંત્રી સર્બાનંદ સોનોવાલ
✓ કેન્દ્રીય ગ્રામીણવિકાસ મંત્રી ગિરિરાજ સિંહ
✓ કેન્દ્રીય આરોગ્યમંત્રી મનસુખ માંડવિયા
✓ કેન્દ્રીય પર્યાવરણમંત્રી ભૂપેન્દ્ર યાદવ

**(6) સંરક્ષણ મામલાની સમિતિ :**

✓ વડા પ્રધાન નરેન્દ્ર મોદી    કેન્દ્રીય સંરક્ષણમંત્રી રાજનાથસિંહ
✓ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ
✓ કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામન
✓ કેન્દ્રીય વિદેશમંત્રી એસ જયશંકર

**(7) ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ગ્રોથ કમિટી :**

✓ વડા પ્રધાન નરેન્દ્ર મોદી
✓ કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ
✓ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ
✓ કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરી
✓ કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામન
✓ કેન્દ્રીય વાણિજ્ય અને ઉધોગમંત્રી પીયૂષ ગોયલ
✓ કેન્દ્રીય એમએસએમઇ મંત્રી નારાયણ રાણે
✓ કેન્દ્રીય નાગરિક ઉડ્ડયનમંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા
✓ કેન્દ્રીય રેલવેમંત્રી અશ્વિની વૈષ્ણવ

**(8) રોજગાર અને સ્કિલ ડેવલપમેન્ટ સમિતિ :**

✓ વડા પ્રધાન નરેન્દ્ર મોદી
✓ કેન્દ્રીય સંરક્ષણમંત્રી રાજનાથસિંહ
✓ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ
✓ કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામન
✓ કેન્દ્રીય કૃષિમંત્રી નરેન્દ્રસિંહ તોમર
✓ કેન્દ્રીય વાણિજ્ય અને ઉધોગમંત્રી પીયૂષ ગોયલ
✓ કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાન
✓ કેન્દ્રીય રેલવેમંત્રી અશ્વિની વૈષ્ણવ
✓ કેન્દ્રીય પેટ્રોલિયમમંત્રી હરદીપસિંહ પુરી
✓ કેન્દ્રીય પર્યાવરણમંત્રી ભૂપેન્દ્ર યાદવ

**વિશેષ આમંત્રિતો**

✓ કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરી
✓ કેન્દ્રીય પોલાદમંત્રી આર પી સિંહ

✓ કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રી જી કિશન રેડ્ડી

**પીએમ મોદીના કેટલાક મહત્તવના નિર્ણયો :**

✓ આર્થિક મામલાની સમિતિમાં સભ્ય સંખ્યા 11થી ઘટાડીને 9 કરાઇ

✓ મહત્ત્વનાં મંત્રાલયોને આર્થિક મામલાની સમિતિમાં સ્થાન ન અપાયું

✓ ગ્રામીણ વિકાસમંત્રી, રેલવે અને પર્યાવરણ જેવા મહત્ત્વના મંત્રીઓને પણ આર્થિક મામલાની સમિતિમાં સ્થાન નહીં

✓ રાજકીય મામલાની સમિતિમાં સાથીપક્ષો, દલિત કે લઘુમતી સમુદાયને સ્થાન નહીં

**4. નિધન : વર્ષ 1983 ક્રિકેટ વર્લ્ડ કપ વિજેતા ભારતીય ક્રિકેટ ટીમના સભ્ય યશપાલ શર્માનું 66 વર્ષે નિધન**

✓ અવસાન : નવી દિલ્હી

**કારકિર્દી :**

✓ યશપાલ શર્મા વર્ષ 1983માં કપિલ દેવના નેતૃત્વ હેઠળ વર્લ્ડ કપ જીતનાર ભારતીય ટીમના સભ્ય.

✓ તેમણે 42 વન-ડે અને 37 ટેસ્ટમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. 1979-83 સુધી તેઓ ભારતની મધ્યમ હરોળના મહત્વપૂર્ણ હિસ્સો.

✓ કેટલાક વર્ષ તેમણે નેશનલ પસંદગીકાર તરીકેની સેવાઓ પણ આપી હતી અને 2008માં ફરીથી તેમને મુખ્ય સિલેક્ટર બનાવવામાં આવ્યા હતા.

✓ યશપાલ શર્મા 66 વર્ષના હતા અને 1983ના વર્લ્ડ કપમાં ભારત તરફથી સર્વાધિક રન બનાવનાર બીજા ખેલાડી હતા.

✓ તેમણે 37 ટેસ્ટમાં 33.45ની સરેરાશથી 1606 રન તથા વન-ડેમાં 28.48ની એવરેજથી 883 રન બનાવ્યા હતા.

**5. ખેલકૂદ : ટોક્યો ઓલિમ્પિકમાં જિમ્નેસ્ટિકના જજ બનનારા દીપક કાબરા પ્રથમ ભારતીય**



**પરિચય :**

✓ ભારતના જિમ્નેસ્ટિક જજ દીપક કાબરા ટોક્યો ઓલિમ્પિકમાં ઇતિહાસ રચશે. તે આર્ટિસ્ટિક જિમ્નાસ્ટિક ઇવેન્ટમાં જજ તરીકે ઓલિમ્પિકમાં સામેલ થશે. પ્રથમ વખત આ રમતમાં ભારતનો કોઇ જજ ઓલિમ્પિકમાં સામેલ થશે.

✓ ઓલિમ્પિકમાં ભારતના અંદાજે 126 ખેલાડી ભાગ લેવાના છે પરંતુ તેમાં માત્ર એક જ ખેલાડી જિમ્નાસ્ટિકનો છે.

✓ મુંબઇમાં રહેનાર દીપકનો 2019ની એશિયન જિમ્નાસ્ટિક ઇવેન્ટમાં ટેકનિકલ સમિતિમાં સભ્ય તરીકે સમાવેશ કરવામાં આવ્યો હતો.

✓ 2019માં યોજાયેલી એશિયન ચેમ્પિયનશિપમાં તે મુખ્ય જજ તરીકે સામેલ થયા હતા.

**6. રાષ્ટ્રીય દરિયાઇ સલામતી કોર્ડિનેટર (NMSC) : ભારતીય દરિયાકિનારાની સલામતી માટે કેન્દ્ર દ્વારા NMSCની નિયુક્ત કરાશે (દરિયાઇ સુરક્ષા)**



✓ કારગિલ ગ્રૂપ ઓફ મિનિસ્ટર્સ દ્વારા કરવામાં આવેલી ભલામણનો આખરે વીસ વર્ષે અમલ કરીને કેન્દ્ર સરકાર નેશનલ મેરીટાઇમ સિક્યુરિટી કોર્ડિનેટર (NMSC) નિયુક્ત કરશે

**NMSCની ભૂમિકા :**

✓ આ અધિકારી સમુદ્રમાં સલામતી જડબેસલાક બનાવવા માટે નાગરિક અને લશ્કરી ગતિવિધિઓને સાંકળતી કડી બનશે. તે સીધા ઇન્ડિયન નેશનલ સિક્યુરિટી એડવાઇઝરના હાથ નીચે કામ કરશે અને દરિયાઇ સલામતી અંગે સરકારના મુખ્ય સલાહકાર હશે.

**7. નેપાળ : નવા PM તરીકે શેર બહાદુર દેઉબાના શપથ**



✓ પક્ષ : નેપાળી કોંગ્રેસ

✓ નેપાળી કોંગ્રેસ અધ્યક્ષ શેર બહાદુર દેઉબા તા. 13 જૂલાઇ 2021ના રોજ પાંચમી વખત દેશના વડા પ્રધાન બન્યા.

✓ રાષ્ટ્રપતિ વિધા દેવી ભંડારીએ તેમને બંધારણની કલમ 76 (5) હેઠળ વડા પ્રધાન બનાવ્યા.

✓ સુપ્રીમ કોર્ટે કે.પી.શર્મા ઓલીને હટાવતાં વડા પ્રધાન પદ માટેના દેઉબાના દાવા પર મહોર લગાવી હતી.

✓ આગામી 30 દિવસમાં બહુમતિ સાબિત કરશે

**8. જન્મ દિન વિશેષ : 13 જૂલાઇ**

**એકલવ્યની એકનિષ્ઠા: છોટુભાઇ પુરાણી**



**જન્મ : 13 જુલાઇ-1885** **અવસાન : 22 ડિસેમ્બર-1950**

✓ ગુજરાતમાં વ્યાયામ પ્રસારક અને કેળવણીકાર છોટુભાઇ પુરાણીનો જન્મદિવસ.

✓ ગુજરાતમાં વ્યાયામ પ્રવૃત્તિઓના પ્રણેતા અને આઝાદીના આશક છોટુભાઇ બાલકૃષ્ણ પુરાણીનો જન્મ મોસાળ ડાકોરમાં થયો હતો. બે વર્ષની વયે માતાનું અવસાન થયું હતું.

✓ તેઓએ શિક્ષણ ડાકોર, જામનગર, વડોદરા અને અમદાવાદમાં લીધુ હતું.

✓ તેજસ્વી શૈક્ષણિક કારકિર્દી ધરાવતા છોટુભાઇ શ્રી અરવિંદની વિચારસરણીથી પ્રભાવિત હતા.

✓ બંગાળી ક્રાંતિકારીઓના પ્રભાવમાં ગુજરાતમાંથી પણ વ્યાયામ પ્રવૃત્તિઓના માધ્યમથી દેશ સેવા માટે મરજિવા તૈયાર કરવાના ભાગરૂપે અખાડા, મલખમની પ્રવૃત્તિઓ શરૂ કરી.

- ✓ યુવાનોને તન, મન અને ચારિત્ર્યથી સમૃદ્ધ કરવા વ્યાયામની સાથે ચર્ચા સભા, હસ્ત લિખિત સામયિકો, સાહસિક પ્રવાસો અને રમતો, પુસ્તકાલય અને સહકારી પ્રવૃત્તિઓ શરૂ કરી તત્કાલીન ગુજરાતના યુવાનોએ તેમની આ પ્રવૃત્તિને બહોળો પ્રતિસાદ આપ્યો હતો.
- ✓ **પુસ્તકો :** સારી સંતતિ, ઉષ્મા અને દેહધર્મ વિજ્ઞાન જેવા પુસ્તકો પણ લખ્યા છે.
- ✓ 22 ડિસેમ્બર 1950ના રોજ તેમનું અવસાન થયું હતું.

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (13-07-2021)

1. જૂલાઇ 2021ના રોજ ખાવડા-કચ્છમાં કેટલા મેગાવોટના સોલર પાર્કના NTPCના પ્રોજેક્ટને કેન્દ્ર સરકાર દ્વારા મંજૂરી અપાઈ - **4,750**
2. NTPC દ્વારા રિન્યુએબલ ઊર્જા પાર્કમાંથી કર્મિશયલ ધોરણે કયુ ઉત્પાદન કરાશે - **ગ્રીન હાઇડ્રોજન**
3. ભારત સરકાર દ્વારા કચ્છના રણમાં કુલ કેટલા મેગાવોટનો સોલર પાર્ક સ્થાપવાની યોજના છે - **30 હજાર**
4. NTPC દ્વારા ભારતમાં વર્ષ 2032 સુધીમાં કેટલા ગીગાવોટ રિન્યુએબલ એનર્જી ઉત્પાદનનું લક્ષ્યાંક છે - **60**
5. ગુજરાતની ઈકો સિસ્ટમના પુન: સ્થાપન માટે જાપાનની કઈ કંપની ગુજરાત વન વિભાગને રૂ.770 કરોડની લોન આપશે - **'જાયકા'**
6. જાપાનની જાણીતી કંપની 'જાયકા'નું વિસ્તૃત નામ જણાવો - **જાપાન ઇન્ટરનેશનલ કો-ઓપરેશન એજન્સી**
7. ગુજરાત વનવિભાગના ઇકો સિસ્ટમ રિસ્ટોરેશન-પર્યાવરણ પુન:સ્થાપન પ્રોજેક્ટનો સમયગાળો જણાવો - **9 વર્ષ**
8. ઇકો સિસ્ટમ રિસ્ટોરેશન અંતર્ગત ગુજરાતના દરિયાકાંઠે કેટલા હેક્ટરમાં મેન્ગ્રૂવ્ઝ-ચેરનું અને અન્ય કેટલા હેક્ટરમાં ચેર સિવાયના વૃક્ષોનું પ્લાન્ટેશન થશે - **8 હજાર તથા 500**
9. ઇકો સિસ્ટમ રિસ્ટોરેશનમાં કેટલો ખર્ચ ગુજરાત સરકાર આપશે - **15 ટકા**
10. જૂલાઇ-2021માં વડાપ્રધાન મોદીના નેતૃત્વ હેઠળ કઇ કેબિનેટ સમિતિમાં નવી નિમણૂક કરાઇ - **રાજકીય મામલાની કેબિનેટ, ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ગ્રોથ, સંસદીય મામલાની કેબિનેટ સમિતિ તથા રોજગાર અને સ્કિલ ડેવલપમેન્ટ મામલાની સમિતિ**
11. ભારત સરકારની કેબિનેટ સમિતિઓના નામ જણાવો – **(1) એપોઇન્ટમેન્ટ કમિટી (2) એકોમોડેશન કમિટી, (3) આર્થિક મામલાઓની સમિતિ, (4) સંસદીય મામલાની સમિતિ, (5) રાજકીય મામલાની સમિતિ, (6) સંરક્ષણ મામલાની સમિતિ, (7) ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ગ્રોથ કમિટી તથા (8) રોજગાર અને સ્કિલ ડેવલપમેન્ટ સમિતિ**
12. જૂલાઇ-2021માં આર્થિક મામલાની સમિતિમાં સભ્ય સંખ્યા 11થી ઘટાડીને કેટલી કરાઇ - **9**
13. તા. 13 જૂલાઇ-2021ના રોજ વર્ષ 1983 ક્રિકેટ વર્લ્ડ કપ વિજેતા ભારતીય ક્રિકેટ ટીમના કયા સભ્યનુ 66 વર્ષે નવી દિલ્હી ખાતે નિધન થયુ - **યશપાલ શર્મા**
14. ટોક્યો ઓલિમ્પિકમાં જિમ્નેસ્ટિકના જજ બનનારા પ્રથમ ભારતીયનું નામ જણાવો - **દીપક કાબરા**
15. કેન્દ્ર સરકાર દ્વારા ભારતીય દરિયાકિનારાની સલામતી માટે કોની નિયુક્ત કરવાનો જૂલાઇ-2021માં નિર્ણય કરાયો છે - **NMSC**
16. NMSCનું વિસ્તૃત નામ જણાવો - **નેશનલ મેરીટાઇમ સિક્યુરિટી કોર્ડિનેટર**
17. નેપાળના નવા PM તરીકે કોણે 13 જૂલાઇ-2021ના રોજ પાંચમીવાર વડાપ્રધાન તરીકે શપથ લીધા - **શેર બહાદુર દેઉબા**
18. 13 જુલાઈ 1885 કયા ગુજરાતી વ્યાયામ પ્રચારકનો જન્મ દિવસ છે - **છોટુભાઈ પુરાણી**
19. ગુજરાતી વ્યાયામ પ્રચારક છોટુભાઈ પુરાણીનો જન્મ ક્યાં થયો હતો – **ડાકોર**

## DATE : 14-07-2021

### 1. નિર્ણય : ગુજરાત સરકાર (ખેલકૂદ)

**વૈશ્વિક સ્પર્ધાઓમાં વિજેતા ગુજરાતના દિવ્યાંગ રમતવીરોને વર્ગ-1 અને વર્ગ-2માં સીધી નિયુક્તિ અપાશે**

- ✓ **ગુજરાત સરકારે ઓલમ્પિક, કોમનવેલ્થ, એશિયન રમતોમાં મેડલ પ્રાપ્ત સામાન્ય રમતવીરોની જેમ દિવ્યાંગ રમતવીરોને પણ ક્લાસ એક અને બેમાં અધિકારી તરીકે નિયુક્તિ અપાશે.**
- ✓ "દિવ્યાંગ રમતવીર ઉમેદવાર દ્વારા પેરાલિમ્પિક, કોમનવેલ્થ, પેરા-સ્પોર્ટ અને પેરા-એશિયન ગેમ્સમાં મેળવેલ મેડલને આધારે સરકારમાં દિવ્યાંગ માટે નિશ્ચિત જગ્યા સેવા માટે ઓફર કરવામાં આવશે".

### 2. જાહેરાત : ગુજરાત સરકાર

**ટોક્યો ઓલિમ્પિકસમાં ભાગ લેનાર પ્રત્યેક 6 ગુજરાતી મહિલા ખેલાડીઓને ગુજરાત સરકાર રૂપિયા 10-10 લાખ સહાય આપશે**




- ✓ ટોક્યોમાં ઓલિમ્પિક્સ-2021 તા. 23 જુલાઈથી 8 ઓગસ્ટ સુધી અને પેરા ઓલિમ્પિક્સ તા. 24 ઓગસ્ટથી 5 સપ્ટેમ્બર સુધી યોજાશે.
- ✓ આ ઓલિમ્પિક ગુજરાતી માના પટેલ સ્વિમિંગમાં, એલાવેનિલ વાલારિવન શૂટિંગમાં, અંકિતા રૈના ટેનિસમાં, સોનલ પટેલ તથા ભાવિના પટેલ પેરા ટેબલ ટેનિસમાં તેમજ પારૂલ પરમાર પેરા બેડમિન્ટનમાં ભાગ લેશે.
- ✓ ગુજરાત તરફથી પહેલીવાર આટલી મોટી સંખ્યામાં મહિલા ખેલાડીઓ ભાગ લઇ રહી છે, તેથી યુવાવર્ગ રમતગમત તરફ આકર્ષાય અને ખેલાડીઓને પ્રોત્સાહન મળે તે આશયથી રાજ્ય

સરકારે આ પ્રતિભાશાળી ખેલાડીઓને સહાય આપવાનું નક્કી કર્યું છે.

**3. નિર્ણય : શિક્ષણ વિભાગ-ગુજરાત સરકાર**

**ધોરણ 10માં હવેથી ગણિત વિષયના સ્ટાન્ડર્ડ અને બેઝિક એમ કુલ બે વિકલ્પ મળશે**

- ✓ **હેતુ :** ગણિતમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ નાપાસ થતા હોવાથી બે વિકલ્પ અપાશે
- ✓ ધો.10માં વિદ્યાર્થીઓએ કુલ 7 વિષયનો અભ્યાસ કરવાનો હોય છે. જેમાં ત્રણ ભાષાઓ અને ગણિત, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન જેવા વિષયો ફરજિયાત હોય છે. સાતમાં વિષય તરીકે વૈકલ્પિક વિષયો હોય છે.
- ✓ જે વિદ્યાર્થીઓ ધો.10 પછી વિજ્ઞાન પ્રવાહમાં જવા માંગતા નથી તેવા વિદ્યાર્થીઓ પણ ધો.10માં ગણિત વિષયમાં અનુત્તીર્ણ થવાને કારણે આગળનો અભ્યાસ કરી શકતા નથી.
- ✓ આવા વિદ્યાર્થીઓને આગળ અભ્યાસની તક મળવી જોઈએ. જેથી શૈક્ષણિક વર્ષ-2021-22થી ધો.10ની જાહેર પરીક્ષામાં ગણિત વિષયમાં સ્ટાન્ડર્ડ ગણિત અને બેઝિક ગણિત એમ બે પ્રકારના વિકલ્પ આપવાનો નિર્ણય લેવાયો.

**પસંદગીની પ્રક્રિયા :**

- ✓ સ્ટાન્ડર્ડ ગણિત રાખશે તે વિદ્યાર્થી જ સાયન્સમાં પ્રવેશ મેળવી શકશે અને જે વિદ્યાર્થી ધો.10માં ગણિત બેઝિક રાખશે તે ધો.11માં વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ મેળવી શકશે નહિ.
- ✓ વર્ષ-2021-22થી ધો.10ની જાહેર પરીક્ષામાં ગણિત વિષયમાં સ્ટાન્ડર્ડ ગણિત અને બેઝિક ગણિત એમ બે પ્રકારના વિકલ્પ અપાશે.
- ✓ ધો.10નું ગણિત વિષયનું પાઠ્યપુસ્તક એકસરખું જ રહેશે. શાળાકક્ષાએ કે વર્ગખંડકક્ષાએ આ અંગેની શૈક્ષણિક પદ્ધતિમાં કોઈ ફેરફાર કરવાનો રહેશે નહિ.
- ✓ શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી ધો.10ની જાહેર પરીક્ષામાં ગણિત વિષયમાં મેથેમેટિક્સ સ્ટાન્ડર્ડ અને મેથેમેટિક્સ બેઝિક એમ બે અલગ પ્રકારના પ્રશ્નપત્રો આપવામાં આવશે.
- ✓ વિદ્યાર્થીએ જે તે વિકલ્પની પસંદગી બોર્ડની પરીક્ષાના ફોર્મ ભરતી વખતે કરવાની રહેશે. આ પ્રકારનો વિકલ્પ માત્ર ધો.10ના બોર્ડની પરીક્ષાના ફોર્મ ભરતી વખતે આપવાનો રહેશે. જે વિકલ્પ આખરી રહેશે. ધો.9માં ગણિત વિષયમાં આ પ્રકારનો વિકલ્પ આપવામાં આવશે નહિ.
- ✓ ગણિત સ્ટાન્ડર્ડ અને ગણિત બેઝિકના પ્રશ્નપત્ર પરિરૂપ અલગ-અલગ રહેશે. બંને પ્રકારના પરિરૂપમાં ગુણભાર અલગ અલગ રાખવામાં આવશે.

**4. સાયન્સ સિટી-અમદાવાદ : ઓનલાઇન ટિકિટ બુકિંગ હવે મોબાઇલ એપ અને વેબસાઈટ દ્વારા થઈ શકશે'**

- ✓ મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીના હસ્તે નવી વેબસાઇટ અને મોબાઇલ એપ લોન્ચ

**વેબસાઈટ :**

https://sciencecity.gujarat.gov.in/

- ✓ મોબાઇલ એપ ગૂગલ પ્લેસ્ટોર તથા એપલ પ્લે સ્ટોર પરથી ડાઉનલોડ કરી શકાશે

**5. ગુજરાતની સિદ્ધિ : સોલાર રૂફ ટોપ યોજના**

**90 ટકા સોલાર સિસ્ટમના સ્થાપન સાથે ગુજરાત ભારતમાં પ્રથમ ક્રમે**




**સિદ્ધિઓ :**

- ✓ આ મોડલને દેશના અન્ય રાજ્યોને અનુસરવા અનુરોધ કરતા ભારત સરકારે ગુજરાતને સોલાર રૂફટોપ અંતર્ગત 932 મેગાવોટ માટે રૂ.1500 કરોડની સહાય મંજૂર કરી.
- ✓ ગુજરાત સરકાર દ્વારા બે વર્ષમાં રૂફટોપ પ્રોજેક્ટ હેઠળ લગભગ 750 મેગાવોટ જેટલી ક્ષમતાની સોલાર સિસ્ટમ સ્થાપિત.
- ✓ ફેઝ-2 હેઠળ 2,37,832 વીજ ગ્રાહકોએ 920 મેગાવોટ માટે રજીસ્ટ્રેશન કરાવ્યુ હતુ. જેમાંથી 750 મેગાવોટ વીજ ઉત્પાદન શરૂ થયું છે.
- ✓ ઊર્જામંત્રી : સૌરભભાઇ પટેલ
- ✓ રાજ્ય ઊર્જા મંત્રી : પ્રદિપસિંહ જાડેજા

**6. ગુજરાત સરકારના આવકના મુખ્ય સ્રોત અને ટકાવારી**

- ✓ કેન્દ્રીય વેરા : 25% સ્ટેટ જીએસટી : 21%
- ✓ કેન્દ્ર સરકારની ગ્રાન્ટ્સ : 17%
- ✓ પેટ્રોલ-ડીઝલ પર સેલ્સટેક્સ : 13%
- ✓ આ ઉપરાંત એક્સાઇઝ ડ્યુટી, સ્ટેમ્પ ડ્યુટી તથા વેરા સિવાયની અન્ય આવકો

**7. કેન્દ્ર સરકાર : નિર્ણય**

**કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનરોના મોંઘવારી ભથ્થામાં 11 ટકાનો વધારો**

**આર્થિક બોજો :**

- ✓ કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરોનું મોંઘવારી ભથ્થું (ડીએ) અને મોંઘવારી રાહત (ડીઆર) પહેલી જુલાઇથી 17 ટકાથી વધારીને 28 ટકા કરાયું.




- ✓ કોરોના મહામારીના કારણે કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરોના ડીએ અને ડીઆર પર ગયા વર્ષથી રોક લગાવી દેવાઇ હતી.
- ✓ ડીએ અને ડીઆરના 1 જાન્યુઆરી, 2020, 1 જુલાઇ, 2020 અને 1 જાન્યુઆરી, 2021ના ઓછામાં ઓછા 3 હપતા બાકી રહ્યા હતા.

**અમલ :**

- ✓ કેન્દ્રીય કેબિનેટે જુલાઇ 2021થી મોંઘવારી ભથ્થા અને મોંઘવારી રાહતના 3 હપતા ફરી શરૂ કરવાને મંજૂરી આપી. તેમાં બેઝિક પગાર અને પેન્શનના 17 ટકાના દરને વધારીને 28 ટકા કરાયો છે.
- ✓ સરકાર 1 જાન્યુઆરી, 2020થી 30 જૂન 2021 સુધીના સમયગાળા માટે કોઇ એરિયર્સ ચૂકવશે નહીં.
- ✓ મોંઘવારી ભથ્થા અને મોંઘવારી રાહતમાં 11 ટકાનો વધારો 1 જુલાઇ 2021થી લાગુ ગણાશે તેથી અગાઉના સમયગાળા માટે નહીં ચૂકવાયેલા મોંઘવારી ભથ્થા પેટે કોઇ એરિયર્સ ચૂકવાશે નહીં.

**લાભ :**

- ✓ સામાન્ય પરિસ્થિતિને ધ્યાનમાં લેતાં ડીએ અને ડીઆરના વધારાના હપતા બાકી હતા. હવે સરકારે 1 જુલાઇથી ડીએ અને ડીઆર વધારીને 28 ટકા કરવાનો નિર્ણય કર્યો છે.
- ✓ સરકારના આ નિર્ણયને કારણે કેન્દ્રીય તિજોરી પર રૂપિયા 34,400 કરોડનો બોજો વધશે. તેનાથી કેન્દ્ર સરકારના 48,34,000 કર્મચારી અને 65,26,000 પેન્શનરને લાભ થશે.
- ✓ કેન્દ્રીય માહિતી અને પ્રસારણમંત્રી : અનુરાગ ઠાકુર

## 8. કેન્દ્રીય કેબિનેટના અન્ય મહત્વના નિર્ણયો (વહીવટ)



**નિર્ણય :**

- ✓ નોર્થ ઇસ્ટર્ન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફોલ્ક મેડિસિનનું નામ બદલીને નોર્થ ઇસ્ટર્ન ઇન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદ એન્ડ ફોલ્ક મેડિસિન રિસર્ચ કરવાને મંજૂરી
- ✓ ન્યાયતંત્ર માટે સુવિધાઓના વિકાસ માટે સેન્ટ્રલી સ્પોન્સર્ડ સ્કીમ વધુ પાંચ વર્ષ ચાલુ રાખવા મંજૂરી
- ✓ હેલ્થ અને મેડિસિન સેક્ટરમાં ડેન્માર્ક સાથેના એમઓયુને મંજૂરી
- ✓ સ્ટીલ ઉત્પાદન માટે જરૂરી કોલિંગ કૉલમાં સહકાર માટે રશિયા સાથેના એમઓયુને મંજૂરી
- ✓ પશુપાલન માટે રૂ. 9800 કરોડના સ્પેશિયલ લાઇવસ્ટોક સેક્ટર પેકેજને મંજૂરી

## 9. જન્મ દિન વિશેષ : 14 જૂલાઇ અભિનય સમ્રાટ : ઉપેન્દ્ર ત્રિવેદી



**જન્મ : 14 જુલાઇ 1937 અવસાન : 4 જાન્યુઆરી 2015**

- ✓ આજે ગુજરાતી ચલચિત્ર જગત પર દાયકાઓ સુધી અમીટ છાપ છોડનાર અભિનેતા ઉપેન્દ્ર ત્રિવેદીનો જન્મદિવસ છે.
- ✓ મૂળ ગામ ઇડર તાલુકામાં કુકડિયા પણ ઉપેન્દ્રનો જન્મ મધ્યપ્રદેશના ઇન્દોરમાં થયો હતો.
- ✓ વિદ્યાર્થી અવસ્થામાં વકતૃત્વ, નાટક અકાદમી એનએનસીમાં ભાગ લેતા. તે પછી મુંબઇ ભણવા ગયા. સિદ્ધાર્થ કોલેજમાં કોમર્સનાં અભ્યાસ સાથે અભિનયની તાલીમ પણ લીધી.
- ✓ ભીતરના વહેણ, ઝેર તો પીધાં જાણી જાણી, અભિનય સમ્રાટ જેવા નાટકો કર્યા.
- ✓ 1971માં જેસલ તોરલ ફિલ્મથી ઉપેન્દ્રભાઇને ગુજરાતી ચલચિત્રોમાં પ્રવેશ થયો.

**અન્ય ફિલ્મો :**

- ✓ સોન કંસારી, વીર માંગડાવાળો, માનવીની ભવાઇ, હોથલ પદમણી, જોગીદાસ ખુમાણ, રા નવઘણ, રાજા ગોપીચંદ, લીલુડી ધરતી, કાદુ મકરાણી, અમરસિંહ રાઠોડ, પાતળી પરમાર, ગરવો ગરાસિયો, વેરની વસૂલાત, સૂરજ ચંદ્રની સાખે, હલામણ જેઠવો, મેહુલો લુહાર અને સોરઠની પદમણી જેવી અનેક ફિલ્મોમાં અભિનયનાં ઓજસ પાથર્યા હતા.
- ✓ સ્નેહલતા સાથેની ઉપેન્દ્ર ત્રિવેદીની 30થી વધુ ફિલ્મોએ ગ્રામીણ ગુજરાતના દર્શકોને ખાસ્સું ઘેલું લગાવ્યું હતું.
- ✓ ગુજરાતી ફિલ્મોના આ સુપરસ્ટારનું 4 જાન્યુઆરી-2015ના રોજ અવસાન.

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (14-07-2021)

1. પેરાલિમ્પિક, કોમનવેલ્થ, પેરા-સ્પોર્ટ અને પેરા-એશિયન જેવી વૈશ્વિક સ્પર્ધાઓમાં વિજેતા ગુજરાતી દિવ્યાંગ રમતવીરોને કયા વર્ગમાં સીધી ભરતીથી નિયુક્તિ આપવાનો નિર્ણય કરાયો છે - **વર્ગ-1 અને વર્ગ-2**
2. ટોક્યો ઓલિમ્પિકસમાં ભાગ લેનાર પ્રત્યેક 6 ગુજરાતી મહિલા ખેલાડીઓને ગુજરાત સરકાર દ્વારા કેટલી રકમ પ્રોત્સાહક સહાય અપાશે - **રૂપિયા 10-10 લાખ**
3. ટોક્યો પેરાલિમ્પિકનો સમયગાળો જણાવો - **તા. 24 ઓગસ્ટથી 5 સપ્ટેમ્બર**
4. ગુજરાતમાં ધોરણ 10માં હવેથી ગણિત વિષયના કયા બે વિકલ્પ વિદ્યાર્થીઓને અપાશે- **સ્ટાન્ડર્ડ અને બેઝિક**
5. ધો.11 સાયન્સમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓએ ધો.10માં ગણિત વિષય માટે કયો વિકલ્પ આપવાનો રહેશે – **સ્ટાન્ડર્ડ**
6. જૂલાઇ-2021માં સાયન્સ સિટી-અમદાવાદના ઓનલાઇન ટિકિટ બુકિંગ માટેની મોબાઇલ એપ અને નવી વેબસાઇટ કોના હસ્તે લોન્ચ કરાઇ - **મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણી**
7. જૂલાઇ-2021માં સાયન્સ સિટી-અમદાવાદના ઓનલાઇન ટિકિટ બુકિંગ માટેની નવી કઇ વેબસાઇટને મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીના હસ્તે લોન્ચ કરાઇ - **https://sciencecity.gujarat.gov.in**
8. જૂલાઇ-2021માં 90 ટકા સોલાર સિસ્ટમના સ્થાપન સાથે કયુ રાજ્ય ભારતમાં પ્રથમ ક્રમે આવ્યું - **ગુજરાત**
9. જૂલાઇ-2021માં કેન્દ્ર સરકારે ગુજરાતને સોલાર રૂફટોપ અંતર્ગત 932 મેગાવોટ માટે કેટલા રૂપિયાની સહાય મંજૂર કરી - **રૂ.1500 કરોડ**
10. ગુજરાત સરકાર દ્વારા બે વર્ષમાં રૂફટોપ પ્રોજેક્ટ હેઠળ કેટલી ક્ષમતાની સોલાર સિસ્ટમ સ્થાપિત કરાઇ - **લગભગ 750 મેગાવોટ**
11. ગુજરાત સરકારના આવકના મુખ્ય સ્રોત અને ટકાવારી જણાવો - **કેન્દ્રીય વેરા:25%, સ્ટેટ જીએસટી:21%, કેન્દ્ર સરકારની ગ્રાન્ટ્સ : 17% તથા પેટ્રોલ-ડીઝલ પર સેલ્સટેક્સ : 13%**

12. તા. 14 જૂલાઈ-2021ના રોજ મળેલી કેન્દ્રીય કેબનિટેમાં કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનરોના મોંઘવારી ભથ્થા-રાહતમાં કેટલા ટકાના વધારાને મંજૂરી અપાઇ - **11**
13. તા. 14 જૂલાઈ-2021ના રોજ મળેલી કેન્દ્રીય કેબનિટેમાં કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનરોના મોંઘવારી ભથ્થા-રાહત 1લી જુલાઇ-2021થી કેટલા ટકાથી વધારીને કેટલા ટકા કરાયું – **17 તથા 28**
14. તા. 14 જૂલાઈ-2021ના રોજ મળેલી કેન્દ્રીય કેબનિટેમાં નોર્થ ઇસ્ટર્ન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફોલ્ક મેડિસિનનું નામ બદલીને શુ રાખવા મંજૂરી અપાઇ - **નોર્થ ઇસ્ટર્ન ઇન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદ એન્ડ ફોલ્ક મેડિસિન રિસર્ચ**
15. તા. 14 જૂલાઈ-2021ના રોજ મળેલી કેન્દ્રીય કેબનિટેમાં ન્યાયતંત્ર માટે સુવિધાઓના વિકાસ માટે સેન્ટ્રલી સ્પોન્સર્ડ સ્કીમ વધુ કેટલા વર્ષ ચાલુ રાખવા મંજૂરી અપાઇ – **5**
16. તા. 14 જૂલાઈ-2021ના રોજ મળેલી કેન્દ્રીય કેબનિટેમાં હેલ્થ અને મેડિસિન સેક્ટરમાં કયા દેશ સાથેના એમઓયુને મંજૂરી અપાઇ - **ડેન્માર્ક**
17. તા. 14 જૂલાઈ-2021ના રોજ મળેલી કેન્દ્રીય કેબનિટેમાં સ્ટીલ ઉત્પાદન માટે જરૂરી કોલિંગ કૉલમાં સહકાર માટે કયા દેશ સાથેના એમઓયુને મંજૂરી અપાઇ - **રશિયા**
18. તા. 14 જૂલાઈ-2021ના રોજ મળેલી કેન્દ્રીય કેબનિટેમાં પશુપાલન માટે કેટલા રૂપિયાનું સ્પેશિયલ લાઇવસ્ટોક સેક્ટર પેકેજને મંજૂરી અપાઇ - **રૂ. 9800 કરોડ**
19. કયા ગુજરાતી કલાકારને અભિનય સમ્રાટનું બિરુદ મળેલું છે – **ઉપેન્દ્ર ત્રિવેદી**
20. ગુજરાતી અભિનય સમ્રાટ ઉપેન્દ્ર ત્રિવેદીનો જન્મ દિન જણાવો - **14 જુલાઈ 1937**
21. અભિનય સમ્રાટ ઉપેન્દ્ર ત્રિવેદીનું મૂળ ગામ કયુ છે – **કુકડિયા ગામ, તા. ઈડર**
22. અભિનય સમ્રાટ ઉપેન્દ્ર ત્રિવેદીનો જન્મ ક્યા થયો હતો – **ઈન્દોર (મધ્યપ્રદેશ)**
23. ઉપેન્દ્ર ત્રિવેદીએ 1971માં કઇ ફિલ્મથી ગુજરાતી ચલચિત્રોમાં પ્રવેશ કર્યો હતો - **જેસલ તોરલ**

**DATE : 15-07-2021**

**1. જાહેરાત : ગુજરાત સરકાર (આરોગ્ય)**

**યોગ અને નેચરોપથીના સ્નાતકો નોંધણી કરાવીને નાગરિકોની સારવાર કરી શકશે**




**હેતુ :**

- ✓ નોંધાયેલા સ્નાતકો માટે સરકારના હેલ્થ એન્ડ વેલનેસ ક્લિનિક-HWCમાં પણ વ્યાપક તક ઊભી થશે
- ✓ ગુજરાતમાં પણ આરોગ્ય સુખાકારી વધે અને લોકોનું સ્વાસ્થ્ય જળવાઇ રહે તે માટે ગુજરાત સરકાર દ્વારા હેલ્થ અને વેલનેસ ક્લિનિક (HWC) શરૂ કરાયા.
- ✓ વડોદરા ખાતે આવેલ મોરારજી દેસાઇ ઇન્સ્ટિટ્યૂટ ઓફ નેચરોપેથી અને યોગિક સાયન્સ વડોદરામાંથી બેચરલ ઓફ નેચરોપેથી અને યોગીક સાયન્સ એટલે કે બી.એન.વાય.એસ.ની પદવી અપાઇ છે.

**નોંધણી :** ગુજરાત બોર્ડ ઓફ આયુર્વેદ અને યુનાની સિસ્ટમ ઓફ મેડિસિન, ગુજરાત રાજ્ય બોર્ડ ખાતે પોતાનું રજિસ્ટ્રેશન કરાવી શકશે.

**સમજૂતિ કરાર :**

- ✓ જામનગર સ્થિત ઇન્સ્ટીટ્યુટ ઓફ ટિચિંગ એન્ડ રિસર્ચ ઇન આયુર્વેદ- ITRA અને ગુજરાત સરકાર વચ્ચે 15 જુલાઇ-2021ના રોજ MOU થયા.
- ✓ આ MOUથી હવે જામનગર સ્થિત આયુર્વેદ પરિસરમાં કાર્યરત તમામ શૈક્ષણિક સંસ્થાઓ ITRAના છત્ર હેઠળ આવી જશે.

**2. વારાણસી : PM શ્રી મોદીના હસ્તે રૂ. 1583 કરોડના વિવિધ પ્રોજેક્ટની ભેટ**




**રુદ્રાક્ષ કન્વેન્શન સેન્ટર –કાશી એટ એ ગ્લાન્સ :**

- ✓ 186 કરોડના ખર્ચે આંતરરાષ્ટ્રીય સહયોગ સંમેલન કેન્દ્ર રુદ્રાક્ષ તૈયાર કરાયું.
- ✓ 108 સ્ટીલના રુદ્રાક્ષના મણકા શિવલિંગની આકૃતિ જેવા આ સેન્ટરમાં લગાવાયા છે
- ✓ 120 ગાડીઓનું બેઝમેન્ટ પાર્કિંગ, ગ્રાઉન્ડ અને ફર્સ્ટ ફ્લોર ઉપર વિશાળ હોલ
- ✓ 1200 લોકો બેસી શકે તેવા હોલમાં વિયેતનામથી લવાયેલી ખુરશીઓ મુકાઇ છે.
- ✓ 150 લોકોની ક્ષમતા ધરાવતા બે કોન્ફરન્સ હોલ છે જેમાં આધુનિક ઉપકરણો લાગેલા છે.
- ✓ **ઈન્ડો-જાપાન કલા અને સંસ્કૃતિની ઝાંખી આ સેન્ટરમાં જોવા મળશે**

**3. ભારતીય નૌસેના : US પાસેથી ભારતીય નૌસેનાએ 10મુ સબમરિન પ્રતિરોધક યુદ્ધવિમાન P-81 મેળવ્યું**



**4. શું છે IPCની કલમ 124 A (દેશદ્રોહ)**




- ✓ IPCની ધારા 124 Aમાં દેશદ્રોહની પરિભાષા અપાઇ છે.
- ✓ આ કલમ અંતર્ગત કોઇપણ વ્યક્તિ સરકાર વિરુદ્ધ કશું પણ લખે કે બોલે અથવા તો સરકાર વિરોધી વાતોનું સમર્થન કરે તો તેના પર દેશદ્રોહનો આરોપ મુકાઇ શકે છે અને આ જોગવાઇ અંતર્ગત દોષી ઠરનારને આજીવન કેદ સુધીની સજા થઇ શકે છે.

**5. ખેલકૂદ : ભારત વર્ષ 2026માં BWF વિશ્વ ચેમ્પિયનશિપની યજમાની કરશે**

- ✓ BWF : બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશન




**6. દિન વિશેષ : 15 જૂલાઇ — વિશ્વ યુવા કૌશલ દિવસ**

**થીમ-2021: 'Reimagining Youth Skills Post-Pandemic'**



અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (15-07-2021)

1. ભારતીય નૌ સેનાએ જુલાઇ 2021માં અમેરિકા પાસેથી કયું 10મું સબમરીન પ્રતિરોધક યુદ્ધ વિમાન પ્રાપ્ત કર્યું – **P 81**
2. આગામી કયા વર્ષે ભારત BWFમાં વિશ્વ ચેમ્પિયનશિપની યજમાની કરશે - **2026**
3. રમત ક્ષેત્રે વપરાતા BWFનું વિસ્તૃત નામ જણાવો - **બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશન**
4. ભારતીય બંધારણમાં દેશદ્રોહના આરોપ સામે સજા માટે IPCની કઇ કલમ હેઠળ જોગવાઇ કરવામાં આવી છે - **124 A**
5. ભારતીય બંધારણમાં દેશદ્રોહના દોષી સામે કેટલી સજાની IPCની કલમ 124 A હેઠળ જોગવાઇ કરવામાં આવી છે - **આજીવન કેદ સુધીની**
6. ગુજરાતમાં રાજ્ય સરકાર દ્વારા જુલાઇ 2021માં કયા સ્નાતકોને નાગરિકોની સારવાર કરવાની મંજૂરી અપાઇ - **યોગ અને નેચરોપથી**
7. યોગ અને નેચરોપથીના સ્નાતકોએ નાગરિકોની સારવાર માટે કયા સંસ્થામાં નોંધણી કરાવવાની રહેશે - **ગુજરાત બોર્ડ ઓફ આયુર્વેદ એન્ડ યુનાની સિસ્ટમ ઑફ મેડિસિન**
8. યોગ અને નેચરોપથીના સ્નાતકોએ નાગરિકોની સારવાર માટે દર કેટલા વર્ષે પુન: નોંધણી કરાવી પડશે - **5 વર્ષ**
9. 15 જુલાઇ 2021ના રોજ કયા ક્ષેત્રમાં કુલ રૂ.1583 કરોડના વિવિધ પ્રોજેક્ટનું ઇ-લોકાર્પણ કરાયું - **વારાણસી**
10. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે કાશીમાં કયા આકારના વિશિષ્ટ કન્વેન્શન સેન્ટરનું ઉદઘાટન કરાયું - **રુદ્રાક્ષ**
11. તાજેતરમાં કાશીમાં તૈયાર કરાયેલા વિશ્વ કક્ષાના રુદ્રાક્ષ કન્વેન્શન સેન્ટરમાં કયા બે દેશોની સંસ્કૃતિ જોવા મળશે - **ઇન્ડો અને જાપાન કલા**
12. વિશ્વ યુવા કૌશલ દિવસ ક્યારે મનાવવામાં આવે છે - **15 જૂલાઇ**
13. વિશ્વ યુવા કૌશલ દિવસ-2021ની થીમ જણાવો - **'Reimagining Youth Skills Post-Pandemic'**

## DATE : 16-07-2021

**1. ગુજરાત : ગાંધીનગર-અમદાવાદમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે વિવિધ પ્રકલ્પોનું વર્ચ્યુઅલ ઉદ્ઘાટન**

**કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહની વર્ચ્યુઅલી ઉપસ્થિતિ**




**વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ગાંધીનગર-અમદાવાદ સહિત કુલ 5 નવા પ્રોજેક્ટનું લોકાર્પણ તેમજ નવી ટ્રેનને લીલી ઝંડી અપાઇ**

**નવા પ્રોજેક્ટની એક ઝલક :**

- ✓ રૂ 260 કરોડના ખર્ચે એક્વાટિક ગેલેરી, રૂ. 126 કરોડના ખર્ચે રોબોટિક ગેલેરી સહિત કુલ 405 કરોડના ખર્ચે સાયન્સ સિટીના 3 પ્રોજેક્ટ્સ (નેચર પાર્ક સામે)
- ✓ ગાંધીનગરથી વારાણસી સુધી અઠવાડિયે એકવાર દોડનારી સુપરફાસ્ટ ટ્રેન
- ✓ વડનગરને જોડતી ગાંધીનગર વરેઠા મેમુ ટ્રેન જે રોજ બે વાર આવન-જાવન કરશે
- ✓ સુરેન્દ્રનગર-પીપાવાવ વચ્ચે 266 કિલોમીટરનો ઇલેક્ટ્રિફિકેશન સાથેનો ટ્રેક.
- ✓ રૂ. 790 કરોડના ખર્ચે ગાંધીનગર રેલવે સ્ટેશન, ફાઇવ સ્ટાર હોટેલ તથા અન્ડરપાસનો સંયુક્ત પ્રોજેક્ટ

**(1) નવનિર્મિત ગાંધીનગર કેપિટલ રેલ્વે સ્ટેશન**

- ✓ મહાત્મા મંદિરની નજીકમાં નવનિર્મિત ગાંધીનગર કેપિટલ રેલ્વે સ્ટેશન સહિત વિવિધ રેલ્વે સેવાઓનો વર્ચ્યુઅલ શુભારંભ
- ✓ અદ્યતન નવિનીકરણ સાથે કાયાકલ્પ થયેલ ગાંધીનગર કેપિટલ રેલ્વે સ્ટેશન
- ✓ ગાંધીનગરથી વારાણસીને જોડતી સાપ્તાહિક સુપરફાસ્ટ ટ્રેનનો પ્રારંભ
- ✓ ગાંધીનગરથી વરેઠા મેમુ સેવાનો પ્રારંભ

- ✓ વડનગર રેલ્વે સ્ટેશન સહિત મહેસાણા-વરેઠા ઈલેક્ટ્રિફાઇડ બ્રોડગેજ રેલ ખંડનું લોકાર્પણ સુરેન્દ્રનગરથી પીપાવાવ સુધી 266 કિ.મી. રેલ્વે ઇલેક્ટ્રિફિકેશન કામગીરીનો પ્રારંભ
- ✓ વેપાર-વ્યવસાયને વેગ મળે તે માટે પંચતારક બિઝનેસ હોટલનું નિર્માણ

**(2) સાયન્સ સિટી- અમદાવાદમાં આકાર પામેલા વિવિધ પ્રકલ્પો :**

સાયન્સ સિટીની આછેરી ઝલક

**(1) એક્વાટિક ગેલેરી :**

- ✓ 188 જેટલી મત્સ્ય પ્રજાતિ - 11,600થી વધુ માછલીઓ
- ✓ 28 મીટર લાંબી શાર્ક ટનલ - વિશ્વભરમાંથી એક્ત્ર કરેલી
- ✓ જળચર પ્રજાતિઓ - 5-D થિયેટર

**(2) નેચર પાર્ક :**

- ✓ ઝાકળ આરછાદિત વન - ચેસ અને યોગા ગાર્ડન
- ✓ બટરફ્લાય ગાર્ડન - વોકીંગ ટ્રેક, જોગીંગ ટ્રેક
- ✓ ઓપન જિમ - 15 જેટલા શિલ્પો

**(3) રોબોટિક્સ ગેલેરી :**

- ✓ 79 પ્રકારના 202 રોબોટ્સ - VR/AR ગેલેરી
- ✓ રોબો કાફે - માનવીય લાક્ષણિક્તાવાળા રોબોટ્સ

**વિશેષ ઉપસ્થિતિ :**

- ✓ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી, કેન્દ્રીય રેલ્વેમંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ, નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ, રેલ્વે રાજયમંત્રી શ્રીમતી દર્શનાબહેન જરદોશ તેમજ રાજ્ય મંત્રીમંડળના મંત્રીશ્રીઓની ઉપસ્થિતિ

**2. ઊર્જા મંત્રાલય : ભારત સરકાર**

**9th એન્યુઅલ ઈન્ટિગ્રેટેડ રેટિંગ જાહેર : 2021**




**ગુજરાતની સિદ્ધિ : ગુજરાતમાં GUVNL હેઠળ કાર્યરત ચારેય વીજ વિતરણ કંપનીઓને દેશભરમાં સર્વોચ્ચ A+ રેન્ક**

**રેટિંગની વિગતો :**

- ✓ દેશના 22 રાજ્યોની 41 કંપનીઓનુ રેટિંગ કરવામાં આવ્યુ હતુ. જેમાંથી પાચંને A + રેન્ક મળ્યો છે.
- ✓ જેમાં ગુજરાતની ચાર કંપની અને પાંચમી કંપની હરિયાણા સરકારની છે.

**ચાર કંપનીઓ :**

1. **UGVCL**
2. **PGVCL**
3. **DGVCL**
4. **MGVCL**

- ✓ GUVNL : ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ
- ✓ ઊર્જા મંત્રી : સૌરભભાઇ પટેલ
- ✓ ઊર્જા રાજ્ય મંત્રી : પ્રદીપસિંહ જાડેજા

**3. ખેલકૂદ : ICC દ્વારા મેન્સ T-20 વર્લ્ડકપનો કાર્યક્રમ-ટીમ જાહેર**

- ✓ **યજમાન : ભારત** **સ્થળ : UAE**

**T-20 ક્રિકેટ વર્લ્ડ કપ 2021ના વિવિધ ગ્રૂપ અને ટીમ :**

- ✓ ભારતના ગ્રૂપમાં પાક., ન્યૂઝીલેન્ડ અને અફઘાનિસ્તાનની ટીમ

**ક્વોલિફાયર્સ :**

**ગ્રૂપ એ :**શ્રીલંકા, નામિબિયા, નેધરલેન્ડ, આયરલેન્ડ

- ✓ **ગ્રૂપ બી:** ઓમાન, બાંગ્લાદેશ પીએનજી, સ્કોટલેન્ડ

**સુપર 12 સ્ટેજ :**

- ✓ **ગ્રૂપ-1:** ઇંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા, દ. આફ્રિકા, વિન્ડીઝ, ગ્રૂપ એ વિજેતા, ગ્રૂપ-બી રનર્સઅપ
- ✓ **ગ્રૂપ-2 :** ભારત, પાકિસ્તાન, ન્યૂઝીલેન્ડ, અફઘાનિસ્તાન, ગ્રૂપ એ: રનર્સઅપ, ગ્રૂપ બી વિજેતા
- ✓ **BCCI પ્રમુખ : સૌરવ ગાંગુલી**

**4. નિધન : પુલિત્ઝર પુરસ્કાર વિજેતા ભારતીય ફોટોપત્રકાર દાનિશ સિદ્દીકીનું કંદહાર હુમલામાં નિધન**

- ✓ **સ્થાન :** સ્પિન બોલ્દકમાં તાલિબાનના રોકેટ હુમલામાં મૃત્યુ
- ✓ **એજન્સી : વૈશ્વિક સમાચાર એજન્સી રોઇટર્સ**



**ઘટના :**

- ✓ વિશ્વમાં અખબારી જગતના નોબેલ ગણાતો પુલિત્ઝર પુરસ્કાર વિજેતા ભારતીય ફોટોપત્રકાર દાનિશ સિદ્દીકીનું અફઘાનિસ્તાનના કંદહારમાં અફઘાન દળો અને તાલિબાન વચ્ચેની લડાઇનું કવરેજ કરતી વખતે મોત થયું હતું.
- ✓ ભારત ખાતેના અફઘાન રાજદૂત ફરિદ મામુન્દઝાયે ટ્વિટ કરીને આ માહિતી આપી હતી.
- ✓ ભારતમાં વૈશ્વિક સમાચાર એજન્સી રોઇટર્સ માટે કામ કરતા મુખ્ય ફોટોગ્રાફર તાલિબાન અને અફઘાન દળો વચ્ચેની લડાઇનું કવરેજ કરવા બે સપ્તાહ પહેલાં જ ભારતથી કાબુલ રવાના થયા હતા.

**સિદ્ધિ :**

- ✓ બાંગ્લાદેશમાં રોહિંગ્યા નિરાશ્રિતોની સ્થિતિનું કવરેજ કરવા માટે પ્રતિષ્ઠિત પુલિત્ઝર પ્રાઇઝ મેળવનારી રોઇટર્સની ટીમના દાનિશ સિદ્દીકી સભ્ય હતા.
- ✓ વર્ષ-2020માં દિલ્હીમાં થયેલા કોમી રમખાણો અને કોરોના મહામારીના સેકન્ડ વેવની તસવીરો માટે પણ તેમને સન્માનિત કરાયા હતા.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (16-07-2021)

1. તા. 16 જૂલાઈ-2021ના રોજ ગુજરાતમાં ક્યા સ્થળે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે કુલ 5 નવા પ્રોજેક્ટનું વર્ચ્યુઅલી લોકાર્પણ તેમજ નવી ટ્રેનને લીલી ઝંડી અપાઇ - **ગાંધીનગર-અમદાવાદ**
2. તા. 16 જૂલાઈ-2021ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે સાયન્સ સિટી-અમદાવાદ ખાતે કુલ 405 કરોડના ખર્ચે વિવિધ ક્યા પ્રકલ્પોનું વર્ચ્યુઅલી ઉદ્દઘાટન કરાયુ - **એક્વાટિક ગેલેરી, રોબોટિક તથા નેચર પાર્ક**
3. તા. 16 જૂલાઈ-2021ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ વર્ચ્યુઅલી કઇ નવી ટ્રેનને લીલી ઝંડી આપી પ્રારંભ કરાવ્યો હતો –

**ગાંધીનગરથી વારાણસીને જોડતી સાપ્તાહિક સુપરફાસ્ટ ટ્રેન તથા વડનગરને જોડતી ગાંધીનગરથી વરેઠા મેમુ સેવા**

4. તા. 16 જૂલાઈ-2021ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ અધતન નવિનીકરણ સાથે કાયાકલ્પ થયેલ કયા નવા રેલવે સ્ટેશનનો વર્ચ્યુઅલ શુભારંભ કરાવ્યો હતો - **ગાંધીનગર કેપિટલ રેલ્વે સ્ટેશન**
5. જૂલાઈ-2021માં જાહેર થયેલા 9th એન્યુઅલ ઈન્ટિગ્રેટેડ રેટિંગમાં કઈ વીજ વિતરણ કંપનીઓને દેશભરમાં સર્વોચ્ચ A+ રેન્ક મળ્યો - **GUVNL હેઠળ કાર્યરત ચાર કંપની**
6. ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ હેઠળ કાર્યરત ચારેય વીજ કંપનીના નામ જણાવો – **UGVCL, DGVCL, PGVCL તથા MGVCL**
7. ગુજરાતના વર્તમાન ઊર્જા મંત્રીનું નામ જણાવો - **સૌરભભાઈ પટેલ**
8. ICC દ્વારા કયા સ્થળે મેન્સ T-20 વર્લ્ડકપ યોજાશે - **UAE**
9. ICC દ્વારા T-20 ક્રિકેટ વર્લ્ડ કપ 2021ના જાહેર કરેલા કાર્યક્રમમાં ભારતીય ક્રિકેટ ટીમને કયા ગ્રુપમાં રાખવામાં આવ્યુ છે - **ગ્રૂપ-2**
10. BCCIના વર્તમાન પ્રમુખનું નામ જણાવો - **સૌરવ ગાંગુલી**
11. જૂલાઈ-2021માં પુલિત્ઝર પુરસ્કાર વિજેતા કયા ભારતીય ફોટોપત્રકારનું કંદહારના સ્પિન બોલ્ડકમાં તાલિબાનના રોકેટ હુમલામાં નિધન થયુ - **દાનિશ સિદ્દીકી**
12. જૂલાઈ-2021માં કંદહાર હુમલામાં જેમનું નિધન થયુ તે ભારતીય ફોટોપત્રકાર દાનિશ સિદ્દીકી કઈ સમાચાર એજન્સીમાં કામ કરતા હતા - **સમાચાર એજન્સી રોઇટર્સ**
13. ભારતીય ફોટોપત્રકાર દાનિશ સિદ્દીકી કયા દેશમાં રોહિંગ્યા નિરાશ્રિતોની સ્થિતિનું કવરેજ કરવા માટે પ્રતિષ્ઠિત પુલિત્ઝર પ્રાઇઝ મેળવનારી રોઇટર્સની ટીમના સભ્ય હતા - **બાંગ્લાદેશ**

**DATE : 17-07-2021**

**1. નવતર પહેલ : કોર્ટની કામગીરીનું જીવંત પ્રસારણ કરનાર ગુજરાત હાઈકોર્ટ દેશની પ્રથમ હાઈકોર્ટ**

✓ **પ્રારંભ :** તા. 19 જૂલાઈ-2021થી જીવંત પ્રસારણ-Live Streaming પ્રોજેક્ટનો શુભારંભ




✓ ગુજરાત હાઈકોર્ટ એ દેશની એવી પ્રથમ કોર્ટ બની રહી છે કે, જ્યાં 19 જુલાઈથી કોર્ટની કાર્યવાહીનુ જીવંત પ્રસારણ.

✓ સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ એન. વી. રમન્ના ગુજરાત હાઈકોર્ટની તમામ કોર્ટનુ જીવંત પ્રસારણ કરવાના પ્રોજેક્ટનો શુભારંભ કર્યો. ગુજરાત હાઈકોર્ટના લાઈવ સ્ટ્રિમિંગ રુલ્સને પણ જનતા સમક્ષ મૂક્યા.

✓ CJIએ તેમના સંબોધનમાં કહ્યું છે કે, 'ટૂંક સમયમાં જ સુપ્રીમ કોર્ટની કેટલીક કોર્ટની કાર્યવાહીનુ જીવંત પ્રસારણ કરાશે. કોર્ટ કાર્યવાહીના જીવંત પ્રસારણથી જ્યુડિશિયરીમાં લોકોનો વિશ્વાસ વધશે.

**ફાયદો :**

✓ ગરીબી, સામાજિક અસમાનતા, જાગૃતતાનો અભાવ સહિત વિવિધ મુદ્દાને લઈ મોટા ભાગના લોકો કોર્ટની કાર્યવાહીમાં અસરકારક રીતે ભાગ લઈ શકતા નથી.

✓ આઝાદીના 74 વર્ષ બાદ પણ જસ્ટિસ ડિલિવરી સિસ્ટમને અનુલક્ષીને લોકોમાં ખોટી ધારણા જોવા મળી રહી છે.

✓ આ પ્રકારની કલ્પના અને ખોટી ધારણા ન્યાય મેળવવામાં અવરોધરુપ બને છે.'

**2. ભારતીય નેવી : કરાર મુજબ US પાસેથી બે MH60-R મેરિટાઈમ હેલિકોપ્ટર્સનો પ્રથમ જથ્થો પ્રાપ્ત (સંરક્ષણ)**

**કુલ 24 હેલિકોપ્ટર્સ માટે US સાથે 2.4 અબજ ડોલરનો કરાર**




✓ લોકહીડ માર્ટિન દ્વારા નિર્મિત MH60-R મેરિટાઈમ હેલિકોપ્ટર્સનો પહેલો જથ્થો ભારતને મળ્યો.

✓ અમેરિકાના સાન ડિએગોમાં આવેલા અમેરિકન નૌસેના મથકમાં યોજાયેલા કાર્યક્રમમાં ભારતને બે હેલિકોપ્ટર્સ સોંપવામાં આવ્યા.

✓ અમેરિકા સ્થિત ભારતના રાજદૂત તરણજીત સિંહ સંધુ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

✓ ભારતના વાતાવરણ અને હથિયારોને ધ્યાનમાં રાખીને તેમાં ખાસ ફેરફાર કરવામાં આવ્યા છે.

**MH60-R વિશે :**

✓ MH60-R પ્રકારના મેરિટાઈમ "હેલિકોપ્ટર્સ દરેક ઋતુમાં એક સરખું કામ આપવા જાણીતા.

✓ આ હેલિકોપ્ટર્સ આધુનિક ઉપકરણોથી સજ્જ. હેલિકોપ્ટર્સના સંચાલન માટે ભારતીય પાયલટની પ્રથમ ટીમ અમેરિકામાં તાલીમ મેળવી રહી છે.

✓ આ હેલિકોપ્ટર્સ કેટલાય મિશનોમાં ઉપયોગી થશે. એન્ટી સબમરીન ઓપરેશનમાં આ હેલિકોપ્ટર્સ મહત્વની ભૂમિકા ભજવશે.

**3. WHO : મંકીપૉક્સ વાઈરસ વિશ્વના 15 દેશમાં માણસોમાં જોવા મળ્યો (આરોગ્ય)**

**મંકીપૉક્સ વાઈરસ અમેરિકાના ટેક્સાસમાં 20 વર્ષમાં પહેલીવાર મળ્યો, બ્રિટન અને નાઈજીરિયા સહિત 15 દેશમાં માણસોમાં મળી આવ્યો**

**મંકીપૉક્સ વાઈરસ કેવી રીતે ફેલાય છે તથા તેના લક્ષણો**

**મંકીપૉક્સ વાઈરસ શું છે?**

✓ WHOના જણાવ્યાનુસાર મંકીપૉક્સ એક એવો ચેપી રોગ છે કે જેનો વાઇરસ સંક્રમિત પ્રાણીઓમાંથી માણસોમાં ફેલાય છે.

✓ આ વાઇરસ સંક્રમિત પ્રાણીના લોહી, પરસેવા કે લાળના સંપર્કમાં આવનારા માણસમાં ફેલાય છે. મંકીપૉક્સ વાઇરસ સ્મોલપૉક્સના સમૂહ સાથે જોડાયેલો છે.

**મંકીપૉક્સના લક્ષણ શું છે?**

✓ સ્કિન પર ચાંદા, ચકામા, તાવ, માથું દુખવું, પીઠમાં અને સ્નાયુઓમાં દુખાવો તથા થાક લાગવો તેના મુખ્ય લક્ષણ. ચહેરા અને હાથ પગ પર મોટા કદના દાણા પણ થઇ શકે છે. ગંભીર સંક્રમિતોમાં આ દાણા આંખોના કૉર્નિયાને પણ અસર કરી શકે છે.

**મંકીપૉક્સના લક્ષણ કેટલા દિવસમાં દેખાય છે?**

✓ સંક્રમણના 1થી 5 દિવસ બાદ સ્કિન પર ચકામા દેખાવા લાગે છે. શરૂઆત ચહેરાથી થાય છે અને ધીમે-ધીમે શરીરના બીજા ભાગો સુધી ફેલાય છે. ધીમે-ધીમે ચાંદામાં ફેરવાય છે અને તેમાં પ્રવાહી ભરાઇ જાય છે.

**મંકીપૉક્સ એક માણસમાંથી બીજામાં ફેલાય?**

✓ WHOના જણાવ્યા મુજબ, મંકીપૉક્સના એક માણસમાંથી બીજામાં સંક્રમણના કેસ બહુ જ ઓછા છે.

✓ સંક્રમિત વ્યક્તિ છીંક કે ખાંસી ખાય ત્યારે નીકળતા ડ્રોપ્લેટ્સ, સંક્રમિત વ્યક્તિની ત્વચા પરના ઘા કે સંક્રમિતના નજીકના સંપર્કમાં આવવાને કારણે બીજા લોકોમાં પણ સંક્રમણની આશંકા રહે છે.

**આ બીમારી જીવલેણ છે ? સારવાર શું ?**

✓ મંકીપૉક્સથી મોતનું જોખમ 11% જેટલું રહે છે. WHOના કહેવા મુજબ હાલ મંકીપૉક્સની કોઇ સારવાર નથી. ઓરી-અછબડાં દૂર કરવા માટે અપાતી 'વૅક્સિનિયા ઇમ્યૂન ગ્લોબ્યુલિન' નામની રસી અપાય છે, જે મંકીપૉક્સ સામે સુરક્ષાત્મક ગણાય છે.

✓ તાજેતરના વર્ષોમાં ઓરી-અછબડાં અને મંકીપૉક્સથી બચવા વેક્સિનિયા વેક્સિનની થર્ડ જનરેશનને મંજૂરી અપાઇ છે, જે મંકીપૉક્સનું સંક્રમણ રોકવામાં 85% કારગત છે.

**આ વાઇરસ પહેલીવાર ક્યારે મળ્યોહતો ?**

✓ આ વાઇરસની શોધ 1958માં કરચલાં ખાતા મેન્કાક વાનરોમાં થઇ હતી. તેનો પહેલા કેસ 1970માં કોંગોમાં સામે આવ્યો હતો. તે પછી વાઇરસ ધીમે ધીમે ઘણાં દેશોમાં ફેલાયો.

✓ 2003માં અમેરિકામાં પહેલીવાર તેના કેસ સામે આવ્યા. આ વાઇરસ હવામાં રહેલા ડ્રોપ્લેટ્સથી ફેલાય છે.

**4. જન્મ દિન વિશેષ : 17 જૂલાઈ    નટવર્ય : અમૃત જાની**

**જન્મ : 17 જુલાઈ 1912    અવસાન : 9 ઓગસ્ટ 1997**



✓ રંગભૂમિની પ્રયોગશાળા સમા મોરબી પાસે ટંકારામાં અમૃત જાનીનો જન્મ થયો હતો.

✓ 1927માં ભારત ગૌરવ નાટકમાં છાયાદેવીના પાત્ર દ્વારા નટ તરીકે કારકિર્દી શરૂ કરનાર અમૃત જાનીએ તે પછી રણગર્જના, લગ્ન બંધન, સમય સાથે શંભુ મેળો, ગર્ભ શ્રીમંત સમેત 450થી વધુ નાટકોમાં અભિનય કર્યો હતો.

✓ તેઓ નાટકમાં પ્રારંભે સ્ત્રી પાત્રો ભજવતા અને ગીતો પણ ગાતા.

✓ અમૃતભાઈએ નાટકોમાં કરુણ રસના પાત્રો ભજવવામાં સાર્થકતા અનુભવી હતી. તેઓએ પાછળથી પુરુષ પાત્રો પણ ભજવ્યા હતા.

✓ અમૃત જાનીએ ગુજરાતની જૂની રંગભૂમિ, ઉમળકો અને અભિનય પંથે (આત્મકથાનક) જેવા પુસ્તકો પણ લખ્યા.

✓ ચીન યુદ્ધ વખતે (1962) નાટકો કરી વડાપ્રધાન રાહત ફંડમાં ફાળો આપી કલાકારનો રાષ્ટ્રધર્મ પણ અમૃત જાનીએ અદા કર્યો હતો.

✓ ગુજરાતના આ નટવર્યનું 9 ઓગસ્ટ 1997ના રોજ અવસાન થયું હતું.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (17-07-2021)

1. કોર્ટની કામગીરીનું જીવંત પ્રસારણ કરનાર દેશની પ્રથમ હાઇકોર્ટનું નામ જણાવો - **ગુજરાત હાઈકોર્ટ**
2. ભારતમાં પ્રથમ હાઇકોર્ટની કામગીરીનો જીવંત પ્રસારણ-Live Streaming પ્રોજેક્ટનો શુભારંભ ક્યારથી અને કોના હસ્તે કરાયો - **તા. 19 જૂલાઈ-2021 તથા મુખ્ય ન્યાયમૂર્તિ એન. વી. રમન્ના**
3. તાજેતર જૂલાઈ-2021માં થયેલા કરાર મુજબ કુલ 24 હેલિકોપ્ટર્સ પૈકી ભારતીય નેવીએ કયા દેશ પાસેથી બે હેલિકોપ્ટર્સનો પ્રથમ જથ્થો પ્રાપ્ત કર્યો - **US**
4. તાજેતર જૂલાઈ-2021માં થયેલા કરાર મુજબ ભારતીય નેવીએ US પાસેથી કયા બે મેરિટાઇમ હેલિકોપ્ટર્સ પ્રાપ્ત કર્યા - **MH60-R**
5. મેરિટાઇમ હેલિકોપ્ટર્સ MH60-R કયા કંપનીએ તૈયાર કર્યા હતા - **લોકહીડ માર્ટિન**
6. WHOના જૂલાઈ-2021ના અહેવાલ મુજબ મંકીપૉક્સ વાઇરસ વિશ્વના કેટલા દેશના નાગરિકોમાં જોવા મળ્યો - **15**
7. મંકીપૉક્સ વાઇરસની શોધ ક્યારે-ક્યા પ્રાણીમાં થઈ હતી – **વર્ષ 1958 તથા મેન્કાક વાનરો**
8. ગુજરાતના જાણીતા નટવર્ય અમૃત જાનીનો જન્મ દિવસ જણાવો - **17 જુલાઈ 1912**
9. ઈન્દુલાલ યાજ્ઞિકની પુણ્યતિથિ જણાવો - **17 જુલાઈ**
10. ગુજરાતી રંગભૂમિની પ્રયોગશાળા સમા અમૃત જાનીનો જન્મ કયાં થયો હતો - **ટંકારા (મોરબી)**

**DATE : 18-07-2021**

**1. સિદ્ધિ : ગુજરાત સરકાર**

**મુખ્યમંત્રી વિજય રૂપાણી સરકારના તા. 7 ઓગસ્ટ-2021ના રોજ પાંચ વર્ષ નિમિતે તા. 01 થી 09 ઓગસ્ટે વિવિધ કાર્યક્રમો ઉજવાશે**




- ✓ ગુજરાતમાં ભાજપની સરકારોમાં નરેન્દ્ર મોદી પછી મુખ્યમંત્રીપદે વિજય રૂપાણી 7 ઓગસ્ટ 2021ના રોજ પાંચ વર્ષ પૂર્ણ કરવા આગળ વધી રહ્યા છે.
- ✓ આ પાંચ વર્ષની ઉજવણી માટે કેબિનેટમાં શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની અધ્યક્ષતામાં કમિટી રચવામાં આવી હતી.
- ✓ કમિટી સમક્ષ 1લીથી 9મી ઓગસ્ટ એમ 9 દિવસ સુધીના કાર્યક્રમોનો ડ્રાફ્ટ તૈયાર થયો છે. જેમાં મહિલા, યુવાનો, ખેડૂતો, આદિવાસી, શિક્ષણ, વિકાસ, ગરીબી ઉન્મુલન, શહેરી વિકાસ એમ વિવિધ થીમ ઉપર રોજેરોજ એક રાજ્યકક્ષાએ અને દરેક જિલ્લાઓમાં ઉજવણીની રૂપરેખા તૈયાર થઈ છે.

**તા. 01 થી 09 ઓગસ્ટની સૂચિત વિવિધ થીમ :**

**1લી ઓગસ્ટ : જ્ઞાન શક્તિ દિન :**

- ✓ શાળાના ઓરડા, પંચાયત ઘર અને આંગણવાડીના ખાતમૂર્હત અને લોકાપર્ણ ઉપરાંત 'નમો ઈ- ટેબલેટ'ના વિતરણ માટે 100 સ્થળોએ કાર્યક્રમો.

**2જી ઓગસ્ટ : સંવેદના દિન :**

- ✓ નાગરિક સેવા માટે 250 તાલુકા, 150 નગર પાલિકા અને મ્યુ. કોર્પોરેશનમાં ઝોન વાઈઝ વોર્ડ દિઠ એક એમ કુલ 500 સ્થળે સેવા સેતુ કાર્યક્રમો.

**3જી ઓગસ્ટ : કેબિનેટનો દિવસ :**

મુખ્યમંત્રી સહિતના મંત્રીઓ ગાંધીનગરમાં રહેશે. બુધવાર હોવાથી સ્વિંણમ સંકુલ-1માં કેબિનેટની બેઠક બાદ વિવિધક્ષેત્રના મુલાકાતીઓને મળશે.

**4થી ઓગસ્ટ : મહિલા સશક્તિકરણ :**

- ✓ શહેરોની 5,000 સહિત 10,000 સખીમંડળોને જોડીને રાજ્યની એક લાખ બહેનોને બેન્ક ધિરાણ આપવા રાજ્યમાં 70થી 100 સ્થળે કાર્યક્રમો.

**5મી ઓગસ્ટ : ધરતીપુત્ર સન્માન દિન :**

- ✓ ડાંગમાં વિશેષ કાર્યક્રમ સાથે ગુજરાતમાં 50 કિસાન સૂર્યોદય યોજના અને 50 સાત પગલા ખેડૂત કલ્યાણ યોજના એમ કુલ 100 સ્થળે કાર્યક્રમો.

**6ઠ્ઠી ઓગસ્ટ : યુવા શક્તિ દિન :**

- ✓ જિલ્લાદિઠ એક એમ 33 ઔદ્યોગિક રોજગાર મેળા યોજીને ગુજરાતમાં અંદાજે 50 હજાર યુવાનોને નિમણૂંક પત્રો આપવાનો લક્ષ્યાંક રાખ્યો છે.

**7મી ઓગસ્ટ : ગરીબ ઉત્કર્ષ દિન :**

- ✓ માદરે વન યોજનાનો આરંભ, આવાસ યોજનાના લોકાપર્ણ- ખાતમૂર્હતો માટે સવારે 41 અને સાંજે કોરોના વોરિયર્સના સન્માન માટે 41 કાર્યક્રમો.

**8મી ઓગસ્ટ : શહેરી જનસુખાકારી :**

- ✓ GMFB દ્વારા પાલિકાઓને રૂ.1000 કરોડના ચેકવિતરણ, અન્ય કામોના લોકાપર્ણ- ખાતમૂર્હત માટે 8 મહાનગરો સહિત રાજ્યમાં 41 કાર્યક્રમો.

**9મી ઓગસ્ટ : વિશ્વ આદિવાસી દિવસ:**

- ✓ રૂ. 1 લાખ કરોડની વનબંધુ યોજનાના ભાગ-2નો આરંભ, બિરસા મુંડા યુનિર્વિસટીનું ખાતમૂર્હત સાથે આદિવાસી વિસ્તારોમાં 28 સ્થળે કાર્યક્રમો.

## 2. ACB - ગુજરાત સરકાર : ભ્રષ્ટાચારના પુરાવા હવે વોટ્સઅપથી પણ મોકલી શકાશે

**ACB દ્વારા વોટ્સઅપ નંબર જાહેર કરાયો - 90999 11055**




**અન્ય વિગતો :**

- ✓ કોઇ પણ શહેરમાંથી ફરિયાદ નોંધાવવી હોય તો તે સામાન્ય રીતે **ટોલ ફ્રી નંબર 1064 અથવા એસીબીની કચેરીના ફોન નંબર- 079 22869228 પર નોંધાવી શકાય** છે. હવે એસીબીએ તેનો વોટ્સઅપ નંબર - 90999 11055 જાહેર કર્યો છે.
- ✓ રાજ્યનો કોઇપણ નાગરિક આ નંબર પર ભ્રષ્ટાચારના ફોટા કે ડોક્યુમેન્ટ એસીબીને આસાનીથી મોકલી શકે છે.
- ✓ કોઇ અધિકારી કે કર્મચારી અપ્રમાણસર મિલકત ધરાવતા હોય તો તેના બંગલા, વાહનો, જમીન, અને અન્ય મિલકતના ફોટોગ્રાફ કે વિડીયો મોકલાવી શકાય છે.
- ✓ પેનડ્રાઇવ અને સીડી પણ એસીબીની શાહીબાગ સ્થિત ઓફિસમાં આપી શકાશે.

**વોટ્સઅપ માહિતી માટે વિશેષ ટીમની રચના :**

- ✓ લાંચ રૂશ્વત વિરોધી બ્યુરોને વોટ્સઅપના માધ્યમથી વિડીયો અને ફોટો મળે ત્યારે તેની તપાસ એસીબીની સ્પેશ્યલ ટીમ કરશે. વિભાગના અધિકારીની વિશેષ ટીમની રચના કરવામાં આવી છે.
- ✓ આક્ષેપિત વ્યક્તિનો ઇતિહાસ અને તેની હાલની સ્થિતિ પણ તપાસવામાં આવશે. પુરાવાના આધારે જે તે આક્ષેપિત સામે ગુનો નોંધવામાં આવે છે.
- ✓ વોટ્સઅપમાં આવતા વિડીયો કે ફોટોગ્રાફ અને અન્ય વિગતોની ચકાસણી તેમજ પ્રાથમિક તપાસમાં વધુ સાવચેતી જરૂરી હોવાથી આ ટીમની રચના કરવામાં આવી છે.

## 3. BRTS : દેશનો સૌથી લાંબો 108 કિલોમીટરનો ડેડિકેટેડ BRTS કોરિડોર સુરતમાં તૈયાર (સુવિધા)

- ✓ **ખાસ :** તાપી નદી ઉપર પાલ-ઉમરા બ્રિજ શરૂ થવાની સાથે આ 108 કિ.મી. લંબાઈનો BRTS કોરિડોરનો રેકોર્ડ બન્યો

## 4. પેગાસસ વિશે : (સાયબર હેકિંગ - ટેકનોલોજી)

**પેગાસસ શું છે અને તે કેવી રીતે હેકિંગ કરે છે?**

**પેગાસસ શું છે? :**

- ✓ પેગાસસ ઇઝરાયેલની ફર્મ NSO દ્વારા વિકસાવવામાં આવેલું એક સ્પાયવેર છે. તેને સાઇબર વેપન તરીકે પણ ઓળખવામાં આવે છે. 2016માં એક આરબ એક્ટિવિસ્ટને શંકાસ્પદ મેસેજ મળ્યા બાદ પેગાસસ પ્રકાશમાં આવ્યું હતું. તે વખતે સામે આવ્યું હતું કે, આઈફોન હેક કરવા માટે આ સોફ્ટવેર બનાવાયું છે.
- ✓ ત્યારબાદ થોડા સમય પછી સામે આવ્યું કે, એન્ડ્રોઇડ ફોનને પણ આ સ્પાયવેર હેક કરી શકે છે. 2019માં ફેસબુક દ્વારા વોટ્સએપ

હેકિંગ અંગે NSO સામે કેસ દાખલ કરવામાં આવ્યો હતો. તેમાં દાવો કરાયો હતો કે, તેના થકી ભારતના ઘણા યૂઝર્સના ફોન હેક કરવામાં આવ્યા હતા.

**પેગાસસ કેવી રીતે કામ કરે છે? :**

- ✓ જાણકારોના મતે હેકર્સ દ્વારા યૂઝર્સને મેલેસિયસ મેસેજ કે ઇમેલ મોકલવામાં આવે છે.
- ✓ તેમાં પેગાસસ માલવેર ધરાવતી લિન્ક હોય છે. યૂઝર્સ દ્વારા જેવી આ લિન્ક ઓપન કરવામાં આવે છે કે, પેગાસસ તેમાં ડાઉનલોડ થઈ જાય છે. ત્યારબાદ સરળતાથી તે ફોન હેક કરી શકાય.
- ✓ વોટ્સએપ જેવા માધ્યમોથી થતા ઓડિયો કોલમાં પણ સિક્યુરિટી બગ એન્ટર કરીને ફોનને હેક કરી શકાય છે.
- ✓ માત્ર એક મિસ કોલ આવે છે અને સોફ્ટવેર કામ શરૂ કરી દે છે.

**પેગાસસ શું કરી શકે છે? :**

- ✓ જાણકારોના મતે પેગાસસ દ્વારા યૂઝર્સના SMS, કોન્ટેક ડિટેલ્સ, કોલ લોગ, ફોન લોકેશન, વીડિયો કેમેરા, ફોનની અન્ય એપ્સ, બધું જ એક્સેસ કરી શકાય છે.
- ✓ હેક કરેલા ફોનથી કરવામાં આવેલા તમામ કોલ સાંભળી અને રેકોર્ડ કરી શકાય છે. તેના થકી સંપૂર્ણ ડેટા હેકિંગ થઇ શકે છે.

**હાલમાં પેગાસસની સ્થિતિ શું છે? :**

- ✓ જાણકારોના મતે જ્યારે પેગાસસ સામે આવ્યું ત્યારે તે ક્લાસિક વર્ઝન ગણાતું હતું.
- ✓ સમયાંતરે એપલ અને એન્ડ્રોઇડ કંપનીઓ દ્વારા તેમના સોફ્ટવેરમાં અપડેશન કરીને આ માલવેર સામે પ્રોટેક્શન મેળવી લેવાયું છે.
- ✓ છેલ્લા કેટલાક વખતથી પેગાસસની જાસૂસીની માહિતી સામે આવી નથી.
- ✓ તે ઉપરાંત વર્તમાન સમયમાં જે પણ નવા હેન્ડસેટ ખરીદવામાં આવે છે તેમાં પહેલેથી જ લેટેસ્ટ સિક્યુરિટી એપ છે જેથી પેગાસસનું ક્લાસિક વર્ઝન કામ કરતું નથી.

**5. નિર્ણય : શિક્ષણ મંત્રાલય-ભારત સરકાર**

**AICTE દ્વારા બી.ટેક.નો અભ્યાસક્રમ ગુજરાતી સહિત 11 પ્રાદેશિક ભાષામાં શીખવવા મંજૂરી**

**વિગત :** આઠ રાજ્યોની 14 ઇજનેરી કોલેજોમાં પ્રારંભ :

**કઇ ભાષાઓમાં ઇજનેરી શિક્ષણને મંજૂરી :**

- ✓ હિન્દી, મરાઠી, તામિલ, તેલુગુ, કન્નડ, ગુજરાતી, મલયાલમ બંગાળી, આસામી, પંજાબી, ઓડિયા

**કઇ શાખામાં પ્રાદેશિક ભાષામાં શિક્ષણ :**

- ✓ કોમ્પ્યુટર સાયન્સ, ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ ઇલેક્ટ્રોનિક્સ એન્જિનિયરિંગ, સિવિલ એન્જિનિયરિંગ, મિકેનિકલ એન્જિનિયરિંગ, ઇન્ફર્મેશન ટેકનોલોજી
- ✓ **કેન્દ્રીય શિક્ષણ મંત્રી : શ્રી ધર્મેન્દ્ર પ્રધાન**
- ✓ **AICTE : ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનીકલ એજ્યુકેશન**

**6. દહેરાદૂન : ભારતનો પ્રથમ ક્રિપ્ટોગેમિક ગાર્ડનનો દહેરાદૂનમાં શુભારંભ**




- ✓ રાજ્ય : ઉતરાખંડ

**7. ભારતીય નૌસેના યુદ્ધ અભ્યાસ**

**નામ : એક્સરસાઇઝ શીલ્ડ**




- ✓ સ્થાન : અરબી સમુદ્ર, મુંબઇ

**8. નિમણૂક : ઇથોપિયાના નવા વડાપ્રધાન તરીકે અબી અહમદ ચૂંટાયા**

- ✓ રાજધાની : અડિસ અબાબા

**9. દિન વિશેષ : 12 જુલાઇ વિશ્વ મલાલા દિવસ**




**10. જન્મ દિન વિશેષ : 18 જૂલાઇ**

**(1) ઈતિહાસકાર : છોટુભાઈ નાયક**

**જન્મ : 18 જુલાઈ-1913 અવસાન : 9 જાન્યુઆરી-1976**

- ✓ ફારસી, ઉર્દૂ અને મધ્યકાલીન ઇતિહાસના અભ્યાસી અને કોશકાર છોટુભાઇ રણછોડજી નાયક.
- ✓ વલસાડના ભાગોદ ગામે જન્મેલા છોટુભાઈ પારડી, વડોદરા અને મુંબઈમાં ભણ્યા હતા.
- ✓ 1942માં 'અબ્દુલ રહીમ ખાનખાના અને એનું સાહિત્ય મંડળ' શીર્ષકથી પીએચડીની પદવી મેળવી હતી.




- ✓ છોટુભાઈએ કોલ્હાપુર, નવસારી, અમદાવાદની એચ.કે. કોલેજ અને પ્રતિષ્ઠિત ભો.જે. વિદ્યાભવન વગેરે જગ્યાએ અધ્યાપક તરીકે રહ્યા હતા.
- ✓ 1964માં ગુજરાત યુનિ.ના ભાષા ભવનમાં ફારસીના અધ્યાપક અને અધ્યક્ષ તરીકે જોડાયા હતા.

**સર્જન :**

- ✓ ગુજરાતના નાગરોનું ફારસી ભાષા અને સાહિત્યમાં ખેડાણ, અરબી-ફારસીની ગુજરાતી પર અસર, સૂફી મત, મધ્યયુગીન ભારત ખંડ 1-2 અને ગુજરાતમાંની ઇસ્લામી સલ્તનતનો ઇતિહાસ

જેવા પુસ્તકો દ્વારા મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય અને ઈતિહાસ જેવી વિદ્યાશાખાઓને સમૃદ્ધ કરી છે.

**(2) નેલ્સન મંડેલાનો જન્મ દિવસ**

✓ જન્મ : 18 જુલાઈ 1918    અવસાન : 5 ડિસેમ્બર 2013



✓ નેલ્સન મંડેલા આંતરરાષ્ટ્રીય દિવસ

✓ **ઉજવણી :** યુનાઈટેડ નેસન્સ દ્વારા પ્રતિ વર્ષ 18મી જૂલાઈના રોજ

✓ નેલ્સન મંડેલા : દક્ષિણ આફ્રિકાના ગાંધી તરીકે ઓળખ

**સન્માનો :**

✓ 1979માં આંતરરાષ્ટ્રીય દૂરંદેશી બદલ જવાહરલાલ નહેરૂ પારિતોષિક.

✓ 1990માં ભારતનું શ્રેષ્ઠ નાગરીક સન્માન ભારત રત્ન.

✓ 1993માં નોબૅલ શાંતિ પુરસ્કાર સમેત મંડેલાને આશરે 250 કરતાં વધુ સન્માનો પ્રાપ્ત થયા હતા.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (18-07-2021)

1. તા. 7 ઓગસ્ટ-2021ના રોજ મુખ્યમંત્રી વિજય રૂપાણી સરકારના કેટલા વર્ષ પૂર્ણ થશે - **પાંચ**
2. મુખ્યમંત્રી વિજય રૂપાણી સરકારના પાંચ વર્ષ નિમિતે કયા સમયગાળા દરમિયાન ઉજવણી કરાશે - **તા. 01 થી 09 ઓગસ્ટ-2021**
3. ગુજરાત ACBએ ભ્રષ્ટાચારના પુરાવા વોટ્સઅપથી મોકલી આપવા કયો નંબર જાહેર કર્યો - **90999 11055**
4. ગુજરાતમાં કોઇ પણ શહેરમાંથી ભ્રષ્ટાચારની ફરિયાદ નોંધાવવી હોય તો ACB દ્વારા કયો ટોલ ફ્રી નંબર જાહેર કરાયો છે – **1064**
5. દેશનો સૌથી લાંબો 108 કિલોમીટરનો ડેડિકેટેડ BRTS કોરિડોર જૂલાઈ-2021માં ક્યા તૈયાર કરાયો – **સુરત**
6. તાજેતરમાં વિવાદમાં રહેલા ઈઝરાયેલની ફર્મ NSO દ્વારા વિકસાવવામાં આવેલું સ્પાયવેર જેને સાઇબર વેપન તરીકે પણ ઓળખવામાં આવે છે તેનું નામ જણાવો – **પેગાસસ**
7. જૂલાઈ-2021માં AICTE દ્વારા બી.ટેક.નો અભ્યાસક્રમ ગુજરાતી સહિત કેટલી પ્રાદેશિક ભાષામાં શીખવવાની મંજૂરી અપાઇ – **11**
8. જૂલાઈ-2021માં AICTE દ્વારા બી.ટેક.નો અભ્યાસક્રમ ગુજરાતી સહિત કઇ 11 પ્રાદેશિક ભાષમાં શીખવવાની મંજૂરી અપાઇ - **હિન્દી, મરાઠી, તામિલ, તેલુગુ, કન્નડ, ગુજરાતી, મલયાલમ બંગાળી, આસામી, પંજાબી, ઓડિયા**
9. વર્તમાન કેન્દ્રીય શિક્ષણ મંત્રીનું નામ જણાવો - **ધર્મેન્દ્ર પ્રધાન**
10. જૂલાઈ-2021માં ભારતનો પ્રથમ ક્રિપ્ટોગેમિક ગાર્ડન ક્યાં શરૂ કરાયો – **દહેરાદૂન(ઉતરાખંડ)**
11. જૂલાઈ-2021માં ભારતીય નૌસેના એક્સરસાઇઝ શીલ્ડ યુદ્ધ અભ્યાસ ક્યાં યોજાયો - **અરબી સમુદ્ર, મુંબઈ**
12. જૂલાઈ-2021માં ઇથોપિયાના નવા વડાપ્રધાન તરીકે કોણ ચૂંટાયા - **અબી અહમદ**
13. વિશ્વ મલાલા દિવસ ક્યારે મનાવવામાં આવે છે – **12 જૂલાઈ**
14. ઇતિહાસકાર છોટુભાઇ નાયકનો જન્મદિવસ જણાવો - **18 જુલાઈ 1913**
15. ઇતિહાસકાર છોટુભાઇ નાયકનો જન્મ ક્યાં થયો હતો - **ભાગોદ, વલસાડ**
16. વર્ષ 1964માં છોટુભાઇ નાયક કઇ યુનિવર્સિટીમાં ફારસીના અધ્યાપક તરીકે જોડાયા હતા - **ગુજરાત યુનિવર્સિટી**
17. નેલ્સન મંડેલા આંતરરાષ્ટ્રીય દિવસ ક્યારે ઉજવાય છે - **18 જુલાઈ**
18. નેલ્સન મંડેલા આંતરરાષ્ટ્રીય દિવસ કઇ સંસ્થા દ્વારા ઉજવવામાં આવે છે - **UNO**
19. દક્ષિણ આફ્રિકાના "ગાંધી" તરીકે કોણ ઓળખાય છે - **નેલ્સન મંડેલા**
20. નેલ્સન મંડેલાને કયા વર્ષે ભારતરત્ન એનાયત કરાયો હતો - **1990**
21. નેલ્સન મંડેલાને કયા વર્ષે શાંતિનો નોબલ પારિતોષિક અપાયો હતો – **1993**

**DATE : 19-07-2021**

**1. ગિરિમાળ ધોધ-ડાંગ : નદી-ગિરા**

**ગુજરાતના નાયગ્રા ધોધ તરીકેની ઓળખ**

✓ **ખાસ :** ગુજરાતના ડાંગ જિલ્લાના સુબીર તાલુકાના શિંગણથી 11 કિ.મી.ના અંતરે વનરાજી પાંડવ ગુફા નજીક ગિરા નદી ઉપર સ્થિત ગિરિમાળનો ધોધ

✓ ઉંચાઇ : 250 ફૂટ




✓ ડાંગનો ગિરિમાળનો ધોધ જે ગુજરાતનો સૌથી સુંદર અને ઊંચો માનવામાં આવે છે. જેને ગુજરાતનો નાયગ્રા પણ કહેવામાં આવે છે.

✓ આ ધોધનું પાણી 250 ફૂટથી વધારે ઊંચાઇએથી પડે છે. જેના કારણે પાણીના નાના કણની વરાળ બની જાય છે જેના પર તડકો પડતાં ક્યારેક અહીં મેઘધનુષ પણ દેખાય છે.

✓ જુલાઈથી ડિસેમ્બર ધોધનો નજારો માણવા માટેનો યોગ્ય સમય છે. આ ધોધ મહાલથી 35 કિમી, આહવાથી 50 કિમી, સાપુતારાથી 89 કિમી, અને વઘઇથી 78 કિમીના અંતરે આવેલો છે.

**2. કેન્દ્ર સરકાર : મંજૂરી**

**રિલાયન્સ સહિત છ નવી કંપનીઓને પેટ્રોલ-ડીઝલના છૂટક વેચાણની પરવાનગી**

**મંજૂરી પ્રાપ્ત સાત કંપનીઓ :**

1. રિલાયન્સની RBML સોલ્યુશન્સ ઈન્ડિયા
2. ચેન્નઈની IMC ગ્રૂપ્સ
3. આસામ રાજ્ય સરકારની આસામ ગેસ કંપની

4. નવી રચાયેલી ઓનસાઇટ એનર્જી
5. MK એગ્રો ટૅક
6. માનસ એંગો ઈન્ડસ્ટ્રીઝ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર
7. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ

**વર્તમાન સ્થિતિ :**

✓ હાલ દેશમાં પેટ્રોલ-ડીઝલ વેચનાર 90 ટકા કંપનીઓ સરકારી માલિકીની છે. બાકીના 10 ટકા બજાર ઉપર મહદઅંશે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ. અને નયારા એનર્જીનું નિયંત્રણ હતું.

**હેતુ :** ભારતમાં પેટ્રોલ ડીઝલના છૂટક વેચાણમાં હરીફાઈનું તત્ત્વ ઉમેરવા માટે આ નિર્ણય લેવાયો.

✓ **મંત્રાલય : ખનીજ તેલ અને નેચરલ ગેસ**

**3. દેશના પ્રથમ અનાજ ATMનો પ્રારંભ : સ્થાન : ગુરુગ્રામ, (હરિયાણા)**




**4. સ્કોચ એવોર્ડ વિજેતા : કછાર જિલ્લો આસામ**




✓ એવોર્ડનો પ્રારંભ : વર્ષ 2003
✓ ભારતને બહેતર બનાવવાની દિશામાં કંઈક અલગ કરનારને આ એવોર્ડથી સન્માનિત કરાયા

**5. ભારતનું પ્રથમ ડોલ્ફિન સંશોધન કેન્દ્ર-પટના**

✓ રાજ્ય : બિહાર




**6. ટોક્યો ઓલમ્પિક : ભારતીય ખેલાડીઓ માટે એ.આર રહેમાને ચીઅર સોંગ 'હિન્દુસ્તાની વે' લોન્ચ કર્યુ**




**7. ખેલકૂદ : ટુર-ડિ-ફ્રાંસ સાયક્લિંગ સ્પર્ધા જીતનાર 22 વર્ષનો રાઇડર તદેજ-પોગાકર સતત બીજી વાર ચેમ્પિયન**

✓ વતન : સ્લોવેનિયા
✓ ટીમ : એમિરેટ્સ યુએઇ



**ટુર-ડિ-ફ્રાંસ વિશે :**

✓ પોગાકારે 3414.4 કિમીની 21 સ્ટેજની રેસ 82 કલાક 56 મિનિટ અને 36 સેકન્ડમાં પૂરી કરી.
✓ પોગાકાર સાઇકલિંગની આ સૌથી મોટી ટૂર્નામેન્ટને જીતનારો સૌથી યુવાન રાઇડર.
✓ ડેનમાર્કનો જોનાસ વિંગગાર્ડ તેનાથી 5 મિનિટ 20 સેકન્ડ વધુ લઈને બીજા નંબરે રહ્યો.
✓ પોગાકારે 5મો, 17મો અને 18મો સ્ટેજ જીત્યો હતો.
✓ બ્રિટનનો માર્ક કેવેન્ડિશ 337 પોઈન્ટ સાથે પોઇન્ટ્સ ક્લાસિફિકેશનમાં ટોપ પર રહ્યો અને તેના માટે તેને 23 લાખની પ્રાઇઝ મની મળી.
✓ પોગાકાર વિજેતા બનતાં રૂ.4.42 કરોડ જયારે દરેક સ્ટેજ જીતનારને રૂ.9.75 લાખ.
✓ યજમાન : પૅરિસ (ફ્રાંસ)

**8. જન્મ દિન વિશેષ : 19 જુલાઈ**

**સત્તાવનનો અરુણોદય : મંગલ પાંડે**




**જન્મ : 19 જુલાઈ-1827 અવસાન : 8 એપ્રિલ 1857**

✓ સન સત્તાવનના સંગ્રામના પહેલા શહીદ મંગલ પાંડેનો આજે જન્મદિવસ.
✓ તેમનો જન્મ ઉત્તરપ્રદેશના બલિયા જિલ્લાના નાગવા ગામે થયો હતો.
✓ યુવાવસ્થામાં તંદુરસ્ત શરીર હતું, શહેર અકબરપુરમાં સેનાની પરેડ જોવા ગયા ત્યાં કોઇએ તેમનું શરીર જોઇ લશ્કરમાં જોડાવા કહ્યું અને મંગલ પાંડે 1848માં બ્રિટિશ થળ આર્મીમાં જોડાઇ ગયા.
✓ 1850માં બરાકપુર સૈનિક ટુકડીમાં જોડાયા.
✓ એકવાર માતાદીન નામના વાલ્મીકિ જ્ઞાતિના કંપનીના સેવકે સૈનિકોના માટલામાંથી પાણી પીવા પ્રયત્ન કર્યો, તેને મંગલ પાંડેએ જમાનાની તાસીર મુજબ રોક્યો તો માતાદીને કહ્યું રાઇફલમાં ગાય અને ડુક્કરની ચરબી લગાડેલી કારતૂસ મોંઢેથી તોડવાની થશે ત્યારે તમે શું કરશો. માતાદીન કારતૂસ બનાવવાના કારખાનામાં કામ કરતો હોવાથી તેની વાતમાં સચ્ચાઇ હતી.
✓ 29 માર્ચ 1857ના રોજ કારતૂસ તોડવાની કહેવાયું ત્યારે મંગલ પાંડેએ તેનો વિરોધ કર્યો.

- ✓ બ્રિટિશ ઓફિસરે રાઈફલ છીનવવા પ્રયાસ કર્યો, મંગલે ઓફિસરે પર હુમલો કરી તેને મારી નાંખ્યો.
- ✓ પ્રતિક્રિયારૂપે મંગલ પાંડેને ફાંસીની સજા કરવામાં આવી. પણ મંગલ પાંડેની લોકપ્રિયતા લીધે સ્થાનિક કક્ષાએ તેને ફાંસીની સજા કરવા માટે કોઈ જલ્લાદ તૈયાર ન થયો.
- ✓ આખરે કલકતાથી જલ્લાદ બોલાવી 8 એપ્રિલ 1857ના રોજ 29 વર્ષની વયે તેમને ફાંસી આપવામાં આવી હતી.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (19-07-2021)

1. પ્રસિદ્ધ ગિરિમાળ ધોધ ક્યા જિલ્લામાં અને કઈ નદી ઉપર આવેલો છે – **સાંગ તથા ગિરા નદી**
2. ગુજરાતના નાયગ્રા તરીકે કયો ધોધ ઓળખાય છે - **ગિરિમાળ ધોધ**
3. જૂલાઈ-2021માં કેન્દ્રના ખનીજ તેલ અને નેચરલ ગેસ મંત્રાલય દ્વારા કેટલી નવી કંપનીઓને પેટ્રોલ-ડીઝલના છૂટક વેચાણની પરવાનગી અપાઈ - **07**
4. જૂલાઈ-2021માં ક્યા શહેરમાં દેશના પ્રથમ અનાજ ATMનો પ્રારંભ કરાયો - **ગુરુગ્રામ (હરિયાણા)**
5. જૂલાઈ-2021માં આસામના ક્યા જિલ્લાને પ્રતિષ્ઠિત સ્કોચ એવોર્ડથી સન્માનિત કરાયો - **કછાર જિલ્લો**
6. જૂલાઈ-2021માં ભારતનું પ્રથમ ડોલ્ફિન સંશોધન કેન્દ્ર ક્યાં શરૂ કરાયું – **પટના (બિહાર)**
7. ભારતીય ખેલાડીઓને ટોક્યો ઓલમ્પિકમાં ચીઅરઅપ-જૂસ્સો વધારવા એ.આર રહેમાન દ્વારા કયુ સોંગ લોન્ચ કરાયું - **હિન્દુસ્તાની વે**
8. ટુર-ડિ-ફ્રાંસ સાયક્લિંગ સ્પર્ધા-2021 વિજેતા અને દેશ - **તદેજ-પોગાકર અને સ્લોવેનિયા**
9. ટુર-ડિ-ફ્રાંસ સાયક્લિંગ સ્પર્ધા-2021માં પ્રથમ ક્રમ મેળવનારા તદેજ-પોગાકરે કેટલા કિ.મી.ની સાઈકલ સ્પર્ધા કેટલા સમયમાં પૂરી કરી - **3414.4 કિ.મી. તથા 82 કલાક 56 મિનિટ અને 36 સેકન્ડ**
10. ટુર-ડિ-ફ્રાંસ સાયક્લિંગ સ્પર્ધા ક્યાં યોજાઈ છે - **પૅરિસ (ફ્રાંસ)**
11. 1857ના અરુણોદય એવા શહીદ મંગલ પાંડેનો જન્મદિવસ જણાવો - **19 જુલાઈ 1827**
12. મંગલ પાંડેને ક્યારે ફાંસી આપવામાં આવી હતી - **8 એપ્રિલ 1857**
13. મંગલ પાંડેનું જન્મ સ્થળ જણાવો – **નાગવા (ઉત્તર પ્રદેશ)**
14. મંગલ પાંડે 1850માં સૌપ્રથમ કઈ લશ્કરી ટુકડીમાં જોડાયા હતા - **બરાકપુર સૈનિક ટુકડી**

## DATE : 20-07-2021

**1. ADB : ભારતનો વર્ષ 2021-22નો ગ્રોથ અંદાજ ઘટાડીને 10 ટકા કરાયો**

**અગાઉ એપ્રિલ 2021માં ગ્રોથરેટ 11 ટકા રહેશે તેવું અનુમાન કરાયું હતું**




**ફુગાવાનો સરેરાશ દર 2021-22માં 5.5 ટકા રહેશે**

- ✓ ભારતમાં પેટ્રો પેદાશો તેમજ ખાદ્ય ચીજવસ્તુઓના ભાવમાં ધારણા કરતા ઝડપથી વધારો થવાને કારણે એડીબીએ વર્ષ 2021-22માં ફુગાવાનો સરેરાશ દર 5.5 ટકાની આસપાસ રહેશે તેવું અનુમાન રજૂ કર્યું.
- ✓ અગાઉ ફુગાવો 5.2 ટકા રહેવાનો અંદાજ રજૂ કરાયો હતો.
- ✓ RBI દ્વારા રિટેલ ફુગાવો 5.1 ટકા રહેશે તેવી ધારણા બાંધવામાં આવી છે.
- ✓ **ADB : એશિયન ડેવલપમેન્ટ બેંક**

**2. અવકાશયાત્રા : વિશ્વના સૌથી ધનિક જેફ બેજોસ સાથે કુલ ચાર લોકોએ 11 મિનિટમાં પૃથ્વીથી 110 કિલોમીટર ઉપર સ્પેસ યાત્રા પૂર્ણ કરી**



- ✓ **કંપની : બ્લૂ ઓરિજિન સ્પેસ કંપની**
- ✓ **પ્રવાસ : ન્યૂ શેફર્ડ રોકેટ-કેપ્સ્યુલ**

**અવકાશયાત્રીઓ :**

1. **જેફ બેજોસ (એમેઝોન)**
2. **માર્ક બેજોસ**
3. **વેલી ફંક (82) (સૌથી વૃદ્ધ વ્યક્તિ)**
4. **ઓલિવર ડેપેન (18) (સૌથી યુવાન વ્યક્તિ)**

- ✓ તારીખ : 20 જુલાઈ 1969 એ ચંદ્ર ઉપર પ્રથમ ઉતરાણની 52મી વર્ષગાંઠ નિમિતે અવકાશ યાત્રા

**બેજોસ યાત્રા એટ એ ગ્લાન્સ :**

- ✓ પ્રથમ ઓટોમેટિક સ્પેસ ફ્લાઈટ બની ન્યૂ શેફર્ડ
- ✓ 06:42 કલાકે ઉડાણ ભરી
- ✓ 06:53 કલાકે ઉતરાણ કર્યું
- ✓ 4 યાત્રીઓ અવકાશમાં ગયા
- ✓ 11 મિનિટમાં યાત્રા પૂરી કરાઈ
- ✓ 110 કિ.મી પૃથ્વીથી ઉપર જઈ આવ્યા
- ✓ 4 મિનિટ અંતરિક્ષમાં પસાર કરાઈ
- ✓ 15 સફળ સ્પેસ ટ્રીપ રહી ન્યૂ શેફર્ડની
- ✓ 82 વર્ષના વેલી ફંક સ્પેસમાં જનાર સૌથી વૃદ્ધ વ્યક્તિ
- ✓ 18 વર્ષનો ઓલિવર સ્પેસમાં જનાર સૌથી યુવાન વ્યક્તિ

**યાત્રાની અનુભૂતિનું વર્ણન :**

- ✓ આયોજન પ્રમાણે જ રોકેટ અવકાશમાં ગયું અને ચાર મિનિટ જેટલો સમય કેપ્સૂલ અવકાશમાં રહી અને જ્યાં ચારેય યાત્રીઓએ ઝીરો ગ્રેવિટીનો અનુભવ કર્યો હતો.ત્યારબાદ સ્પેસ કેપ્સ્યૂલ જમીન ઉપર આવી ગઈ હતી.
- ✓ મહત્વની વાત એ છે કે, અત્યાર સુધીમાં બ્લૂ ઓરિજિનની આ સફળ 15મી અવકાશ યાત્રા હતી.

- ✓ બેજોસે અવકાશમાં પહોંચતાની સાથે જ કહ્યું હતું કે, આ બધું અવિશ્વસનિય છે. મિશન સફળ થયા પછી નીચે આવીને તેઓ માત્ર એટલું જ બોલી શક્યા કે જીવનનો શ્રેષ્ઠ દિવસ.
- ✓ ટેક્સાસના રણ ખાતેથી સાંજે 6 : 42 કલાકે ન્યૂ શેફર્ડ રોકેટ અવકાશમાં જવા નીકળ્યું હતું.
- ✓ ત્રણથી ચાર મિનિટ બાદ રોકેટ તેનાથી છૂટું પડી ગયું હતું અને કેપ્સ્યૂલ અવકાશમાં પહોંચી ગઈ હતી.
- ✓ ચાર મિનિટ કેપ્સ્યૂલ અવકાશમાં ઝીરો ગ્રેવિટીમાં રહીને નીચે આવી. આ દરમિયાન યાત્રીઓએ વજનહીનતાનો અનુભવ કર્યો હતો.
- ✓ ત્યારબાદ બાકીની ત્રણ-ચાર મિનિટમાં કેપ્સ્યૂલ નીચે આવી ગઇ હતી.
- ✓ આ યાત્રાની સૌથી મોટી ખાસિયત એ હતી કે, ઉપયોગમાં લેવાયેલી કેપ્સ્યૂલ સંપૂર્ણ રીતે ઓટોમેટિક હતી.

**3. સ્પાયવેર એટલે શું**




- ✓ વૉટ્સએપે 2019માં એનએસો પર તેનું વીડિયો કૉલિંગ ફીચર હેક કર્યાનો આરોપ લગાવ્યો હતો. ત્યારે ખબર પડી કે, પેગાસસ કેટલું ખતરનાક સ્પાયવેર છે.
- ✓ તેમાં કોઈની જાસૂસી કરવા માટે તેના ફોનનો ડેટા મેળવવાનું માધ્યમ વૉટ્સએપને બનાવ્યું હતું.

**સ્પાયવેર શું છે અને તેનો ઉપયોગ કોણ કરે છે ?**

- ✓ સ્પાયવેર કોઈની જાસૂસી કરવા બનાવેલું સોફ્ટવેર કે માલવેર હોય છે. તેનો ઉપયોગ કમ્પ્યુટર, ફોન કે કોઇ ડિજિટલ ડિવાઇસની માહિતી ભેગી કરવા થાય છે.
- ✓ સામાન્ય રીતે સ્પાયવેર એક સરળ સોફ્ટવેર હોય છે, જે ગેજેટ્સની સુરક્ષા નબળાઇઓનો ફાયદો ઉઠાવે છે.
- ✓ પરંતુ કેટલાક સ્પાયવેર કમ્પ્યુટર કોર્ડિંગની નબળાઇઓનો પણ ઉપયોગ કરે છે, આ નબળાઇઓને અનપેડ સોફ્ટવેર કહે છે.
- ✓ આવા સ્પાયવેર એડવાન્સ સિક્યોરિટી ફિચર ધરાવતા લેટેસ્ટ મોબાઇલ ફોનને પણ શિકાર બનાવી શકે છે.

**પેગાસસ જેવા સ્પાયવેર આપણા ફોનમાંથી શું શું ચોરી શકે?**

- ✓ એક હાઇટેક સોફ્ટવેર ડિવાઇઝમાં મોજુદ તમામ માહિતી ચોરી શકે. તે રિયલ ટાઇમ ફોન કૉલ્સ પણ સાંભળી શકે છે.
- ✓ ઈ-મેલ, પાસવર્ડ, સોશિયલ મીડિયા પોસ્ટ, વૉટ્સએપ કે ટેલિગ્રામના એનક્રિપ્ટેડ મેસેજ પણ તે વાંચી શકે છે. યુઝર્સનું લોકેશન પણ કહી શકે છે.
- ✓ કેટલાક સ્પાયવેર સ્માર્ટફોન કે ડિવાઇસના કેમેરા, માઇક્રોફોન પણ ચાલુ કરી શકે છે તેમજ બીજા ડિવાઇઝમાં ફાઇલો પણ સેન્ડ કરી શકે છે.

**4. ચીન પ્રતિ કલાક 600 કિલોમીટરની ઝડપે દોડતી મેગ્લેવનો પ્રારંભ**

**ટ્રેન વિશે :**

- ✓ આ ટ્રેનને ચીને દરિયાકિનારાના શહેર કિંગદાવોમાં બનાવી છે. આ ટ્રેન વિદ્યુત ચુંબકીય બળની મદદથી ટ્રેક ઉપર તરતી દેખાય છે. તેના કોચ ટ્રેકના પાટાને સ્પર્શતા નથી. આ ટ્રેનને ફ્લોટિંગ ટ્રેન પણ કહેવાય છે.
- ✓ શાંઘાઈમાં મેગ્લેવ ટ્રેન માટે એક નાની લાઇન છે. આ ટ્રેન શહેરથી મુખ્ય એરપોર્ટ સુધી પ્રવાસ ખેડે છે. જો કે ચીનમાં હજી સુધી ઇન્ટરસિટી એટલે કે આંતરરાજ્ય કે મેગ્લેવ લાઇનો નથી.
- ✓ શાંઘાઇ અને ચેંગ્દુ જેવા ચીનના કેટલાક શહેરોમાં આ લાઇન માટે રિસર્ચ કરવામાં આવી રહ્યું છે. આ ટ્રેન પ્રતિ કલાક 600 કિલોમીટરની ઝડપે જાય છે. આ હિસાબે તેને શાંઘાઇથી બૈજિંગ આવવામાં અઢી કલાકનો સમય લાગે.
- ✓ શાંઘાઈથી બૈજિંગનું અંતર 1000 કિલોમીટરથી પણ વધારે છે. જો કોઇ પ્લેનને ક્યાંય જવામાં ત્રણ કલાકનો સમય લાગતો હોય તો હાઇસ્પીડ ટ્રેનને તેમા સાડા પાંચ કલાક લાગશે.

**પ્રથમ પ્રારંભ :**

- ✓ ચીનમાં સૌથી ઝડપી મેગ્લેવ ટ્રેન 2003માં ચાલવાની શરૂ થઇ ગઇ હતી. તેની મહત્તમ સ્પીડ પ્રતિ કલાક 431 કિલોમીટરની છે. તે શાંઘાઇના પુડોંગ એરપોર્ટને પૂર્વવિસ્તાર લોંગયાંગ રોડ સાથે જોડે છે.
- ✓ જાપાન અને જર્મની જેવા દેશ પણ પોતાને ત્યાં મેગ્લેવ ટ્રેન બનાવવાની યોજના ચલાવી રહ્યા છે. જો કે તેનું નેટવર્ક બનાવવામાં ખર્ચ વધારે આવતો હોવાથી કેટલાય દેશ તેનો વિચાર છોડી ચૂક્યા છે.

**5. દિન વિશેષ : 20 જૂલાઇ (1) આંતરરાષ્ટ્રીય ચેસ દિવસ**




- ✓ દર વર્ષે 20મી જુલાઇએ આંતરરાષ્ટ્રીય ચેસ ડેની ઉજવણી.
- ✓ વર્ષ 1924માં આ દિવસે ઇન્ટરનેશનલ ચેસ ફેડરેશનની સ્થાપના થઇ હતી.
- ✓ યુનેસ્કોના પ્રસ્તાવને માન આપીને 1966થી દર વર્ષે તેની ઉજવણી થાય છે.
- ✓ બૌદ્ધિક એવી આ રમતની શોધ કરનાર-ભારત.

**(2) દિન વિશેષ : તારીખ : 20 જુલાઇ 1969 ચંદ્ર ઉપર પ્રથમ ઉત્તરાણના 52 વર્ષ પૂર્ણ**

**નિલ આર્મસ્ટ્રોંગ દ્વારા સૌપ્રથમ 20મી જુલાઇ 1969ના રોજ ચંદ્ર પર પગ મૂકી ઈતિહાસ સર્જ્યો હતો**



**વિશેષતા :**

- ✓ જેફ બેઝોસે અંતરિક્ષયાત્રા માટે 20મી જુલાઇનો ઐતિહાસિક દિવસ પસંદ કર્યો. આ દિવસ માનવ ઇતિહાસમાં સોનેરી અક્ષરે લખાયો છે.
- ✓ પૃથ્વીવાસીએ આ દિવસે પહેલી વખત ચંદ્રની સપાટી ઉપર પગ મૂક્યો હતો. નીલ આર્મસ્ટ્રોંગ અને એડવિન બઝ એલ્ડ્રિને 1969માં 20મી જુલાઇએ ચંદ્ર ઉપર પગ મૂકીને ઈતિહાસ સર્જી દીધો હતો.
- ✓ ચંદ્રની સપાટી ઉપર પગ મૂકનારા નીલ આર્મસ્ટ્રોંગ દુનિયાના પ્રથમ માણસ બન્યા હતા. એ વખતે જ તેમણે ઐતિહાસિક નિવેદન આપ્યું હતું 'આ નાનકડું પગલું માનવજાતનું વિશાળ ડગલું સાબિત થશે'.
- ✓ 20મી જુલાઇ-2021ના દિવસે એ ઘટનાનું બાવનમું વર્ષ ઉજવાશે. બરાબર એ જ દિવસને પસંદ કરીને બેઝોસે ઈતિહાસ તાજો કર્યો છે.
- ✓ પોતાના બાળપણના સ્મરણોને પણ જીવંત કર્યા. 1969માં નીલ આર્મસ્ટ્રોંગ ચંદ્ર ઉપર પહોંચ્યા ત્યારે આખા અમેરિકામાં જશ્નનો માહોલ હતો.
- ✓ 1964માં જન્મેલા જેફ બેઝોસને પણ તેના ઝાંખાં-પાંખા સ્મરણો હોવાથી તેમણે આ દિવસ પસંદ કર્યો છે.
- ✓ જેફ બેઝોસે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે નીલ આર્મસ્ટ્રોંગ તેમના બાળપણના હીરો હતા. નીલ આર્મસ્ટ્રોંગ ચંદ્રની સપાટી ઉપર ઉતર્યા એ ઘટનાથી જ એ વખતે જેફ બેઝોસના બાળમાનસમાં અંતરિક્ષમાં જવાના સપનાનું બીજ રોપાયું હતું. એ ઘટનાએ જ તેમને બ્લૂ ઓરિજિનની સ્થાપના કરવા પ્રેર્યા હતા.

## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (20-07-2021)

1. જૂલાઇ-2021માં ADB દ્વારા ભારતનો વર્ષ 2021-22નો ગ્રોથ અંદાજ ઘટાડીને કેટલા ટકા કરાયો - **10 ટકા**
2. ADB દ્વારા અગાઉ ભારતનો એપ્રિલ 2021માં ગ્રોથરેટ કેટલા ટકા રહેવાનો અંદાજો કરાયો હતો - **11 ટકા**
3. ADBનું વિસ્તૃત નામ જણાવો - **એશિયન ડેવલપમેન્ટ બેંક**
4. વિશ્વના સૌથી ધનિક જેફ બેજોસે કુલ કેટલા લોકો સાથે માત્ર 11 મિનિટમાં પૃથ્વીથી કેટલા કિલોમીટર ઉપર સ્પેસ યાત્રા પૂર્ણ કરી – **ચાર તથા 110 કિ.મી.**
5. વિશ્વના સૌથી ધનિક જેફ બેજોસે ક્યારે તેની પ્રથમ અવકાશ યાત્રા ક્યા રોકેટમાં ઉડ્ડયન કરી પૂર્ણ કરી - **20 જુલાઇ 2021 તથા ન્યૂ શેફર્ડ રોકેટ-કેપ્સ્યુલ**
6. જેફ બેજોસની સ્પેસ કંપનીનું નામ જણાવો - **બ્લૂ ઓરિજિન સ્પેસ કંપની**
7. તા. 20 જુલાઇ 2021ના રોજ જેફ બેજોસની સાથે કયા અન્ય ત્રણ અવકાશયાત્રીઓએ સ્પેશ યાત્રા કરી - **માર્ક બેજોસ, વેલી ફંક તથા ઓલિવર ડેપેન**
8. સ્પાયવેર શું છે - **કોઇ ડિજિટલ ડિવાઇસની જાસૂસી કરવા બનાવેલું સોફ્ટવેર કે માલવેર**
9. જૂલાઇ-2021માં ચીન દ્વારા પ્રતિ કલાક કેટલા કિલોમીટરની ઝડપે દોડતી કઇ ટ્રેનનો પ્રારંભ કરાયો – **600 તથા મેગ્લેવ**
10. ચીનમાં સૌથી ઝડપી મેગ્લેવ ટ્રેનનો સૌપ્રથમ પ્રારંભ કયા વર્ષે થયો હતો – **વર્ષ 2003**
11. તા.20 જુલાઇ 2021ના રોજ ચંદ્ર ઉપર પ્રથમ ઉતરાણના કેટલા વર્ષ પૂર્ણ થયા - **52**
12. નિલ આર્મસ્ટ્રોંગ દ્વારા સૌપ્રથમ કયારે ચંદ્ર પર પગ મૂકી ઈતિહાસ સર્જાયો હતો – **તા. 20મી જુલાઇ 1969**
13. આંતરરાષ્ટ્રીય ચેસ દિવસ ક્યારે મનાવવામાં આવે છે - **20મી જુલાઇ**
14. ઇન્ટરનેશનલ ચેસ ફેડરેશનની સ્થાપના કયા વર્ષે થઇ હતી – **વર્ષ-1924**
15. યુનેસ્કોના પ્રસ્તાવને માન આપીને ક્યારથી પ્રતિ વર્ષે આંતરરાષ્ટ્રીય ચેસ દિવસની ઉજવણી થાય છે – **વર્ષ-1966**
16. પ્રચંડ બુદ્ધિ માગી લેતી રમત ચેસની શોધ ક્યાં દેશમાં થઇ હતી – **ભારત**

## DATE : 21-07-2021

### 1. GBRC : ગુજરાતમાં જ કોરોનાના વેરિયન્ટની ચકાસણી કરી શકાશે

GUJARAT BIOTECHNOLOGY RESEARCH CENTRE
Department of Science & Technology
GOVERNMENT OF GUJARAT

- ✓ **ક્ષમતા :** પ્રતિમાસે 1000 સેમ્પલ ચકાસાશે
- ✓ અગાઉ સેમ્પલ પુણે મોકલવા પડતા હતા

**GBRCનું રસી માટે પણ 2 કંપનીઓ સાથે શેરિંગ**

- ✓ સરકારની GBRC ગુજરાતની 2 કંપની હેસ્ટર બાયોસાયન્સિસ અને ઓમ્નીબ્રેક્સ સાથે રસી વિકસાવવા કામ કરી રહી છે. ભારત બાયોટેકની કોવેક્સિન રસીના નિર્માણ માટે ટેક્નોલોજી શેરિંગ કરી રહી છે.
- ✓ **સંસ્થા : ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર-ગાંધીનગર, ગુજરાત સરકાર**

### 2. "AIIMS" રાજકોટ : નવો લોગો જાહેર

- ✓ ગુજરાતને પ્રતિબિંબિત કરી રહી છે "AIIMS" ની લોગોરૂપી આ નવી ઓળખ..!

ALL INDIA INSTITUTE OF MEDICAL SCIENCES RAJKOT
सर्वे सन्तु निरामयाः
विद्या अमृतम् श्नुते
अखिल भारतीय आयुर्विज्ञान संस्थान राजकोट

**લોગો ઉપર અંકિત વિવિધ થીમ :**

- ✓ ગીરના સિંહ, સ્ટેચ્યુ ઓફ યુનિટી, ગરબા-દાંડિયા, રેંટિયો, સમુદ્ર અને લોગોની બોર્ડર પર બાંધણીની ડિઝાઇનથી પરિપૂર્ણ એવો આપણા ગુજરાતની ઓળખ આપતો aiims રાજકોટનો લોગો.

### 3. ગુજરાતમાં સૌપ્રથમવાર : મોરબી શહેરમાં મહાન ક્રાંતિકારી ચંદ્રશેખર આઝાદની યાદમાં આઝાદ પાર્કનું નિર્માણ



**હેતુ :**

- ✓ પાર્કની મુલાકાતે આવતા નાગરિકોમાં ક્રાંતિકારી વિચાર આવે, દેશ પ્રત્યે પ્રેમ જાગૃત થાય તથા પશુ-પક્ષીઓ પ્રત્યે પ્રેમ જાગે

**આઝાદ પાર્કની વિશેષતા :**

- ✓ ચંદ્રશેખર આઝાદના ચિત્રો, સ્વચ્છતાના ચિત્રો, દેશભક્તિના ચિત્રો, વૃક્ષો વાવોના સંદેશ, હિચકાઓ, લપસીયા.

### 4. DRDO : સ્વદેશી ફાયર એન્ડ ફરગેટ મેન પોર્ટેબલ લાઈટ વેઈટ એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલનું સફળ પરીક્ષણ




- ✓ આર્મીમાં ઉપયોગ થશે
- ✓ **પ્રકાર :** ધરતી પરથી હવામા ફાયરિંગ
- ✓ મેન પોર્ટેબલ લોન્ચર દ્વારા લોન્ચ કરાઇ
- ✓ રેન્જ : અંદાજે 60 કી.મી
- ✓ **સ્થળ :** ITR-ચાંદિપુર, ઓડીશા

### 5. ભારતીય રેલવે : નામકરણ

**ઉત્તર પ્રદેશના મંડુવાડીહ રેલવે સ્ટેશનને બનારસ નામ અપાયું**

- ✓ બનારસ એટલે કાશી : બાબા વિશ્વનાથની નગરીનું એક નામ બનારસ પણ છે

**કુલ ત્રણ નામ :**

- ✓ બનારસ, કાશી અને વારાણસી

### 6. UAE : 50 ડિગ્રીએ શેકાતા UAEને ડ્રોનની મદદથી પર્સિપિટેશન-કૃત્રિમ વર્ષાથી રાહત



**પર્સિપિટેશન ટેકનીક એટલે શું :**

- ✓ કૃત્રિમ વરસાદે લોકોને આગ ઝરતી ગરમીથી રાહત આપી છે. દેશના હવામાન વિભાગનું કહેવું છે કે 'પર્સિપિટેશન ટેકનિક તે ક્લાઉડ સિડિંગ ટેકનિકનું વધુ આધુનિક રૂપ છે.
- ✓ ડ્રોનની મદદથી વાદળોને ઇલેક્ટ્રિક ચાર્જ કરીને કૃત્રિમ વર્ષા થતી હોય છે.
- ✓ ડ્રૉનની મદદથી વાદળોને ઇલેક્ટ્રિક ચાર્જ કરીને દેશભરમાં કરાવ્યો ચોમાસા જેવો વરસાદ
- ✓ **શોધ :** યુનિવર્સિટી ઓફ રીડિંગ-UK

### 7. ખેલકૂદ : ઓલિમ્પિક-2032 યજમાની

BRISBANE 2032 PARALYMPICS GAMES

BRISBANE 2032

- ✓ **યજમાન શહેર અને દેશ :** બ્રિસ્બેન-ઑસ્ટ્રેલિયા

**આગામી ઓલિમ્પિક અને યજમાન :**

- ✓ વર્ષ 2024 : પૅરિસ (ફ્રાંસ)
- ✓ વર્ષ 2028 : લોસ એન્જેલસ (USA)
- ✓ વર્ષ 2032 : બ્રિસ્બેન (ઑસ્ટ્રેલિયા)
- ✓ વર્ષ 2036 : ભારતની મજબૂત દાવેદારી
- ✓ દર ચાર વર્ષે ઓલિમ્પિકસનું આયોજન
- ✓ **જાહેરાત :** ઇન્ટરનેશનલ ઓલિમ્પિક સમિતિ (IOC)

**ઓસ્ટ્રેલિયા ત્રીજી વાર યજમાન :**

- ✓ વર્ષ 1956 : મેલબોર્ન   વર્ષ 2014 : સિડની
- ✓ વર્ષ 2032 : બ્રિસ્બેન (ઑસ્ટ્રેલિયા)
- ✓ **વડાપ્રધાન : સ્કોટ મોરીસ**

### 8. જન્મ દિન વિશેષ : 21 જૂલાઇ

**જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા: ઉમાશંકર જોશીની 111મી જન્મજયંતી**

**જન્મ : 21 જુલાઈ 1911   અવસાન : 19 ડિસેમ્બર 1988**



સર્જક : ઉમાશંકર જોશી

- ✓ આજે અવિનાશ વ્યાસ, રંગકર્મી ગોવર્ધન પંચાલ, ક્રિકેટર ચંદુ બોરડે, સાહિત્યકાર અર્નેસ્ટ હેમિંગ્વે તથા "ભૂખ્યાજનોનો જઠરાગ્ની જાગશે ને ખંડેરની ભસ્મકણી ન લાધશે" જેવી અમર પંક્તિઓના સર્જક કવિ, વાર્તાકાર, નવલકથાકાર, નાટ્યકાર, સંપાદક, વિવેચક, સ્વતંત્રતા સૈનિક, ગુજરાત યુનિ.ના કુલપતિ અને જાહેર જીવનના અગ્રણી શ્રી ઉમાશંકર જેઠાલાલ જોશીનો જન્મદિવસ.
- ✓ જૂના ઈડર રાજ્યના બામણા ગામે જન્મેલા કવિ ઉમાશંકર બી.એ., એમ.એ થઈ શિક્ષક અને પ્રાધ્યાપક થયા હતા.
- ✓ તેમની સર્વોચ્ચ વ્યવસાયી કારકિર્દી ગુજરાત યુનિ.ના ભાષા ભવનમાં પ્રોફેસર, અધ્યક્ષ અને ભવનના નિયામક અને ગુજરાત યુનિ.ના કુલપતિ તરીકે રહી હતી.
- ✓ સર્જનાત્મક સાહિત્યના ક્ષેત્રે ઉમાશંકરે સાપના ભારા, શ્રાવણી મેળો, પારકા જણ્યા, ગંગોત્રી, નિશીથ, વિશ્વ શાંતિ, પ્રાચીના, મહાપ્રસ્થાન જેવા કવિતા, વાર્તા, નવલકથાના પુસ્તકો ઉપરાંત હૃદયમાં પડેલી છબીઓ, પુરાણોમાં ગુજરાત, 31મા ડોકિયું, અખો એક અધ્યયન અને ચીનમાં 54 દિવસ જેવા ઈતિહાસ, ચરિત્ર અને પ્રવાસ વર્ણનો પણ લખ્યા છે."
- ✓ ગરવી ગુજરાત માટે ગૌરવરૂપ આ સાહિત્યકારનું 19 ડિસેમ્બર 1988નાં રોજ અવસાન થયું હતું.
- ✓ ઉપનામ : વાસુકી

**એવોર્ડ:**

✓ જ્ઞાનપીઠ પુરસ્કાર - 1967
✓ રણજિતરામ સુવર્ણચંદ્રક - 1939
✓ નર્મદ સુવર્ણ ચંદ્રક - 1947
✓ સોવિએત લેન્ડ નહેરૂ એવોર્ડ – 1973

**સભ્યપદ/હોદ્દાઓ**

✓ સભ્ય - નેશનલ બુક ટ્રસ્ટ - 1965
✓ સભ્ય - કેન્દ્રીય ભાષા સલાહકર સમિતિ - 1966
✓ પ્રમુખ - ગુજરાતી સાહિત્ય પરિષદ - 1968
✓ પ્રમુખ - સાહિત્ય અકાદમી એવોર્ડ-ગુજરાતી – 1978-1982
✓ ઉપ કુલપતિ - ગુજરાત યુનિવર્સિટી - 1970
✓ રાજ્યસભાના સભ્ય – 1970-1976
✓ કુલપતિ, વિશ્વભારતી યુનિવર્સિટી – શાંતિનિકેતન 1979-1982
✓ પ્રમુખ - દિલ્હી સાહિત્ય અકાદમી – 1978-1983

## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (21-07-2021)

1. ગુજરાતમાં જ કોરોનાના વેરિયન્ટની ચકાસણી કઈ લેબ-સંસ્થા દ્વારા કરવામાં આવશે – **GBRC**
2. GBRCનું વિસ્તૃત નામ જણાવો – **ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર**
3. ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર ક્યાં આવેલુ છે - **ગાંધીનગર**
4. જૂલાઈ-2021માં જાહેર કરાયેલા રાજકોટ "AIIMS"ના નવા લોગો પર અંકિત વિવિધ થીમ જણાવો - **ગીરના સિંહ, સ્ટેચ્યુ ઓફ યુનિટી, ગરબા-દાંડિયા, રેંટિયો, સમુદ્ર અને લોગોની બોર્ડર પર બાંધણીની ડિઝાઇન**
5. ગુજરાતમાં મહાન ક્રાંતિકારી ચંદ્રશેખર આઝાદની યાદમાં સૌપ્રથમવાર આઝાદ પાર્કનું નિર્માણ કયા શહેરમાં કરાયું છે - **મોરબી**
6. તા.21 જૂલાઈ-2021ના રોજ DRDO દ્વારા કઈ સ્વદેશી મિસાઈલનું સફળ પરીક્ષણ કરાયું - **ફાયર એન્ડ ફરગેટ મેન પોર્ટેબલ લાઈટ વેઈટ એન્ટી ટેન્ક ગાઈડેડ**
7. જૂલાઈ-2021માં ઉત્તર પ્રદેશના મંડુવાડીહ રેલવે સ્ટેશનને કયુ નવુ નામ અપાયું - **બનારસ**
8. જૂલાઈ-2021માં ડ્રોનની મદદથી કયા દેશમાં પર્સિપિટેશન-કૃત્રિમ વર્ષા કરાઈ હતી - **UAE**
9. પર્સિપિટેશન ટેકનીક દ્વારા ડ્રોનની મદદથી કેવી રીતે કૃત્રિમ વર્ષા કરાઈ છે - **વાદળોને ઇલેક્ટ્રિક ચાર્જ કરીને**
10. પર્સિપિટેશન ટેકનીક તે કઈ ટેકનિકનું આધુનિક રૂપ છે - **ક્લાઉડ્સ સિડિંગ ટેકનિક**
11. પર્સિપિટેશન ટેકનીકની શોધ કઈ સંસ્થા દ્વારા કરાઈ - **યુનિવર્સિટી ઓફ રીડિંગ-UK**
12. તા.21 જૂલાઈ-2021ના રોજ IOC દ્વારા ક્યા શહેર-દેશને ઓલમ્પિક-2032ની યજમાની અપાઈ – **બ્રિસ્બેન-ઑસ્ટ્રેલિયા**
13. આગામી વર્ષ 2024 અને વર્ષ 2028માં ક્યા શહેર-દેશમાં ઓલિમ્પિક યોજાશે - **પૅરિસ (ફ્રાંસ) તથા લોસ એન્જેલસ (USA)**
14. ઓસ્ટ્રેલિયામાં અગાઉ વર્ષ 1956 તથા વર્ષ 2014માં ક્યા શહેરમાં ઓલિમ્પિક યોજાયો હતો – **મેલબોર્ન અને સિડની**
15. ઓલિમ્પિકની આયોજનકાર સંસ્થા IOCનું વિસ્તૃત નામ જણાવો - **ઇન્ટરનેશનલ ઓલિમ્પિક સમિતિ**
16. પેરાલિમ્પિક ગેમ્સ-2032 ક્યા શહેરમાં યોજાશે - **બ્રિસ્બેન-ઑસ્ટ્રેલિયા**
17. 21 જુલાઈ 2021ના રોજ કવિ ઉમાશંકર જોશીની કેટલામી જન્મજયંતિની ઉજવણી કરાઈ – **111મી**
18. ગુજરાતી સાહિત્યકાર ઉમાશંકર જોશીનું જન્મ સ્થળ જણાવો - **જૂના ઈડર રાજ્યના બામણા ગામે**
19. ગુજરાતી સંગીતકાર અવિનાશ વ્યાસનો જન્મ દિવસ જણાવો – **21મી જુલાઈ**
20. પ્રચલીત કાવ્ય પંક્તિ "ભૂખ્યાજનોનો જઠરાગ્ની જાગશે ને ખંડેરની ભસ્મકણી ન લાધશે" કોની રચના છે – **કવિ ઉમાશંકર જોશી**
21. કવિ ઉમાશંકર જોશીનું ઉપનામ જણાવો - **વાસુકી**
22. ગુજરાતી સાહિત્યકાર ઉમાશંકર જોશીને કયા વર્ષે જ્ઞાનપીઠ પુરસ્કાર મળ્યો હતો - **વર્ષ-1967**
23. ગુજરાતી સાહિત્યકાર ઉમાશંકર જોશીને કયા વર્ષે રણજિતરામ સુવર્ણચંદ્રક મળ્યો હતો - **વર્ષ-1939**
24. ગુજરાતી સાહિત્યકાર ઉમાશંકર જોશીને કયા વર્ષે નર્મદ સુવર્ણ ચંદ્રક મળ્યો હતો - **વર્ષ-1947**
25. સાહિત્યકાર ઉમાશંકર જોશી કયા વર્ષે નેશનલ બુક ટ્રસ્ટના સભ્યપદે રહ્યાં હતા - **વર્ષ-1965**
26. સાહિત્યકાર ઉમાશંકર જોશી કયા વર્ષે કેન્દ્રીય ભાષા સલાહકર સમિતિના સભ્ય પદે રહ્યાં હતા - **વર્ષ-1966**
27. સાહિત્યકાર ઉમાશંકર જોશી કયા વર્ષે ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ બન્યા હતા - **વર્ષ-1968**
28. સાહિત્યકાર ઉમાશંકર જોશી ક્યા વર્ષો દરમિયાન ગુજરાત યુનિવર્સિટીના ઉપ કુલપતિ પદે રહ્યાં હતા - **1970**
29. સાહિત્યકાર ઉમાશંકર જોશી કયા વર્ષે રાજ્યસભાના સભ્યપદે સેવા આપી હતી – **વર્ષ-1970-1976**
30. સાહિત્યકાર ઉમાશંકર જોશી કયા વર્ષે વિશ્વભારતી યુનિવર્સિટી, શાંતિનિકેતનના કુલપતિ પદે સેવા આપી હતી – **વર્ષ-1979-1982**
31. સાહિત્યકાર ઉમાશંકર જોશી કયા વર્ષે દિલ્હી સાહિત્ય અકાદમીના પ્રમુખ પદે રહ્યાં હતા– **વર્ષ-1978-1983**

## DATE : 22-07-2021

**1. નિર્ણય : સાયન્સ સિટી-અમદાવાદ વિદ્યાર્થીઓ માત્ર રૂ. 120માં સાયન્સ સિટીની મુલાકાત લઈ શકશે**




**વિગતો અને નિયમો :**

- ✓ શાળા કે કોલેજમાં ભણતાં તમામ વિદ્યાર્થીઓ (સરકારી, ખાનગી કે ગ્રાન્ટેડ) ફક્ત રૂ. 120માં સાયન્સ સિટીની મુલાકાત લઈ શકશે.
- ✓ આ યોજના અંતર્ગત 10 કે તેથી વધુ વિદ્યાર્થીની મુલાકાતનું આયોજન શાળા કે કોલેજ દ્વારા જ માન્ય ગણાશે.
- ✓ સાયન્સ સિટીમાં પ્રવેશ માત્ર રૂ.20માં કે જેમાં લાઇફ સાયન્સ પાર્ક, પ્લેનેટ અર્થ, એનર્જી એજ્યુકેશન પાર્ક, હોલ ઓફ સ્પેસ અને હોલ ઓફ સાયન્સ વગેરેની મુલાકાત લઈ શકશે.
- ✓ રોબોટિક ગેલેરીમાં તથા એકવેટિક ગેલેરીમાં માત્ર રૂ.50માં પ્રવેશ લઈ શકશે, નેચર પાર્કમાં પ્રવેશ નિશુલ્ક રહેશે.
- ✓ સાયન્સ સિટીમાં નવા નવા પેવેલિયનો અને ગેલેરી નિર્માણ જેનું તાજેતરમાં વડાપ્રધાન મોદી દ્વારા વર્ચ્યુઅલ લોકાર્પણ

**2. કેન્દ્રીય કેબિનેટ-ભારત સરકાર :**

**વિવિધ મંજૂરીઓ (વહીવટ)**

**(1) લદ્દાખમાં રૂ. 750 કરોડના ખર્ચે સેન્ટ્રલ યુનિ. સ્થાપવાની કેબિનેટની મંજૂરી" :**

- ✓ **વિસ્તાર :** લેહ, કારગિલ અને લદ્દાખ
- ✓ આ યુનિર્વિસટી ત્યાં અન્ય શિક્ષણ સંસ્થાનો માટે એક મોડલ તરીકે કામ કરશે. આ નિર્ણયથી સ્થાનિક યુવાનોને નવી તક મળશે

**(2) ઇન્ટિગ્રેટેડ કોર્પોરેશનની સ્થાપનાના નિર્ણયને પણ મંજૂરી**

- ✓ આ કોર્પોરેશન લદ્દાખમાં પર્યટન, ઉદ્યોગ, પરિવહન સુવિધાઓના વિકાસ તથા સ્થાનિક ઉત્પાદનોના માર્કેટિંગ જેવા મહત્ત્વપૂર્ણ કાર્ય કરશે. તેની સ્થાપનાથી લદ્દાખના વિકાસમાં તેજી આવશે.




**(3) BPCL :**

- ✓ ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન (BPCL) સહિતની જાહેર ક્ષેત્રની ઓઇલ કંપનીઓમાં 100 ટકા પ્રત્યક્ષ વિદેશી રોકાણ(FDI)ની યોજનાને મંજૂરી.

**(4) PPP ધોરણે મલ્ટિપલ એરપોર્ટ્સના પેકેજ ઓફર કરી શકશે**

- ✓ સંસદીય સમિતિએ સુધારા બિલને લીલીઝંડી આપી છે, જેમાં સરકારને પબ્લીક-પ્રાઇવેટ પાર્ટનરશીપ(PPP) અંતર્ગત નાના એરપોર્ટ્સની સાથે મોટા એરપોર્ટ્સની પેકેજ તરીકે ઓફર કરી શકશે.
- ✓ આનાથી દેશના તમામ એરપોર્ટ્સના વિકાસ અને જાળવણી માટે રોકાણની જરૂરિયાતોને પહોંચી વળવા સરકારના પ્રયત્નોને વેગ મળવાની અપેક્ષા.
- ✓ "ઉલ્લેખનીય છે કે AAI દ્વારા અમદાવાદ, લખનઉ, મેંગલુરૂ, ત્રિવેન્દ્રમ, ગૌહાટી અને જયપુરના એરપોર્ટને ઓપરેશન, મેનેજમેન્ટ અને ડેવલોપમેન્ટ માટે 2019માં PPP ધોરણે આપવામાં આવ્યા હતા. ત્યારબાદ 5 સપ્ટેમ્બર 2019ના રોજ અન્ય છ એરપોર્ટને પણ ફળવવામાં આવ્યા હતા.

**3. ભારત સરકાર : દેશની પ્રદૂષિત નદીનો અહેવાલ (પર્યાવરણ)**

**ગુજરાતમાં કઈ નદી પ્રદૂષિત :**

- ✓ સાબરમતી, નર્મદા, અમરાવતી (નર્મદાની સહાયક નદી), ભાદર, અમલખાડી, ભોગાવો, ખારી, વિશ્વામિત્રી, ત્રિવેણી, દમણગંગા, કોલાક, માહી, શેઢી, તાપી, અનાસ, બાલેશ્વર, કિમ, મેશ્વા, મિંઢોળા

**કયા રાજ્યમાં કેટલી નદી પ્રદૂષિત :**

| | | |
|---|---|---|
| 1. | મહારાષ્ટ્ર : 53 | આસામ : 44 |
| 2. | મધ્યપ્રદેશ : 22 | કેરળ : 21 |
| 3. | ગુજરાત : 20 | ઓરિસ્સા : 19 |
| 4. | કર્ણાટક : 17 | પશ્ચિમ બંગાળ : 17 |

**4. કોંકણ સંયુક્ત યુદ્ધ કવાયત : બ્રિટન અને ભારતના નૌકાદળ દ્વારા બંગાળના અખાતમાં કોંકણ સંયુક્ત યુદ્ધ કવાયત (વૈશ્વિક સંબંધો)**

- ✓ **સમયગાળો :** તારીખ 22 થી 24 જુલાઈ 2021
- ✓ **સ્થાન :** બંગાળનો અખાત



- ✓ બંને દેશના 10 યુદ્ધ જહાજ, બે સબમરીન 20 જેટલા લડાયક વિમાન અને 4,000 સૈનિકો સામેલ

**5. દિન વિશેષ : 22 જૂલાઈ ભારતીય તિરંગા દિવસ**




- ✓ ભારતના વર્તમાન રાષ્ટ્રધ્વજ તિરંગાનો તારીખ 22મી જુલાઇ-1947ના રોજ બંધારણસભા દ્વારા સ્વીકાર કરવામાં આવ્યો હતો.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (22-07-2021)**

1. ગુજરાતના શાળા-કોલેજ વિદ્યાર્થીઓ કેટલા રૂપિયામાં સાયન્સ સિટીની મુલાકાત લઈ શકશે - **રૂ.120**

2. તા.22 જૂલાઇ 2021ના રોજ યોજાયેલી કેન્દ્રીય કેબિનેટમાં લદ્દાખમાં કેટલા રૂપિયાના ખર્ચે સેન્ટ્રલ યુનિ. સ્થાપવાની મંજૂરી અપાઇ - **રૂ. 750 કરોડ**
3. નવીન સેન્ટ્રલ યુનિ.-લદ્દાખમાં કયા-ક્યા વિસ્તારનો સમાવેશ થશે - **લેહ, કારગિલ અને લદ્દાખ**
4. લદ્દાખના વિકાસ માટે ક્યા કોર્પોરેશન સ્થાપવાની કેન્દ્રીય કેબિનેટે મંજૂરી આપી - **ઇન્ટિગ્રેટેડ કોર્પોરેશન**
5. BPCL સહિતની જાહેર ક્ષેત્રની ઓઇલ કંપનીઓમાં કેટલા ટકા પ્રત્યક્ષ વિદેશી રોકાણ(FDI)ની યોજનાને કેન્દ્રીય કેબિનેટે જૂલાઇ-2021માં મંજૂરી આપી - **100**
6. ભારત સરકારના અહેવાલ મુજબ પ્રથમ પાંચ પ્રદૂષિત નદીઓ ધરાવતા રાજ્યો-સંખ્યા જણાવો – **મહારાષ્ટ્ર:53, આસામ:44, મધ્યપ્રદેશ:22, કેરળ:21 તથા ગુજરાત:20**
7. તારીખ 22 થી 24 જુલાઇ 2021 દરમિયાન ક્યા બે દેશોની નેવી વચ્ચે બંગાળના અખાતમાં સંયુક્ત યુદ્ધ અભ્યાસ યોજાયો - **બ્રિટન અને ભારત**
8. જુલાઇ 2021માં બ્રિટન અને ભારતની નેવી વચ્ચે યોજાયેલા સંયુક્ત યુદ્ધ અભ્યાસનું નામ જણાવો – **કોંકણ સંયુક્ત યુદ્ધ અભ્યાસ**
9. ભારતીય તિરંગા દિવસ કયારે મનાવવામાં આવે છે - **22મી જુલાઇ**
10. પ્રતિ વર્ષ 22મી જુલાઇના રોજ શા માટે ભારતીય તિરંગા દિવસ મનાવવામાં આવે છે - **ભારતના વર્તમાન રાષ્ટ્રધ્વજ તિરંગાનો 22મી જુલાઇના રોજ બંધારણસભા દ્વારા સ્વીકાર કરાયો હતો**

**DATE : 23-07-2021**

## 1. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય : અસાધ્ય બીમારીની સારવારના હેતુથી સ્વૈચ્છિક લોકફાળા માટે રાષ્ટ્રીય નીતિ 2021ને મંજૂરી




**નવી રાષ્ટ્રીય નીતિ 2021ની મુખ્ય વિગતો :**

- ✓ નીતિ મુજબ દુર્લભ રોગની વન ટાઇમ ટ્રીટમેન્ટ માટે કેન્દ્ર રૂપિયા 20 લાખ સુધીની સહાય કરશે.
- ✓ દુર્લભ કે જવલ્લે જ થતાં રોગની સારવાર માટે સંપૂર્ણ નાણાકીય સહાય આપવી સરકાર માટે મુશ્કેલ છે. પરંતુ સારવાર ખર્ચની બાકીની રકમ ડિજિટલ પ્લેટફોર્મ ઊભું કરીને લોકફાળાના મેળવી શકાશે.
- ✓ દર્દીને સારવાર અર્થે જે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હોય તે નોટિફાઇડ હોસ્પિટલની મદદથી લોકફાળો એકઠો થઇ શકશે.
- ✓ 'નોટિફાઇ હોસ્પિટલ ઓનલાઇન સિસ્ટમ પર દર્દી, તેના રોગ, અંદાજિત સારવાર ખર્ચ, લોકફાળો જમા કરાવવા બેન્ક ખાતું વગેરે વિગતો જાહેર કરશે.
- ✓ દાતા તે વિગતો જોઇને સંબંધિત હોસ્પિટલને દાન આપશે. તેને પગલે સમાજના વિવિધ વર્ગો સારવાર માટે લોકફાળો આપી શકશે.
- ✓ દુર્લભ કે જવલ્લે જ થતા રોગની વન વનટાઇમ સારવાર માટે તે રકમ ખર્ચ થશે.' સરકારે આ સંદર્ભમાં કોર્પોરેટ સેક્ટરને સાંકળવા પણ પ્રયાસ કર્યો છે. કોર્પોરેટ બાબતોના મંત્રાલયને જાહેર ક્ષેત્રના એકમો અને કોર્પોરેટ ગૃહોને યોગદાન આપવા પ્રોત્સાહન આપવા વિનંતી કરવામાં આવશે.

## 2. DRDO : આકાશ-NG મિસાઈલની નવી આવૃતિનું સફળ પરીક્ષણ (સંરક્ષણ)



**આકાશ-NG મિસાઈલ વિશે :**

- ✓ પ્રકાર : જમીનથી હવામાં પ્રહાર રેન્જ : 30 કિલોમીટર
- ✓ અંદાજીત ખર્ચ : રૂપિયા 2 કરોડ
- ✓ પરીક્ષણ સ્થળ : ITR ચાંદીપુર, ઓડિશા
- ✓ પ્રથમ પરીક્ષણ : વર્ષ 2009 ITR : ઇન્ટિગ્રેટેડ ટેસ્ટ રેન્જ

## 3. ઇથેનોલ મિશ્રિત પેટ્રોલના ફાયદા (પર્યાવરણ)




- ✓ આજથી 112 વર્ષ પહેલા હેનરી ફોર્ડે સુપ્રસિદ્ધ ટી મોડેલની કારમાં ઇથેનોલ મિશ્રિત પેટ્રોલનો બળતણ તરીકે ઉપયોગ કર્યો હતો.
- ✓ ઇથેનોલનો વધુમાં વધુ વપરાશ કરી શકાય એ માટે હવે વાહનોની બનાવટમાં રબર અને પ્લાસ્ટિકનો ઉપયોગ વધારાશે
- ✓ પેટ્રોલમાં 20 ટકા ઇથેનોલનું મિશ્રણ કરવામાં આવે તો સરકાર વર્ષે 4,00,00,00,000 ડોલર બચાવી શકે
- ✓ કાર્બન ડાયોક્સાઇડ અને હાઇડ્રો કાર્બન વાયુઓનું ઉત્સર્જન ઘટવાથી, પ્રદૂષણ ઘટશે
- ✓ ક્રૂડ ઓઇલ બિલ ઘટવાથી વિદેશી હૂંડિયામણ બચશે. રૂપિયો વધુ મજબૂત બનશે
- ✓ વાહનોની કાર્યક્ષમતા વધશે.
- ✓ સૌથી મહત્વનું, આનો ફાયદોખેડૂતોને મળશે.

## 4. 32મી ઓલિમ્પિક ગેમ્સ-2020 : ટોક્યો-જાપાન



- ✓ **પ્રારંભ :** 23 જૂલાઇ-2021

**ઓલિમ્પિક એટ એ ગ્લાન્સ**

- ✓ **ભાગ લેનાર કુલ દેશ : 205** **કુલ રમતો :** 33
- ✓ **કુલ ઈવેન્ટ્સ :** 339 **ગોલ્ડ મેડલ :** 339
- ✓ **થીમ :** "આગળ વધો"
- ✓ **ઓલિમ્પિકનો મૂળ MOTO :** faster, higher, stronger, together.

- ✓ 2020માં કોરોના મહામારી આવતા આયોજન એક વર્ષ મોડું કરાયું
- ✓ સૌથી વધુ એથ્લેટ : 552 જાપાન
- ✓ 12 વર્ષની હેન્ડ જોજો સીરિયાની વિશ્વની સૌથી યંગેસ્ટ ઓલિમ્પિયન અને ફ્લેગ બેરિયર
- ✓ **જ્યોત પ્રગટાવનાર જાપાનીસ ટેનિસ ખેલાડી નાઓમી ઓસાકા**
- ✓ **ટોક્યો ઓલિમ્પિકના યજમાન જાપાનના રાજા સમ્રાટ નારુહીતોએ પ્રારંભ કરાવ્યો**
- ✓ જાપાનના વડાપ્રધાન : શ્રીયુત સૂગા
- ✓ ઇન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટી (IOC) પ્રમુખ : થોમસ બાચ

**ઓપનિંગ સેરેમની : માર્ચ પાસ્ટમાં ભારત 21માં ક્રમે**

- ✓ જાપાનીઝ આલ્ફાબેટ્સ મુજબ માર્ચ પાસ્ટ યોજાશે અને ભારત 21મા ક્રમાંકે.




- ✓ ટોક્યોના ઓલિમ્પિક સ્ટેડિયમમાં ઉદ્ઘાટન સમારંભ યોજાશે જે મુખ્ય ટ્રેક એન્ડ ફિલ્ડ ઇવેન્ટ્સ ઉપરાંત મહિલા ફૂટબોલની ગોલ્ડ મેડલ મેચની યજમાન પણ કરશે. આઠમી ઓગસ્ટે સમાપન સમારંભની યજમાની પણ કરશે.
- ✓ મોટાભાગના દેશ ઓપનિંગમાં મર્યાદિત સંખ્યામાં પોતાના એથ્લેટ્સ મોકલશે. બ્રિટને 30 તથા ઓસ્ટ્રેલિયાએ 50 સભ્ય સુધીની સંખ્યા સીમિત કરી દીધી છે.

**ભારતના 22 ખેલાડીઓ અને 06 અધિકારીઓએ જ ભાગ લીધો :**




**ભારતીય ધ્વજવાહક : હોકી કેપ્ટન મનપ્રીતસિંહ અને મહિલા બોક્સર એમ.સી. મેરિકોમ.**

- ✓ ટોક્યો ઓલિમ્પિકનું સત્તાવાર ઉદ્ઘાટન 23મી જુલાઇથી થઇ રહ્યું છે અને ઓપનિંગ સેરેમનીમાં ભારતના 22 ખેલાડીઓ અને છ અધિકારીઓ જ ભાગ લેશે.
- ✓ ઓપનિંગમાં હોકી (01 ખેલાડી), બોક્સિંગ (08), ટેબલટેનિસ (04), રોવિંગ (02), સ્વિમિંગ (01), જિમ્નાસ્ટિક્સ (01), સેઇલિંગ (04), ફેન્સિંગ (01)ના ખેલાડીઓ ઉપરાંત 06 અધિકારીઓ રહેશે.
- ✓ હોકી ખેલાડીઓ ઓપનિંગમાં હાજર રહેવાના નથી, પરંતુ સુકાની મનપ્રીતસિંહ ધ્વજવાહક હોવાના કારણે તેણે હાજર રહેવું પડશે.
- ✓ મહિલા બોક્સર મેરિકોમ પણ ધ્વજવાહક હોવાના કારણે તે પણ ઓપનિંગ સેરેમનીમાં ભાગ લેશે.
- ✓ ઓપનિંગમાં આર્ચરી, જૂડો, બેડમિન્ટન, વેઇટલિફ્ટિંગ, ટેનિસ, હોકી (વિમેન્સ અને મેન્સ બંને) તથા શૂટિંગના ખેલાડીઓ ભાગ લેશે નહીં

**તીરંદાજી સાથે ભારતના અભિયાનનો પ્રારંભ :**

- ✓ આર્ચરી સાથે ઓલિમ્પિકમાં ભારતના અભિયાનનો પ્રારંભ થશે. આર્ચરીમાં દીપિકા કુમારી મહિલા વ્યક્તિગત રેન્કિંગ રાઉન્ડ (સવારે 5:30 થી 7:30 સુધી) તથા મેન્સમાં વ્યક્તિગત રેન્કિંગ રાઉન્ડમાં અતનુ દાસ, પ્રવીણ યાદવ તથા તરુણદીપ રાય ભારત માટે દાવેદારી રજૂ કરશે.
- ✓ **ભારતીય ઓલિમ્પિક એસોસિયેશન (IOC) પ્રમુખ : નરેન્દ્ર બત્રા**

## 5. UN : વૈશ્વિક સર્વેક્ષણ 2021

**વેપાર કરવાની સરળતામાં ભારતના રેન્કિંગમાં નોંધપાત્ર સુધારો**

**ટ્રેડ ફેસિલિટેશન રેન્કિંગ 2021માં ભારતની સ્થિતિ :**

- ✓ કસ્ટમ વિભાગ દ્વારા અમલી બનેલા કેટલાક સુધારાને કારણે રેન્કિંગમાં સુધારો.
- ✓ સંયુક્ત રાષ્ટ્રના એશિયા પ્રશાંત પ્રદેશ માટેના આર્થિક અને સામાજિક પંચ દ્વારા વેપાર સુગમતાને મુદ્દે વર્ષ 2021માં હાથ ધરવામાં આવેલા વૈશ્વિક સર્વેક્ષણના અંતે ભારતે 90.32 અંક મેળવ્યા. જયારે વર્ષ 2019માં ભારતે મેળવેલા 78.49 ટકા અંક મળ્યા હતા.
- ✓ પારદર્શકતાની વાત કરવામાં આવે તો વર્ષ 2019માં ભારતનો સ્કોર 93.33 ટકા રહ્યો હતો. વર્ષ 2021માં આ સ્કોર વધીને 100 ટકા નોંધાયો.

**UN એજન્સી અને સર્વેક્ષણ વિશે :**

- ✓ UN-ESCAP એજન્સી દ્વારા દર બે વર્ષે ડિજિટલ અને સસ્ટેનેબલ ટ્રેડ ફેસિલિટેશન વેપારની સુગમતાને મુદ્દે વૈશ્વિક સર્વેક્ષણ હાથ ધરવામાં આવતું હોય છે. વર્ષ 2021માં હાથ ધરવામાં આવેલા સર્વેક્ષણમાં વિશ્વ વેપાર સંગઠનના ટ્રેડ ફેસિલિટેશન એગ્રીમેન્ટમાં સામેલ 58 માપદંડોની મુલવણી કરાઈ હતી.
- ✓ વર્ષ 2021 સર્વેક્ષણમાં કુલ દેશો : 143
- ✓ પારદર્શિતા, સંસ્થાગત વ્યવસ્થા અને સહયોગ, પેપરલેસ વેપાર જેવા પાંચ માપદંડોમાં ભારતનો દેખાવ સારો રહ્યો

**યુરોપીય સંઘના સરેરાશ કરતાં પણ ભારતનો ઊંચો સ્કોર**

- ✓ ભારતનો એકંદર સ્કોર ફ્રાન્સ, બ્રિટન, કેનેડા, નોર્વે, ફિનલેન્ડ વગેરે જેવા ઓઇસીડી દેશો કરતાં પણ ઊંચો રહ્યો હતો.
- ✓ યુરોપીય સંઘના સરેરાશ સ્કોર કરતાં પણ ભારતનો એકંદર સ્કોર ઊંચો છે. પારદર્શિતાને મોરચે ભારતનો સ્કોર 100 ટકા રહ્યો છે. વેપારમાં મહિલાના સ્થાનને મોરચે પણ 66 ટકા હાંસલ કર્યા છે.

## 6. દિન વિશેષ : 23 જુલાઈ-1927 રાષ્ટ્રીય પ્રસારણ દિવસ

- ✓ ભારતીય રેડિયો પ્રસારણ સેવાનો પ્રારંભ

## 7. જન્મ દિન વિશેષ : 23 જૂલાઈ

**ભારતીય રાષ્ટ્રવાદનો અરુણોદય : લોકમાન્ય ટિળક**

**જન્મ : 23 જુલાઈ-1856 અવસાન : 1 ઓગષ્ટ-1920**

- ✓ આપણા દેશમાં આઝાદી વિશે જાહેરમાં બોલવું એ રાજદ્રોહ સમાન હતું ત્યારે "સ્વરાજ્ય મારો જન્મસિદ્ધ અધિકાર છે અને તે હું મેળવીને જ જંપીશ" જેવા સૂત્ર દ્વારા દેશમાં આઝાદીની ચેતના જગાવનાર બાળ ગંગાધર ટિળકનો આજે જન્મદિવસ.



✓ મહારાષ્ટ્રમાં નેતાઓની ખાણ ગણાતા રત્નાગિરિ જિલ્લામાં જન્મેલા ટિળક બી.એ, એલ.એલ.બી થયા પણ વકીલાત ન કરતા જીવન દેશસેવા માટે સમર્પિત કર્યું હતું.

✓ "કેસરી" અને "મરાઠા" જેવા સામયિકો ચલાવી અને ગણપતિ ઉત્સવ અને શિવાજી જયંતી જેવા પસંગો ઊજવવાની શરૂઆત કરી મહારાષ્ટ્ર અને ભારતમાં રાષ્ટ્રીય અસ્મિતાનો પાયો નાંખ્યો હતો.

✓ 'ગીતા રહસ્ય' અને 'આર્કિટિક હોમ ઓફ વેદાઝ' જેવા પુસ્તકો લખ્યા. 1897માં રેન્ડ અને આર્યસ્ટનના ખૂન પાછળ તેમના લખાણો કારણભૂત હોવાનું જણાવી ટિળકને 18 માસની સજા કરવામાં આવી હતી. તે પછી સમગ્ર દેશભરમાં તેમની પ્રચંડ લોકપ્રિયતા ઊભી થઇ હતી.

✓ ગુજરાતમાં પણ તેમના સેંકડો અનુયાયીઓ હતા.

✓ નેતા તરીકે ટિળકનું માનવું હતું કે નેતાએ કયારેય સભાઓમાં સમયસર ન જવું જોઈએ કારણકે લોકો નેતાઓને જેટલું માન આપે છે તેટલું કોઈને પણ આપતા નથી.

✓ 1914માં હોમરુલ લીગની સ્થાપના કરનારા આ ઝુઝારું નેતા લોકમાન્ય ટીળકનું 1920માં અવસાન થયું હતું.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (23-07-2021)

1. જૂલાઇ 2021માં કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા અસાધ્ય બીમારીની સારવારના હેતુથી સ્વૈચ્છિક લોકફાળા માટે કઇ નીતિને મંજૂરી અપાઇ - **રાષ્ટ્રીય નીતિ 2021**
2. નવી રાષ્ટ્રીય નીતિ 2021 મુજબ દુર્લભ રોગની વન ટાઇમ ટ્રીટમેન્ટ માટે કેન્દ્ર સરકાર કેટલા રૂપિયા સુધીની સહાય કરશે - **રૂ. 20 લાખ**
3. DRDO દ્વારા તા. 23 જૂલાઇ 2021ના રોજ કઇ મિસાઇલની નવી આવૃતિનું સફળ પરીક્ષણ કરાયું - **આકાશ-NG**
4. તાજેતરમાં પરિક્ષણ કરાયેલી આકાશ-NG મિસાઇલની રેન્જ અને પ્રકાર જણાવો - **30 કિલોમીટર તથા જમીનથી હવામાં પ્રહાર**
5. આકાશ-NG મિસાઇલમાં NGનો અર્થ જણાવો – **ન્યૂ જનરેશન**
6. આકાશ મિસાઇલનું પ્રથમ પરીક્ષણ ક્યા વર્ષે કરાયું હતુ - **વર્ષ 2009**
7. પેટ્રોલમાં ઇથેનોલ મિશ્રિત કરવાથી કયા વાયુઓનું ઉત્સર્જન ઘટે છે - **કાર્બન ડાયોક્સાઇડ અને હાઇડ્રો કાર્બન**

**ટોક્યો-ઓલિમ્પિક ગેમ્સ-2020ના મહત્વના પ્રશ્નો**

8. ટોક્યો-ઓલિમ્પિક ગેમ્સ-2020નો ક્રમ જણાવો – **32**
9. ટોક્યો-ઓલિમ્પિક ગેમ્સ-2020માં ભાગ લેનારા કુલ દેશો તથા રમતો જણાવો - **205 તથા 33**
10. ટોક્યો-ઓલિમ્પિક ગેમ્સ-2020ની થીમ જણાવો - **"આગળ વધો"**
11. ટોક્યો-ઓલિમ્પિક ગેમ્સ-2020નો પ્રારંભ ક્યારે થયો હતો – **23 જૂલાઇ**
12. ઓલિમ્પિકનો મૂળ MOTO જણાવો - **faster, higher, stronger, together**
13. ટોક્યો-ઓલિમ્પિક ગેમ્સ-2020 ભાગ લેનાર સૌથી વધુ એથ્લેટ અને દેશ જણાવો - **552 તથા જાપાન**
14. ટોક્યો-ઓલિમ્પિક ગેમ્સ-2020ની જ્યોત પ્રગટાવનાર ખેલાડી-દેશનું નામ જણાવો - **ટેનિસ ખેલાડી નાઓમી ઓસાકા તથા જાપાન**
15. ટોક્યો-ઓલિમ્પિક ગેમ્સ-2020 કોના દ્વારા ખુલ્લો મૂકાયો - **જાપાનના રાજા સમ્રાટ નારુહીતો**
16. જાપાનના વર્તમાન વડાપ્રધાનનું નામ જણાવો - **શ્રીયુત સૂગા**
17. ઇન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટી (IOC)ના વર્તમાન પ્રમુખનું નામ જણાવો - **થોમસ બાચ**
18. ટોક્યો-ઓલિમ્પિક ગેમ્સ-2020ની ઓપનિંગ સેરેમનીમાં જાપાનીઝ આલ્ફાબેટ્સ મુજબ માર્ચ પાસ્ટમાં ભારતનો ક્રમ જણાવો - **21**
19. ટોક્યો-ઓલિમ્પિક ગેમ્સ-2020નો સમાપન સમારોહ ક્યારે યોજાશે – **8 ઓગસ્ટ-2021**
20. ટોક્યો-ઓલિમ્પિક ગેમ્સ-2020 ઓપનિંગ સેરેમનીમાં ભારતીય ધ્વજવાહક જણાવો - **હોકી કેપ્ટન મનપ્રીતસિંહ અને મહિલા બોક્સર એમ.સી. મેરિકોમ**
21. કઇ રમત સાથે ટોક્યો-ઓલિમ્પિક ગેમ્સ-2020 ભારતના અભિયાનનો પ્રારંભ થયો - **આર્ચરી**
22. ભારતીય ઓલિમ્પિક એસોસિયેશન (IOC)ના વર્તમાન પ્રમુખનું નામ જણાવો - **નરેન્દ્ર બત્રા**
23. UNના ટ્રેડ ફેસિલિટેશન રેન્કિંગ 2021 મુજબ વેપાર કરવાની સરળતા મામલે ભારતને કેટલા અંક –પોઈન્ટ અપાયા – **90.32**
24. UNના ટ્રેડ ફેસિલિટેશન રેન્કિંગ 2019માં વેપાર કરવાની સરળતા મામલે ભારતને કેટલા અંક –પોઈન્ટ મળ્યા હતા – **78.49**
25. વેપાર કરવામાં પારદર્શકતા મામલે વર્ષ 2019માં ભારતનો સ્કોર 93.33 ટકા હતો તે વધીને વર્ષ 2021માં કેટલા કેટલા ટકા નોંધાયો - **100**
26. UN-ESCAP એજન્સી દ્વારા દર બે વર્ષે કયા મુદ્દે વૈશ્વિક સર્વેક્ષણ હાથ ધરવામાં આવે છે - **ડિજિટલ અને સસ્ટેનેબલ ટ્રેડ ફેસિલિટેશન વેપારની સુગમતા**
27. UNના ટ્રેડ ફેસિલિટેશન રેન્કિંગ 2021 સર્વેક્ષણમાં કુલ કેટલા દેશોનો સમાવેશ કરાયો હતો - **143**
28. વિશ્વ વેપાર સંગઠનના ટ્રેડ ફેસિલિટેશન એગ્રીમેન્ટમાં કુલ કેટલા માપદંડોની મુલવણી કરાઇ હતી - **58 માપદંડ**
29. ભારતમાં રેડિયો પ્રસારણ સેવાનો પ્રારંભ ક્યારે થયો હતો જેને "રાષ્ટ્રીય પ્રસારણ દિવસ"તરીકે ઓળખાય છે - **23 જુલાઈ 1927**
30. લોકમાન્ય ટિળકનો જન્મદિવસ જણાવો - **23 જુલાઈ 1856**
31. "સ્વરાજ મારો જન્મસિદ્ધ અધિકાર છે અને તે હું મેળવીને જ જંપીશ" આઝાદીની ચળવળમાં આ સૂત્ર કોના દ્વારા અપાયું હતું - **લોકમાન્ય ટિળક**
32. કેસરી અને મરાઠા જેવા સામયિકોનું મુખ્યત્વે કોણ ચલાવતું હતું - **લોકમાન્ય ટિળક**
33. મહારાષ્ટ્રમાં "ગણપતિ ઉત્સવ" અને "શિવાજી જયંતિ" જેવા ઉત્સવ ઉજવવાનો પ્રારંભ કોના દ્વારા કરાયો-**લોકમાન્ય ટિળક**

**DATE : 24-07-2021**

**1. RBI : લોન માટે નવા નિયમો (આર્થિક)**

**રૂપિયા પાંચ કરોડથી વધુની લોન બોર્ડની મંજૂરી વિના આપી જ નહીં શકાય**



**મહત્વના નિર્ણય :**

- ✓ બૅન્કના ડિરેક્ટર્સ દ્વારા મંજૂર કરવામાં આવતી લોનની **મર્યાદા રૂ. 5 લાખથી વધારીને રૂ. 5 કરોડની કરાઇ**
- ✓ રૂ. 5 કરોડથી વધુના મૂલ્યની કોઇ પણ લોન મેનેજમેન્ટ કમિટી કે પછી બોર્ડ ઓફ ડિરેક્ટર્સની આગોતરી મંજૂરી વિના આપી શકાશે જ નહી તેવી જોગવાઈ કરી છે.
- ✓ શિડ્યુલ કોમર્શિયલ બૅન્ક, સ્મોલ ફાઇનાન્સ બૅન્ક તથા લોકલ એરિયાની નાની નાની બૅન્કો માટે નવી જોગવાઇ કરી
- ✓ **ગવર્નર : શક્તિકાન્ત દાસ**
- ✓ **RBI મુખ્ય મથક : મુંબઈ**

**2. ટોક્યો ઓલિમ્પિક 2020 : ભારતીય વેઈટલિફ્ટર મીરાબાઈ ચાનુ પ્રથમ દિવસે 49 કિલોગ્રામ કેટેગરીમાં સિલ્વર મેડલ વિજેતા**




- ✓ **વજન :** 202 કિલો
- ✓ ઓલિમ્પિકના ઇતિહાસમાં વર્ષ 1896 બાદ ભારતે પ્રથમવાર પ્રથમ દિવસે મેડલ જીત્યો
- ✓ **ગોલ્ડ વિજેતા :** ઝિ હુઇહુએ (210 કિલોગ્રામ)

**26 વર્ષીય ચાનુનો પરિચય :**

- ✓ **જન્મ :** વર્ષ 1996
- ✓ **ગામ :** નોંગથોંગ કાકસિંગ, ઈમ્ફાલ (મણિપુર)
- ✓ ઈનામ : ચાનુને રૂ. 1.90 કરોડનું રોકડ ઈનામ
- ✓ ટોક્યો ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ જીતનારી ભારતીય વેઈટલિફ્ટર મીરાબાઈ ચાનુને કુલ મળીને 1.90 કરોડ જેટલું રોકડ ઈનામ મળશે.
- ✓ મણીપુર સરકારે ટોક્યો ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ લાવનારને માટે એક કરોડનું રોકડ ઈનામ જાહેર કર્યું છે.
- ✓ કેન્દ્ર સરકારની માર્ચ, 2020ની પોલિસી અનુસાર ઓલિમ્પિક સિલ્વર મેડાલીસ્ટને રૂ.50 લાખ અપાશે. જ્યારે ભારતીય ઓલિમ્પિક સંઘે ઓલિમ્પિકના સિલ્વર મેડાલીસ્ટને રૂ. 40 લાખ આપવાનું નક્કી કર્યું છે.

**3. ગ્લોબલ વોર્મિંગ : ગ્રીસની રાજધાની એથેન્સ મુખ્ય તાપ અધિકારી તહેનાત કરનારું વિશ્વનું બીજું શહેર**

- ✓ ચીફ હિટ ઓફિસર તહેનાત કરનાર વિશ્વનું પ્રથમ શહેર મિયામી ડેડ-USA

**ચીફ હીટ ઓફિસરની કામગીરી :**

- ✓ ચીફ હિટ ઓફિસર એથેન્સને લૂ તથા ખરાબ હવામાનથી બચાવવાના ઉપાય શોધશે.
- ✓ તેઓ શહેરને ઠંડુ રાખવા મકાનોમાં એસી જેવા ઉપાય નહીં કરે. તેનું કારણ એ છે કે એસી જેવા યંત્ર કૃત્રિમ ઊર્જાથી ચાલે છે અને ક્લાઇમેટ ચેન્જનુ સંકટ વધારે છે.
- ✓ તેમના બદલે ફૂલ-છોડ વાવીને, ખેતીને પ્રોત્સાહન આપીને શહેરને ઠંડુ રખાશે.
- ✓ રસ્તા મકાનોની ડિઝાઇન સુધારાશે. તેમના નિર્માણમાં વાતાવરણમાં તાપમાન વધારતી સામગ્રીનો ઉપયોગ નહીં થાય એથેન્સમાં ખરાબ હવામાન અંગે માહિતી આપતી એપનો પહેલેથી ઉપયોગ કરાય છે.

**ક્લાઈમેટ ચેન્જ અસરો**

- ✓ ક્લાઇમેટ ચેન્જની એથેન્સના લોકોના જીવન, અર્થતંત્ર પર ખરાબ અસર પડે છે. તાપમાન વધી જાય તો પર્યટકો નથી આવતા અને પર્યટકો જ અર્થતંત્રનો આધાર છે.
- ✓ આપણે દાયકાઓથી ગ્લોબલ વોર્મિંગની વાતો કરી રહ્યા છીએ પણ આપણે ગરમી સાથે બહેતર જીવન જીવવા અંગે વાત ન કરી.

**4. દિન વિશેષ : 24 જુલાઇ 161મો ઇન્કમ ટેક્સ ડે**

**આવકવેરાની વર્તમાન સ્થિતિ :**

- ✓ કેન્દ્રીય પ્રત્યક્ષ કર (સીબીડીટી) બોર્ડ મુજબ વર્ષ 2018-19માં દેશમાં માત્ર 1.46 કરોડ લોકોએ આવકવેરો ચૂકવ્યો હતો એટલે કે 130 કરોડની વસતીવાળા દેશમાં બે ટકા લોકો પણ આવકવેરો ચૂકવતા નથી
- ✓ વિદેશ પ્રવાસ કરનારા, મોંઘી પ્રોપર્ટી ખરીદનારાની સંખ્યા દેશમાં સતત વધી રહી છે.
- ✓ સમયસર કર ચૂકવનારા પ્રમાણિક કરદાતાઓનું સન્માન થવું જોઈએ. તેમણે ઇન્કમ ટેક્સમાં વિવિધ સુધારા માટે આવકવેરા વિભાગની પ્રશંસા કરી
- ✓ આઝાદીના 74 વર્ષે પણ દેશની પ્રત્યક્ષ આવકમાં 98 ટકા લોકોનું યોગદાન નથી, વિકસિત દેશોમાં 50 ટકા લોકો ટેક્સ આપે છે
- ✓ **નાણા મંત્રી : નિર્મલા સીતારામન**

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (24-07-2021)

1. જૂલાઈ-2021ના RBIના નવા નિયમ મુજબ બૅન્કના ડિરેક્ટર્સ દ્વારા મંજૂર કરવામાં આવતી લોનની મર્યાદા રૂ. 5 લાખથી વધારીને કેટલી કરાઈ - **રૂ. 5 કરોડ**
2. જૂલાઈ-2021ના RBIના નવા નિયમ મુજબ કેટલા કરોડથી વધુના મૂલ્યની કોઇ પણ લોન મેનેજમેન્ટ કમિટી કે પછી બોર્ડ ઓફ ડિરેક્ટર્સની આગોતરી મંજૂરી વિના આપી શકાશે જ નહી - **રૂ. 5 કરોડ**
3. RBIની રૂ. 5 કરોડથી વધુ લોનની નવી જોગવાઈ કઇ બેંકોને લાગૂ પડશે - **શિડ્યુલ કોમર્શિયલ બૅન્ક, સ્મોલ ફાઇનાન્સ બૅન્ક તથા લોકલ એરિયાની નાની નાની બૅન્કો**
4. ટોક્યો ઓલિમ્પિક 2020ના પ્રથમ દિવસે સિલ્વર મેડલ વિજેતા ભારતીય ખેલાડી અને રમત - **મીરાબાઇ ચાનુ તથા વેઈટલિફ્ટર**

5. ટોક્યો ઓલિમ્પિક 2020માં સિલ્વર મેડલ વિજેતા ભારતીય ખેલાડી મીરાબાઈ ચાનુએ કેટલા કિલોગ્રામ કેટેગરીમાં વિજેતા બન્યા - **49**
6. જૂલાઈ-2021માં મુખ્ય તાપ અધિકારીની નિમણૂંક કરનાર વિશ્વનું બીજું શહેર – **એથેન્સ (ગ્રીસ)**
7. ચીફ હિટ ઓફિસર તહેનાત કરનાર વિશ્વનું પ્રથમ શહેર જણાવો - **મિયામી ડેડ (USA)**
8. ચીફ હીટ ઓફિસરની મુખ્ય કામગીરી જણાવો - **લૂ તથા ખરાબ હવામાનથી બચાવવાના ઉપાય શોધવો**
9. 24 જુલાઈ 2021ના રોજ કેટલામો ઇન્કમ ટેક્સ ડે ઉજવાયો - **161**
10. કેન્દ્રીય પ્રત્યક્ષ કર (સીબીડીટી) બોર્ડ મુજબ વર્ષ 2018-19માં દેશમાં 130 કરોડમાંથી માત્ર કેટલા કરોડ લોકોએ આવકવેરો ચૂકવ્યો હતો - **1.46 કરોડ (અંદાજે 2 ટકાથી ઓછા)**
11. CBDTના જુલાઈ 2021ના અહેવાલ મુજબ આઝાદીના 74 વર્ષે પણ દેશની પ્રત્યક્ષ આવકમાં 98 ટકા લોકોનું યોગદાન નથી, વિકસિત દેશોમાં કેટલા ટકા લોકો ટેક્સ ચૂકવે છે - **50**
12. ભારતના વર્તમાન નાણા મંત્રીનું નામ જણાવો - **નિર્મલા સીતારામન**

DATE : 25-07-2021

## 1. યુનેસ્કો : તેલંગણાના રામપ્પા મંદિરનો "વર્લ્ડ હેરિટેજ" યાદીમાં સમાવેશ (વૈશ્વિક વારસો)

- ✓ ભારતમાં હવે તા.25 જુલાઈ-2021ની સ્થિતિએ કુલ 39 સ્થળ વિશ્વ વારસામાં સામેલ
- ✓ સાઉદી અરબ અને યુરોપના પાંચ સ્થળોનો સમાવેશ



**રામપ્પા મંદિર વિશે :**

- ✓ તેલંગાણાના મુલુગુ જિલ્લામાં આવેલા 13મી સદીમાં નિર્માણ પામેલા રૂદ્રેશ્વર-રામપ્પા મંદિરનો વર્લ્ડ હેરિટેજ યાદીમાં સમાવેશ.
- ✓ આ મંદિર કાકટિયા રાજવંશકાળની સ્થાપત્યકલાનો નમૂનો છે. મંદિરના શિલ્પી રામપ્પાના નામે મંદિર ઓળખાતું રહ્યું છે.

**વિશ્વના અન્ય પાંચ સ્થળોનો પણ સમાવેશ :**

- ✓ યુનેસ્કોએ સાઉદી અરબ અને યુરોપના પાંચ સાંસ્કૃતિક વારસાના સ્થાનોનો પણ વર્લ્ડ હેરિટેજ યાદીમાં સમાવેશ કર્યો.
- ✓ જેમાં દક્ષિણ પશ્ચિમ સાઉદી અરબના પહાડી વિસ્તારમાં આવેલા હિમા સાંસ્કૃતિક કેન્દ્રને વર્લ્ડ હેરિટેજમાં સ્થાન આપવામાં આવ્યું.
- ✓ 17મી સદીમાં તૈયાર થયેલા ફ્રાન્સના કોરડૌન લાઇટહાઉસનો પણ યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ લાઇટહાઉસ એટલાન્ટિસ સાગરકાંઠે છે.
- ✓ યાદીમાં ટ્રાન્સ-નેશનલ સાઇટ–ધ ગ્રેટ સ્પા ટાઉન ઓફ યુરોપનો પણ સમાવેશ થાય છે. તેમાં સાત યુરોપીય દેશોના 11 શહેરોનો સમાવેશ થાય છે.
- ✓ તે સાત દેશોમાં ઓસ્ટ્રિયા, બેલ્જિયમ, ચેક ગણરજ્ય, ફ્રાન્સ, જર્મની, ઇટાલી અને બ્રિટનનો સમાવેશ થાય છે.
- ✓ ઉપરાંત પશ્ચિમ -મધ્ય જર્મનીમાં આવેલી ડાર્મસ્ટેડ આર્ટિસ્ટ કોલોનીનો પણ તેમાં સમાવેશ થાય છે.
- ✓ ગુજરાતમાં આવેલા હડપ્પા સંસ્કૃતિનું પ્રાચીન નગર અને પુરાતત્ત્વ સ્થાન ધોળાવીરાને પણ યાદીમાં સમાવેશ કરવા વિચારણા થઇ શકે છે.

**વિશ્વ ધરોહર સમિતિના 44માં સેશન અંગે :**

- ✓ ચીનમાં યુનેસ્કો વિશ્વ ધરોહર સમિતિના 44મા સેશનમાં નોર્વે સિવાયના 22 સભ્યોએ તેને વારસા સ્થળ તરીકે અંકિત કર્યું.

## તા.25 જુલાઈ-2021ની સ્થિતિએ વિશ્વ વારસામાં સામેલ ભારતના 39 સ્થળની યાદી

| ક્રમ | નામ | રાજ્ય |
|---|---|---|
| 1 | Ajanta Caves | Maharashtra |
| 2 | Ellora Caves | Maharashtra |
| 3 | Agra Fort | Uttar Pradesh, India |
| 4 | Taj Mahal | Agra, Uttar Pradesh |
| 5 | Sun Temple, Konârak | Puri District, Odisha |
| 6 | Group of Monuments at Mahabalipuram | Mahabalipuram, Tamil Nadu |
| 7 | Kaziranga National Park | Assam |
| 8 | Manas Wildlife Sanctuary | Assam |
| 9 | Keoladeo National Park | Rajasthan |
| 10 | Churches and Convents of Goa | Velha Goa (Old Goa), Goa |
| 11 | Khajuraho Group of Monuments | Madhya Pradesh |
| 12 | Group of Monuments at Hampi | Vijayanagara district, Karnataka |
| 13 | Fatehpur Sikri | Uttar Pradesh |
| 14 | Group of Monuments at Pattadakal | Bagalkot District, Karnataka |
| 15 | Elephanta Caves | Maharashtra |
| 16 | Great Living Chola Temples | Brihadeeswarar temple, Gangaikonda Cholapuram, Tamil Nadu |
| 16<br>17 | Great Living Chola Temples<br>Sundarbans | Airavateshwarar Temple, Darasuram, Tamil Nadu |

| ક્રમ | નામ | રાજ્ય |
| --- | --- | --- |
| | National Park | Brihadeeswarar Temple, Thanjavur, Tamil Nadu |
| | | West Bengal |
| 18 | Nanda Devi and Valley of Flowers National Parks | Uttarakhand |
| 19 | Buddhist Monuments at Sanchi | Madhya Pradesh |
| 20 | Humayun's Tomb, Delhi | Delhi |
| 21 | Qutb Minar and its Monuments, Delhi | Delhi |
| 22 | Mountain Railways of India | Darjeeling Himalayan Railway (1999), Darjeeling, West Bengal, India |
| 22<br>23 | Mountain Railways of India<br>Mahabodhi Temple Complex at Bodh Gaya | Nilgiri Mountain Railway (2005) Ooty, Tamil Nadu, India |
| | | Kalka-Shimla Railway, Himachal Pradesh (2008) India |
| | | Bihar |
| 24 | Rock Shelters of Bhimbetka | Madhya Pradesh |
| 25 | Chhatrapati Shivaji Terminus (formerly Victoria Terminus) | Maharashtra |
| 26 | Champaner-Pavagadh Archaeological Park | Gujarat |
| 27 | Red Fort Complex | Delhi |
| 28 | The Jantar Mantar, Jaipur | Jaipur, Rajasthan |
| 29 | Western Ghats | Agasthyamalai Sub-Cluster (Kerala) |
| 29<br>30 | Western Ghats<br>Hill Forts of Rajasthan | Periyar Sub-Cluster (Kerala) |
| | | Anamalai Sub-Cluster (Kerala) |
| | | Nilgiri Sub-Cluster (Tamil Nadu) |
| | | Talakaveri Sub-Cluster (Karnataka) |
| | | Kudremukh Sub-Cluster (Karnataka) |
| | | Sahyadri Sub-Cluster (Maharashtra) |
| | | Chittorgarh |
| 30<br>31 | Hill Forts of Rajasthan<br>Rani ki vav (The Queen's Stepwell) | Kumbhalgarh |
| | | Ranthambhore |
| | | Amber Sub-Cluster |
| | | Jaisalmer |
| | | Gagron |
| | | Patan, Gujarat |
| 32 | Great Himalayan National Park | Himachal Pradesh |
| 33 | Archaeological Site of Nalanda Mahavihara at Nalanda, Bihar | Bihar |
| 34 | Khangchendzonga National Park | Sikkim |
| 35 | The Architectural Work of Le Corbusier | Chandigarh |
| 36 | Historic City of Ahmadabad | Ahmedabad, Gujarat |
| 37 | The Victorian and Art Deco Ensemble of Mumbai | Maharashtra |
| 38 | Jaipur | Jaipur, Rajasthan |
| 39 | Kakatiya Rudreshwara (Ramappa) Temple | Telangana |

## 2. રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદના ચાર વર્ષ પૂર્ણ

**કાર્યકાળ : 25મી જુલાઇ 2017થી**

✓ કાર્યકાળ દરમિયાન રાષ્ટ્રપતિએ કેન્દ્ર તેમજ રાજ્ય સરકારોના 63 બિલોને મંજૂરી આપી હતી. તેઓએ 25મી જુલાઇ 2017ના પદ સંભાળ્યું હતું. રાષ્ટ્રપતિ ભવન દ્વારા જારી માહિતી અનુસાર રાષ્ટ્રપતિ પદ સંભાળ્યાને ચાર વર્ષ પૂર્ણ થતા ઇ-બુક પણ લોંચ કરવામાં આવી હતી.




- ✓ ઇ-બુક મુજબ કોવિંદે 13 રાજ્યો અને બે કેન્દ્ર શાસિત પ્રદેશોની મુલાકાત લીધી છે.
- ✓ રાષ્ટ્રપતિ કોવિંદે કેંદ્ર સરકારના 43 જ્યારે રાજ્ય સરકારના 20 બિલોને મંજૂરી આપી હતી.
- ✓ તેઓએ આ દરમિયાન સ્વતંત્રતા દિવસ પર એટ હોમ સમારોહ પણ કર્યા, ટ્રેન્ડ નર્સ અસોસિએશન ઓફ ઇંડિયા, મિલિટ્રી નર્સિંગ સર્વિસ અને પ્રેસિડેંટ્સ એસ્ટેટ ક્લિનિકની નર્સો સાથે રક્ષાબંધન પણ ઉજવી હતી.

## 3. 'મન કી બાત' : PM મોદી દ્વારા 'મન કી બાત'ની 79મી આવૃત્તિ રજૂ કરાઇ

### PM મોદીના 'મન કી બાત'ની 79મી આવૃત્તિના મુખ્ય અંશો :

- ✓ દેશ આઝાદીના 75મા વર્ષમાં પ્રવેશી રહ્યો છે ત્યારે દેશની જનતાને **નેશન ફર્સ્ટ, ઓલ્વેઝ ફર્સ્ટ (દેશ પહેલા, હંમેશાં પહેલા)નો મંત્ર** અપનાવવા હિમાયત.
- ✓ જે રીતે મહાત્મા ગાંધીએ ભારત છોડો આંદોલનનું નેતૃત્વ કર્યું તેવી જ રીતે દેશના દરેક નાગરિકે ભારત જોડો આંદોલનનું નેતૃત્વ કરવું જોઇએ. 15મી ઓગસ્ટે દેશ આઝાદીના 75મા વર્ષમાં પ્રવેશ કરશે.
- ✓ સમગ્ર દેશમાં આખું વર્ષ અમૃત મહોત્સવની ઉજવણી કરાશે. દેશે એકજૂથ થઇને રાષ્ટ્રીય પ્રગતિ માટે કામ કરવાની જરૂર છે.
- ✓ પીએમ મોદીએ જણાવ્યું હતું કે, જે આઝાદી માટે દેશ સદીઓથી રાહ જોતો હતો તેના 75 વર્ષ થવાના આપણે સાક્ષી બની રહ્યાં છીએ.
- ✓ 12 માર્ચ-2021ના રોજ ગાંધીબાપુના સાબરમતી આશ્રમથી અમૃત મહોત્સવની શરૂઆત કરી હતી. તે જ દિવસથી દેશમાં બાપુની દાંડી યાત્રાને પુનઃર્જીવિત કરાઇ હતી. ત્યારથી જમ્મુ-કાશ્મીરથી પોંડિચેરી અને ગુજરાતથી ઉત્તરપૂર્વ ભારતના રાજ્યોસુધી અમૃત મહોત્સવના કાર્યક્રમ ચાલી રહ્યાં છે.
- ✓ અમૃત મહોત્સવની ઉજવણી દરમિયાન મહત્તમ ભારતીયો એકસાથે મળીને રાષ્ટ્રગીત ગાય તે માટે પ્રયાસ કર્યો છે. આ માટે વેબસાઇટ rashtragan.in ની રચના કરાઇ છે.
- ✓ નાગરિકો તેની મદદથી રાષ્ટ્રગીત ગાઇ અને રેકોર્ડ કરી શકે છે. આગામી દિવસોમાં આ પ્રકારના ઘણા અભિયાન ચલાવાશે.
- ✓ દેશમાંથી કોરોનાનો વાઇરસ હજુ ગયો નથી. આગામી તહેવારોમાં જનતા કોરોના પ્રોટોકોલનું પાલન કરે તે જરૂરી છે.

### ટોક્યો ઓલિમ્પિકમાં ભાગ લઇ રહેલા ભારતીય ખેલાડીઓને ઉત્સાહિત કરવા પીએમ મોદીની અપીલ

- ✓ ટોક્યો ઓલિમ્પિકમાં ભાગ લઇ રહેલા ભારતીય ખેલાડીઓએ સંખ્યાબંધ પડકારોનો સામનો કર્યો છે અને તેમને તમારા સમર્થન અને પ્રેમની જરૂર.
- ✓ આખા દેશે આગળ આવીને તેમને હિંમત આપવી જોઇએ. આવો આપણે એકસાથે મળીને શુભેચ્છા પાઠવીએ અને હિંમત આપીએ. આ માટે સરકાર દ્વારા સોશિયલ મીડિયા પર વિક્ટરી પંચ કેમ્પેનનો પ્રારંભ કરાયો છે.

### પીએમ મોદી @ મન કી બાત

- ✓ 26 જુલાઇ કારગિલ દિવસ છે, કારગિલની રોમાંચક વાતો વાંચો. આવો કારગિલના બહાદુરોને સલામ કરીએ
- ✓ નેશનલ હેન્ડલૂમ દિવસ આવી રહ્યો છે, ફરી એકવાર હેન્ડલૂમને આપણા જીવનોમાં સામેલ કરીએ
- ✓ ભારત જોડો આંદોલનમાં યોગદાન માટે દેશના નાગરિકો ખાદી ખરીદે, વોકલ ફોર લોકલનો નારો દોહરાવ્યો
- ✓ એકબીજાના દેશના લોકો વચ્ચે સ્થપાઇ રહેલો સંપર્ક ભારતને વિદેશોની વધુ નજીક લાવી રહ્યો છે
- ✓ મણિપુર અને ત્રિપુરામાં કૃષિ ક્ષેત્રે પ્રેરણાદાયક કામગીરી થઇ રહી છે, મણિપુરમાં સફરજનનું વાવેતર વધ્યું
- ✓ મન કી બાત માટે સૂચનો મોકલનારા લોકોમાં 75 ટકા 35 વર્ષથી નાના યુવાનો
- ✓ કોરોના મહામારી બાદ ત્રિપુરા ખાતે બોરના વાવેતરમાં વધારો, ખેડૂતો બોરની ખેતી દ્વારા વધુ કમાણી કરી રહ્યાં છે
- ✓ **મન કી બાત : દર માસનો અંતિમ રવિવાર**
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 4. જન્મ દિન વિશેષ : 25 જૂલાઇ

### ગુજરાતના લ્યૂથર કિંગ અને પત્રકાર : કરસનદાસ મૂળજી

**જન્મ : 25 જુલાઇ-1832**

**અવસાન : 28 ઓગસ્ટ-1871**

- ✓ "ખીંચો ન કમાનો કો ન તલવાર ચલાઓ, જબ તોપ મુકાબીલ હો તબ અખબાર નીકાલો" પ્રસ્તુત કાવ્યપંકિત ગુજરાતી પત્રકારત્વમાં સિદ્ધ કરનાર કરસનદાસ મૂળજીનો આજે જન્મદિવસ.



કરસનદાસ મૂળજી (૧૮૩૨-૧૮૭૧)

- ✓ મુંબઇમાં જન્મેલા કરસનદાસે શિક્ષણ પણ મુંબઇમાં જ લીધું હતું.
- ✓ આ મહામાનવનું સ્મરણ ખાસ કરીને **1862માં થયેલા મહારાજ લાયબલ કેસ** માટે થાય છે.
- ✓ 1855માં 'સત્યપ્રકાશ' નામનું સામયિક શરૂ કર્યું અને નામ પ્રમાણે પત્રકારત્વ ખેડ્યું. તત્કાલીન વૈષ્ણવ સંપ્રદાયમાં ચાલતી કુરીતિઓ સામે રીતસર અહાલેક જગાવી.
- ✓ તે મુદ્દે મુંબઇ હાઇકોર્ટમાં કેસ ચાલ્યો અને ધાર્મિક સત્તા સામે 30 વર્ષના યુવાનની તર્કબુદ્ધિવાદી અભિગમનો જ્વલંત વિજય થયો.
- ✓ મહારાજ લાયબલ કેસ સમગ્ર પશ્ચિમ ભારતમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો અને કરસનદાસ ગુજરાતના અગ્રણી સુધારક તરીકે પ્રસ્થાપિત થયા હતા.
- ✓ 1862માં ઇંગ્લેન્ડનો પ્રવાસ ખેડીને સ્વાનુભવને આધારે "ઇંગ્લેન્ડમાં પ્રવાસ" નામનું પ્રવાસ વર્ણન લખ્યું. જેનો મરાઠીમાં પણ અનુવાદ થયો છે.

- ✓ કરસનદાસે 'નીતિ સંગ્રહ' અને 'સંસાર સુખ' નામના પુસ્તકો પણ લખ્યાં છે.
- ✓ બહુશ્રુતતા, સૂક્ષ્મ અવલોકનશક્તિ અને વિગતવાર વિવરણ એ તેમના લેખનનો વિષય.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**............જય હિન્દ............**

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (25-07-2021)

1. જુલાઈ-2021માં યુનેસ્કો વિશ્વ ધરોહર સમિતિનું 44મું સત્ર ક્યાં યોજાયું - **ચીન**
2. વિશ્વ ધરોહર સમિતિ દ્વારા તા.25 જુલાઈ-2021એ ભારતના ક્યા મંદિરને "વર્લ્ડ હેરિટેજ" યાદીમાં સમાવાયુ - **રામપ્પા મંદિર**
3. 13મી સદીમાં નિર્માણ પામેલા રૂદ્રેશ્વર-રામપ્પા મંદિર ક્યાં આવેલું છે – **તેલંગણા**
4. જુલાઈ-2021માં યુનેસ્કો વિશ્વ ધરોહર સમિતિના 44માં સત્રમાં સાઉદી અરબ અને યુરોપના કેટલા સ્થળોનો "વર્લ્ડ હેરિટેજ" યાદીમાં સમાવેશ કરાયો - **5**
5. રૂદ્રેશ્વર-રામપ્પા મંદિર કયા રાજવંશકાળની સ્થાપત્યકલાનો નમૂનો છે અને તેના શિલ્પીનું નામ જણાવો – **કાકટિયા તથા રામપ્પા**
6. ભારતમાં તા.25 જુલાઈ-2021ની સ્થિતિએ કુલ કેટલા સ્થળને વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સામેલ કરાયા છે - **39**
7. તા. 25 જુલાઇ 2021ના રોજ વર્તમાન રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદના કાર્યકાળના કેટલા વર્ષ પૂર્ણ થયા - **ચાર**
8. શ્રી રામનાથ કોવિંદે રાષ્ટ્રપતિ તરીકે ક્યારે શપથ લીધા હતા - **25 જુલાઇ 2017**
9. જૂલાઈ-2021ના છેલ્લાં રવિવારે વડાપ્રધાન મોદી દ્વારા 'મન કી બાત'ની કેટલામી આવૃત્તિ રજૂ કરાઇ - **79**
10. જૂલાઈ-2021માં યોજાયેલી 'મન કી બાત'માં વડાપ્રધાન શ્રી મોદીએ દેશ આઝાદીના 75 વર્ષ નિમિતે કયો મંત્ર આપ્યો - **નેશન ફર્સ્ટ, ઓલ્વેઝ ફર્સ્ટ (દેશ પહેલા, હંમેશાં પહેલા)**
11. અમૃત મહોત્સવની ઉજવણી દરમિયાન મહત્તમ ભારતીયો એકસાથે મળીને રાષ્ટ્રગીત ગાય તે માટે કઈ વેબસાઇટની રચના કરાઇ - **rashtragan.in**
12. ટોક્યો ઓલિમ્પિકમાં ભાગ લઈ રહેલા ભારતીય ખેલાડીઓને ઉત્સાહિત કરવા સોશિયલ મીડિયા પર કયા કેમ્પેનનો પ્રારંભ કરાયો - **વિક્ટરી પંચ**
13. PM મોદી દ્વારા રેડિયો પર મન કી બાત કાર્યક્રમ કયારે યોજવામાં આવે છે - **દર માસના અંતિમ રવિવાર**
14. ગુજરાતના લ્યૂથર કિંગ અને પત્રકાર કરસનદાસ મૂળજીનો જન્મ દિવસ જણાવો - **25 જુલાઈ-1832**
15. ગુજરાતી પત્રકાર કરસનદાસ મૂળજીને વર્ષ 1862માં થયેલી કઈ ઘટના માટે યાદ કરાઈ છે - **મહારાજ લાયબલ કેસ**
16. વર્ષ 1855માં 'સત્યપ્રકાશ' નામનું સામયિક કોણે શરૂ કર્યું હતુ – **કરસનદાસ મૂળજી**

**DATE : 26-07-2021**

## 1. આસામ-મિઝોરમ વચ્ચે સરહદ વિવાદ : બંને રાજ્યો વચ્ચે જમીન વિવાદમાં હિંસક તોફાનો – પોલીસ જવાનોના મૃત્યુ




**સમગ્ર વિવાદ શું છે**

- ✓ મિઝોરમના ઐઝાવલ, કોલાસિબ અને મામિત એમ ત્રણ જિલ્લાની 164.6 કિલોમીટર લાંબી સરહદ આસામના કચાર, હૈલાકાન્ડી અને કરીમગંજ જિલ્લાઓ સાથે વિવાદમાં.

**મિઝોરમ-આસામ વિવાદ વિગતવાર :**

- ✓ મિઝોરમ દ્વારા 30 જૂને કોલાસિબમાં આસામના લોકો અને પોલીસ દ્વારા અતિક્રમણ કરાયાનો આરોપ મુકાયો. બીજી તરફ આસામ દ્વારા હૈલાકાંડી ખાતે મિઝોરમના નાગરિકો દ્વારા 10 કિ.મી સુધી અંદર અતિક્રમણ કરાયાના આરોપ મુકાયા.
- ✓ 10 જુલાઈએ આસામના વિસ્તારમાં અધિકારીઓ સર્વે કરવા આવ્યા હતા ત્યારે આઈઈડી બ્લાસ્ટ કરાયો
- ✓ 11મીએ મિઝોરમની સરહદના વિસ્તારમાં બે બ્લાસ્ટ થયા.
- ✓ 12 જુલાઈએ આસામના CM હિમંત બિસ્વાએ વિધાનસભામાં જણાવ્યું કે, મિઝોરમે આસામની 1800 હેક્ટર જમીન પચાવી પાડી છે.
- ✓ 15 જુલાઈના રોજ ક્ચાર જિલ્લા અદાલતમાં આસામના અધિકારીઓ દ્વારા મિઝોરમના અધિકારીઓ વિરુદ્ધ જમીન અતિક્રમણ કરવા મુદ્દે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.
- ✓ મિઝોરમે સરહદે આવેલા ગુતગુતી ગામમાં પોલીસ માટે કામચલાઉ રસ્તો બનાવવાનું શરૂ કરતાં બંને રાજ્યો વચ્ચે તણાવ વધવા લાગ્યો.
- ✓ 25 જુલાઈના રોજ કેન્દ્રીય ગૃહમંત્રી દ્વારા બંને રાજ્યો તથા નોર્થ ઈસ્ટના રાજ્યોના મુખ્યમંત્રીઓને જમીન વિવાદ ઉકેલવા સમજાવ્યા હતા.
- ✓ મિઝોરમમાં કોંગ્રેસ સમર્થિત સરકાર છે જ્યારે આસામમાં ભાજપની સત્તા છે. મિઝોરમના મુખ્યમંત્રી જોરમથંગાએ ટ્વિટર ઉપર પીએમ મોદી અને ગૃહમંત્રી અમિત શાહને ટેગ કરીને જણાવ્યું હતું કે, આસામના લોકો અને પોલીસ જવાનો દ્વારા મિઝોરમના નાગરિકો અને જવાનો ઉપર હુમલો કરાયો છે. તેમણે પીએમ અને ગૃહમંત્રીને તાકીદે દખલ દેવા અપીલ કરી હતી.
- ✓ અસમના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમાએ ટ્વિટ કર્યું હતું કે, અમારા નાગરિકો અને જવાનો ઉપર હુમલા થતા રહેશે તો આ સ્થિતિમાં કામ કેવી રીતે કરી શકાય, તેમણે પણ કેન્દ્રને દખલ દેવા અપિલ કરી હતી.
- ✓ **આસામ : BJP સરકાર** **મુખ્યમંત્રી : હેમંત બિસ્વા સરમા**
- ✓ **મિઝોરમ : કોંગ્રેસ-મિઝો ફ્રન્ટ સરકાર**
- ✓ **મુખ્યમંત્રી : જોરમથંગા**

## 2. ભારત સરકાર : લોકસભામાં નાણામંત્રી નિર્મલા સીતારામન દ્વારા ઈન્સોલ્વન્સી એન્ડ બેન્ક્રપ્સી કોડ (સુધારા) બિલ 2021 રજૂ કરાયું




✓ ગત વર્ષે રાજ્યસભામાં પસાર

**સુધારા બિલના મુખ્ય હેતુ :**

✓ કોરોના મહામારીના કારણે દેવાદાર થયેલા ઉધોગો કે કંપનીઓને ડિફોલ્ટર જાહેર કરી શકાશે નહીં કે તેમને કોર્ટમાં લઇ જઇ શકાશે નહીં

✓ કંપનીના જૂના મેનેજમેન્ટ દ્વારા કરવામાં આવેલા આર્થિક અપરાધો નવા ખરીદારોને લાગુ થશે નહીં અને પગલાં પણ લેવાશે નહીં

✓ "વેપાર-ઉધોગના લાઇસન્સ, પરમિટ, અન્ય મંજૂરીઓ, લાભ અથવા તો રિન્યૂઅલ પણ અટકાવવામાં આવશે નહીં જેથી તેની વર્તમાન કામગીરી ચાલુ રહે

✓ નક્કી કરેલી સમયમર્યાદામાં સેટલમેન્ટની રકમ પરત કરવાની વ્યવસ્થા ગોઠવાશે જેથી ઉધોગને નુકસાન ન જાય અને બેન્કોનો આર્થિક બોજો પણ ઓછો થાય

✓ બેન્કરપ્સી કોડ હેઠળના પગલાંની લઘુતમ મર્યાદા એક લાખથી વધારીને 1 કરોડ કરવામાં આવી

✓ **અમલ :** એપ્રિલ 2021માં જ કેન્દ્ર દ્વારા વટહુકમ જારી કરીને બિલ લાગૂ કરાયું.

**3. ઓડિશા : વિશેષ સિદ્ધિ**

**જગન્નાથ પુરી દેશનું પ્રથમ શહેર જ્યાં દરેક ઘરના નળમાં 24 કલાક પીવાનું પાણી ઉપલબ્ધ (જળ વ્યવસ્થાપન)**

✓ ઓડિશાનું જગન્નાથપુરી દેશનું એવું પ્રથમ શહેર બન્યુ, જ્યાં દરેક ઘરમાં 24 કલાક પીવાનું શુદ્ધ પાણી ઉપલબ્ધ છે.

✓ શહેરમાં આવનારા દરેક પર્યટક માટે પણ મફત પાણીની વ્યવસ્થા કરાઇ છે. પુરીની અઢી લાખની વસતીમાં 32 હજારથી વધુ નળ કનેક્શન છે.

✓ વાર્ષિક 2 કરોડ યાત્રી અહીં પહોંચે છે. શહેરમાં ઠેર-ઠેર પીવાના પાણીના ફાઉન્ટેન લગાવાયા છે જેથી કોઇ પણ યાત્રીએ પાણીની બોટલ ખરીદવી ન પડે અને લઇને ચાલવું ન પડે. તેનાથી પુરીમાં વાર્ષિક 3 કરોડ પ્લાસ્ટિક બોટલનો ઉપયોગ ઘટશે. એટલે કે 400 મેટ્રિક ટન કચરો ઓછો થશે.

**વિશેષ લીગમાં સામેલ :**

✓ જગન્નાથ પુરી તેની નવી સિદ્ધિ સાથે હવે ન્યુયોર્ક, લંડન, સિંગાપોર, તથા ટોક્યો જેવાં વિશેષ શહેરોની લીગમાં સામેલ.

**સુજળ મિશન :**

✓ માર્ચ, 2022 સુધી કટક, રાઉરકેલા, ખુર્દા જટની, બરહામપુર સહિત 15 અન્ય શહેરોમાં પણ 40 લાખની વસતીને આ સુવિધા ઉપલબ્ધ થશે.

✓ સરકાર સુજળ(નળથી પીવાનું પાણી) મિશન પર 1300 કરોડ રૂપિયા ખર્ચ કરશે.

✓ સરકારે ઓક્ટોબર 2020માં ભુવનેશ્વર તથા પુરીના અમુક વિસ્તારોમાં પાઇલટ પ્રોજેક્ટ તરીકે દરેક ઘરને ઉચ્ચ ગુણવત્તાવાળું પાણી ઉપલબ્ધ કરાવવાનું મિશન શરૂ કર્યું હતું. શરૂઆતની સફળતા બાદ તેને સંપૂર્ણ પૂરીમાં લાગુ કર્યું. સરકારે આ મિશનમાં મહિલાઓના એનજીઓને ભાગીદાર બનાવી હતી.

**પાણી સાથે જોડાયેલો ડેટા ચાર રસ્તે લગાવેલી સ્ક્રીન પર પણ દેખાશે**

✓ પુરીમાં દરરોજની પાણીની માગ 38 એમએલડી છે પણ અહીં 42 એમએલડીની ક્ષમતાવાળો વૉટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ લગાવાયો છે. એક કૉલ સેન્ટર(1,55,359) પણ સ્થાપિત કરાયું છે જે ફક્ત પાણીની ગુણવત્તા તથા તેના પ્રેશરમાં ઘટાડાની ફરિયાદનો નિકાલ લાવશે.

✓ ફરિયાદ મળતાં જ મોબાઇલ વૉટર ટેસ્ટિંગ લેબોરેટરી ઘટનાસ્થળે જઇ પાણીનું ટેસ્ટિંગ કરશે. પાણીને 30 માપદંડ પર તપાસની વ્યવસ્થા કરાઇ છે. શહેરના મુખ્ય ચાર રસ્તાઓ પર પાણીની ગુણવત્તાનો લાઇવ ડેટા સ્ક્રીન પર જોવા મળશે.

✓ **મુખ્યમંત્રી : નવીન પટનાયક રાજ્ધાની : ભુવનેશ્વર**

**4. એલેક્ઝાન્ડર ડેલરિમ્પલ એવોર્ડ**

**વિજેતા: ભારતીય નૌસેનાના વાઇસ એડમિરલ વિનયન**



**5. પુસ્તક વિમોચન : નામ - શિફ્ટિંગ ઓરબિટ્સ: ડિકોડિંગ ધ ટ્રેજેક્ટરી ઑફ ધ ઇંડિયન સ્ટાર્ટ અપ ઇકોસિસ્ટમ**




✓ લેખક : અમિતાભ કાન્ત, CEO-નીતિ આયોગ

**6. ટોક્યો ઓલિમ્પિક 2020:અનોખો રેકોર્ડ**

✓ સ્કેટ બોર્ડિંગ પ્રથમવાર ઓલિમ્પિકમાં સામેલ કરાઇ. જેમાં અનોખો રેકોર્ડ સર્જાયો.

✓ સ્ટ્રીટ સ્કેટ બોર્ડિંગમાં જાપાનની 13 વર્ષની મોમિજી નિશિયાએ ગોલ્ડ અને 13 વર્ષની બ્રાઝિલની રેયસા હિલે સિલ્વર મેડલ જીત્યો.

✓ ત્રીજા સ્થાને જાપાનની ફુના રહી. તે 16 વર્ષની છે.

✓ ત્રણેય મેડલિસ્ટની સરેરાશ ઉંમર 14 વર્ષ 191 દિવસ છે. આ ઓલિમ્પિકના 125 વર્ષના ઇતિહાસમાં સૌથી યુવાન ઇન્ડિવિડ્યુઅલ પોડિયમ રહ્યું.

**7. સિદ્ધિ : ટોક્યો ઓલિમ્પિક 2020માં સિલ્વર મેડલ વિજેતા મીરાબાઇ ચાનુને મણિપુર સરકારમાં આસિસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ (ACP)નું પદ અપાયું**




**8. દિન વિશેષ : 26 જૂલાઇ 22મો કારગિલ વિજય દિવસ**

**: ઓપરેશન વિજય સફળ થયાની ઘોષણા**

- ✓ 26 જુલાઈ 1999ના રોજ ભારતે પાકિસ્તાન સાથેના કારગિલ યુદ્ધમાં 'ઓપરેશન વિજય' સફળ થયાની ઘોષણા કરી હતી.
- ✓ 'ઓપરેશન વિજય' અંતર્ગત ભારતીય સૈનિકોએ ઘૂસણખોર પાકિસ્તાની સૈનિકો પર બહાદૂરીભર્યું આક્રમણ કરીને હાલના કેન્દ્રશાસિત પ્રદેશ લદાખના કારગિલ જિલ્લાની મુસ્કોહ વેલીમાં આવેલા ઝુલૂ ટોપ સ્થળને ફરી પોતાના કબજામાં મેળવી લીધું હતું.




- ✓ કારગિલ યુદ્ધ 60 દિવસો સુધી ચાલ્યું હતું. એ યુદ્ધમાં બંને દેશે સૈનિકોની ખુવારી ભોગવી હતી.
- ✓ ભારત દર વર્ષે આ તારીખે કારગિલ યુદ્ધમાં શહીદ થયેલા દેશના વીર જવાનોને શ્રદ્ધાંજલિ પણ આપે છે.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (26-07-2021)

1. તા. 26 જૂલાઈ-2021ના રોજ ક્યા બે રાજ્યો વચ્ચે સરહદ જમીન વિવાદમાં પોલીસ અને નાગરિકો વચ્ચે હિંસક તોફાનો થયા - **આસામ-મિઝોરમ**
2. આસામ અને મિઝોરમ વચ્ચે ત્રણ જિલ્લાની કેટલા કિલોમીટર લાંબી સરહદ અંગે વિવાદ ચાલી રહ્યો છે - **164.6 કિ.મી.**
3. આસામ અને મિઝોરમ બંને વચ્ચે ક્યા જિલ્લાઓ માટે સરહદ વિવાદ ચાલી રહ્યો છે - **મિઝોરમના ઐઝાવલ, કોલાસિબ અને મામિત તથા આસામના કચાર, હૈલાકાન્ડી અને કરીમગંજ**
4. આસામનો વર્તમાન સત્તાપક્ષ-મુખ્યમંત્રીનું નામ જણાવો – **BJP તથા હેમંત બિસ્વા સરમા**
5. મિઝોરમનો વર્તમાન સત્તાપક્ષ-મુખ્યમંત્રીનું નામ જણાવો - **કોંગ્રેસ-મિઝો ફ્રન્ટ તથા જોરમથંગા**
6. નાણામંત્રી નિર્મલા સીતારામન ચોમાસુ સત્રમાં ઈન્સોલ્વન્સી એન્ડ બેન્ક્રપ્સી કોડ (સુધારા) બિલ 2021 કયા સદનમાં રજૂ કરાયુ – **લોકસભા**
7. બેન્ક્રપ્સી કોડ હેઠળના પગલાંની લઘુતમ મર્યાદા એક લાખથી વધારીને કેટલા કરોડ કરાઈ – **01**
8. ઈન્સોલ્વન્સી એન્ડ બેન્ક્રપ્સી કોડ (સુધારા) બિલ વટહુકમ દ્વારા ભારતમાં ક્યારે લાગૂ કરાયું હતુ - **એપ્રિલ 2021**
9. દરેક ઘરના નળમાં 24 કલાક પીવાનું પાણી ઉપલબ્ધ કરાવનારું દેશનું પ્રથમ શહેર અને તેનું રાજ્યમ જણાવો - **જગન્નાથ પુરી તથા ઓડિશા**
10. ઓડિશા સરકાર દ્વારા ક્યા મિશન અંતર્ગત દરેક ઘરના નળમાં 24 કલાક પીવાનું પાણી ઉપલબ્ધ કરાવાશે - **સુજળ મિશન**
11. ઓડિશાના વર્તમાન મુખ્યમંત્રી અને રાજધાની જણાવો - **નવીન પટનાયક તથા ભુવનેશ્વર**
12. તાજેતરમાં ભારતીય નૌસેનાના વાઇસ એડમિરલ વિનયનને કયુ વૈશ્વિક સન્માન અપાયું - **એલેક્ઝાન્ડર ડેલરિમ્પલ એવોર્ડ**
13. તાજેતરમાં વિમોચન કરાયેલ શિફ્ટિંગ ઓરબિટ્સઃ ડિકોડિંગ ધ ટ્રેજેક્ટરી ઑફ ધ ઇંડિયન સ્ટાર્ટ અપ ઇકોસિસ્ટમ પુસ્તકના લેખક જણાવો - **નીતિ આયોગના CEO અમિતાભ કાન્ત**
14. ટોક્યો ઓલિમ્પિક 2020માં પ્રથમવાર સામેલ કરાયેલી સ્કેટ બોર્ડિંગ રમતમાં જાપાનની માત્ર 13 વર્ષની કઇ ખેલાડીએ ગોલ્ડમેડલ જીતી અનોખો રેકોર્ડ બનાવ્યો - **મોમિજી નિશિયા**
15. ટોક્યો ઓલિમ્પિક 2020માં સિલ્વર મેડલ વિજેતા મીરાબાઇ ચાનુને કઇ રાજ્ય સરકારે આસિસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ (ACP)નું પદ આપ્યું - **મણિપુર**
16. કારગિલ વિજય દિવસ ક્યારે મનાવવામાં આવે છે - **26મી જુલાઇ**
17. તા.26મી જુલાઈ 2021ના રોજ કેટલામો કારગિલ વિજય દિવસ મનાવવામાં આવ્યો - **22મો**
18. ભારતે પાકિસ્તાન સાથેના કારગિલ યુદ્ધમાં 'ઓપરેશન વિજય' સફળ થયાની ઘોષણા ક્યારે કરી હતી - **26 જુલાઈ 1999**
19. કયા ઓપરેશન અંતર્ગત ભારતીય સૈનિકોએ ઘૂસણખોર પાકિસ્તાની સૈનિકો પર બહાદૂરીભર્યું આક્રમણ કર્યુ હતુ - **'ઓપરેશન વિજય'**
20. 'ઓપરેશન વિજય' અંર્તગત ભારતીય સૈનિકોએ પાકિસ્તાની સૈનિકો પર આક્રમણ કરી હાલના કેન્દ્રશાસિત પ્રદેશ લદાખના કારગિલ જિલ્લાના કયા સ્થળ પર કબ્જો મેળવ્યો હતો - **મુસ્કોહ વેલીમાં આવેલા ઝુલૂ ટોપ સ્થળ**
21. કારગિલ યુદ્ધ કેટલા દિવસ ચાલ્યું હતું – **60**

**DATE : 27-07-2021**

**1. યુનેસ્કો : ગુજરાતના હડપ્પાકાળના શહેર ધોળાવીરાનો 'વર્લ્ડ હેરિટેજ સાઇટ'માં સમાવેશ : ધોળાવીરા ભારતની 40મી વૈશ્વિક ધરોહર-વર્લ્ડ હેરિટેજ સાઇટ**




**જુલાઈ 2021ની સ્થિતિએ ગુજરાતની ચાર ઐતિહાસિક વિરાસતને વર્લ્ડ હેરિટેજમાં સ્થાન**

1. **ચાંપાનેરનો કિલ્લો (2004): જિ.પંચમહાલ**
2. **રાણીની વાવ (2014): જિ. પાટણ**
3. **ભારતનું પ્રથમ ઐતિહાસિક શહેર (2017) : અમદાવાદ**
4. **હડપ્પન સિટી-ધોળાવીરા (2021) : વિસ્તાર-ખડીર બેટ, તા. ભચાઉ, જિ. કચ્છ**



**ભારત :**

- ✓ જુલાઈ 2021ની સ્થિતિએ ભારતના કુલ 40 સ્થળોને યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઇટસની યાદીમાં સ્થાન : વર્ષ 2014માં 10ને સ્થાન
- ✓ અગાઉ જુલાઈ 2021માં તેલંગણા રામપ્પા-રૂદ્રેશ્વર મંદિરને વર્લ્ડ હેરિટેજમાં સ્થાન
- ✓ આ મંદિર 13મી સદીમાં બનાવવામાં આવ્યું હતું.
- ✓ **જાહેરાત વર્લ્ડ હેરિટેજ કમિટીના 44મા સત્રમાં જાહેરાત**
- ✓ **સ્થળ : ફૂઝાઉ શહેર, ચીન**

**ધોળાવીરા એટ ગ્લાન્સ : વિસ્તાર - 100 હેક્ટર**

- ✓ ભારત અને પાકિસ્તાનની કચ્છની સરહદે ભચાઉ તાલુકાના ખડીર બેટ વિસ્તારમાં આવેલા ધોળાવીરા નજીકની કોટડા ટીંબા સાઇટ હડપ્પીય સંસ્કૃતિનું પાંચ હજાર વર્ષ જૂનું નગર છે અને આ આર્કિયોલોજિકલ સાઇટ વૈશ્વિક તરીકે હાલમાં પણ અભ્યાસની દ્રષ્ટિએ અતિ મહત્ત્વ ધરાવે છે.
- ✓ યુનેસ્કોના જાહેરાત બાદ ધોળાવીરાનું પુરાત્તવીય રીતે વૈશ્વિક નકશામાં સ્થાન અંકિત થયું.

**ઐતિહાસિક મહત્વ :**

- ✓ 23.8809 ઉત્તર અક્ષાંશ અને 70.2140 પૂર્વ રેખાશં પર આવેલા ધોળાવીરાની સાઇટ પાંચ હજાર વર્ષ જૂની અને પ્રાચીન મહાનગર સંસ્કૃતિનું લુપ્તપ્રાય નગર છે.
- ✓ 1967માં પુરાતત્વ શાસ્ત્રી જગતપતિ જોષીએ ધોળાવીરાની સાઇટની પ્રથમ મુલાકાત લઈને હડપ્પા સંસ્કૃતિ હોવાની વિગતો જાહેર કરી હતી.
- ✓ હડપ્પા, સિંધુ-સરસ્વતી, મોહેં જો દડોની સંસ્કૃતિની સમાનતાઓની વચ્ચે આ નગરમાં અમુક ભિન્નતાઓમાં આખું નગર આર્કિટેકચરનો ખૂબ મોટો વારસો હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. ત્યારથી આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે જિયોલોજિકલ પ્રયોગશાળા બની ગયું છે.

**જે તે વખતે દુનિયાના સૌથી મોટાં શહેરોમાંથી એક હતું ધોળાવીરા, અહીં પહેલાં દરિયો હતો**

- ✓ હાલ જ્યાં રણ છે પણ 5 હજાર વર્ષ પહેલાં ત્યાં દરિયો હતો. અહીં જહાજો પણ આવી શક્યા હતાં. જેના પગલે ધોળાવીરા એક વૈશ્વિક વ્યાપારિક હબ હતું. કારણ કે ધોળાવીરાથી છેક મોસોપોટેમિયા, આરબ-ઇરાન સુધી વેપાર થતો હતો. શંખ, તાંબુ સહિતના ઉદ્યોગો વિકસ્યા હતા.

**ધોળાવીરાની નગરરચના આજની તારીખે પણ મોડર્ન શહેરને ટક્કર મારે**

- ✓ ધોળાવીરા એક આયોજનબદ્ધ શહેર હતું. પાણી સંગ્રહ, પૂરથી બચવાના કાર્યો, સ્ટેડિયમ સહિતના સ્થળો માત્ર ધોળાવીરામાં છે. અન્ય કોઇ હડપ્પન શહેરમાં આવી યોજના નથી. અહીં 10 અક્ષર ધરાવતું સાઇન બોર્ડ મળી આવ્યું છે.

**હેરિટેજમાં સ્થાન મળતા શું ફાયદો થશે**

- ✓ કેન્દ્ર અને રાજ્ય સરકારની આંતરરાષ્ટ્રીયસ્તરની પ્રવાસન, રસ્તા, પાણી, વીજળી સહિતની માળખાકીય સુવિધાઓમાં ઝડપ આવશે.
- ✓ અંતરિયાળ એવા ખડીર બેટ વિસ્તારના 10 ગામમાં રોજગારીનો સૌથી મોટો પ્રશ્ન હલ થશે અને સૂકી ખેતી અને પશુપાલન આધારિત જીવતા લોકોને વ્યવસાયોની તક ખૂલશે.

**ધોળાવીરા વિશે :**

- ✓ શોધ વર્ષ : 1995
- ✓ શોધક : પુરાતત્વ ડો. આર.એસ બિસ્ટ
- ✓ વૈશ્વિક વારસામાં સામેલ થનાર મોહેંજો દડો બાદ ધોળાવીરા હડપ્પન સભ્યતાનું બીજું સ્થળ

**UNESCO વિશે :**

- ✓ UNESCO : યુનાઇટેડ નેશન્સ એજ્યુકેશનલ સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઇઝેશન
- ✓ મુખ્ય મથક : પેરિસ, ફ્રાન્સ
- ✓ સ્થાપના : 16 નવેમ્બર 1945

**2. નિધન : હરિધામ સોખડાના પૂજ્ય હરિપ્રસાદ સ્વામીજીએ 87 વર્ષે જીવનલીલા સંકેલી**

**પૂજ્ય હરિપ્રસાદનો પરિચય :**

- ✓ સ્વામિનારાયણ સંપ્રદાયના અગ્રણી સંત, યોગી ડિવાઇન સોસાયટીના પ્રણેતા અને હરિધામ સોખડાના પરમાધ્યક્ષ પૂજ્ય હરિપ્રસાદ સ્વામીજીએ 87 વર્ષની વયે 27 જૂલાઈ-2021ના રોજ રાતે 11.00 કલાકે અક્ષરધામ ગમન કર્યું.
- ✓ સ્વામીજીના દિવ્ય વિગ્રહની અંતિમક્રિયા હરિધામ સોખડા ખાતે 1 ઓગસ્ટના રવિવારે બપોરે 2.30 કલાકે કરાશે.
- ✓ સ્વામીજીના નશ્વરદેહના અંતિમ દર્શન ભક્તો પાંચ દિવસ દરમિયાન કરી શકે તેવી વ્યવસ્થા કોવિડ-19ના નીતિ-નિયમો મુજબ ગોઠવવામાં આવી.

**3. UIDAI : બાળ આધારકાર્ડ અંગે મહત્વના નિર્ણય (વહીવટ)**

**પાંચ વર્ષથી નાના બાળકો માટે બ્લુ કલરનું બાળ આધારકાર્ડ**

- ✓ 5 વર્ષથી નાના બાળકોના આધારકાર્ડ માટે ફિંગર પ્રિન્ટ અને આઇ સ્કેન આવશ્યક નથી

**બાળક પાંચ વર્ષનું થતાં જ તેના બાયોમેટ્રિક અપડેટ કરાવવાના રહેશે : UIDAI**

- ✓ પાંચ વર્ષથી નાના બાળકો માટે બ્લૂ કલરનું બાળ આધારકાર્ડ મેળવી શકાય છે.
- ✓ બાળક પાંચ વર્ષનું થતાં જ તેના બાયોમેટ્રિક અપડેટ કરાવવાના રહેશે.
- ✓ પાંચ વર્ષથી નાના બાળકો માટે આધારકાર્ડ મેળવવા ફિંગરપ્રિન્ટ અને આઇરિસ સ્કેનની જરૂર નથી. તેમનો ફક્ત ફોટોગ્રાફ લેવાનો રહેશે.
- ✓ બાળક પાંચ વર્ષનું થતાં તેની ફિંગરપ્રિન્ટ અને આઇરિસ સ્કેન અપડેટ કરાવવાના રહેશે.
- ✓ જો બાળક પાંચ વર્ષથી નાનું હોય તો તેના માતા- પિતા અથવા વાલીમાંથી કોઇ એકે બાળક વતી બાંયધરી આપવાની રહેશે અને નોંધણી પત્રકમાં હસ્તાક્ષર દ્વારા બાળકની નોંધણી માટે મંજૂરી આપવાની રહેશે.
- ✓ જો બાળક પાંચથી ૧૮ વર્ષ વચ્ચેનું સગીર હોય તો માતા પિતા અથવા વાલી પૈકીના એકે મંજૂરી આપવાની રહેશે

**એનઆરઆઇ બાળકનો પાસપોર્ટ જરૂરી**

- ✓ જો બાળક એનઆરઆઇ હોય તો ઓળખ માટે બાળકનો માન્ય ભારતીય પાસપોર્ટ આધારકાર્ડ માટે ફરજિયાત રહેશે.

- ✓ જો બાળક ભારતનો રહેવાસી હોય તો માતા-પિતા અથવા વાલીના આધારકાર્ડ સાથે જન્મ પ્રમાણપત્ર જેવા માતાપિતા બાળકના સંબંધના માન્ય પુરાવાના દસ્તાવેજ નોંધણી સમયે રજૂ કરવાના રહેશે.
- ✓ <u>**UIDAI : યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા**</u>

## <u>4. દિન વિશેષ : 27 જૂલાઈ</u>

### <u>(1) કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળ (CRPF)નો સ્થાપના દિવસ</u>

- ✓ રચના : 27 જુલાઇ, 1939
- ✓ ભારતના કેન્દ્રીય સશસ્ત્ર આરક્ષક દળોમાં સૌથી વિશાળ છે.
- ✓ આ દળ ભારત શાસનના ગૃહ મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે.
- ✓ આ દળનું મુખ્ય કાર્ય આરક્ષણ કાર્યવાહીઓમાં રાજ્યો અને સંઘ પ્રદેશોની સહાયતા કરવાનું તેમજ આંતકવાદી પ્રવૃતીઓ સંબંધિત છે.




- ✓ ભારતના સામાન્ય નિર્વાચનોમાં નીતિ-વ્યવસ્થા જાળવી રાખવામાં આ દળ અગત્યની ભુમિકા ભજવે છે.
- ✓ સંયુક્ત રાષ્ટ્રસંઘ માટેની કાર્યવાહીઓમાં પણ આ દળનો ઉપયોગ કરવામાં આવે છે.
- ✓ <u>**CRPF : કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળ**</u>
- ✓ મુદ્રાલેખ : સેવા અને નિષ્ઠા

### <u>(2) મિસાઈલમેન અને ભારતના 11માં રાષ્ટ્રપતિ, ભારતરત્ન ડૉએ.પી.જે. અબ્દુલ કલામની 6ઠ્ઠી પૂણ્યતિથિ</u>




- ✓ જન્મ તારીખ: 15 ઑક્ટોબર, 1931
- ✓ જન્મ સ્થળ: રામેશ્વરમ
- ✓ મૃત્યુ: 27 જુલાઈ, 2015, IIM-શીલોંગ
- ✓ <u>પુરૂ નામ: અવુલ પાકિર જૈનુલાબ્દીન અબ્દુલ કલામ અથવા ડૉ.એ.પી.જે.અબ્દુલ કલામ</u>
- ✓ ભારતના એરોસ્પેસ વૈજ્ઞાનિક હતા અને ઇ.સ.2002થી 2007 સુધી ભારતના રાષ્ટ્રપતિ પદે રહ્યા હતા.
- ✓ તેમનો જન્મ અને ઉછેર તમિલનાડુ રાજ્યના રામેશ્વરમ ખાતે થયો હતો.

**<u>સન્માન અને ખિતાબો :</u>**

- ✓ 1997માં અબ્દુલ કલામને વૈજ્ઞાનિક સંશોધન અને ભારતની સંરક્ષણ તકનિકીના આધુનિકિકરણમાં તેમણે કરેલા યોગદાન માટે ભારતના સર્વોચ્ચ પુરસ્કાર ભારત રત્નથી સન્માન
- ✓ 2012માં તેમનો 79મો જન્મદિવસ યુનાઇટેડ નેશન્સે વિશ્વ વિદ્યાર્થી દિવસ તરીકે ઉજવ્યો હતો.
- ✓ તેમને 40 વિશ્વવિદ્યાલયો (યુનિવર્સિટીઓ) માંથી માનદ ડોક્ટરેટની પદવી પણ એનાયત કરવામાં આવી.
- ✓ ભારત સરકારે તેમના ઇસરો અને ડી.આર.ડી.એ.માં કરેલા કાર્યો તથા ભારત સરકારના વિજ્ઞાન સલાહકાર તરીકેની સેવાઓ બદલ વર્ષ 1981માં તેમને પદ્મભૂષણ અને 1990માં પદ્મવિભૂષણથી નવાજ્યા.
- ✓ 2005માં તેમની સ્વિટ્ઝર્લેન્ડની મુલાકાત દરમ્યાન તે દેશે 26 મેને વિજ્ઞાન દિવસ ઘોષિત કર્યો હતો.
- ✓ 2013માં નેશનલ સ્પેસ સોસાયટી તરફથી તેમને વોન બ્રાઉન એવોર્ડ મળ્યો જે મેળવનાર તેઓ સૌપ્રથમ વ્યક્તિ હતા.

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (27-07-2021)</u>

1. ગુજરાતના ક્યા હડપ્પાકાળના શહેરને તા. 27 જુલાઇ 2021ના રોજ 'વર્લ્ડ હેરિટેજ સાઇટ'- વૈશ્વિક ધરોહરનો દરજ્જો અપાયો - <u>**ધોળાવીરા**</u>
2. 'વર્લ્ડ હેરિટેજ સાઇટ'નો દરજ્જો મેળવનાર ભારતની 40મી હેરિટેજ સાઇટ જણાવો – <u>**ધોળાવીરા**</u>
3. 'વર્લ્ડ હેરિટેજ સાઇટ' ધોળાવીરા કયા તાલુકા-જિલ્લામાં આવેલુ છે - <u>**તા. ભચાઉ, જિ. કચ્છ**</u>
4. ગુજરાતમાં જુલાઇ 2021ની સ્થિતિએ કુલ કઇ-કઇ સાઇટનો ક્યા વર્ષે વર્લ્ડ હેરિટેજ સાઇટમાં સમાવેશ કરાયો છે - <u>**ચાંપાનેરનો કિલ્લો (2004): જિ.પંચમહાલ, રાણીની વાવ (2014): જિ. પાટણ, ભારતનું પ્રથમ ઐતિહાસિક શહેર (2017) : અમદાવાદ તથા હડપ્પન સિટી-ધોળાવીરા (2021) : વિસ્તાર-ખડીર બેટ, તા. ભચાઉ, જિ. કચ્છ**</u>
5. જુલાઇ 2021માં વર્લ્ડ હેરિટેજ કમિટીનું 44મુ સત્ર કયાં યોજાયુ - <u>**ફૂઝાઉ શહેર, ચીન**</u>
6. હડપ્પીય સંસ્કૃતિનું ધોળાવીરા શહેર અંદાજે કેટલા વર્ષ જૂનું છે - <u>**પાંચ હજાર**</u>
7. વર્ષ 1995માં ઐતિહાસિક નગર ધોળાવીરાની શોધ કોણે કરી હતી - <u>**પુરાતત્વ ડો. આર.એસ બિસ્ટ**</u>
8. વૈશ્વિક વારસામાં સામેલ થનાર મોહેંજો દડો બાદ હડપ્પન સભ્યતાનું બીજું સ્થળ જણાવો - <u>**ધોળાવીરા**</u>
9. UNESCOનું વિસ્તૃત નામ જણાવો - <u>**યુનાઇટેડ નેશન્સ એજયુકેશનલ સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન**</u>
10. UNESCOની સ્થાપના અને મુખ્ય મથક જણાવો – <u>**તા. 16 નવેમ્બર 1945 તથા પેરિસ, ફ્રાન્સ**</u>
11. તા. 27 જુલાઇ 2021ના રોજ વડોદરાના હરિધામ સોખડાના ક્યા પૂજ્ય સ્વામીએ જીવનલીલા સંકેલી લીધી - <u>**હરિપ્રસાદ સ્વામીજી**</u>
12. યોગી ડિવાઇન સોસાયટીના પ્રણેતા અને હરિધામ સોખડાના પરમાધ્યક્ષનું નામ જણાવો - <u>**પૂજ્ય હરિપ્રસાદ સ્વામીજી**</u>
13. જુલાઇ 2021ના UIDAIના નિર્ણય મુજબ કેટલા વર્ષથી નાના બાળકો માટે ક્યા કલરનું આધારકાર્ડ અપાશે -
14. <u>**પાંચ વર્ષ તથા બ્લુ કલર**</u>
15. કેટલા વર્ષથી નાના બાળકો માટે આધારકાર્ડ મેળવવા ફિંગરપ્રિન્ટ અને આઇરિસ સ્કેનની જરૂર નથી તેમનો ફક્ત ફોટોગ્રાફ લેવાનો રહેશે - <u>**5 વર્ષ**</u>
16. UIDAIનું વિસ્તૃત નામ જણાવો - <u>**યુનિક આઇડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા**</u>
17. CRPFનો સ્થાપના દિવસ જણાવો - <u>**27 જુલાઇ, 1939**</u>

18. CRPFનું વિસ્તૃત નામ જણાવો - **કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળ**
19. કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળ કયા મંત્રાલય હેઠળ કાર્યરત છે – **ગૃહ મંત્રાલય**
20. કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળનો મુદ્રાલેખ જણાવો - **સેવા અને નિષ્ઠા**
21. ભારતના ક્યા વૈજ્ઞાનિક મિસાઇલમેનના ઉપનામથી જાણીતા બન્યા છે – **ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ**
22. મિસાઇલમેન ડૉ. એ.પીજે. અબ્દુલ કલામ ભારતના કેટલામાં રાષ્ટ્રપતિ બન્યા હતા - **11માં**
23. ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામનો રાષ્ટ્રપતિ તરીકેનો સમયગાળો જણાવો – **વર્ષ 2002થી 2007**
24. ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામનો જન્મ દિવસ જણાવો – **15 ઑક્ટોબર, 1931**
25. ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામનું જન્મ સ્થળ જણાવો – **રામેશ્વરમ (તામિલનાડુ)**
26. ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામનું અવસાન ક્યારે થયુ હતુ - **27 જુલાઈ, 2015 (શીલોંગ)**
27. ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામનું પુરૂ નામ જણાવો - **અવુલ પાકિર જૈનુલાબ્દીન અબ્દુલ કલામ**
28. ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામને ક્યા વર્ષે ભારતના સર્વોચ્ચ પુરસ્કાર ભારત રત્નથી સન્માનિત કરાયા હતા – **વર્ષ 1997**
29. ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામનો કેટલામો જન્મદિવસ યુનાઇટેડ નેશન્સે વિશ્વ વિધાર્થી દિવસ તરીકે ઉજવ્યો હતો - **79**
30. યુનાઇટેડ નેશન્સે કયા વર્ષમાં ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામનો જન્મદિવસ વિશ્વ વિધાર્થી દિવસ તરીકે ઉજવ્યો હતો – **વર્ષ 2012**
31. ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામને કેટલી વિશ્વવિધાલયો (યુનિવર્સિટીઓ)માંથી માનદ ડોક્ટરેટની પદવી પણ એનાયત કરવામાં આવી હતી - **40**
32. ભારત સરકારે કયા વર્ષમાં ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામને પદ્મભૂષણ સન્માનિત કર્યા હતા- **વર્ષ 1981**
33. ભારત સરકારે કયા વર્ષમાં ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામને પદ્મવિભૂષણથી સન્માનિત કર્યાં હતા – **વર્ષ 1990**
34. વર્ષ 2005માં ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામની કયા દેશની મુલાકાત દરમ્યાન તે દેશે 26 મેને વિજ્ઞાન દિવસ ઘોષિત કર્યો હતો - **સ્વિત્ઝર્લેન્ડ**
35. કયા વર્ષમાં નેશનલ સ્પેસ સોસાયટી તરફથી ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામને વોન બ્રાઉન એવોર્ડ મળ્યો જે મેળવનાર તેઓ સૌપ્રથમ વ્યક્તિ હતા – **વર્ષ 2013**

**DATE : 28-07-2021**

**1. વન વિભાગ : ગુજરાત સરકાર**

**સક્કરબાગ પ્રાણીસંગ્રહાલય, જૂનાગઢ : દેશમાં એકમાત્ર એશિયાટીક સિંહોનું બ્રિડિંગ સેન્ટર**

- ✓ સક્કરબાગ ઝૂના કુલ 71 સિંહમાંથી 40 સાવજોને દેશના અન્ય ઝૂમાં મોકલાશે
- ✓ દેશમાં એકમાત્ર એશિયાટિક સાવજોનું બ્રિડીંગ સેન્ટર ધરાવતું સક્કરબાગ ઝૂમાં અત્યાર સુધીમાં 225 સિંહોનું સફળ બ્રિડીંગ થયું છે, જેમાં ગત વર્ષે જ 24 જેટલા સિંહબાળનો જન્મ થયો છે. તો છેલ્લા એક માસમાં 12 સિંહબાળના જન્મ થયા.
- ✓ સિંહોના જન્મ બાદ તેની વંશાવલી રાખવા માટે સ્ટડ બુક રાખવામાં આવી છે. અહી બે પ્રકારથી બ્રિડીંગ થાયછે.

**એનિમલ પ્રોગ્રામ :**

- ✓ દિલ્હી ખાતે એનીમલ પ્રોગ્રામ હેઠળ કરાર મંજુર કરવામાં આવ્યા છે, સાથે દેશના ચેન્નઈ, હૈદરાબાદ, આસામ, ભોપાલ ઝૂ ઓથોરીટી ગીરના સિંહ મેળવવા પ્રતિક્ષામાં છે.

**2. કેન્દ્રીય કેબિનેટ : DICGC Act-1961માં સુધારાને કેન્દ્રીય કેબિનેટની મંજૂરી**

**DICGC કવર મેળવનારી ખોટમાં ગયેલી કે ડૂબેલી બેંકની રૂ. 5 લાખ સુધીની થાપણ ગ્રાહકોને 90 દિવસમાં પરત મળશે**

**નવો સુધારા ખરડો અને થાપણોની સુરક્ષા :**

- ✓ DICGC સુધારા ખરડા 2021ને મંજૂરી મળતાં મોરેટોરિયમ અંતર્ગત મૂકી દેવાયેલી બેન્કોના થાપણદારોને 90 દિવસમાં થાપણો પરત મળી જશે.
- ✓ નવા પ્રસ્તાવિત ખરડા અંતર્ગત દેશમાં આવેલી તમામ પ્રકારની સરકારી, ખાનગી, વિદેશી બેન્કોમાં થાપણદારોની રૂપિયા પાંચ લાખ સુધીની ડિપોઝિટ વીમા કવચ અંતર્ગત આવરી લેવાશે.
- ✓ જેના પગલે દેશમાં આવેલી તમામ બેન્કોમાંના 98.3 ટકા ખાતા વીમા કવચ ધરાવતા હશે.
- ✓ ડિપોઝિટના સંદર્ભમાં બેન્કોમાં જમા કુલ ડિપોઝિટના 50 ટકા વીમા કવચ અંતર્ગત આવી જશે.
- ✓ બેન્ક નિષ્ફળ જતાં જ થાપણદારોને તેમની ડિપોઝિટની રૂપિયા પાંચ લાખ સુધીની રકમ 90 દિવસમાં મળી જશે.
- ✓ બેન્ક નિષ્ફળ ગયાના અથવા તો આરબીઆઇ દ્વારા મોરેટોરિયમમાં મુકાયાના પહેલા 45 દિવસમાં વીમાનો દાવો કરવાનો છે તેવા તમામ બેન્ક ખાતાઓની વિગતો એકઠી કરીને પ્રસ્તાવિત ડિપોઝિટ ઇન્સ્યુરન્સ એન્ડ ક્રેડિટ ગેરંટી કોર્પોરેશન (DICGC)ને મોકલી આપશે.
- ✓ ગયા વર્ષે સરકારે વ્યક્તિગત થાપણદારને મળતા ડિપોઝિટ ઇન્સ્યોરન્સની રકમ રૂપિયા એક લાખથી વધારીને રૂપિયા પાંચ લાખ કરી હતી.

**શું છે DICGC**

- ✓ ડિપોઝિટ ઇન્સ્યુરન્સ ક્રેડિટ ગેરેન્ટી કોર્પોરેશન રિઝર્વ બેન્કના નેજા હેઠળ કામ કરે છે.
- ✓ DICGC ભારતમાં આવેલી તમામ કોમર્શિયલ અને વિદેશી બેન્કોમાં થાપણદારોની જમા રકમની સુરક્ષા કરે છે.
- ✓ સહકારી બેન્ક, ગ્રામીણ બેન્કો તથા લોકલ બૅન્કોએ DICGC ક્વર મેળવેલું હશે તો તેમના ગ્રાહકોને લાભ મળશે.
- ✓ DICGC સેવિંગ્સ, કરંટ, રિકરિંગ અને ફિક્સ્ડ ડિપોઝિટ એમ તમામ પ્રકારના બેન્ક ખાતામાં રહેલી રૂપિયા પાંચ લાખ સુધીની રકમને વીમા કવચ આપે છે.

**3. નિધન : ભારતના દિગ્ગજ બેડમિન્ટન ખેલાડી અર્જુન એવોર્ડ વિજેતા નંદુ નાટેકરનું 88 વર્ષની વયે નિધન**




✓ અવસાન : પુણે       જન્મ : સાંગલી, મહારાષ્ટ્ર

**કારકિર્દી :**

✓ તેઓ 1953માં ઇન્ટરનેશનલ ટાઇટલ જીતનાર પ્રથમ ભારતીય બેડમિન્ટન ખેલાડી હતા.

✓ તેમણે કારકિર્દીમાં 100 કરતાં વધારે નેશનલ તથા ઇન્ટરનેશનલ ટાઇટલ જીત્યાં હતાં.

✓ તેમણે 15 વર્ષ કરતાં વધારે સમયની કારકિર્દી દરમિયાન 1954ની ઓલ ઇંગ્લેન્ડ ચેમ્પિયનશિપની ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

✓ 1956માં સેલાંગર ઇન્ટરનેશનલ ટૂર્નામેન્ટ જીતીને ઇન્ટરનેશનલ ટાઇટલ હાંસલ કરનાર પ્રથમ ભારતીય ખેલાડી બન્યા હતા.

✓ તેમણે 1951થી 1963ના સમયગાળામાં થોમસ કપમાં ભારતીય ટીમનું પ્રતિનિધિત્વ કરીને પોતાની 16માંથી 12 સિંગલ્સ અને 16માંથી આઠ ડબલ્સ મેચ જીતી હતી.

✓ અર્જુન એવોર્ડ-1961

**4. કર્ણાટક : કર્ણાટકના 23માં નવા મુખ્યમંત્રી તરીકે BJPના નેતા શ્રી બસવરાજ બોમ્મઈના શપથ**



✓ રાજ્યપાલ : થાવરચંદ ગેહલોત

**5. USA-ભારત સંબંધો : USAના વિદેશ મંત્રી શ્રીયુત એન્ટની બ્લિન્કન તા. 27-28 જુલાઈ બે દિવસના પ્રથમવાર ભારતના પ્રવાસે**



✓ શ્રીયુત એન્ટનીની ભારતના વડાપ્રધાન, વિદેશ મંત્રી એસ. જયશંકર, NSA અજીત ડોભાલ અને દલાઈ લામાના પ્રતિનિધિ મંડળ સાથે ભારત-અમેરિકાના સંબંધ મુદ્દે બેઠક યોજી

**6. જન્મ દિન વિશેષ : 28 જૂલાઈ**

**(1) વર્લ્ડ હેપેટાઇટિસ દિવસ**

✓ હેપેટાઇટિસ ફાઉન્ડેશન અનુસાર હેપેટાઇટિસ બી દુનિયાભરમાં લિવરમાં ચેપનું સૌથી મુખ્ય કારણ છે.

✓ હેપેટાઇટિસના મુખ્ય કારણોમાં કેટલીક અસાવધાનીની સાથે ભોજન અને શરીરની સફાઈ ન હોવાનું છે.

✓ આ બીમારીની મુશ્કેલી એ છે કે, કોઇ પીડિતમાં તેનાં લક્ષણ દેખાવામાં 60 થી 150 દિવસ લાગી જાય છે.

✓ હેપેટાઇટિસ-એ અને ઈ વાઇરસ કમળાના કારણોમાં મુખ્ય છે. તે વર્ષમાં ખાસ કરીને ચોમાસામાં વધુ થાય છે.

**(2) દિન વિશેષ : 28 જુલાઈ     વિશ્વ પ્રકૃતિ સંરક્ષણ દિવસ**

✓ થીમ-2021 : "Forests and Livelihoods: Sustaining People and Planet"

**7. જન્મ દિન વિશેષ : 28 જુલાઈ     જ્ઞાનની પરબ : કે.કા. શાસ્ત્રી**

**જન્મ : 28 જુલાઈ-1905     અવસાન : 9 સપ્ટેમ્બર-2006**

✓ જૂનાગઢના માંગરોળમાં જન્મેલા કે.કા. શાસ્ત્રીની મૂળ અટક બાંભણીયા હતી.

✓ માંગરોળમાં ભણી શિક્ષકની નોકરી કરી અમદાવાદમાં સ્થાયી થયા હતા.



✓ ગુજરાત વર્નાક્યુલર સોસાયટી અને પછી ભો.જે. વિદ્યાભવનમાં અધ્યાપક અને સંશોધક તરીકે જોડાયા હતા. અનુગ્રહ અને પ્રજાબંધુના તંત્રી પણ રહ્યાં હતાં.

✓ કે.કા શાસ્ત્રી પ્રમુખપણે ગુજરાતી ગ્રંથોના સંપાદન, હસ્તપ્રતોને આધારે મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય, વ્યાકરણ અને ઇતિહાસ સાથે જોડાયેલા હતા.

✓ ગુજરાતી ભાષા, વ્યાકરણ, ઈતિહાસ અને કોશ સાહિત્યમાં તેમનું યોગદાન છે.

✓ 240 કરતાં વધુ પુસ્તકો અને દોઢ હજારથી વધુ લેખોના કર્તા કે. કા.ના ચાણક્યના નીતિ સૂત્રો, ઉર્દૂ, ગુજરાતી શબ્દકોશ, પાયાનો સંસ્કૃત- ગુજરાતી શબ્દકોશ, પ્રારંભિક સંસ્કૃત વ્યાકરણ, ગુજરાતી વ્યુત્પત્તિકોશ, અપભ્રંશ વ્યાકરણ, ગુજરાતના સારસ્વતો, મીરાંના પદો, નરસિંહ મહેતા, પ્રેમાનંદ, લાલ બહાદુર શાસ્ત્રી વગેરે.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (28-07-2021)

1. દેશનું એકમાત્ર એશિયાટીક સિંહોનું બ્રિડિંગ સેન્ટર ક્યાં આવેલુ છે - **સક્કરબાગ પ્રાણીસંગ્રહાલય, જૂનાગઢ**
2. સિંહોના જન્મ બાદ તેની વંશાવલી રાખવા માટે કઇ બુક રાખવામાં આવે છે - **સ્ટડ બુક**
3. કેન્દ્રીય કેબિનેટ દ્વારા તા. 28 જૂલાઈ 2021ના રોજ બેંક થાપણદારોને થાપણોની સુરક્ષા પ્રદાન કરતા કયા કાયદામાં સુધારાને મંજૂરી આપી છે - **DICGC Act-1961**
4. DICGC Act-1961માં સુધારા મુજબ DICGC કવર મેળવનારી ખોટમાં ગયેલી કે ડૂબેલી બેંકની કેટલા લાખ સુધીની થાપણ ગ્રાહકોને કેટલા દિવસમાં પરત મળશે - **રૂ. 5 લાખ તથા 90**
5. DICGC Actનું વિસ્તૃત નામ જણાવો - **ડિપોઝિટ ઇન્સ્યુરન્સ એન્ડ ક્રેડિટ ગેરંટી કોર્પોરેશન**
6. વર્ષ 2020માં કેન્દ્ર સરકારે વ્યક્તિગત થાપણદારને મળતા ડિપોઝિટ ઇન્સ્યોરન્સની રકમ રૂપિયા એક લાખથી વધારીને કેટલી કરી - **રૂપિયા પાંચ લાખ**
7. DICGC કોના વડપણ હેઠળ કામ કરે છે - **રિઝર્વ બેન્ક**
8. તા. 28 જુલાઈ 2021ના રોજ ભારતના ક્યા દિગ્ગજ બેડમિન્ટન ખેલાડીનું 88 વર્ષની વયે પુણે ખાતે નિધન થયુ - **નંદુ નાટેકર**
9. વર્ષ 1953માં ઇન્ટરનેશનલ ટાઇટલ જીતનાર પ્રથમ ભારતીય બેડમિન્ટન ખેલાડીનું નામ જણાવો - **અર્જુન એવોર્ડ વિજેતા નંદુ નાટેકર**

10. તા. 28 જુલાઈ 2021ના રોજ કર્ણાટકના 23માં નવા મુખ્યમંત્રી તરીકે કોણે શપથ ગ્રહણ કર્યા - **બસવરાજ બોમ્મઈ**
11. કર્ણાટકના વર્તમાન સત્તાધારી પક્ષ અને રાજ્યપાલનું નામ જણાવો – **BJP તથા થાવરચંદ ગેહલોત**
12. USAના ક્યા વિદેશ મંત્રી તા. 27-28 જુલાઈ બે દિવસના પ્રથમવાર ભારતના પ્રવાસે હતા - **શ્રીયુત એન્ટની બ્લિન્કન**
13. વિશ્વ પ્રકૃતિ સંરક્ષણ દિવસ ક્યારે મનાવવામાં આવે છે - **28 જુલાઈ**
14. વિશ્વ પ્રકૃતિ સંરક્ષણ દિવસ-2021ની થીમ જણાવો - **"Forests and Livelihoods: Sustaining People and Planet"**
15. વર્લ્ડ હેપેટાઈટિસ દિવસ કયારે મનાવવામાં આવે છે - **28 જુલાઈ**
16. હેપેટાઈટિસ ફાઉન્ડેશન અનુસાર વિશ્વભરમાં હેપેટાઈટિસ બી નું સૌથી મુખ્ય કારણ કયુ છે - **લિવરમાં ચેપ**
17. જ્ઞાનની પરબ સમાન કે.કા. શાસ્ત્રીનો જન્મ દિવસ જણાવો - **28 જુલાઈ-1905**
18. હાલતી ચાલતી વિધાપીઠ સમા મહામહોપાધ્યાય કે.કા. શાસ્ત્રીનુ અવસાન કયારે થયુ હતુ – **9 સપ્ટેમ્બર-2006**
19. ગુજરાતી વિદ્વાન કે.કા. શાસ્ત્રીનો જન્મ કયા થયો હતો - **જૂનાગઢના માંગરોળમાં**
20. ગુજરાતી વિદ્વાન કે.કા. શાસ્ત્રીની મૂળ અટક કઈ હતી - **બાંભણીયા**
21. વિદ્વાન કે.કા. શાસ્ત્રીએ કયા પેપરના તંત્રી તરીકે સેવા આપી છે - **અનુગ્રહ અને પ્રજાબંધુ**

**DATE : 29-07-2021**

## 1. ગુજરાત સરકાર : 'ગંગાસ્વરૂપા પુન:લગ્ન આર્થિક સહાય યોજના' જાહેર




- ✓ રાજ્યમાં વિધવા પુન:લગ્ન પ્રોત્સાહિત કરવા માટે આ વર્ષના બજેટમાં જાહેર થયેલી ગંગા સ્વરૂપા પુન:લગ્ન આર્થિક સહાય યોજના અમલી.

**યોજના વિશે :**

- ✓ લાભાર્થીને કુલ રૂ. 50 હજારની આર્થિક સહાય બે તબક્કામાં અપાશે. રૂ. 25 હજાર પુન:લગ્ન કરનાર વિધવાના બૅન્ક એકાઉન્ટમાં જમા અપાશે અને રૂ. 25 હજારના 6 વર્ષ પાકતા રાષ્ટ્રીય બચતપત્રો અપાશે.
- ✓ પહેલીવાર વિધવા પુન:લગ્નને ઉત્તેજન આપવા માટે આ પ્રકારની યોજના શરૂ થઈ રહી છે, જેમાં 18થી 50 વર્ષની વિધવા બહેનોને આ લાભ અપાશે.
- ✓ બજેટમાં વાર્ષિક રૂ. ત્રણ કરોડની જોગવાઈ દર્શાવાઈ હતી, પરંતુ અમલવારીમાં અઢી કરોડની યોજના બનાવાઈ છે.

**અરજીની પ્રક્રિયા :**

- ✓ આ યોજનાનો લાભ લેવા ઇચ્છુક વિધવા બહેનોએ પુન:લગ્ન કર્યાની તારીખથી 6 માસની અંદર નિયત નમૂનાનું ફોર્મ ભરવું પડશે, એ સાથે પુન:લગ્નની નોંધણી અંગેનું પ્રમાણપત્ર, જે વ્યક્તિ સાથે પુન:લગ્ન કર્યા હોય તેના સરનામાનો પુરાવો, દંપતીના પાસપોર્ટ સાઇઝના ફોટા તેમજ લાભાર્થીના બચતખાતાની પાસબુકનું પ્રથમ પેજ બિડાણ કરવાનું રહેશે. બધી અરજી ઓનલાઇન કરવાની રહેશે.
- ✓ ઇ-ગ્રામ કેન્દ્રો મારફતે અરજી થાય તો અરજી દીઠ રૂ. 20 ભરવાના રહેશે. આ લગ્નથી નારાજ અરજદાર 60 દિવસમાં મહિલા અને બાળવિભાગના અધિકારીને અપીલ કરી શકશે.
- ✓ **વિભાગ : મહિલા અને બાળ કલ્યાણ, ગુજરાત સરકાર**

## 2. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય : મહત્વનો નિર્ણય




**જાહેરાત :**

- ✓ વર્ષ 2021-22ના ચાલુ શૈક્ષણિક વર્ષથી અંડરગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ મેડિકલ અને ડેન્ટલ અભ્યાસક્રમો માટેની ઓલ ઇન્ડિયા ક્વૉટા સ્કીમમાં ઓબીસી માટે 27 ટકા અને આર્થિક રીતે પછાત વર્ગો માટે 10 ટકા બેઠકો અનામત રાખવાની જાહેરાત.

**હવે ઑલ ઇન્ડિયા ક્વોટામાં કેટલી અનામત**

| કેટેગરી | ટકા |
|---|---|
| એસ.ટી. | 15 |
| એસ.સી. | 7.5 |
| ઓ.બી.સી. | 27 |
| ઈ.ડબલ્યુ.એસ. | 10 |
| કુલ અનામત | 59.5 |

- ✓ ઓલ ઇન્ડિયા કોવોટામાં અનામતનું પ્રમાણ કુલ 59.5 ટકા થયું

**કોને લાભ મળશે :**

- ✓ કેન્દ્ર સરકારે લીધેલા નિર્ણયને પગલે સમગ્ર દેશમાં ઓબીસી વિદ્યાર્થીઓ કોઇપણ રાજ્યમાં ઓલ ઇન્ડિયા મેડિકલ ક્વૉટામાં અનામત બેઠકનો લાભ લઇ શકશે.
- ✓ આ સેન્ટ્રલ સ્કીમ હોવાથી અનામત માટે કેન્દ્ર સરકારની ઓબીસીની યાદીમાં સામેલ તમામ જાતિના વિદ્યાર્થીઓ તેનો લાભ લઇ શકશે.

**હવે દર વર્ષે MBBSમાં કેટલી બેઠક પર લાભ :**

- ✓ ઓબીસી : 1500 - આર્થિક રીતે પછાત : 550

**દર વર્ષે પોસ્ટ ગ્રેજ્યુએશનમાં કેટલી બેઠક પર લાભ :**

- ✓ ઓબીસી : 2500 - આર્થિક રીતે પછાત : 1000

**મેડિકલમાં ઓલ ઇન્ડિયા ક્વૉટા (AIQ) :**

- ✓ અન્ય રાજ્યમાં સારી મેડિકલ કોલેજમાં અભ્યાસ કરવા ઇચ્છતા કોઇપણ રાજ્યના વિદ્યાર્થીને ડોમિસાઇલ ફ્રી મેરિટ આધારિત તક ઉપલબ્ધ કરાવવા 1986માં સુપ્રીમ કોર્ટના નિર્દેશ પર મેડિકલમાં ઓલ ઇન્ડિયા ક્વૉટાની રચના કરાઇ હતી.
- ✓ જે અંતર્ગત સરકારી મેડિકલ કોલેજોની કુલ એમબીબીએસ સીટ પૈકીની 15 ટકા અને કુલ અનુસ્નાતક મેડિકલ સીટ પૈકીની 50 ટકા બેઠક સમાવવામાં આવી છે.

**મેડિકલ એજ્યુકેશત એટ એ ગ્લાન્સ (વર્ષ 2020ની સ્થિતિએ):**

- ✓ એમબીબીએસની બેઠકો : 84,649
- ✓ પોસ્ટ ગ્રેજ્યુએશન મેડિકલ સીટ : 54,275
- ✓ કુલ મેડિકલ કોલેજ : 558
- ✓ સરકારી મેડિકલ કોલેજ : 289
- ✓ પ્રાઇવેટ મેડિકલ કોલેજ : 269

### 3. Sandes : સંદેસ

**ભારત સરકાર દ્વારા સ્વદેશી ઇન્સ્ટન્ટ મેસેજિંગ પ્લેટફોર્મ સંદેસ લોન્ચ કરાયુ**




**મૂળ હેતુ :**

- ✓ કેન્દ્ર સરકારે ઇન્સ્ટન્ટ મેસેજિંગ એપ વોટ્સએપને ટક્કર આપવા માટે એક સ્વદેશી ઇન્સ્ટન્ટ મેસેજિંગ પ્લેટફોર્મ સંદેસ (Sandes) લોંચ કર્યું.

**વિશેષતા-ફીચર :**

- ✓ Sandes એપ અન્ય મેસજિંગ એપની જેવી જ દેખાય છે. આ એપ્લિકેશન ઉપર ચેટ અનેક ગ્રૂપ ચેટની સાથોસાથ ઓડિયો અને વીડિયો કોલિંગની પણ સુવિધા આપવામાં આવી.
- ✓ વોટ્સએપની માફક આ એપમાં પણ યૂઝર્સ તસવીરો, વીડિયો, ડોક્યુમેન્ટ્સ, ઓડિયો અને કન્ટેન્ટ સહિતની સામગ્રી એકબીજા સાથે શેર કરી શકે છે.
- ✓ **મંત્રાલય : ઇલેક્ટ્રોનિક એન્ડ ઇન્ફોર્મેશન ટેકનોલોજી, કેન્દ્ર સરકાર**

### 4. નવી શિક્ષણ નીતિ : 29 જુલાઈ 2020 : એક વર્ષ પૂર્ણ

**વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે 'વિધા પ્રવેશ પ્રોગ્રામ' લોન્ચ**




**'વિધા પ્રવેશ પ્રોગ્રામ' વિશે :**

- ✓ પ્લે સ્કૂલનો કન્સેપ્ટ મોટા શહેરો સુધી સીમિત છે. વિધા પ્રવેશના લીધે તે ગામ-ગામ સુધી પહોંચશે.
- ✓ આ પ્રોગ્રામ આવનારા સમયમાં યુનિવર્સલ પ્રોગ્રામના રૂપે લાગુ થશે અને રાજ્યો પણ તેને જરૂરિયાતના હિસાબે લાગુ કરશે.
- ✓ દેશના કોઇ પણ ભાગમાં અમિર કે ગરીબ તેમની શિક્ષા રમતા અને હસતા પૂરી કરશે.
- ✓ 8 રાજ્યોની 14 એન્જિનિયરિંગ કોલેજ 5 ભારતીય ભાષાઓમાં હિન્દી, તામિલ, તેલુગુ, મરાઠી અને બાંગ્લામાં એન્જિનિયરિંગનુ શિક્ષણ શરૂ થશે.

### 5. નિકાસ : કૃષિ વેપાર

**વિશ્વના બીજા સૌથી તીખા મરચા નાગાલેન્ડના ભૂત જોલકિયા મરચાની લંડનમાં નિકાસ**

- ✓ અન્ય નામ : ઘોસ્ટ પેપર
- ✓ મરચાની મુખ્ય ખેતી : આસામ, મણિપુર અને નાગાલેન્ડ
- ✓ બાયોલોજીકલ નામ : કેપસિકમ ચીનેન્સ



**મરચાનો ઇતિહાસ :**

- ✓ નાગાલેન્ડથી રાજા મરચાંનો જે જથ્થો લંડન મોકલાયો છે તે રાજ્યના પેરેન જિલ્લાના તેનિંગથી મગાવાયો હતો.
- ✓ તે મેક્સિકોના રેડ સેવિના મરચાંથી પણ બમણા તીખા અને કેયાનિન મરચાં જેને હાબેનેરોના મરચાં તરીકે ઓળખાય છે તેનાથી ત્રણ ગણા તીખા હોય છે. ભૂત જોલકિયાને ઘોસ્ટ પેપર નામે પણ ઓળખાય છે.
- ✓ **2007માં આ મરચાંને ગિનીસ વર્લ્ડ રેકોર્ડ્સમાં સ્થાન મળ્યું હતું.** આ મરચાં તે સમયે ટોબેસકો સોસથી પણ 400 ગણા વધુ તીખા હતા.
- ✓ ડૉક્ટર પોલ બોસ્લેન્ડ જેમણે આ મરચાં શોધ્યા હતા તેમના અનુસાર આ મરચાંની એક યોગ્ય માત્રા ખૂબ જ ઓછા જ સમયમાં કોઇનો જીવ પણ લઈ શકે છે.

**આ મરચાં પેપર ગ્રેનેડ બનાવવામાં વપરાય છે :**

- ✓ ઘોસ્ટ પેપર મરચાંનો ઉપયોગ ખાણી-પીણી માટે જ થતો નથી પણ દેશના સુરક્ષાદળો આતંકીઓ પર કે પછી ભીડને વેરવિખેર કરવા તેનો ઉપયોગ કરે છે.
- ✓ ઘોસ્ટ પેપરનો પાઉડર ટિયર સ્મૉક ગ્રેનેડમાં વપરાય છે. ડીઆરડીઓએ આ મરચાંનો ઉપયોગ કરી પેપર સ્પ્રે વિકસાવ્યો હતો.
- ✓ ભૂત જોલકિયાથી બનેલા મરચાંના ગ્રેનેડનો સફળતાપૂર્વક ઉપયોગ ભારતીય સૈન્ય દ્વારા ઓગસ્ટ 2015ના રોજ આતંકી સજ્જાદ અહેમદને પકડવા માટે કરાયો હતો જે એક ગુફામાં છુપાયેલો હતો.

### 6. માઇક્રો બ્લોગિંગ સાઇટ ટ્વિટર : વિશ્વના સૌથી લોકપ્રિય સક્રિય નેતાઓમાં સાત કરોડથી વધુ ફોલોઅર્સ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદી નંબર વન

**અન્ય નેતાઓ :**

- ✓ વિશ્વમાં બીજા સ્થાને 5.3 કરોડ ફોલોઅર્સ સાથે પોપ ફ્રાન્સિસ
- ✓ જો બાઈડેન અમેરિકા પ્રમુખ : 3.09 કરોડ ફોલોઅર્સ




- ✓ નિવૃત્ત નેતાઓમાં યુએસના પૂર્વ પ્રમુખ બરાક ઓબામા 13 કરોડથી વધુ ફોલોઅર્સ

**7. યુનેસ્કો : ઉત્તર ચિલીમાં આવેલા 7000 વર્ષ જૂના મમ્મીને વર્લ્ડ હેરિટેજમાં સ્થાન**



- ✓ માણસો દ્વારા સાચવવામાં આવેલા આ સૌથી જૂના મમીઝ છે. આ મમીઝ 20મી સદીની શરૂઆતમાં મળી આવ્યા હતા.
- ✓ આ મમીઝ ઇજિપ્તના મમીઝ કે જે 2000 વર્ષ જૂના છે તેના કરતા અનેક વર્ષો પુરાણા છે.
- ✓ યુનેસ્કોએ તાજેતરમાં આ મમીઝને મહત્વના જાહેર કરીને હેરિટેજની યાદીમાં સમાવ્યા છે.

**8. દિન વિશેષ : 29 જૂલાઈ આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ**

- ✓ ઉજવણી : UN જનરલ એસેમ્બલી
- ✓ પ્રારંભ વર્ષ : 2010થી
- ✓ **થીમ-2021 : "Their survival is in our hands"**




**ભારતમાં વાઘની વસ્તી :**

- ✓ હાલમાં વિશ્વભરમાં જેટલા વાઘની વસ્તી છે તેમાંથી 70 ટકાથી વધારે વાઘ ભારતમાં વસે છે.
- ✓ ભારતના 18 રાજ્યોમાં 51 વાઘ અભયારણ્ય છે અને વાઘની વસતીમાં વધારો થયો છે.

**9. જન્મ દિન વિશેષ : 29 જૂલાઈ**

**સર્વોચ્ચ ભારતીય ઉદ્યોગપતિ અને ભારતરત્ન જે.આર.ડી. તાતા**



**જન્મ : 29 જુલાઈ 1904 અવસાન : 29 નવેમ્બર 1993**

- ✓ ભારતના પહેલા પરવાનાધારક પાઇલોટ, ઉદ્યોગપતિ અને ઉદ્યોગસાહસિક જેમણે વારસામાં મળેલી સો મિલિયન ડોલરની કંપનીનું વેચાણ પાંચ બિલિયન ડોલર સુધી પહોંચાડી દીધું, જેમણે વારસાગત ધંધામાંથી પોલાદના કંપનીઓનું વિસ્તરણ કરીને ભારતના લગભગ તમામ ઉદ્યોગોમાં તેમની કંપનીઓનો હિસ્સો છે, વિદેશોમાં પણ પોતાની કંપનીઓના ઉદ્યોગો વિકસાવ્યા એવા તાતા કુટુંબના સભ્ય જે.આર.ડી. તાતાનો જન્મ 29-9-1904માં થયો હતો.
- ✓ ફ્રેન્ચ માતા અને પારસી પિતાના આ સંતાનનું શિક્ષણ ફ્રાન્સ, જાપાન, ભારત, લંડનમાં થયું હતું.
- ✓ કેમ્બ્રિજ યુનિવર્સિટીના તેઓ ઇજનેરી સ્નાતક. 1938માં તેમણે તાતા સન્સની નેતાગીરી સંભાળી.
- ✓ તાતા કન્સલ્ટન્સી સર્વિસિસ, તાતા મોટર્સ, ટાઇટન, તાતા સોલ્ટ, વોલ્ટાસ અને તાતા એરલાઇન્સ એમણે વિસ્તારેલી કંપનીઓ છે.
- ✓ તેમના નેતૃત્વમાં મુંબઈમાં તાતા કેન્સર હોસ્પિટલ, તાતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ સાયન્સિસ, તાતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફન્ડામેન્ટલ રિસર્ચ, નેશનલ સેન્ટર ફોર પરફોર્મિંગ આર્ટસ જેવી સંસ્થાઓ સમાજસેવા કરી રહી છે.
- ✓ પદ્મવિભૂષણ અને ભારતરત્ન જે.આર. ડી. તાતાનું અવસાન 29-11-1993ના રોજ થયું હતું.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (29-07-2021)

1. ગુજરાત સરકારે વિધવા પુનઃલગ્ન પ્રોત્સાહિત કરવા માટે કઇ યોજના અમલી બનાવી છે - **ગંગા સ્વરૂપા સહાય યોજના**
2. ગંગા સ્વરૂપા સહાય યોજના અંતર્ગત લાભાર્થીને બે તબક્કામાં કેટલી સહાય અપાશે - **રૂ. 50 હજાર**
3. કેટલા ઉંમરની મહિલાઓ ગંગા સ્વરૂપા સહાય યોજનાનો લાભ મેળવી શકશે - **18થી 50 વર્ષ**
4. જુલાઇ 2021માં વર્ષ 2021-22ના ચાલુ શૈક્ષણિક વર્ષથી અંડરગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ મેડિકલ અને ડેન્ટલ અભ્યાસક્રમો માટેની ઓલ ઇન્ડિયા ક્વૉટા સ્કીમમાં ઓબીસી માટે તથા આર્થિક રીતે પછાત વર્ગો માટે કેટલા ટકા બેઠકો અનામત રાખવાની જાહેરાત કરાઇ – **27 અને 10**
5. જુલાઇ 2021ની સ્થિતિએ મેડિકલ ક્ષેત્રે ઑલ ઇન્ડિયા ક્વોટામાં અનામતની કુલ ટકાવારી જણાવો - **59.5**
6. જુલાઇ 2021ની સ્થિતિએ મેડિકલ ક્ષેત્રે ઑલ ઇન્ડિયા ક્વોટામાં એસ.ટી, એસ.સી., ઓ.બી.સી. અને ઇ.ડબલ્યુ.એસ.ની ટકાવારી અનુક્રમે જણાવો - **એસ.ટી.-15, એસ.સી.-7.5, ઓ.બી.સી.-27, ઇ.ડબલ્યુ.એસ.-10**
7. તાજેતર 2021માં ભારત સરકાર દ્વારા કઇ સ્વદેશી ઇન્સ્ટન્ટ મેસેજિંગ પ્લેટફોર્મ લોન્ચ કરાયુ - **સંદેસ**
8. 29 જુલાઇ 2021ના રોજ નવી શિક્ષણ નીતિને કેટલા વર્ષ પૂર્ણ થયા - **એક**
9. 29 જુલાઇ 2021ના રોજ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિના એક વર્ષ પૂર્ણ થવા નિમિત્તે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે કયો પ્રોગ્રામ લોન્ચ કરાયો - **'વિદ્યા પ્રવેશ પ્રોગ્રામ'**
10. જુલાઇ 2021માં વિશ્વના ક્યા બીજા સૌથી તીખા મરચાને નાગાલેન્ડનાથી લંડનમાં નિકાસ કરાઇ - **ભૂત જોલકિયા**

11. ભૂત જોલકિયા મરચાનું બાયોલોજીકલ નામ જણાવો - **કેપસિકમ ચીનેન્સ**

12. ભૂત જોલકિયા મરચા અન્ય કયા નામથી ઓળખાય છે - **ઘોસ્ટ પેપર**

13. ઘોસ્ટ પેપર મરચાનો શું ઉપયોગ કરાય છે – **ગ્રેનેડ બનાવવા**

14. 29 જુલાઈ 2021ની સ્થિતિએ માઇક્રોબ્લોગિંગ સાઇટ ટ્વિટરમાં વિશ્વના કયા સક્રિય નેતા સૌથી વધુ સાત કરોડથી વધુ ફોલોઅર્સ સાથે નંબર વન છે - **વડાપ્રધાન નરેન્દ્ર મોદી**

15. જુલાઈ 2021માં યુનેસ્કો દ્વારા ઉત્તર ચિલીમાં આવેલા કેટલા વર્ષ જૂના મમ્મીને વર્લ્ડ હેરિટેજમાં સ્થાન અપાયું - **7000**

16. UN દ્વારા વર્લ્ડ ટાઈગર ડે ક્યારે મનાવવામાં આવે છે - **29 જુલાઈ**

17. આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ 2021ની થીમ જણાવો - **"Their survival is in our hands"**

18. જુલાઈ 2021ની સ્થિતિએ વિશ્વભરમાં 70 ટકાથી વધારે વાઘની સંખ્યા સાથે કયો દેશ પ્રથમ ક્રમે છે - **ભારત**

19. આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ ઉજવણીનો પ્રથમ પ્રારંભ ક્યારથી થયો હતો – **વર્ષ 2010**

20. સર્વોચ્ચ ભારતીય ઉદ્યોગપતિ-ભારતરત્ન જે.આર.ડી. તાતાનો જન્મ ક્યારે થયો હતો - **29 જૂલાઈ 1904**

**DATE : 30-07-2021**

## 1. સિવિલ એવિએશન : ગુજરાત સરકાર (ઉત્પાદન)

**ભારતમાં પ્રથમવાર ગુજરાતમાં નાના એરક્રાફ્ટ અને હેલિકોપ્ટરનું નિર્માણ થશે**

✓ સ્થળ : અમરેલી



**સરકાર અને કંપની વચ્ચે MOU :**

✓ રાજ્યના સિવિલ એવિએશન વિભાગે ખાનગી કંપની એરો ફ્રેયર ઇંક સાથે એમઓયુ.

✓ જેના પગલે કંપનીએ અમરેલી એર સ્ટ્રીપ પાસે મેન્યુફેક્ચરિંગ યુનિટની શરૂ કરવાની કામગીરી શરૂ કરી અને ઓક્ટોબર સુધીમાં પ્લાન્ટની કામગીરી પૂર્ણ થશે.

✓ ત્યારબાદ કંપની દ્વારા પ્રોડક્શન શરૂ કરવામાં આવશે અને સંભવિત વર્ષ 2021ના અંત સુધીમાં પ્રથમ એરક્રાફ્ટ માર્કેટમાં મુકવામાં આવશે.

✓ તેની સાથે કંપની દ્વારા પ્રથમ તબક્કામાં રૂ. 150 કરોડ અને ત્યારબાદ રૂ. 500 કરોડનું રોકાણ કરશે.

**એરક્રાફ્ટનો પ્રકાર :**

✓ 2 સીટર, 4 સીટર, એર એમ્બ્યુલન્સ, હેલિકોપ્ટર અને ફિક્સ વિંગ ગ્લાઈડરનું ઉત્પાદન શરૂ કરવામાં આવશે. આ તમામ એરક્રાફ્ટના ઉત્પાદન માટે કંપની દ્વારા સર્બિયા, ઇટાલી, જર્મની, સ્લોવેનિયા અને અમેરિકન ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે.

✓ આ સિવાય કંપની દ્વારા વિદેશની અન્ય 3 કંપનીઓના કોન્ટ્રાક્ટ આધાર પર લાઈટ એરક્રાફ્ટ અને ફિક્સ વિંગ ગ્લાઈડરનું પણ ઉત્પાદન કરવામાં આવશે.

**રોજગારી :**

✓ કંપની દ્વારા અમરેલી ખાતે શરૂ કરવામાં આવી રહેલા પ્રોડક્શન યુનિટના કારણે એન્જીનિયરોની સાથે અન્ય એક્સપર્ટને તેમજ અન્ય ટેકનિશિયનો સહિત 200થી વધુ લોકોને ડાયરેક્ટ રોજગાર ઉપલબ્ધ થશે.

✓ એક હજારથી વધુ લોકોને ઈનડાયરેક્ટ રોજગાર ઉપલબ્ધ થશે.

## 2.ઇન્દ્રા નેવી-12મી સંયુક્ત લશ્કરી કવાયત

**ભારત રશિયાની નૌસેના વચ્ચે દ્વિવાર્ષિક લશ્કરી કવાયત**

✓ **સમયગાળો : તારીખ 28-29 જુલાઈ 2021**

✓ **સ્થાન : બાલ્ટિક એટલાન્ટિક મહાસાગર સેન્ટ પીટરબર્ગ**



✓ આ કવાયત એટલાન્ટિક મહાસાગરના બાલ્ટિકમાં યોજાઈ હતી. રશિયન નેવીનો 325મો સ્થાપના દિવસ ઉજવાતો હતો, તેના ભાગરૂપે આઇએનએસ તબારને સેન્ટ પીટરબર્ગમાં યોજાયેલી કવાયતમાં ખાસ ભાગ લેવા મોકલાયું હતું. એ કાર્યક્રમમાં ભારતના એડમિરલ કરમબીર સિંહ પણ ભાગીદાર બન્યા.

## 3. હિંસાથી પીડિત મહિલાઓ માટે 24/7 હેલ્પલાઇનનો પ્રારંભ (મહિલા સુરક્ષા)

✓ સમગ્ર દેશમાં મહિલાઓની સલામતી અને સુરક્ષામાં વધુ સુધારો લાવવા અને મહિલાઓના એકંદરે ઉત્કર્ષની દિશામાં કેન્દ્ર સરકાર દ્વારા હાથ ધરવામાં આવતા પ્રયાસોને અનુરૂપ કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રીમતી સ્મૃતિ ઝુબિન ઇરાનીએ રાષ્ટ્રીય મહિલા પંચની 24/7 ધોરણે કાર્યરત **હેલ્પલાઇનનો પ્રારંભ કર્યો. જેનો નંબર 7827170170 છે.**

**ઉદ્દેશ :**

✓ હિંસાથી પીડિત મહિલાઓને પોલીસ, હોસ્પિટલ, જિલ્લા કાનુની સેવા સત્તામંડળ, મનોચિકિત્સા સેવાઓ વગેરે જેવા યોગ્ય ઓથોરિટી પાસે મોકલીને તેમને 24/7 ધોરણે ઑનલાઇન સહકાર પૂરો પાડવાનો.

## 4. ઓપરેશન એલાઇઝ રેફ્યુજી USA

**હેતુ :**

✓ US પ્રમુખ જો બાઇડેને 16મી જુલાઈએ 'ઓપરેશન એલાઇઝ રેફ્યૂજી'ની ઘોષણા કરી હતી. તે અંતર્ગત અમેરિકાને યુદ્ધમાં મદદ કરનાર અફઘાન નાગરિકોને સ્પેશિયલ ઇમિગ્રન્ટ વિઝા આપી અમેરિકામાં વસાવવાનું આયોજન ઘડી કાઢવામાં આવ્યું હતું.

✓ બીજી તરફ અમેરિકા અને સાથી રાષ્ટ્રોમાં આવા અફઘાન નાગરિકોને આશરો આપવાની માગણી જોર પકડવા લાગી હતી. તે સંદર્ભે અમેરિકાના પ્રમુખ જો બાઇડને 16મી જુલાઈએ 'ઓપરેશન એલાઇઝ રેફ્યુજી'ની ઘોષણા કરી હતી.

✓ આ ઓપરેશન અંતર્ગત અમેરિકાને યુદ્ધમાં મદદ કરનાર અફઘાન નાગરિકોને સ્પેશિયલ ઇમિગ્રન્ટ વિઝા આપી અમેરિકામાં

વસાવવાનું આયોજન ઘડી કાઢવામાં આવ્યું હતું. એ જાહેરાત અગાઉથી જ એ વિઝા માટેની પ્રક્રિયાનો આરંભ કરી દેવાયો હતો.

- ✓ અમેરિકાને મદદ કરનારા બહાદુર અફઘાન ભાઈ-બહેનો અને તેમના પરિવાર માટે અમેરિકામાં એક ઘર છે. તેમણે એવા અફઘાન નાગરિકોની સેવાને બિરદાવીને આશ્વાસન આપ્યું હતું કે તમે અમારી પડખે ઊભા રહ્યા હતા તે જ રીતે અમે તમારી પડખે ઊભા રહીશું.
- ✓ અમેરિકા અને તેના સાથી રાષ્ટ્રો 20 વર્ષ સુધી અફઘાન યુદ્ધ લડ્યા. તાલિબાન વિરોધી દેશભક્ત અફઘાન નાગરિકોની મદદ વગર એ યુદ્ધ લડવું અસંભવ હતું.
- ✓ અમેરિકી સેના અફઘાનિસ્તાનની ભૂગોળથી પરિચિત નહોતા, ભાષા નહોતા જાણતા. આ અફઘાન નાગરિકોએ દુભાષીયા અને અનુવાદક તરીકે, ગાઈડ તરીકેનો અમૂલ્ય સેવાઓ બજાવી હતી.
- ✓ દેખીતી રીતે જ તોલિબાનોને તેઓ આંખમાં કણાની માફક ખૂંચતા હતા. હવે લોહી તરસ્યા તાલિબાનો વેર લેવા થનગની રહ્યા છે.

**5. દિન વિશેષ : 30 જૂલાઈ**

**વ્યક્તિઓમાં માનવ તસ્કરી સામે વિશ્વ દિવસ**




- ✓ **થીમ 2021 : "Victims' Voices Lead the Way"**
- ✓ સંયુક્ત રાષ્ટ્ર દર વર્ષે 30 જુલાઈને વ્યક્તિઓમાં માનવ તસ્કરી સામે વિશ્વ દિવસ તરીકે મનાવે છે.

**મુખ્ય ઉદેશ :**

- ✓ માનવ તસ્કરીનો ભોગ બનેલા લોકોની સમસ્યાઓ સમક્ષ લાવવા અને તેમના હક ઉભો કરવાનો.
- ✓ વર્ષ 2013માં જનરલ એસેમ્બલીની ઉચ્ચ સ્તરીય બેઠકમાં, સભ્ય દેશો દ્વારા આ સંદર્ભે વૈશ્વિક ક્રિયા યોજના તૈયાર કરવામાં આવી હતી. તે પછી, દર વર્ષે 30 જુલાઇએ વ્યક્તિઓમાં માનવ તસ્કરી સામે વિશ્વ દિવસની ઉજવણી શરૂ થઇ.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (30-07-2021)**

1. ભારતમાં પ્રથમવાર ક્યા રાજ્યમાં નાના એરક્રાફ્ટ અને હેલિકોપ્ટરના નિર્માણ માટે જુલાઈમાં MOU કરાયા - **ગુજરાત**
2. ગુજરાત સરકારના સિવિલ એવિએશન વિભાગ અને ખાનગી કંપની એરો ફ્રેયર ઇંક વચ્ચે એરક્રાફ્ટ અને હેલિકોપ્ટરના ક્યા સ્થળે ઉત્પાદન માટે જુલાઈમાં MOU થયા – **અમરેલી**
3. તારીખ 28-29 જુલાઈ 2021ના રોજ ભારત-રશિયાની નૌસેના વચ્ચે કેટલામી દ્વિવાર્ષિક લશ્કરી કવાયત યોજાઇ – **12**
4. ભારત-રશિયાની નૌસેના વચ્ચે દર બે વર્ષે યોજાતી સંયુક્ત લશ્કરી કવાયત ક્યા નામે ઓળખાય છે - **ઇન્દ્રા નેવી**
5. ભારત-રશિયાની નૌસેના વચ્ચે 12મી દ્વિવાર્ષિક લશ્કરી કવાયત ક્યા મહાસાગરમાં યોજાઇ - **બાલ્ટિક એટલાન્ટિક મહાસાગર**
6. જુલાઈ 2021માં રાષ્ટ્રીય મહિલા પંચ દ્વારા હિંસાથી પીડિત મહિલાઓ માટે 24/7 કઇ હેલ્પલાઇનનો પ્રારંભ કરાયો – **7827170170**
7. વર્તમાન કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રીનું નામ જણાવો - **સ્મૃતિ ઝુબિન ઇરાની**
8. ઓપરેશન એલાઇઝ રેફ્યુજીની ઘોષણા કોના દ્વારા કરવામાં આવી હતી - **US પ્રમુખ જો બાઇડેન**
9. અમેરિકાને અફઘાન યુદ્ધમાં મદદ કરનાર અફઘાન નાગરિકોને સ્પેશિયલ ઇમિગ્રન્ટ વિઝા આપી અમેરિકામાં વસાવવાના હેતુથી કયુ ઓપરેશન શરૂ કરાયું હતુ - **'ઓપરેશન એલાઇઝ રેફ્યૂજી'**
10. વ્યક્તિઓમાં માનવ તસ્કરી સામે વિશ્વ દિવસ ક્યારે મનાવવામાં આવે છે - **30 જૂલાઈ**
11. વ્યક્તિઓમાં માનવ તસ્કરી સામે વિશ્વ દિવસ-2021ની થીમ જણાવો - **"Victims' Voices Lead the Way"**
12. સંયુક્ત રાષ્ટ્ર વ્યક્તિઓમાં માનવ તસ્કરી સામે વિશ્વ દિવસ મનાવવાનો પ્રારંભ ક્યા વર્ષથી કરવામાં આવ્યો હતો - **વર્ષ 2013**

**DATE : 31-07-2021**

**1. એશિયાટિક લાયન : ગુજરાત સરકાર**

**એશિયાટિક લાયન માટે રૂ. 1300 કરોડના પ્રોજેક્ટને કેન્દ્ર સરકારની મંજૂરી**




- ✓ સિંહો માટે 10 વર્ષનો પ્રોજેક્ટ તૈયાર કરાશે

**પ્રોજેક્ટ લાયન વિશે :**

- ✓ સિંહોની વધતી સંખ્યા અને વધતા વિસ્તારથી ચિંતિત સરકારે અભયારણ્યમાં તેમના ખોરાકની વ્યવસ્થા સાથે સુરક્ષાના પગલાં લેવા આ પ્રોજેક્ટ તૈયાર કર્યો
- ✓ ગુજરાતમાં સાસણ ગીરના એશિયાટીક લાયન માટે 1300 કરોડ રૂપિયાના પ્રોજેક્ટ લાયનને કેન્દ્ર સરકારે સૈદ્ધાંતિક મંજૂરી.
- ✓ આ પ્રોજેક્ટ થકી ગીર અભ્યારણ્યમાં સિંહોના શિકાર અને અન્ય પ્રાણીઓનો વ્યાપ વધારવા તેમજ દેખરેખ વ્યવસ્થા વધુ સઘન બનાવવામાં આવશે.
- ✓ 10 વર્ષ માટેના આ પ્રોજેક્ટનું અમલીકરણ ટાઇગર કન્ઝર્વેશન ઓથોરિટી કરવાની છે.
- ✓ અમલીકરણ એજન્સી દ્વારા સિંહોને પુરતો ખોરાક મળી રહે તે માટે વન્ય પ્રાણીઓનો વ્યાપ વધારવાનું આયોજન છે.
- ✓ દરિયાઇ પટ્ટી સહિતના વિસ્તારો કે જ્યાં સિંહોની વસતી છે ત્યાં તેમને અનુરૂપ વ્યવસ્થા ઉભી કરાશે.
- ✓ સાસણ ગીર ઉપરાંત સૌરાષ્ટ્રના કેટલાક અન્ય વિસ્તારોમાં પણ સિંહોની વસતી જોવા મળે છે. પ્રોજેક્ટ લાયન પ્રમાણે ગીર જંગલમાં નિલગાય સહિતના પ્રાણીઓને આકર્ષવા માટે વૃક્ષોનું વાવેતર વધારવામાં આવશે.
- ✓ આ પ્રોજેક્ટમાં શિકાર માટેની વ્યવસ્થા ઉપરાંત ખુલ્લા કુવાને ઢાંકવા, પીવાના પાણી માટે કૃત્રિમ તળાવો બનાવવા તેમજ સિંહોના સંરક્ષણની કેટલીક બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- ✓ સૌરાષ્ટ્રમાં નેશનલ વાઇલ્ડલાઇફ ડિસીઝ ડાયગ્નોસ્ટીક સેન્ટરની સ્થાપના પણ કરાશે.

- ✓ સિંહોના મોત થાય ત્યારે તેનું ચેકીંગ કરવા તેમજ રોગચાળા સબંધિત વ્યવસ્થા ઉભી કરાશે.
- ✓ **ગીર અભ્યારણ્યની આસપાસના ગામડાઓમાં 500થી વધુ વનમિત્રોની નિયુક્તિ કરાશે.**
- ✓ વન્ય પ્રાણી ડિવિઝન દ્વારા વધારાની ચેકપોસ્ટ ઉભી કરાશે. ગુજરાતમાં સિંહોનો વિસ્તાર અને સંખ્યામાં અનેકગણો વધારો થયો છે.

**ગુજરાતમાં અંદાજે સિંહોની વસતી :**

- ✓ છેલ્લી ગણતરી પ્રમાણે 2015માં સિંહની સંખ્યા 523 હતી જે 2020ના અંદાજ પ્રમાણે 674 થઇ
- ✓ કોરોના સંક્રમણના કારણે દર પાંચ વર્ષે યોજાતી સિંહોની ગણતરી થઇ શકી નથી. જો કે પૂનમ અવલોકનમાં સિંહોની સંખ્યા 700 નોંધાઇ.
- ✓ આ સિંહ 30,000 ચોરસ કિલોમીટર વિસ્તારમાં ફેલાયેલા છે. સાસણ ગીરના સિંહો જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી અને ભાવનગરના વિસ્તારોમાં ફેલાયેલા છે.

## 2. વિશ્વ ધરોહર-વર્લ્ડ હેરિટેજ સાઇટ




- ✓ **હેરિટેજ સાઇટની સંખ્યામાં વિશ્વમાં ભારત ચોથા ક્રમે તથા એશિયામાં દ્વિતીય ક્રમે**
- ✓ **જ્યારે ભારતમાં મહારાષ્ટ્ર (5) જ્યારે રાજસ્થાન-ગુજરાત 4-4 સાઇટ સાથે બીજા ક્રમે**
- ✓ ધોળાવીરા અને તેલંગાણાના રામપ્પા મંદિર વિશ્વ ધરોહર જાહેર થઇ ગયા છે. તેની સાથે ભારતમાં વિશ્વ ધરોહર સ્થળોની સંખ્યા 40 થઇ ગઇ છે.
- ✓ દુનિયામાં સંખ્યાની દ્રષ્ટીએ હવે ભારત છઠ્ઠા અને એશિયામાં ચીન બાદ બીજા નંબર પર આવી ગયો છે.
- ✓ ભારતની વાત કરવામાં આવે તો એક માત્ર મહારાષ્ટ્રમાં ગુજરાત કરતા વધારે 5 વિશ્વ વિરાસત સ્થળ છે. બીજા નંબર પર ગુજરાતની સાથે રાજસ્થાન છે જ્યાં 4-4 વર્લ્ડ હેરિટેજ સાઇટ આવેલી છે.
- ✓ ભારતે 1983માં યુનેસ્કોના કન્વેન્સનમાં સહભાગી ગયું હતું. તે જ વર્ષે અંજતા ઇલોરાની ગુફાઓ, આગ્રા કિલ્લો અને તાજમહેલની વર્લ્ડ હેરિટેજ સાઇટમાં સમાવેશ થયો હતો.

## 3. RBI : બેંકોમાં વિવિધ પરિવર્તન - સુવિધાઓનો તા.01 ઓગસ્ટથી પ્રારંભ

**નવા પરિવર્તન :**

- ✓ **પોસ્ટ પેમેન્ટ બેન્ક ઘરે અપાતી સુવિધા પર GST વસૂલશે**
- ✓ હવે બેન્કમાંથી થતી લેવડ-દેવડ રવિવારે અને રજાઓના દિવસે પણ થઇ શકશે. પગાર-પેન્શન પણ રજાઓના દિવસે જ મળી જશે.
- ✓ જોકે એટીએમ ઇન્ટરચેન્જ (પોતાની જગ્યાએ કોઇ બીજા બેન્કના મશીનથી પૈસા કાઢવા)
- ✓ ફી 15 રૂપિયાથી વધારી 17 રૂપિયા થઇ જશે.
- ✓ બિનનાણાકીય લેવડ-દેવડ પર પણ ચાર્જ 5થી વધારી 6 રૂપિયા થઇ જશે.
- ✓ રિઝર્વ બેન્કે નેશનલ ઓટોમેટેડ ક્લિયરિંગ હાઉસ સિસ્ટમ સાત દિવસ ચાલુ રાખવાનો નિર્ણય કર્યો છે. તેના બાદ રજાના દિવસે બેન્ક ખાતામાંથી લોનનો હપ્તો પણ કપાશે.
- ✓ ઉપરાંત આઇસીઆઇસીઆઇ બેન્ક પણ પૈસા ઉપાડવા, જમા કરાવવા અને ચેકબુકના ચાર્જ સહિત અનેક નિયમોમાં ફેરફાર કરી રહી છે.

## 4. UN : સુરક્ષા પરિષદ

**તા. 1 ઓગસ્ટ 2021થી એક માસ માટે UNSCની કમાન ભારત પાસે રહેશે**




- ✓ કાર્યકાળનો પ્રારંભ : તા. 2 ઓગસ્ટ 2021થી
- ✓ **UNSCમાં સ્થાયી : 05 તથા અસ્થાયી : 10 સહિત કુલ 15 સભ્યો**

**મુખ્ય મુદ્દા :**

- ✓ ભારત સમુદ્રી સુરક્ષા, શાંતિની રક્ષા અને આતંકવાદને રોકવા જેવા વિષયો ઉપર ધ્યાન આપશે અને આ મુદ્દા પર યોજાનારા કાર્યક્રમોની અધ્યક્ષતા કરશે અને આ મુદ્દે મજબૂત વ્યૂહરચના બનાવવા પર ભાર આપશે.

**અન્ય બાબતો :**

- ✓ ભારત આગામી વર્ષના ડિસેમ્બર-2021માં ફરીથી કમાન સંભાળશે
- ✓ તિરુમૂર્તિ સંયુક્ત રાષ્ટ્રના એવા સભ્ય દેશોને પણ કાર્ય વિવરણ ઉપલબ્ધ કરાવશે કે જેઓ સુરક્ષા પરિષદના સભ્ય નથી.
- ✓ સુરક્ષા પરિષદના એક અસ્થાયી સભ્ય તરીકે ભારતના બે વર્ષના કાર્યકાળનો આરંભ પહેલી જાન્યુઆરી, 2021ના રોજ શરૂ થયો હતો. તે સુરક્ષા પરિષદના બિન-સ્થાયી સભ્ય તરીકે 2021-22ના કાર્યકાળ દરમિયાન ઓગસ્ટમાં ભારતની પ્રથમ અધ્યક્ષતા છે.

## 5. પૃથ્વીના વાતાવરણ અંગે સંશોધન

**તારણ : પૃથ્વીના ગોળાનું વાતાવરણ છેલ્લા 15 વર્ષમાં બમણું ગરમ થયું**

**સંશોધન અંગે :**

- ✓ અમેરિકાની અંતરીક્ષ સંશોધન સંસ્થા નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન (નાસા) અને નેશનલ ઓશનિક એન્ડ એટમોસફિયરિક એડમિનિસ્ટ્રેશન (નોઆ)ના સંયુક્ત સંશોધનાત્મક અભ્યાસ દ્વારા જાણવા મળ્યું છે કે 2005થી 2019 દરમિયાન પૃથ્વીનું એનર્જી ઇમબેલેન્સ ડબલ થઇ ગયું છે.
- ✓ એનર્જી ઇમબેલેન્સ એટલે સરળ ભાષામાં પૃથ્વી જેટલી ઊર્જા કે ગરમી પોતાનામાં સમાવી લે તે પ્રમાણ અને પૃથ્વી પોતે કેટલી ઊર્જા કે ગરમી બહાર ફેંકે છે તે પ્રમાણ વચ્ચેનો તફાવત.

- ✓ નાસા અને નોઆ દ્વારા સંયુક્ત રીતે થયેલો સંશોધનાત્મક અભ્યાસ મુજબ 2005થી 2019નાં 15 વરસ દરમિયાન પૃથ્વીનું એનર્જી ઇમબેલેન્સ બમણું થઇ ગયું છે. એટલે કે પૃથ્વી 15 વરસ પહેલાં(2005) દર વરસે જેટલી ગરમી પોતાનામાં સમાવી લેતી હતી તેની સરખામણીએ 2019માં વધુ ગરમી સમાવે છે.
- ✓ પૃથ્વીના ગોળામાં થઇ રહેલા આ ભારે ચિંતાજનક પરિવર્તનને સમજવા માટે નાસાએ તેના ક્લાઉડ્સ એન્ડ ધ અથર્સ રેડિયન્ટ એનર્જી સિસ્ટમ (સી.ઇ.આર.ઇ.એસ.-સેરેસ)નો અને નોઆની ટીમે તેની આર્ગો સિસ્ટમનો ઉપયોગ કર્યો છે.
- ✓ નાસાની સેરેસ સિસ્ટમ દ્વારા પૃથ્વીના ગોળામાં કેટલી ગરમી પ્રવેશે છે અને તે કેટલી ગરમી બહાર ફેંકે છે તેનું સચોટ પ્રમાણ જાણી શકાય.
- ✓ નોઆની આર્ગો સિસ્ટમ દ્વારા પૃથ્વી પરના મહાસાગરોની સપાટીના ઉષ્ણતામાનમાં કેટલો વધારો થાય છે તેની સચોટ જાણકારી મળે છે.
- ✓ નાસાના વિજ્ઞાનીઓએ એવી માહિતી આપી હતી કે પૃથ્વીના ગોળામાં જેટલી ગરમી પ્રવેશે છે તે સૂર્યમાંથી ફેંકાતા કિરણોત્સર્ગના સ્વરૂપમાં છે.

## 6. જન્મ દિન વિશેષ : 31 જૂલાઇ

## ગુજરાતના પહેલા આદિવાસી મુખ્યમંત્રી : અમરસિંહ ચૌધરી




**જન્મ : 31 જુલાઈ-1941 અવસાન : 15 ઓગસ્ટ-2004**

- ✓ અમરસિંહ ભીલાભાઇ ચૌધરીનો જન્મ વ્યારા તાલુકાના ડોલવણ ગામે થયો હતો.
- ✓ વડોદરાની એમ.એસ.યુનિ.માં સિવિલ એંજીનીયરીંગનો અભ્યાસ પૂરો કરી અમરસિંહ ચૌધરી રાજનીતિમાં જોડાઇ પહેલી વખતમાં જ 1972માં ઘનશ્યામ ઓઝા સરકારમાં રાજ્યકક્ષાના મંત્રી બન્યા.
- ✓ તેઓ ગુજરાત સરકારના પાંચ વિભાગોમાં મંત્રી, વિરોધ પક્ષના નેતા અને ગુજરાતના મુખ્યમંત્રી (6 જુલાઈ 1985 થી 9 ડીસેમ્બર 1989) સુધી વિસ્તરી હતી.
- ✓ તેઓ ગુજરાતના સૌથી યુવાન અને એકમાત્ર આદિવાસી મુખ્યમંત્રી તરીકેનો કીર્તિમાન પણ ધરાવે છે.
- ✓ અમરસિંહ ચૌધરીના મુખ્યમંત્રીકાળ દરમિયાન ગુજરાત સતત દુષ્કાળગ્રસ્ત રહ્યું હતું.
- ✓ તેમનાં મુખ્યમંત્રીકાળ દરમિયાન નર્મદા કોર્પોરેશનની રચના, નર્મદામાંથી પીવાના પાણીની યોજનાની મંજુરી, કામને બદલે અનાજની યોજના, બેકલોગ જગ્યાઓ પર ભરતી વગેરે નોંધપાત્ર કાર્યો રહ્યાં હતાં.
- ✓ તેઓનું 15 ઓગસ્ટ 2004નાં રોજ અમદાવાદમાં અવસાન થયું હતું.

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (31-07-2021)

1. ગુજરાતમાં એશિયાટિક લાયન માટે કેન્દ્ર સરકાર કેટલા કરોડના પ્રોજેક્ટને મંજૂરી આપી - **રૂ.1300 કરોડ**
2. ગુજરાતમાં ટાઇગર કન્ઝર્વેશન ઓથોરિટી દ્વારા અમલી કરાનારા એશિયાટિક લાયન પ્રોજેક્ટનો સમયગાળો જણાવો – **10 વર્ષ**
3. જૂલાઇ 2021ની સ્થિતિએ હેરિટેજ સાઇટની સંખ્યામાં વિશ્વ અને એશિયામાં ભારતનો ક્રમ જણાવો – **4 તથા 2**
4. જૂલાઇ 2021ની સ્થિતિએ ભારતમાં સૌથી વધુ હેરિટેજ સાઇટ ધરાવતા રાજ્યો અને ક્રમ જણાવો – **(1) મહારાષ્ટ્ર-5 તથા (2) રાજસ્થાન-ગુજરાત 4-4 સાઇટ**
5. ભારત સૌપ્રથમ 1983માં યુનેસ્કોના કન્વેન્સનમાં સહભાગી થયુ હતું તે જ વર્ષે કયા સ્થળોનો વર્લ્ડ હેરિટેજ સાઇટમાં સમાવેશ થયો હતો - **અંજતા ઇલોરાની ગુફાઓ, આગ્રા કિલ્લો અને તાજમહેલ**
6. RBIના નિયમ મુજબ કઇ તારીખથી પોસ્ટ પેમેન્ટ બેન્ક દ્વારા ઘરે અપાતી સુવિધા પર GST વસૂલાશે - **તા.01 ઓગસ્ટ 2021**
7. રિઝર્વ બેન્ક દ્વારા નેશનલ ઓટોમેટેડ ક્લિયરિંગ હાઉસ સિસ્ટમ તા.01 ઓગસ્ટ 2021થી કેટલા દિવસ ચાલુ રાખવાનો નિર્ણય કરાયો - **સાત**
8. કઈ તારીખથી એક માસ માટે UNSCની કમાન ભારત પાસે રહેશે - **તા. 1 ઓગસ્ટ 2021થી**
9. UNSCમાં સ્થાયી તથા અસ્થાયી સભ્યોની સંખ્યા જણાવો – **05 તથા 10**
10. સુરક્ષા પરિષદના એક અસ્થાયી સભ્ય તરીકે ભારતના બે વર્ષના કાર્યકાળનો આરંભ ક્યારથી થયો હતો - **1 જાન્યુઆરી, 2021**
11. જુલાઇ 2021ની સ્થિતિએ પૃથ્વીના ગોળાનું વાતાવરણ છેલ્લા 15 વર્ષ (2005થી 2019)માં બમણું ગરમ થયા અંગેનું સંશોધન કઇ બે વૈશ્વિક સંસ્થા દ્વારા કરાયું - **અમેરિકાની અંતરીક્ષ સંશોધન સંસ્થા નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન (નાસા) અને નેશનલ ઓશનિક એન્ડ એટમોસ્ફિયરિક એડમિનિસ્ટ્રેશન (નોઆ)**
12. એનર્જી ઇમબેલેન્સ એટલે શું - **પૃથ્વી જેટલી ઊર્જા કે ગરમી પોતાનામાં સમાવી લે તે પ્રમાણ અને પૃથ્વી પોતે કેટલી ઊર્જા કે ગરમી બહાર ફેંકે છે તે પ્રમાણ વચ્ચેનો તફાવત**
13. હિન્દી સાહિત્યકાર મુંશી પ્રેમચંદનો જન્મ દિવસ જણાવો – **તા. 31 જૂલાઇ**
14. ગુજરાતના પહેલા આદિવાસી મુખ્યમંત્રી કોણ હતા - **અમરસિંહ ચૌધરી**
15. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અમરસિંહ ચૌધરીનો જન્મદિવસ જણાવો – **31 જુલાઈ-1941**
16. પૂર્વ મુખ્યમંત્રી અમરસિંહ ચૌધરીનો જન્મસ્થળ જણાવો – **ડોલવણ, તા.વ્યારા**
17. અમરસિંહ ચૌધરીનો મુખ્યમંત્રીનો કાર્યકાળ જણાવો - **6 જુલાઇ 1985 થી 9 ડીસેમ્બર 1989**
18. અમરસિંહ ચૌધરીના મુખ્યમંત્રીકાળ દરમિયાન થયેલા નોંધપાત્ર કાર્યો જણાવો - **નર્મદા કોર્પોરેશનની રચના, નર્મદામાંથી પીવાના પાણીની યોજનાની મંજુરી, કામને બદલે અનાજની યોજના, બેકલોગ જગ્યાઓ પર ભરતી વગેરે**




# વિવેકાનંદ એકેડમી, ગાંધીનગર.

## સંસ્થાની વિશેષતા :

- નિષ્ણાંત અને અનુભવી ફેકલ્ટી દ્વારા માર્ગદર્શન
- ગણિત અને અંગ્રેજી વિષય માટે ખાસ આયોજન
- દરરોજ ટેસ્ટ દ્વારા મૂલ્યાંકન
- OMR દ્વારા દર અઠવાડિયે ૧૦૦ ગુણની ટેસ્ટ
- દર મહિને ૧૦૦ ગુણની ટેસ્ટ
- અઠવાડિયામાં ત્રણ વાર સબ્જેક્ટ વાઇઝ ટેસ્ટ
- લાયબ્રેરીની સુવિધા
- ગુણવત્તાસભર મટિરિયલ્સ
- દરેક વિદ્યાર્થી ઉપર પર્સનલ ધ્યાન આપવામાં આવશે.

GPSC (1/2)
Dy.S.O. / નાયબ મામલતદાર
PSI / ASI / Constable
TET / TAT / HTAT
ક્લાર્ક / તલાટી

# વિવેકાનંદ એકેડમી

700, મુખ્ય શોપીંગ સેન્ટર, ઇન્કવાયરી ઓફિસ સામે, સેક્ટર-22, ગાંધીનગર.

M:9925698721 | 8490927713

ખાસ નોંધ : સંસ્થાની એપ્લિકેશન "Vivekanand Academy" પર રોજેરોજનું કરન્ટ મુકવામાં આવે છે.જેની વિઝીટ કરવા વિનંતી